# સ્વાધ્યાય

EXCHANGE COPY

તૃતીયા
૨૦૩૮

પુસ્તક ૧૯
અંક ૩

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
सत्यं शिवं सुन्दरम

No-056953
20-42-16

ચિત્ર ૭: ઐન્દ્રી



[ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં ડૉ. વસંતકુમાર ભટ્ટનો લેખ ]

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

સંપાદક
સુરેશચન્દ્ર ગો. કાંટાવાળા
અ. નિયામક

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

# સ્વાધ્યાય

અક્ષયતૃતીયા પુસ્તક ૧૯ : અંક ૩
વિ. સં. ૨૦૩૮ એપ્રિલ, ૧૯૮૨

## અનુક્રમ

| | | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | સંસ્કૃત સાહિત્યમાં કવિશિક્ષા—રસિકલાલ ચિ. ત્રિપાઠી | ... ૨૨૫ |
| ૨. | કેટલાક વિશેષ વર્ણકો—ભોગીલાલ જ. સાંડેસરા | ... ૨૩૮ |
| ૩. | ચારણી જ્ઞાતિ અને પરંપરા—કેશવરામ. કા. શાસ્ત્રી | ... ૨૪૭ |
| ૪. | 'બૃહત્સંહિતા'માં શકુનનિરૂપણ—ભૂપેન્દ્ર એન. ધોળકિયા | ... ૨૫૩ |
| ૫. | ગઝલનુ ભાષાકર્મ—ચંદ્રકાન્ત ટોપીવાળા | ... ૨૬૨ |
| ૬. | આધુનિક ગુજરાતી કવિતામાં હતાશા અને છિન્નભિન્નતા—પ્રવીણ દરજી | ... ૨૭૧ |
| ૭. | ઉત્તર ગુજરાતના સોલંકીકાલીન વહીવટી વિભાગો તથા તેમાંનાં મુખ્ય નગરો [અભિજ્ઞાન સાથે]—યતીન્દ્ર ઈ. દિક્ષિત | ... ૨૭૬ |
| ૮. | જ્ઞાન અને ભક્તિનું સાયુજ્ય કે સામંજસ્ય ?— મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર) | ... ૨૯૧ |
| ૯. | કણેશ્વરી—શંકરભાઈ સો. તડવી | ... ૩૦૨ |
| ૧૦. | કાવી પ્રદેશનો મધ્યકાલીન માતૃકાસમૂહ—વસંતકુમાર એસ. પારેખ | ... ૩૦૯ |
| ૧૧. | ગ્રન્થાવલોકન | ... ૩૧૪ |
| ૧૨. | સાભાર સ્વીકાર | ... ૩૩૦ |

# સ્વાધ્યાય

અક્ષયતૃતીયા, વિ. સં. ૨૦૩૮ — પુસ્તક ૧૯

એપ્રિલ, ૧૯૮૨ — અંક ૩


## સંસ્કૃત સાહિત્યમાં કવિશિક્ષા


રસિકલાલ ચિ. ત્રિપાઠી


સંસ્કૃત સાહિત્ય વિવેચકોએ કાવ્યની ચર્ચા કરી હશે તેની સાથે જ કદાચ કવિશિક્ષાની ચર્ચા પણ કરી હશે.

કાવ્યના આવશ્યક ગુણોની કે લક્ષણોની ચર્ચા સાથે જ કવિને કાવ્યસર્જનમાં માર્ગદર્શક ગ્રન્થો–જેને કવિ થવું હોય તેણે કેવી, કેટલી તૈયારી કરવી પડે, વિદ્યાપ્રાપ્તિ સાધવી પડે તે સમજાવતા ગ્રન્થો–રચાયા હશે. આવા કવિશિક્ષાના ગ્રન્થો કયારથી લખાવા શરુ થયા તેની કોઈ ચોક્કસ તવારિખ નક્કી કરવી મુશ્કેલ છે, પરંતુ કાવ્યની મીમાંસા કરતા ગ્રન્થોની સાથે જ, અથવા તેમાં જ, કવિશિક્ષાના વિષયોનો સ્પર્શ થયેલો દેખાય છે. આમ તો, કાવ્યની મીમાંસામાં કવિશિક્ષાનો સમાવેશ ન ઘટે, અને એટલે જ કદાચ કવિશિક્ષાના સ્વતંત્ર ગ્રન્થો પણ તે કાળમાં જ રચાયા હોવાનો સંભવ છે. કમનસીબે આજે આવા ગ્રન્થોમાંથી માત્ર આંગળીને ટેરવે ગણાય તેટલા જ ગ્રન્થો સચવાયા છે. કવિશિક્ષાના ગ્રન્થો સામાન્ય રીતે કાવ્યશાસ્ત્રના સામાન્ય સિદ્ધાન્તોની ચર્ચા કરતા નથી; પરંતુ, કવિએ પોતાના (કવિ) કર્મમાં જેની જેની પ્રાપ્તિની આવશ્યકતા છે તેની માહિતી ને માર્ગદર્શન આપવાનું કાર્ય આ ગ્રન્થોએ કર્યું છે. કાવ્યશાસ્ત્રના ગ્રન્થોમાં જ્યાં કવિશિક્ષાનો સમાસ થયો છે ત્યાં તે માત્ર એક આડ ઉપદેશ તરીકે જ થયો છે, કારણ કે ધીરે ધીરે કવિશિક્ષાનો સ્વતંત્ર પ્રદેશ પણ વિકસતો રહ્યો હતો. સંસ્કૃતસાહિત્યમાં આજે ઉપલબ્ધ કવિશિક્ષાના ગ્રન્થો નીચે પ્રમાણે છે:

(૧) **કાવ્યમીમાંસા :** લેખક–રાજશેખર; સમય–ઈસુની ૯મી સદીનો અન્તભાગ–૧૦મી સદીનો પ્રારંભ.

(૨) **ઔચિત્યવિચારચર્ચા** તથા **કવિકંઠાભરણ :** લેખક–ક્ષેમેન્દ્ર; સમય–ઈસુની ૧૧મી સદી–પ્રથમ પચ્ચીશીથી ત્રીજી પચ્ચીશી સુધીનો.

(૩) **કવિશિક્ષા :** લેખક–આચાર્ય જયમંગલ; સમય–ઈસુની ૧૧મી સદીનો અન્ત-ભાગ–૧૨મી સદીનો પ્રારંભ.

(૪) **કાવ્યકલ્પલતા :** લેખકો–ઠાકુર અરિસિંહ અને અમરચંદ્રસૂરિ; સમય–ઈસુની તેરમી સદીનો મધ્યભાગ.

ઉપરના ગ્રન્થની ટીકા–' કવિશિક્ષા ' વૃત્તિ–લેખક–અમરચંદ્રસૂરિ.

(૫) **કાવ્યશિક્ષા :** લેખક–આચાર્ય વિનયચંદ્ર; સમય–ઈસુની ૧૩મી સદીનોમધ્યભાગ.

(૬) **કવિકલ્પલતા :** લેખક–દેવેશ્વર; સમય–ઈસુની ૧૪મી સદીનો પૂર્વાર્ધ.

(૭) **કવિશિક્ષા :** લેખક–ગંગાદાસ; સમય–આશરે ૧૪૨૫ ( ઈ. સ. ) આસપાસ.

ઉપર્યુક્ત કવિશિક્ષાના અગત્યના ગ્રન્થોનો વિષયસાર નીચે આપ્યો છે, જેના ઉપરથી આપણા પ્રાચીનોએ કવિશિક્ષા વિષે કેવી વિચારણા કરી હતી તેનો ખ્યાલ આવશે. અલબત્ત, પ્રથમ દૃષ્ટિએ એ ખ્યાલ આવશે કે કાવ્યરચના એ પ્રયત્નસિદ્ધ કલા છે, ને પ્રતિભાનું સ્થાન તેમાં ગૌણ છે; છતાં પ્રતિભા એજ સર્જનનું મુખ્ય કારણ છે એ વસ્તુ કવિશિક્ષાકારોના માનસમાંથી કદી પણ ખસી ન હતી, તેવું દર્શન પણ આજ ગ્રન્થોમાંથી પ્રાપ્ત થયા વિના રહેતું નથી.

(૧) **કાવ્યમીમાંસા :** રાજશેખરે આ ગ્રંથમાં કાવ્યશાસ્ત્ર તથા કવિશિક્ષા, બન્ને વિષયોની ચર્ચા કરી છે. આ ચર્ચામાં તેણે અનેક પૂર્વાચાર્યોનાં મન્તવ્યો ઠેકઠેકાણે ઉદ્ધૃત કર્યાં છે, અને તેથી પણ આ ગ્રન્થની અગત્ય વધી ગઈ છે. આ બધાં અવતરણ ઉપરથી રાજશેખર કાવ્યશાસ્ત્રના કયા મતને અનુસરે છે તે સ્પષ્ટ નથી, પરંતુ મુખ્યત્વે તો તે પોતાના કૌટુમ્બિક વારસાને વફાદાર રહ્યો લાગે છે. અઢાર અધિકરણોમાં લખવા ધારેલા ' કાવ્યમીમાંસા ' નામક આ ગ્રન્થનું પ્રથમ અધિકરણ જ અત્યારે તો ઉપલબ્ધ છે, અને તેનું નામ પણ લેખકે **કવિરહસ્ય** આપ્યું છે; છતાં આજ આપણે જેને ' કાવ્યમીમાંસા ' તરીકે ઓળખીએ છીએ તે તો મૂળ ગ્રન્થનું માત્ર પ્રથમ અધિકરણ જ છે આમ છતાં આ ગ્રન્થમાં પ્રાપ્ત વસ્તુવિષયને આપણે ટૂંકમાં જોઈએ.

રાજશેખર વાઙ્મયના સાહિત્યના બે વિભાગ પાડે છે. (૧) શાસ્ત્ર, અને (૨) કાવ્ય; તે પછી તે શાસ્ત્ર તથા તેના વિભાગોની ચર્ચા કરે છે. શ્રુતિશાસ્ત્રમાં તે વેદ, ઉપનિષદો, વેદાંગ વગેરેને ગણે છે, ને પૌરુષેય શાસ્ત્રમાં પુરાણ, ઇતિહાસ, ન્યાય, મીમાંસાઓ અને સ્મૃતિઓને ગણાવે છે. ત્યાર બાદ તે ચૌદ વિદ્યાસ્થાનો બતાવે છે, અને સૂત્ર, વૃત્તિ, ભાષ્ય, સમીક્ષા, ટીકા, પંજિકા, કારિકા, વૃત્તિકા વગેરે પારિભાષિક શબ્દો સમજાવે છે. સાહિત્યવિદ્યાની વ્યુત્પત્તિ આપતાં તે કહે છે:—

**या शब्दग्रामम् अर्थसार्थम् अलंकारतन्त्रं मुक्तिमार्गम् अन्यद् अपि तथाविधम् अधिहृदयं प्रतिभासयति सा प्रतिभा ।**

એમ પ્રતિભાનું લક્ષણ સમજાવીને તે સાહિત્યવિદ્યાનું લક્ષણ આપે છે:

**शब्दार्थयोर्यथावत् सहभावन विद्या साहित्यविद्या ।**

આમ તે ભામહની વ્યાખ્યાને અનુસરતો દેખાય છે:

**शब्दार्थौ सहितौ काव्यम् ।**

આગળ જતાં ગ્રન્થમાં રાજશેખરે કવિશિક્ષા કોને, કેવા શિષ્યોને પ્રદાન કરી શકાય તેની ચર્ચા કરી છે. આ શિષ્યો એટલે કવિ થવાની ઈચ્છા સેવનારા વિદ્યાર્થીઓ. આવા શિષ્યોના તેણે બે પ્રકાર પાડ્યા છે : બુદ્ધિમાન્ અને આહાર્યબુદ્ધિ; તેમાં આહાર્યબુદ્ધિના બે પ્રકાર પાડ્યા છે : અન્યથાબુદ્ધિ અને દુર્બુદ્ધિ. અહીં રાજશેખર શક્તિ ( genius ), પ્રતિભા ( કવિનો ઉન્મેષ હોય તે ), વ્યુત્પત્તિ ( વિદ્વત્તા ) તથા અભ્યાસ ( વારંવારના પ્રયાસ, પ્રયોગ, અનુભવ ) સ્પષ્ટ સમજાવે છે, અને પોતાનો,[1] યાયાવરીયનો મત પ્રકટ કરે છે. તે માને છે કે માત્ર શક્તિ જ, જન્મપ્રાપ્ત શક્તિ જ કાવ્યનું સર્જન કરી શકે છે; તેની મદદે પ્રતિભા તથા વ્યુત્પત્તિ આવે છે. આ મત, અંગ્રેજી વિધાન 'Poets are only born',ને બરાબર મળતો આવે છે. કેટલાક પ્રાચીન કાવ્યશાસ્ત્રીઓ માને છે કે કાવ્યસર્જનમાં શક્તિ જેટલી જ ઉપયોગિતા સમાધિ ( ધ્યાન-એકાગ્રતા ) અને અભ્યાસની પણ છે, પરંતુ રાજશેખર તે મતનો અસ્વીકાર કરે છે. અને રાજશેખર પ્રતિભાના બે પ્રકાર પાડે છે ને તે ચર્ચે છે. પ્રતિભા કારયિત્રી તથા ભાવયિત્રી હોય છે તેમ તે કહે છે. કારયિત્રી એટલે સર્જનાત્મક પ્રતિભા–Creative talent અને ભાવયિત્રી એટલે વિવેચક પ્રતિભા–discriminative talent. કારયિત્રી પ્રતિભા ત્રણ પ્રકારની હોઈ શકે; સહજા ( જન્મસિદ્ધ ), આહાર્ય ( બહારથી પ્રાપ્ત ), અને ઔપદેશિક ( માત્ર ઉપદેશ કે શિક્ષાથી પ્રાપ્ત ). રાજશેખર પ્રતિભાનું મૂલ્યાંકન નીચે પ્રમાણે કરે છે :

- પ્રતિભા
  - કારયિત્રી
    - સહજા — આ પ્રતિભાવાળો કવિ કહેવાય, 'સારસ્વત' કહેવાય
    - આહાર્યા — આ પ્રતિભાવાળો 'આભ્યાસિક' કવિ કહેવાય
    - ઔપદેશિક — આ પ્રતિભાવાળો 'ઔપદેશિક' કવિ કહેવાય
    - આ ત્રણેયમાં કવિત્વ હોય છે
  - ભાવયિત્રી — આ પ્રતિભાવાળામાં 'ભાવકત્વ' હોય છે. તે 'ભાવક' કહેવાય છે
    - ભાવક
      - અરોચકી — કોઈની યે કૃતથી સંતોષ ન પામનાર કોઈની યે કૃતિને સારી ન લેખનાર
      - સતૃણ — અભ્યવહારી, વિવેકશક્તિ-હીન ભાવક
      - મત્સરી — ઈર્ષાખોર વિવેચક
      - તત્ત્વાભિ-નિવેશી — સાચું કવિત્વ પારખનાર

---

૧ યાયાવરીય–એટલે યાયાવરના કુટુંબનો. આ શબ્દ રાજશેખર પોતાને માટે આ ગ્રંથમાં અનેકવાર વાપરે છે.

પાંચમા અધ્યાયમાં રાજશેખરે કવિના પ્રકાર સમજાવ્યા છે. તે કવિના ત્રણ પ્રકાર પાડે છે: શાસ્ત્રકવિ, કાવ્યકવિ ને ઉભયકવિ. શાસ્ત્રકવિ શાસ્ત્ર રચે છે, અથવા શાસ્ત્રમાં કાવ્યતત્ત્વ રચી જાણે છે, કે કાવ્યમાં શાસ્ત્રીય તત્ત્વ સમાવી શકે છે; કાવ્યકવિના રાજશેખરે આઠ પ્રકાર બતાવ્યા છે:

કાવ્યકવિ

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| રચના-કવિ | શબ્દ-કવિ | અર્થ-કવિ | અલંકાર-કવિ | ઉક્તિ-કવિ | રસ-કવિ | માર્ગ-કવિ | શાસ્ત્રાર્થ-કવિ |

આ રીતે કવિપ્રકાર સમજાવીને લેખક કવિરાજપણું પ્રાપ્ત કરતાં પૂર્વે દશ પ્રકારનું કવિશિખાઉપણું (apprenticeship) કરવું પડે છે તે બતાવે છે, ને કવિરાજ તો મહાકવિ કરતાં પણ ચઢિયાતો છે તેમ કહે છે. તે જમાનામાં કવિરાજને ભારે માન મળતું જણાય છે. કવિરાજ પદ પ્રાપ્ત કરનારને રથમાં બેસાડીને નગરયાત્રામાં ફેરવવામાં આવતો અને રાજા તરફથી તેને પટ્ટબન્ધ એનાયત થતો! રાજશેખર પોતે પણ કવિરાજ હતો.

કાવ્યમીમાંસામાં રાજશેખર કવિની દિનચર્યાનું પણ વર્ણન કરે છે. ધર્મશાસ્ત્રના ગ્રન્થોમાં રાજાની દિનચર્યાનું વર્ણન છે, તે જ રીતે રાજશેખરે કવિની દિનચર્યાનું વિશદ વર્ણન કર્યું છે. કવિએ મન, વાણી અને કર્મથી શુદ્ધ રહેવું જોઈએ તેવું વિધાન તેણે કર્યું છે. કવિના નિવાસસ્થાનનું, તેના નૃત્યવર્ગનું, તેની લેખનસામગ્રી વગેરેનું પણ તેણે વર્ણન કર્યું છે. કવિની દિનચર્યા પણ રાજચર્યાની જેમ તેણે આઠ ભાગમાં વહેંચી છે, ને કવિકર્મની તેણે સમજ આપી છે. કવિના સર્જનની પકવતાનો,[2] કાવ્ય પાકનો સિદ્ધાન્ત પણ તેણે અહીં રજૂ કર્યો છે.

કાવ્યમીમાંસાના છઠ્ઠા અધ્યાયમાં રાજશેખરે 'શબ્દ' તથા 'વાક્ય'ની ચર્ચા કરી છે, અને અહીં તેણે ગુણ, અલંકાર વગેરેની ચર્ચા કરીને કાવ્યની પોતાની વ્યાખ્યા આપી છે: **गुणवद् अलंकृतं च वाक्यम् एव काव्यम्** । આ કાવ્યલક્ષણ, રાજશેખર રીતિવાદી હતો અથવા તેનો સમર્થક હતો તેવું સૂચવે છે. (વામનનું કાવ્યલક્ષણ: **काव्यशब्दोऽयं गुणालंकारसंस्कृतयो: शब्दार्थयो: वर्तते । (का. लं. अ. १. १. १)** તેના ગ્રન્થની સમગ્ર વિચારણા કરતાં રાજશેખર જૂની રીતિવાદી તથા રસવાદી પ્રણાલીનો પુરસ્કર્તા જણાય છે.

ગ્રન્થના આઠમા અધ્યાયમાં રાજશેખરે કાવ્યયોનિની વિચારણા કરી છે. ભામહ તથા વામને આનો ઉલ્લેખ કરેલો જ છે. કાવ્યયોનિ એટલે કાવ્યનાં પ્રેરણા સ્થાનો. રાજશેખરે નીચે પ્રમાણે કાવ્યયોનિઓ ગણાવી છે:

---

૨ જુઓ આ લેખકનો લેખ: "કાવ્યમીમાંસામાં કાવ્યપાક"–સ્વાધ્યાય પુ. ૧૩, અંક ૪, પૃ. ૩૭૮

કાવ્ય યોનિઓ

- શ્રુતિ
- સ્મૃતિ
- ઇતિહાસ
- પુરાણ
- પ્રમાણ-વિદ્યા
- સમય-વિદ્યા
- રાજ-સિદ્ધાન્ત-ત્રયી
  - અર્થશાસ્ત્ર
  - નાટ્યશાસ્ત્ર
  - કામશાસ્ત્ર
- લોક
- વિરચના (કવિની કલ્પના સૃષ્ટિ)
- પ્રકીર્ણ

આ ઉપરાંત દસમા અધ્યાયમાં રાજશેખરે કવિને સર્જનમાં ઉપયોગી એવી ત્રણ મુખ્ય વિદ્યાઓ બતાવી છે :

વિદ્યાઓ

- કાવ્યવિદ્યાઓ
  - નામ–ધાતુ-પારાયણ
  - અભિધાન-કોશ
  - વિચિત્ર-અલંકાર
- ચોસઠ ઉપવિદ્યાઓ -કલાઓ
- કાવ્યમાતરઃ
  - કવિ-સન્નિધિ
  - દેશ-વાર્તા
  - વિચ્છેદ-વાદ
  - લોક-યાત્રા
  - વિદ્વદ્-ગોષ્ઠિ
  - પુરાતન-કવિ નિબંધ

અગિયારમા તથા બારમા અધ્યાયમાં, રાજશેખરે કાવ્યહરણની વિશદ ચર્ચા કરી છે, જેમાં તેણે શબ્દહરણ તથા અર્થહરણ સદૃષ્ટાન્ત સમજાવ્યાં છે. તેનો વિખ્યાત શ્લોક અહીં જ છે :

**नास्त्यचौरो कविजनो नास्त्यचौरो वणिक्जनः ।**
**स नन्दति विना वाच्यं यो च जानाति गूहितुम् ॥**

રાજશેખર સ્પષ્ટપણે માને છે કે પારકાની રચનાનું માત્ર પ્રતિબિમ્બરૂપ સર્જન અથવા તેનું નર્યું અનુકરણ એ સાવ અકવિત્વનું જ લક્ષણ છે : **कवे : अकवित्वदायी सर्वथा प्रतिबिम्बकल्पः परिहरणीयः ।** રાજશેખરને મતે તો સાચો કવિ તેજ છે જે નવીન શબ્દગૂંફન કે નવીન અર્થ-નિરૂપણ કરે છે, તેની સાથે સાથે જે જૂના અર્થનું પણ પુનઃ કથન કરે છે :

**शब्दार्थोऽक्तिषु यः पश्येत् इह किंचन नूतनम् ।**
**उल्लिखेत् किंचन प्राच्यं मन्यतां स महाकविः ॥**

તેરમાં અધ્યાયમાં સ્વીકાર્ય સાહિત્યગ્રહણ બત્રીસ પ્રકારે લઈ શકાય છે તે સ–ઉદાહરણ સમજાવે છે. અનેક વિખ્યાત કવિઓની રચનાઓ અહીં તેણે દૃષ્ટાંતરૂપે રજૂ કરી છે,

આ અધ્યાય પછીના ત્રણ અધ્યાય, ૧૪, ૧૫, ૧૬–માં રાજશેખરે સાહિત્યજગતમાં પ્રસ્થાપિત કવિસમયની દીર્ઘ ચર્ચા કરી છે. આ વિભાગમાં જૂદા જૂદા પ્રદેશોની વિશિષ્ટતાઓ, વૃક્ષ, નદી, પર્વત, પુષ્પ વગેરેનું વૈવિધ્ય તેણે ઉદાહૃત કર્યું છે. અમુક અમુક ભાવો કેવી રીતે વર્ણવવા તે તેણે બતાવ્યું છે:

દા. ત. ' સ્મિત 'ને હંમેશાં ' શ્વેત 'જ વર્ણવવું, વગેરે. આ રીતિની વર્ણના કોઈ વ્યાવહારિક કારણને લઈ નથી થતી, પરંતુ કવિઓનો એવો રિવાજ, સમય છે માટે થાય છે, એમ એ કહે છે.

છેલ્લા બે અધ્યાયોમાં, રાજશેખર, ' દેશવિભાગ 'માં ભારતીય ભૂગોળ તથા ' કાલ-વિભાગ 'માં તત્કાલીન, તથા પુરાણગત ભારતીય કાલગણના, સમજાવે છે.

આમ કવિ થનારે કેટલું, ને કયા પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત કરવું આવશ્યક છે તે તેણે બતાવ્યું છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે પાછળના કાળમાં ' કવિશિક્ષા 'ના ગ્રન્થો લખનારાઓએ ચર્ચેલ, છન્દરચના વગેરેને રાજશેખરે મહત્ત્વ આપ્યું નથી. છતાં ' કાવ્યમીમાંસા 'માંનો કવિશિક્ષા અંગેનો ઉપર આપેલો સારભાગ એ સ્પષ્ટ કરે છે કે રાજશેખરે કાવ્યશાસ્ત્રને બદલે ' કવિશિક્ષા 'નો વિષય જ મુખ્યત્વે ચર્ચ્યો છે.

૨ (અ) **ઔચિત્ય વિચાર ચર્ચા:** આમ તો આ કવિશિક્ષાનો ગ્રન્થ ન કહેવાય છતાં કાવ્યમાં ઔચિત્યનો સિદ્ધાન્ત[3] ક્ષેમેન્દ્રે અહીં વિશદતાથી છણ્યો છે. વાસ્તવિક રીતે જોતાં, ધ્વન્યાલોકમાં વ્યક્ત કરેલાં રસસિદ્ધાન્તમાં ચર્ચાયેલા ' ઔચિત્ય 'નું જ આ નવું સ્વરૂપ છે, કહો કે સુધારેલું–વધારેલું સ્વરૂપ છે. ધ્વનિકારે કહ્યું છે:

अनौचित्यादृते नान्यद् रसभंगस्य कारणम् ।
प्रसिद्धौचित्यबन्धस्तु रसस्योपनिषद् परा ।।

ઉપર્યુક્ત કારિકા રસવિધાનમાં ઔચિત્યની પરમ આવશ્યકતા દર્શાવે છે. યોગ્ય અનુભાવોની સહાયથી આ ઔચિત્ય સાધી શકાય, અને તે અનેક રૂપે થઈ શકે; આ ઔચિત્ય કથાવસ્તુ, વક્તા, તથા ભાવોત્પત્તિના પ્રકાર અથવા તે સાધવા માટેના વિવિધ ઉપાયો પર અવલંબે છે. આ પ્રકારના ઔચિત્યની ચર્ચા ધ્વનિકારે કરેલી છે; પરંતુ ક્ષેમેન્દ્ર આ ઔચિત્યને કાવ્યનો જીવાતુ સિદ્ધાન્ત પ્રાણ લેખે છે, અને રસાનુભવમાંથી પ્રાપ્ત થતા આનન્દજન્ય ચમત્કારને તેનું બીજ ગણે છે. કાવ્યમાંના અલંકાર તથા ગુણ પણ જેટલા પ્રમાણમાં આ ચમત્કારના સાધક બને તેટલા પ્રમાણમાં જ તેની આવશ્યકતા અને યોગ્યતા ક્ષેમેન્દ્ર સ્વીકારે છે; કાવ્યમાં ' ઉચિત ' કોને કહેવાય, એનો ઉત્તર આપતાં તે કહે છે:

---

૩ औचित्यस्य चमत्कारकारिणश्चारुचर्वणे । रसजीवितभूतस्य विचारं कुरुतेऽधुना ।।

उचितं प्राहुराचार्याः सदृशं किल यस्य यत् ।

આ સૂત્ર સમજાવતાં વૃત્તિમાં કહ્યું છે :

यत् किल यस्यानुरूपं तदुचितमुच्यते ।

અર્થાત્, જે જેને જેટલું બંધબેસતું તેટલું તે તેને ઉચિત કહેવાય. ત્યારે જ કાવ્યમાં ઔચિત્ય સધાય. આ ઔચિત્ય કાવ્યમાં અનેક બિન્દુએ અનુભવાય, જેમકે પદમાં, વાકયમાં, પ્રબન્ધાર્થમાં, ગુણમાં, અલંકારમાં, ભાવમાં, રસમાં, ક્રિયામાં, કારકમાં, લિંગમાં, વચનમાં, નામયોગીમાં, વિશેષણમાં, ઉપસર્ગમાં, દેશમાં, કાલમાં તથા વિભક્તિમાં પણ. ક્ષેમેન્દ્રે આ દરેકના સદુપયોગનાં દૃષ્ટાન્તો આપ્યાં છે; અને તે પછી દરેકમાં તેના દુરુપયોગનાં દૃષ્ટાન્ત પણ આપ્યાં છે. એક રીતે જોઈએ તો ધ્વનિકારે રસની વ્યંજનાના જેવા અને જેટલા પ્રકાર બતાવ્યા છે, તેવા અને તેટલા ક્ષેમેન્દ્રે ઔચિત્યના પણ પ્રકાર પાડી બતાવ્યા છે. સમસ્ત ચર્ચાને અન્તે, ઔચિત્યની પરખ વ્યક્તિગત–Subjective બની રહે છે, ને તે સહૃદયત્વ પર અવલંબે છે, એવું આપણને લાગે છે—

तस्य तदेव हि मधुरं यस्य मनो यत्र संलग्नम् ।

તારતમ્યરૂપે આનન્દવર્ધને આ જ સૂચવ્યું છે. માનવની વૈવિધ્યભરી રસવૃત્તિ ઉપર જ આ ઔચિત્ય નિર્ભર છે. એટલા માટે જ કદાચ, વિવેચનક્ષેત્રે આ સિદ્ધાન્ત ત્યાં સુધી વિસ્તર્યો છે કે લેખકની કૃતિનું મૂલ્યાંકન લેખકના પોતાના જ પ્રેરક દૃષ્ટિબિન્દુથી–પ્રયોજનથી, કરવું જોઈએ. આમ છતાં કાલે કાલે, વિવેચકોએ રુચિ તથા રસાનુભવનાં સાચાં ધોરણો તથા તટસ્થ વિવેચનાનાં તત્ત્વો નક્કી કરવાના પ્રયાસો કર્યા છે, જે હજુ ચાલુ છે; છતાં સંસ્કૃત કાવ્યના દોષ અને ગુણની ચર્ચા સામાન્ય રીતે જડ નિયમોને વળગીને થયેલી દેખાય છે. આવી વિવેચનાની સૃષ્ટિમાં ક્ષેમેન્દ્રે કરેલી કાવ્યચર્ચા વાસ્તવિક રસદર્શનની કેડી ચીંધે છે. એમાં સંદેહ નથી. સંસ્કૃત કાવ્યશાસ્ત્રની પરંપરામાં તે નવો ચીલો પાડે છે. દોષદર્શન કે ગુણનિદર્શનમાં ક્ષેમેન્દ્ર કોઈની શેહમાં તણાતો નથી. કાલિદાસ, અમરુ કે ભવભૂતિને પણ તે જતા કરતો નથી, ભલે મમ્મટ કે બીજા કોઈ તેમનો બચાવ કરતા હોય!

૨ (ब) **કવિકંઠાભરણ:** આ પણ ક્ષેમેન્દ્રની રચના છે; આ કૃતિ કાવ્યશાસ્ત્ર અંગેની નથી, પણ કવિઓ માટેની, તેમને શિક્ષા આપતી માર્ગોપદેશિકા છે.

કવિકંઠાભરણ પાંચ વિભાગોમાં વિભાજિત છે; અને તેમાં ૫૫ કારિકાઓ છે. તેના વિષયો :

तत्राकवेः कवित्वप्राप्तिः शिक्षा प्राप्तगिरः कवेः ।
चमत्कृतिश्च शिक्षाप्तौ गुणदोषोद्गतिस्ततः ।
पश्चात्परिचयप्राप्तिरित्येते पञ्चसन्धयः ॥

(૧) અકવિ માટે કવિત્વપ્રાપ્તિના ઉપાય; (૨) વાણીની શકિત પ્રાપ્ત કરેલા માટે કવિશિક્ષા; (૩) કાવ્યમાં ચમત્કૃતિ; (૪) કાવ્યના ગુણદોષની ચર્ચા; (૫) કાવ્યપરિચયની પ્રાપ્તિ છે, આ રીતે આ ગ્રન્થમાં પાંચ સંધિઓ રચી છે.

કાવ્યરચનાની શક્તિ વિનાના, પણ કવિત્વની ઈચ્છા રાખનારા માટે ક્ષેમેન્દ્રે બે ઉપાય બતાવ્યા છે: (૧) દિવ્ય પ્રયત્ન, અને (૨) પૌરુષ. પ્રથમ ઉપાયમાં તે પ્રાર્થના, મંત્રજાપ તથા તેવા બીજા દેવતાને પ્રસન્ન કરવાના ઉપાયો બતાવે છે. બીજા, પૌરુષ નામના ઉપાયમાં તે, આયુર્વેદની જેમ, કાવ્યશક્તિત્વ–સાધકોના ત્રણ પ્રકાર બતાવે છે: (૧) જેમને માટે કાવ્યશકિત અલ્પપ્રયત્નસાધ્ય છે તેવા, (૨) જેમને માટે તે કૃચ્છ્રસાધ્ય છે તેવા, (૩) તથા જેમને માટે તે અસાધ્ય છે તેવા. દેખીતી રીતે જ છેલ્લા પ્રકારના કવિત્વ માટે અયોગ્ય જ છે. આમ દર્શાવ્યા છતાં, ક્ષેમેન્દ્રને કહેવું પડે છે કે કવિત્વશક્તિ તો અલ્પને જ સાધ્ય છે. પછીના પ્રકરણમાં લેખક કાવ્યઋણ તથા કાવ્યચૌર્યની મીમાંસા કરે છે. આ વિષય ધ્વન્યાલોકમાં માત્ર સ્પર્શાયો છે, પણ રાજશેખરે આ વિષયની વિશદ છણાવટ કરી છે તથા તેની સમજાવટ માટે અનેક દષ્ટાંતો પણ આપ્યાં છે.

રાજશેખરને પગલે કદાચ, ક્ષેમેન્દ્રે કવિઓના ચાર પ્રકાર પાડ્યા છે: (૧) છાયોપજીવી-જે કવિ કોઈ બીજા કવિની છાયાનો આધાર લઈને, અર્થાત્ પારકાના વિચારોને અનુસરીને પોતાનું સર્જન કરે છે; (૨) પદકોપજીવી–જે કવિ બીજાના પાદ કે પદોનું હરણ કરીને પોતાનું કાવ્ય સર્જે છે; (૩) સકલોપજીવી–જે કોઈ બીજા કવિનું સમસ્ત પદ્યબંધ કે કાવ્યનું હરણ કરે છે; (૪) તથા ભુવનોપજીવ્ય–જે કવિ એવાં આધારસ્થાનોમાંથી ઋણસ્વીકાર કરે છે, જેમાંથી કવિઓની પરંપરા ઋણસ્વીકાર કરતી આવી છે. આવાં આધારસ્થાનોમાં રામાયણ, મહાભારત, પુરાણો વગેરે ગણાય. આ ચર્ચા પછી, રાજશેખરની જેમ, ક્ષેમેન્દ્ર પણ કવિની દૈનિક જીવનચર્યા, જીવનપદ્ધતિ તથા તેના અધ્યયનની ચર્ચા કરીને એક નિયમાવલિ, જાણે કે, ઘડી બતાવે છે!

તે પછી ક્ષેમેન્દ્ર 'કાવ્ય ચમત્કાર' અથવા 'કાવ્ય–સૌન્દર્ય' સમજાવે છે, તથા તેના દસ પ્રકારનાં ઉદ્દીપનો ગણાવે છે—જેમકે રસાસ્વાદ, વિસ્મય, વક્રતા વગેરે; અહીં કાવ્યના બે પ્રકાર તે ચર્ચે છે: 'અવિચારિત રમણીય' અને 'વિચાર્યમાણરમણીય.' રાજશેખર પણ કાવ્યમીમાંસામાં ઉદ્ભટની ઉક્તિ ઉદ્ધૃત કરીને 'વિચારિત સુસ્થ' અને 'અવિચારિત રમણીય' એવા બે કાવ્યપ્રકારો સમજાવે છે. કાવ્યનો ચમત્કાર સમગ્ર રચનામાં કે તેના કોઈ અંશમાં છે, તે શબ્દનો, અર્થનો કે બંનેનો ચમત્કાર છે, તે અલંકારનો કે ભાવનો કે વસ્તુનો ચમત્કાર છે. આ બધું ક્ષેમેન્દ્ર સદષ્ટાન્ત સમજાવે છે. ગ્રન્થના અન્તભાગમાં, કવિએ પોતાના કવિકર્મ માટે કેટલી વિદ્યાપ્રાપ્તિ આવશ્યક છે તે દર્શાવે છે, અને તેને માટે પ્રાપ્તવ્ય વિદ્યાઓનાં કે ગ્રન્થોનાં નામ આપે છે, જેમ કે તર્ક, વ્યાકરણ, રામાયણ, મહાભારત, ચાણક્ય, વાત્સ્યાયન, નાટ્યશાસ્ત્ર, આયુર્વેદ, જ્યોતિષ વગેરે.

અત્રે એ કહેવું જોઈએ કે ક્ષેમેન્દ્રે પોતાના આ ગ્રન્થમાં કોઈ નવીન સિદ્ધાન્ત પ્રસ્થાપિત કે પ્રતિપાદિત કર્યો નથી, પરંતુ તેણે કવિ માટે આવશ્યક તત્ત્વો સદૃષ્ટાન્ત સમજાવ્યાં છે, ચર્ચ્યાં છે; અને કવિશિક્ષાના ક્ષેત્રમાં તેણે જ કદાચ પ્રથમવાર એક જ સ્થળે કવિશિક્ષાની વિદ્યા ગ્રન્થસ્થ કરી તે શ્રેય પ્રાપ્ત કર્યું છે.

૨ (क) **સુવૃત્તતિલક:** ક્ષેમેન્દ્રની આ કૃતિ પદ્યના વિવિધ છન્દોની સમજૂતી આપે છે. જૂદા જૂદા કવિઓ કયા કયા છન્દોમાં પારંગત હતા તેની પણ તેણે નોંધ કરેલી છે; દા. ત. પાણિનિ ઉપજાતિની રચનામાં, ભારવિ વંશસ્થવિલમાં, કાલિદાસ મન્દાક્રાન્તામાં, રત્નાકર વસન્તતિલકામાં, ભવભૂતિ શિખરિણીમાં, તથા રાજશેખર શાર્દૂલવિક્રીડિતમાં.

સમગ્રરીતે જોતાં ક્ષેમેન્દ્રે કાવ્યશાસ્ત્રની આંશિક વિચારણા, કવિશિક્ષાની સ્વતંત્ર વિચારણા તથા પદ્યબન્ધોના છાન્દસ સર્જનની વિચારણા કરીને કાવ્યશાસ્ત્રીઓની કદાચ એક નવીન પ્રણાલી શરુ કરી દેખાય છે.

(૩) **'કવિશિક્ષા'નો** એક લેખક જયમંગલ સિદ્ધરાજ જયસિંહનો સમકાલીન હતો ને તે ઈસુની અગિયારમી સદીના અન્તભાગમાં અને ૧૨મી સદીના પૂર્વાર્ધમાં થઈ ગયો લાગે છે. રાજશેખરે તેની કાવ્યમીમાંસામાં ચર્ચેલા ઘણા વિષયો આ લેખકે પોતાની કૃતિમાં સમાવિષ્ટ કર્યા છે. એના પછી લગભગ પચાસ વર્ષ વીતયે, 'કાવ્યકલ્પલતા'નામક કવિશિક્ષાના ગ્રન્થ લેખક ઠાકુર અરિસિંહ અને અમરચંદ્રસૂરિ થઈ ગયા છે. ઈસુની તેરમી સદીના પૂર્વાર્ધમાં તેમણે 'કાવ્યકલ્પલતા' લખી છે તથા તેના ઉપરની 'કવિશિક્ષાવૃત્તિ' પણ અમરચંદ્રે પોતે જ રચી છે.

(૪) **'કાવ્યકલ્પલતા'**ના લેખકો શ્વેતામ્બર જૈન હતા તેઓ પદ્યરચનાની શિક્ષા આપતા 'કવિતારહસ્ય' અથવા 'કાવ્યકલ્પલતા'ના લેખકો તરીકે વિખ્યાત છે. આ કૃતિનો કેટલોક ભાગ અરિસિંહે રચેલો છે, ને બાકીનો ભાગ અમરચંદ્રે પૂરો કર્યો છે. પોતાની વૃત્તિમાં અમરચંદ્રે લખ્યું છે :

किञ्चिच्च तद्रचितमात्मकृतं च किञ्चित् ।
व्याख्यास्यते त्वरितकाव्यकृतेऽत्र सूत्रम् ।।

ડૉ. બુહ્લર માને છે કે કારિકાના શ્લોકો અરિસિંહે રચેલા છે, અને તે કૃતિનું નામ 'કવિતારહસ્ય' હતું, અને અમરચંદ્રની ટીકાનું નામ 'કાવ્યકલ્પલતા' હતું.

અમરચંદ્ર વાયડા ગચ્છના જિનદત્તસૂરિનો શિષ્ય હતો. અમરચંદ્ર અરિસિંહનો સહાધ્યાયી અથવા તો શિષ્ય જેવો લાગે છે, અને તે ઈસુની તેરમી સદીના મધ્યભાગમાં થયો છે.

તેમની 'કાવ્યકલ્પલતા' તથા તેની ટીકા 'કાવ્યકલ્પલતાવૃત્તિ'માં મુખ્યત્વે આ વિષયોની ચર્ચા છે: પદ્યરચના, છન્દોવિધાન તથા અલંકાર—અલંકારોમાં વિશેષ કરીને શ્લેષ, યમક અને શબ્દસૌન્દર્યમાં સમસ્યા, વર્ણાનુવૃત્તિ વગેરે સદૃષ્ટાન્ત સમજાવ્યાં છે, ને કવિએ તેમની રચના

શી રીતે કરવી તે બતાવ્યું છે. વળી, એક સ્વતંત્ર ખંડમાં 'ઉપમા'માં રચનાનું વૈવિધ્ય કેવી રીતે સર્જવું તેની યુક્તિ–પ્રયુક્તિઓ બતાવી છે. આ ઉપરાંત પારંપરિક કવિસમયની તેમાં સમજ આપી છે. તે કાળની હ્રાસોન્મુખ કાવ્યકલાનો સ્પષ્ટ ચિતાર આ કૃતિ દ્વારા આપણને પ્રાપ્ત થાય છે. જન્મજાત સર્જકની પ્રતિભાના અભાવમાં પણ કાવ્યકરણ(!)નું કારખાનું, ચલાવવાની કારીગરી શીખવતી આ હુન્નરપોથી છે. 'કાવ્યકલ્પલતા' તથા તેની વૃત્તિનો નીચે આપેલો સાર ઉપરના વિધાનને સ્પષ્ટ કરશે.

આ કૃતિમાં ચાર વિતાન છે:

**પ્રથમ વિતાન:** 'છન્દસિદ્ધિ' નામે છે, જેના પાંચ વિભાગ છે. (૧) અનુષ્ટુભ્ શાસન, (૨) મુખ્ય છંદોની સંખ્યા, ધાતુઓના વિવિધ કાલીન રૂપો ને તેમના વિકાર; પ્રકૃતમાંથી સ્વીકારેલાં સંસ્કૃતપદો; પરકવિતા કે પોતાના જ ભાવોનું બીજા છન્દ કે રૂપમાં પરિવર્તન, એક છન્દનું બીજામાં રૂપાન્તર, યતિ; આ આખા ખંડનું નામ 'છન્દોભ્યાસ' છે; (૩) છન્દ:પૂરણ–છન્દમાં ખૂટતા એકાદ અક્ષરનું અર્થવિહીન અક્ષર વડે પૂરણ, જેવા કે શ્રી, સમ્, સત્, દ્રાક્, વિ, પ્ર, વગેરે; (૪) કુલશાસ્ત્રાદિ, સ્વશાસ્ત્રાધ્યયન પ્રથા, વાદ–વિવાદ, સ્તુતિ–નિન્દાની વિવિધ રીતિઓ; (૫) કાવ્ય માટે વર્ણનાના વિષયો, રાજા, મંત્રી, અમાત્ય, રાજકુમાર, લશ્કર, યુદ્ધ, મૃગયા, નગર, ગ્રામ, ઉપવન, સરોવર વગેરેનાં વર્ણનો.

**દ્વિતીય વિતાન:** શબ્દસિદ્ધિ: તેમાં નીચે પ્રમાણે વિભાગો છે:

વ્યુત્પત્તિ, સામાસિક શબ્દોના અર્થ, પ્રાસ, યમક, અનુપ્રાસના પ્રકાર, શબ્દશક્તિના ત્રણ પ્રકાર–અભિધા, લક્ષણા, વ્યંજના; આ ચર્ચામાં ધ્વનિકારનો પ્રભાવ સ્પષ્ટ વર્તાય છે.

**તૃતીય વિતાન:** શ્લેષસિદ્ધિ–(૧) શ્લેષોપયોગી શબ્દોની યાદી, (૨) સમાસોક્તિ, પર્યાયોક્તિ કે અપ્રસ્તુતપ્રશંસા દ્વારા બીજા અર્થ નીકળે તેવી શબ્દરચનાની ચર્ચા; (૩) શ્લેષવાળા એકપદી શબ્દો; (૪) તદ્ધિતયુક્ત શ્લિષ્ટ પદો; (૫) સર્વતોભદ્ર જેવી શબ્દરચનાઓ, શબ્દક્રીડા; આ વિભાગ 'વિદગ્ધમુખમણ્ડન' (ધર્મદાસ સૂરિનું) સાથે સરખાવી શકાય તેવો છે; આ વિષય દંડી, રુદ્રટ અને અગ્નિપુરાણે પણ ચર્ચેલો છે.

**ચતુર્થ વિતાન:** અર્થસિદ્ધિ–આ ખંડમાં અલંકારસિદ્ધિની શિક્ષા છે. ઉપમા, રૂપક વગેરે અલંકારોમાં કોને કોની ઉપમા આપી શકાય, અર્થાત્ કોને કોનું ઉપમાન કે ઉપમેય બનાવી શકાય તેની ચર્ચા કરી છે. ઉપરના વિષયોની ચર્ચા કેશવના 'અલંકારશેખર'માં તથા દેવેશ્વરના 'કવિકલ્પલતા'માં પણ છે.

આમ છતાં આ લેખકો મુખ્યત્વે મમ્મટ તથા વાગ્ભટને જ અનુસરે છે, જ્યારે હેમચંદ્ર તથા વાગ્ભટ મુખ્યત્વે ક્ષેમેન્દ્ર તથા રાજશેખરને જ અનુસરે છે તે નોંધપાત્ર છે.

(૫) **કાવ્યશિક્ષા:** કવિશિક્ષાના જૈન લેખકોમાં આચાર્ય વિનયચંદ્ર આશરે ઈ. સ. ૧૨૫૦ની આસપાસ થઈ ગયા છે. તેમની કૃતિ કાવ્યશિક્ષાનો સારભાગ નીચે આપ્યો છે.

આ કૃતિ ૭ પરિચ્છેદમાં રચાયેલી છે.

**પ્રથમ પરિચ્છેદ :** શિક્ષા પરિચ્છેદ–અહીં લેખકે કાવ્યનું લક્ષણ, તેનો હેતુ તથા કાવ્યશિક્ષાની આવશ્યકતા ચર્ચી છે. ધ્વનિકારે તથા રાજશેખરે પણ કાવ્યાર્થને ગૂંથવાની કળાની સમજૂતી આપી છે તેવી આ લેખકે પણ આપી છે : વિદ્યમાન અર્થને જરૂર પડે ટાળવાની કળા, અવિદ્યમાન અર્થની ગૂંથણી, કવિસમય, તે અનુસાર કરાતી વૈવિધ્યભરી વર્ણના, છન્દોરચના પદ્ધતિ, વિવિધ રંગ, વિષય, વસ્તુનાં વર્ણનની કલા, મહાકાવ્યમાં વર્ણનીય વસ્તુ, આદિ.

**દ્વિતીય પરિચ્છેદ :** નામ-ક્રિયાનિર્ણય–કાવ્ય ક્રિયાથી થાય છે–**काव्यं क्रियाभिः भवति ।** એમ કહીને લેખકે અનેક ધાતુઓ તૃતીય પુરુષ એકવચનમાં પદ્યમાં વાપરી બતાવ્યાં છે; પછી સંખ્યાબંધ ધાતુઓ ગદ્યમાં, તેમના અર્થ તથા ગણ બતાવીને આપ્યાં છે.

**તૃતીય પરિચ્છેદ:** લોકકૌશલ્ય પરિચ્છેદ–આમાં લેખકે લોકવ્યવહારનો પરિચય કરાવ્યો છે. તે કહે છે કે—

लोकव्यवहारकौशल्यात् काव्यम् ।

સંસારમાં 'એક'ની સંખ્યાથી માંડીને '૮૪ લાખ' સુધી ગણાતી વસ્તુઓ (પદાર્થો) તેણે નોંધી છે, અને ભાષામાં વપરાતા કેટલાક સમૂહવાચક શબ્દો પણ તેણે આપ્યા છે: દા.ત. સૃષ્ટિમાં 'પરમાત્મા' 'એક'જ છે; સૂર્ય–ચંદ્ર પણ એક એક જ છે; તો આંખો, હાથ, પગ, વગેરે 'બે'ની સંખ્યામાં છે; ઊંચી, નીચી, સમતલ એમ 'ત્રણ' સ્થિતિ છે; તેવી જ રીતે ત્રણ પુરુષાર્થ ધર્મ, અર્થ, કામ; ત્રણ પ્રકારના દૂત-નિસૃષ્ટાર્થ, વિશિષ્ટાર્થ અને શાસનહર; ત્રણ ગુણ–સત્ત્વ, રજસ્, તમસ્; એ જ રીતે ચાર, પાંચ–વગેરેની સંખ્યા અંગે; ૮૪ લાખ સુધીની સંખ્યામાં ગણાતા મુખ્ય પ્રચલિત સમૂહો તેણે આપ્યા છે. સાત માતાઓનાં નામ તેણે આપ્યાં છે; બ્રહ્માણી, માહેશ્વરી, કૌમારી, વૈષ્ણવી, વારાહી, ઐન્દ્રાણી, ચામુણ્ડા. ૬૮તીર્થ પણ તેણે ગણાવ્યાં છે. જેમકે પ્રભાસ, ઓંકારેશ્વર, અમરેશ્વર, વિશ્વેશ્વર, મહાકાલ, કનખલ, કુરુક્ષેત્ર, મરુ, ચણ્ડીશ, ભસ્મગામ વગેરે.

આ પછી લેખકે ભૌગોલિક તથા રાજકીય દૃષ્ટિએ ભારતીય પ્રદેશ રચના વર્ણવી છે.

આ ગ્રંથમાં એક નવીન વિષયવિચારણા પણ પ્રાપ્ત છે. ને તે 'આભાણકો' એટલે કહેવતો. લેખકે સંસ્કૃત–પ્રાકૃત કહેવતો આપી છે, જે સામાજિક દૃષ્ટિએ અગત્યની છે. કેટલીક કહેવતો આ પ્રમાણે છે:

(i) सर्वसाधारणीगंगा न कस्यापि हि पैतृकी ।
(સૌના બાપની ગંગા.)

(ii) क्षते हि क्षारनिक्षेपः ।
(ઘા ઉપર મીઠું ભભરાવવું.)

(iii) पश्य फूत्कृत्य फूत्कृत्य मूषकोऽप्यत्ति मानुषम् ।
(ઉંદર ફૂંકી ફૂંકીને કરડે !)

(iv) अहिरुच्छीर्षके वैद्यो विद्यते योजने शते ।
(માથે સાપ, ને સો જોજને વૈદ !)

(v) ममर्द गर्दभस्यापि स्वार्थे पादौ जनार्दनः ।
(ગરજે ગધેડાને બાપ કહે.)

વિવિધ વિદ્યાશાખાઓનો પરિચય કેળવવાની જરૂરિયાત સૂચવવા અનેક કૃતિઓમાંથી અનેક શ્લોકો લેખકે આપ્યા છે; તેના ઉપરથી કવિ થવાની ઇચ્છા રાખનારે કયી કયી વિદ્યાઓની જાણકારી પ્રાપ્ત કરવી ઘટે તે સૂચવાય છે: જેમકે તર્કશાસ્ત્ર, વ્યાકરણ, નાટ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, કામશાસ્ત્ર, ધાતુવાદ, દ્યૂતવિદ્યા, ચિત્રકલા, ભૂગોલવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, વનેચરપરિચય, વિવેક–ઔચિત્યજ્ઞાન, હસ્તિવિજ્ઞાન, આયુર્વેદ, જ્યોતિઃશાસ્ત્ર, તુરગલક્ષણ, છાયોપજીવિત્વ, લક્ષણકરણ વગેરે.

આટલું સમજાવ્યા પછી, સુન્દર કાવ્યના નમુનારૂપે લેખકે (હર્ષચરિતમાંથી ઘણાં ખરાં) દષ્ટાન્તો આપ્યાં છે; વર્ણનોમાં કવિએ ઉપમાઓ કેવી રીતે પ્રયોજવી તે બતાવ્યું છે.

**ચતુર્થ પરિચ્છેદ :** બીજવ્યાવર્ણન : વિવિધ વિષયનાં બીજનાં વર્ણન છે, જેમકે जिन, हर, ब्रह्मा, हरि વગેરેનાં વર્ણનોમાં કવિએ પ્રયોજવા લાયક શબ્દો, ક્રિયાપદો વગેરે. અહીં પણ હર્ષચરિતમાંથી ઘણાં ઉદ્ધરણો છે ને ઉત્પ્રેક્ષા, અતિશયોક્તિ, વગેરે અલંકારોનાં દૃષ્ટાંત આપેલાં છે.

**પંચમ પરિચ્છેદ :** આ પરિચ્છેદમાં અનેકાર્થ શબ્દોનો સંગ્રહ છે, તથા એકાક્ષર, દ્વયક્ષર, ત્ર્યક્ષર, ચતુરક્ષર, પંચાક્ષર, અવ્યયાર્થ, વર્ણમાલાના છેલ્લા અક્ષરોથી બનેલા શબ્દો, જેમાં બે, ત્રણ, ચાર, એમ અક્ષરો આવે તેવા શબ્દોનો પણ સંગ્રહ છે. આ સમગ્ર પરિચ્છેદ પદ્યમાં છે.

**ષષ્ઠ પરિચ્છેદ :** આમાં રસ તથા ભાવની ચર્ચા કરવામાં આવી છે. આ પરિચ્છેદમાં સૂત્ર, તેના ઉપરની વૃત્તિ તથા ઉદાહરણો આપવામાં આવ્યાં છે, તથા નવ સ્થાયીભાવ, નવ રસ તથા તેત્રીસ વ્યભિચારી ભાવની ચર્ચા કરવામાં આવી છે. પરંતુ આઠ સાત્ત્વિક ભાવની ચર્ચાની શરૂઆતનું સૂત્ર શરૂ થતાં જ હસ્તપ્રત અધૂરી રહી ગઈ છે! સંભવ છે કે સાત્ત્વિક ભાવની ચર્ચા પછી લેખકે ભાવાભાસ અને રસાભાસની ચર્ચા કરી હોત!

કવિશિક્ષાનો એક બીજો લેખક દેવેશ્વર થઈ ગયો, જે ઈસુની ચૌદમી સદીના પૂર્વાર્ધમાં થયો હોવાનો સંભવ છે. તેણે

(૬) "**કવિકલ્પલતા**" નામે કૃતિ રચી છે. દેવેશ્વર, અરિસિંહ અને અમરચન્દ્રની 'કાવ્યકલ્પલતા'ને મુખ્યત્વે અનુસરે છે, એટલું જ નહિ પણ તેમાંથી ઘણું 'હરણ' કરે છે,

દા. ત. તેમાંથી જ, તે વ્યાખ્યાઓ તથા દૃષ્ટાંતો–શ્લોકો, તેના તે જ મૂકે છે. આ ' હરણ ' પદ્ધતિસરનું છે અને ' કવિકલ્પલતા 'ની સમગ્ર કૃતિમાં તે છતું થાય છે. એમ લાગે છે કે ' કાવ્યકલ્પલતા 'નો ગ્રન્થ સમક્ષ રાખીને જ દેવેશ્વરે પોતાની ' કવિકલ્પલતા ' રચી છે. આ કૃતિ, વિષે વિશેષ કશું ઉલ્લેખનીય નથી કારણ કે તે અપહૃત વસ્તુઓથી રચાયેલી છે.

(૭) **' કવિશિક્ષા 'નો** એક બીજો લેખક છે ગંગાદાસ, જેની ' છન્દોમઞ્જરી ' જાણીતી છે. તેની ' કવિશિક્ષા 'માં છન્દઃકથન, સામાન્ય શબ્દ, રસ, ગુણ, શબ્દાલંકાર, કાવ્યદોષ, અને સમસ્યાપૂરણ એ મુખ્ય વિષયો ચર્ચાયા છે.

ઉપર્યુક્ત કવિશિક્ષાના ગ્રન્થોના વિષય–સાર ઉપરથી આપણા પ્રાચીનોએ કવિ થવા માટેના આવશ્યક ગુણોની પ્રાપ્તિ માટેના માર્ગદર્શન માટે કરેલા ઉદ્યમનો કાંઈક ખ્યાલ આવશે; તથા હ્રાસકાલમાં કાવ્યકરણ કેટલું કૃત્રિમ બની ગયું ને आत्मनः कला શી રીતે વિડમ્બના ને વિધ્વંસને પાત્ર બની તે પણ સમજાશે.

# કેટલાક વિશેષ વર્ણકો

ભોગીલાલ જ. સાંડેસરા

જૂની ગુજરાતી સાહિત્યમાં ગદ્યના જે વિવિધ પ્રકારો મળે છે (જુઓ 'ષષ્ટિસર્જક પ્રકરણ,' ત્રણ બાલાવબોધ સહિત, વડોદરા, ૧૯૫૩, પ્રસ્તાવના, પૃ. ૪-૫) તેમાં 'વર્ણક' એક વિશિષ્ટ પ્રકાર છે. 'વર્ણક' એટલે કોઈ પણ વિષયના વર્ણનની પરંપરાથી લગભગ નિશ્ચિત થયેલી એક ધાટી. અક્ષરના રૂપના માત્રાના અને લયના બંધનથી મુક્ત છતાં પદ્યમાં લેવાતી બધી છૂટ ભોગવતા પ્રાસયુક્ત-'બોલી'માં ઘણુંખરું વર્ણકની રચના થયેલી હોય છે. આ પ્રકારના વર્ણકોનો એક સંગ્રહ 'વર્ણક-સમુચ્ચય, ભાગ ૧-મૂલ પાઠ' એ નામથી વડોદરા યુનિવર્સિટીના ગુજરાતી વિભાગની પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલામાં સને ૧૯૫૬માં મેં પ્રગટ કર્યો હતો અને એનું સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ 'વર્ણક-સમુચ્ચય, ભાગ ૨' તરીકે ૧૯૫૯માં પ્રસિદ્ધ કરેલ છે. ઈસવીસનના પંદરમા શતકના પૂર્વાર્ધમાં રૂપકપ્રધાન કાવ્યકૃતિ 'ત્રિભુવનદીપકપ્રબન્ધ' રચનાર જયશેખરસૂરિની ત્રણ વર્ણકપ્રધાન રચનાઓ 'જયશેખરસૂરિકૃત ત્રણ શ્લોક' એ શીર્ષક નીચે ત્યાર પછી સૂરતના ચુનીલાલ ગાંધી વિદ્યાભવનના વાર્ષિક બુલેટિન (ઑગસ્ટ ૧૯૬૧-ઑગસ્ટ ૧૯૬૨)માં મેં છપાવી હતી. વિવિધ વિષય સંબંધી વર્ણકો આપતાં આપતાં એક સળંગ કથા કહેવાઈ હોય એવી રચના આપણા જૂના સાહિત્યમાં માણિક્યસુન્દરસૂરિકૃત 'પૃથ્વીચંદ્રચરિત્ર' અથવા 'વાગ્વિલાસ' (ઈ. સ. ૧૪૨૨) છે. અહીં નોંધવું પ્રસ્તુત થશે કે જયશેખરસૂરિએ 'ત્રિભુવનદીપકપ્રબન્ધ'માં બે પ્રસંગે 'બોલી'નો પ્રયોગ કર્યો છે (પં. લાલચંદ્ર ગાંધીની આવૃત્તિ, ભાવનગર, સં. ૧૯૭૭, પૃ. ૧૫ અને ૪૩).[1] માણિક્યસુન્દરસૂરિએ પ્રબન્ધરચનાની તાલીમ જયશેખરસૂરિ પાસે મેળવી હતી,[2] એ જોતાં એમની વર્ણકપ્રધાન કથામાં કદાચિત્ જયશેખરસૂરિની પ્રેરણા પણ કારણભૂત હોય.

જૂના ગુજરાતી સાહિત્યના, ખાસ કરીને પ્રાચીનતર યુગના, વિશેષ વર્ણકોની શોધ તથા પ્રકાશન ઈષ્ટ છે. એ દૃષ્ટિએ કેટલાક નવપ્રાપ્ત વર્ણકો અહીં સંપાદિત કર્યા છે. એની સાત પત્રોની હસ્તપ્રત મારા મિત્ર પં. અમૃતલાલ મોહનલાલ ભોજક તરફથી મને મળી હતી. હસ્તપ્રતમાં લેખનસંવત નથી, પણ લિપિ ઉપરથી ઈસવીસનના પંદરમા શતકના ઉત્તરાર્ધમાં તે લખાયેલી જણાય છે. હસ્તપ્રતનું ત્રીજું પત્ર ગુમ થયેલું હોઈ વર્ણકનો એટલો ભાગ ખૂટે છે.

---

૧ વીરસિંહકૃત ઉષાહરણ, નરપતિકૃત પંચદંડ આદિ અન્યાન્ય જૂની ગુજરાતી પદ્યકૃતિઓમાં પ્રસંગોપાત્ત 'બોલી'નો કે સાદા ગદ્યનો પ્રયોગ છે.

૨ જુઓ માણિક્યસુન્દરસૂરિકૃત 'શ્રીધરચરિત્ર'માં આરંભનું એક પદ્ય—

श्रीजयशेखरसूरीश्वरसुगुरुभ्यो नमोऽस्तु मम तेभ्यः ।
येषां पदप्रसादादहमपि गुम्फं करोम्येवम् ॥

( આ હસ્તપ્રત કોઈ વિસ્તૃત સંગ્રહપોથીનો અંશ છે, કેમ કે પ્રત્યેક પત્રના બીજા પૃષ્ઠની જમણી બાજુ હાંસિયામાં, નીચે ૧ થી ૭ સુધીનો પત્રાંક આપ્યો છે, અને એ જ હાંસિયામાં વચ્ચે પત્રાંક ૨૨૩ થી ૨૨૯ આપ્યો છે. હસ્તપ્રતનું ત્રીજું પત્ર ન હોઈ અહીં પણ તદનુસાર પત્રાંક ૨૨૫ નથી. ) પ્રત્યેક પત્રમાં, ડાબી બાજુ, હાંસિયામાં, લખાણની પ્રથમ પંક્તિ શરૂ થાય છે તેનાથી યે સહેજ ઊંચે वर्णन એવી નોંધ લહિયાના હસ્તાક્ષરમાં છે, એ બતાવે છે કે મૂલ સંગ્રહપોથીમાં વિવિધ ખંડકો આ રીતે શીર્ષકવાર કે વિષયવાર જુદા પાડવામાં આવ્યા હશે. અહીં રજૂ થયેલી કૃતિ વિવિધ વર્ણ્ય વિષયોના વર્ણકોનો નાનકડો સંગ્રહ છે.

મૂલ હસ્તપ્રતનો પાઠ નીચે પ્રમાણે છે :

[ पत्र १, पृष्ठि १ ] जेहनउ भलउ आकारु, तिसिउ प्राकारु । जिहां कामी करइं रयवाडी, तिसी घणी केवाडी । जिहां पंडित पढावइ चउसाल, तिसी घणी लेसाल । जि अध्यात्मि दृढ, तिसिया अनेक योगी तणा मढ । जिहां दीसइ सवे सुपरि, तिसी पुहचती ब्रह्मपुरी । जे लिइं विमानसिउं वाद, तिसिया प्रचुर प्रासाद । जिहां माहि भवन, बाहिरि उपवन । माहि दक्ष मनुष्य, बा. वृक्ष लक्ष । माहि भोगी, बा. योगी । माहि हर्षकारीयां हट्ट, बा. वहइ अरहट्ट । माहि अलवेसर, बा. घोडा नइ वेसर । माहि सांकडी सेरी, बा. परउत्तु सोधिवा किरइं हेरी ॥

न वनि भमइ, न मित्रिसिउं रमइ । न वृक्षच्छायां वीसमइ, न तेजी तुरंगम दमइ । न देव-गुरु नमइ, न सरस रसवती जिमइ । न राजसभा आक्रमइ, न कुणहइनउं बोलिउ गमइ । न पल्यंकि पउढइ, न शास्त्र पढइ । न मोटई अपराधि विढइ, न आसण मांडी मनि दृढइ । जाणे राजा घातिउ ऊकढइ ( ? ) ॥

क्षय न लगइ वाधइ खासु, ऊपनउ श्वासु । तेज रहइं त्रासु, न्याय रहइं नासु । विद्या रहइं विणासु, पाप नउ प्रयासु, पडिउ स्त्री तणउ प्रयासु । मांडिउ नरेंद्रि पूर्वाभ्यासु, धिग् विषयविलासु ॥

पुण्यक्षयि—रसु फीटी थाइ विरसु, अमृत फीटी था० विसु । पाणी फीटी था० आगि, खीर जिमतां था० लागि । हरिण फीटी था० वाघु, साकरइं था० दाघु । पुत्र फीटी था० शत्रु, कदलीपत्रु फीटी थाइ करपत्रु । बिल फीटी था० पातालु, इष्टदेवत फीटी था० वैतालु । तांतण फीटी था० जालु, सौम्यु फीटी था० विकरालु । काकरउ फीटी था० टोलु । पाणी-बिंदु फीटी था० समुद्रतणउ कल्लोलु । हर्ष फीटी था० विषादु, पाधरउ बोल फीटी था० वादु । फूलतणी माल फीटी था० सापु, तृणउं फीटी था० लोहनउं कापु । [ प०१, पृ०२ ] वाहलीउ फीटी था० रेलि, मा फीटी था० विसवेलि ॥

हाथ मेल्हावणइ जिम न रहइं अनुकूल, तिसियां पट्ट दुकूल। जे शोभा प्रकट, ते लाधा मुकुट। जिसियां सूर्यतणां मंडल, तिसियां कुंडल। जे उज्ज्वल मौक्तिकतणा आधार, तिसिया हार। जीहं चालता न ऊडइ रज, तिसिया गज। जे चालता सुजोडा, तिसिया घोडा। जे घडणहारि घडिया अश्लथ, तिसिया रथ। जे ऊपजावइं मनि चित्र, तिसियां छत्र। जींहना मोटा झामर, तिसियां चामर। जे तुंबर तणा फेडइं गर्व, तिसिया गंधर्व॥

तीणि प्रासादि जिहां न लागइ रज, तिसिउ ध्वजु। जे देखतां उद्दंडु, तिसिउ दंडु। जे भणइ 'हूं विमाननउ मानु निर्दलिसु', ति सुवर्णमय कलसु। जेह जोयतां थाइ मेरु पर्व्वतु निखरु, तिसिउं सिखरु। जे जाणीइ कमठाइसारउ, तिसिउ आमलसारउ। जेह जोयतां भाजइ स्वर्गतणउ ऊभारउ, तिसिउ गभारउ। जिसिउ ब्रह्मांडमंडपु, तिसिउ रंगमंडपु। जे मन रहइ गमती, तिसी भमती। जेह देखतां पामीइ सद्गति, [ ति ]सी जगति। जिहां नवनवा काविलाईतणा घाट, तिसा पाट। जिहां पूतलीतणा नृत्यप्रारंभ, तिसा स्तंभ। जे लागइ लोकतणइ चीति, तिसी भीति। जिहां सूत्रधारि समग्र षोडि परिहरी, तिसी देहरी। जे एक जीभइं किम वखाणउं, तिसिउं बलाणउं। जे निरुपमान, तिसां सोपान। जिहां कृत्रिम पक्खीयातणी धोरणि, तिहां मनु वीसमइ तोरणि॥

ते आभा पाषइ वांछइं वृष्टि, शक्ति पाखइ नवी सृष्टि। भोजन पाषइ पुष्टि, हाथ पा० मुष्टि। बीज पाखइ वृक्षु, वृष्टि पा० सुभिक्षु, पाक पा० [ प० २, पृ० १ ] भक्ष्यु। लक्ष्मी पा० दानु, गुरुसेवा पा० ध्यानु, शास्त्र पा० ज्ञानु। काठ पा० वाहणु, घोडां पा० साहणु। सुरही पा० परिमलु, पाणी पा० कमलु। जु पुण्य पाखइ सौख्यु॥

आज सभा माहि जीणि रंजीइ चीतु, ते न सांभलीइं गीतु। जीण ऊपजइं चित्रु, ते एकू न वाजइं वादित्रु। जे राय रहइं अवश्य कृत्यु, ते न दीसइं नृत्यु। जेहे विद्वांस धूणइं मस्तक, ते न वाचीइं पुस्तक। जींहने खवे चडियां बाल, ते न झूझइं माल। जींहने बोले दीजइं सुवर्णमय त्राट, ते मौनु करी रहिया भाट। जे लोक रहइं करावइं जुहार, ते निसंचला हुया प्रतीहार। जे निरंतर जीभ वावरी, ते आजु न बोलइ टावरी। जे नगरनी करता करणवार, ते बइसी रहिया तलार। जेहे ऊपजइ प्रमोदु, ते एकू न दीसइ विनोदु॥

करिसु स्वयंवरि विध्वंसु, ऊडाडिवउ रायतणउ हंसु, फेडिवउ परहंसु, पूरिवउ आपणउ डंसु, उजूयालिवउ कुरुरायतणउ वंसु॥

समुद्र पडता रहइं द्वीपु, अंधकारि पडिया रहइं दीपु। नदीपूरि प्रवाहीतां वृक्षशाखा, भूला रहइं मुखि मधुरी भाषा। दरिद्री रहइं निधानु, मूर्षशेखर रहइं ज्ञानु। जिम अंध किहिं

चक्षु, बुभुक्षित रहइं भक्षु, संतप्त रहइं वृक्षु, मार्गभ्रष्ट रहइं सार्थवाहु, तृषार्त्त रहइं अमृतप्रवाहु, तिम संसारीया जीव रहइं मनुष्यभवु ॥

वृक्षु तां जां न लागइ दवज्वाला, माणुसु तां जां न पडइ म्ले[ च्छ ]तणा गाला । पग तां जां न पडइं छाला, नगरु तां जां न करइं [ प० २, पृ० २ ]चाड चाला । मत्स्य तां विलसइ जां न आवइ जालु, कुल तां निष्कलंकु जां न चडइ आलु । कंदु तां जां न वाजइ कुदालु, सृष्टि तां जां नथी प्रलयकालु । चंद्र तां जां न आवइं अंधारी बीज, पर्वत तां जां न पडइ वीज । चंद्रु तां सतेजु जां न ऊमटइं अमावसतणी राति, प्रतिष्ठा तां जां न कराइं पिराई ताति । गोकुलु तां सकलु जां न दीसइं वाघु, फूलु तां विहसइ जां न अवतरइ मास माघु ॥

जिसी प्रवालतणी वेलि, जिसी कुसुंभातणी रसरेलि; जिसिया पारेवातणा चरण, जिसिया ऊगता सूर्यतणा किरण; जिसी जासूनपुष्पतणी पांखुडी, जिसी कोकिलातणी आंखडी; जिसी मंजीठचोल, जिसिया रीसाविया माणुसतणा कपोल; तिसिया आरक्त ॥

वरि भली बलती आगि, वरि भली खीरतणी लागि; वरि भली विसतणी मूली, वरि भली कयरकाठतणी सूली; वरि भलउ सर्पु फणगरु, वरि भलउ समुद्रतणउ मोटउ मगरु; वरि भलउ उन्हालातणउ तापु, वरि भलउ लोहतणउ कापु; वरि भलउ भाडभूंजातणउ भाडु, वरि भलउं धषतउ ऊंबाडु; वरि भलउं मरणु आपणउ तउंकि पुण नही भली सउकि ॥

जीणि अटवी—एक पखा पर्वततणा टोल, एक पखा नीची झोल; किहाइं भूमिका खणइ कोल, किहाइं आहेडी ऊपाडइं चीत्रातणी खोल; तेह अटवीमाहि चालतां हुई गोल, न तिहां लाभइं छइं कूर नइ घोल; तीण कारणि भूष त्रि

**[ तृतीयं पत्रं विनष्टम् ]**

[ प० ४, पृ० १ ] कि० सूर्य कि० तारउ, कि० साकर कि० खारउ । कि० सीहु कि० शृगालु, कि० भोजनु कि० ओगालु । कि० गंगाप्रवाहु कि० गामओहालु, कि० कमलु कि० सेवालु । कि० चंद्रु कि० राहु, कि० फागुणु कि० वइसाहु । कि० गरुडु कि० मसउ, कि० कोडि कि० सवासिउ । कि० गजेंद्रु कि० ससउ, कि० माणुसु कि० ढोरु, कि० हारु कि० दोरु । कि० साधु कि० चोरु, कि० मूलनीवी कि० नोरु । कि० कस्तूरीओ हरिण कि० पोहींसु, कि० कावलालउ घाटु कि० गोहींसु । कि० मोटउ वृक्षु कि० रोहींसु ॥

जे गिया विदेसि, ते पडिया क्लेशि । जे ताणिया पाणीतणइ पूरि, [ ते ] आक्रमिया क्रूरि । [ जे ] पीडिया दुष्ट ग्रहि, [ ते ] रहिया विग्रहि । [ जे ] चांपिया सधरि, [ ते ] डसिया विसधरि । [ जे ] धरिया राइ, [ ते ] मेल्या घणे घाइ । [ जे ] मुरुडिया भोगे, [ ते ] दूहविया रोगे । तीह सविहं धर्म्मु शरणु ॥

एकि कोटीध्वज, एकि जन्मलगइ निगर्थ; एकि अतुल बल पराक्रम, एकि तृणउं मोडिवा असमर्थ। एकि कुलीन, एकि हीनकुल; एकि कलावंत, एकि निष्कल। एक सहस्रंभरि, एक भमताइ न लहइं भीख; एक विद्वांस, एक रहइं पढावीतां न लागइं सीख। एकि बइसइं सुखासणि, एकि चालइं पाला; एकने पगे चमकती वाणही, एक रहइं अनुपानह चालतां पगि पडइ छाला। एक चांपा जिम गौर वर्ण, एक भूततणी परिं काला; एक हींडइं मोकला, एकने गले गाला। एकि उ-उत्तम जाति, एकि दैवि कीधा भील; एकि पहिरइं पगि सुवर्णमय नेउर, एकिने पगे मण लोहनी आठील। एकि माणुस सरल तरल, एकि न मेल्हइं मील; एकनउं काजु त्वरित सीझइ, एकनइ पडइ ढील। एकि राय, बीजा रंक; एकि निर्मल जन्म, बीजा सकलंक। एकि सप्रताप, एकनइ कमाराइ ठोकइं डंक। एकि मधुर स्वर, बीजा स्वरि कठोर; एकि [ प० ४, पृ० २ ] विवेकवंत, बीजा निर्विवेकपणइं ढोर। एकना लडसडता देह, बीजा देखतां अघोर; एकि सूर, बीजा कातर। एकि नीरोग, बीजा रोगातुर। एकि आंखडीयाल, एक जन्म शुद्धिं अंध; एकि परिमलबहुल, बीजा मलि करी देहि दुर्गंध। एकनइ सातखणां धवल गृह, बीजानइ वसिवा खर कुटी; एकनइ स्नेहल कलत्र, बीजानइ भार्या जिसी अंगारशकटी। एकि सुजाण, बीजा अजाण। ए समग्र पुण्य–पापतणा प्रमाण॥

*पुण्य लगइ पृथ्वीमाहि प्रसिद्धि, पु० कार्यसिद्धि। पु० अभंगुर बुद्धि, पु० शरीरशुद्धि। पु० पुत्र-पौत्रादिकतणी वृद्धि, पु० स्वाभाविक समृद्धि। पु० शरीरि नावइ रोग, पु० अभंगुर भोग। पु० कुटुंब-परिवारतणा संयोग, पु० प्रकरण तणा नवनवा जंग। पु० द्वारि गजघटा, पु० चालतां दीजइं चंदनच्छटा, पु० आगलि कोइ न मांडइ फटा, पु० निरुपमु रूपु, पु० अलक्ष्य स्वरूपु। पु० वसिवा प्रधान आवास, पु० लक्ष्मीतणा घणा विलास, पु० पूजइं मनि चींतवी आस। पु० संपजइ शोभा सौभाग्यु, पु० भुवनाद्भुत भाग्यु। पु० सुकलत्र, पु० सकल पुत्र, पु० आगइ वाजइं वादित्र। पु० आज्ञा अखंड, पु० लगइ भुजादंड प्रचंड। पु० पूरउं जीवितव्यु, पु० परिघलु द्रव्यु। पु० दीप्तिमंत मूर्ति, पु० बोलिवातणी स्फूर्ति। पु० कुटुंबि संप, पु० न हुइं चौरादिकतणा आकंप। पु० रायतणउ बहुमानु, पु० निर्मल ज्ञानु॥

एकि देव देवता अहर्निशु आराधइं, एकि मंत्रविद्या सधरपणइं साधइं। एकि राजसभां बुद्धिमंत भणी बइसइं, एकि रणक्षेत्रि पहिला पइसइं। एकि व्यापारु कला करी केलवइं, एकि धूर्तपणइं भलाइ रह [ प० ५, पृ० १ ]इं भोलवइं। एकि स्थलमार्ग आदरि आक्रमइं, एकि भूमंडल माहि भुजाबलि भमइं। एकि योगी पूठिइं लोभि लुब्धा लागइं, एकि मोटा ठर ठाकुर

---

* પુણ્યપ્રભાવનો મહિમા કરતો આ વર્ણક, થોડાક પાઠાન્તર સાથે, 'પૃથ્વીચંદ્રચરિત્ર'ના મંગલાચરણના ગદ્યખંડક તરીકે છે. સ્પષ્ટ છે કે આ વર્ણક એ કાળે સુપ્રચલિત હશે અને વ્યાખ્યાનાદિમાં પુણ્યફળ વર્ણવવા માટે પ્રયોજાતો હશે.

मागइं । एकि पाला पुलता पंथि चालइं, एकि वइरागरि दैव भणी घाउ घालइं । एकि रसकूपिकारस रहइं पडइं, एकि कलकलतइ समुद्रि चडइं । एकि ३६० क्रयाणक वुहरइं, एकि डाहपणि परायां कवित्व चहइं । एकि माथइ पोटलउ वहइं, एकि सूयणवालइ रात्रि रहइं । एकि आपणी जीभ पिरायउं विरुयं फेडइं, एकि कडिसमउ कर्दमु कूंथी हलु खेडइं ।— तोई जउ पोतइ पुण्यु न हुइं तउ किहाइं काईं न लहइं ॥

आपद आवी एकि साहसु छांडइं, अधरवृत्ति मांडइं, जण जण आगलि हाथ जोडइं, अभागियउं भणी आपणपउं विषोडइं, आक्रंदता केस त्रोडइं, हियउं कूटइं, प्रतिज्ञातउ षूटइं, मस्तकु मुष्टि प्रहारि ताडइं, विषादीया विकलतणी परिं वस्त्र फाडइं, पराया प्राण पाडइं, अधर पणइं ढणहण रोयइं, पिराया दीधा वाट जोइं, गहिलपणइं आपणपउं विगोइं, नीसासा मेल्ही महत्त्वु वमइं, ऊभइं मुहि सेरी भमइं, दैन्यु आलंबइं, ईणि परिं अजाण आपणपउं विडंबइं ॥

हंस जिहां जइयइ तिहां श्वेत, भारुंड जि० सचेत । मयूर जि० पंच वर्ण, घट जि० सकर्ण । कउठ जि० वृत्ताकार, योगींद्र जि० निर्विकार । चंदन जि० परिमलबहुल, सिंहु जि० ति० सबलु । गजेंद्र जि० चालतउ सलीलु, धर्म्मवंतु जि० सुशीलु । हिमु जि० ताढउ, पाषाण जि० [ प० ५, पृ० २ ] गाढउ । आगि जि० उष्णु, याचकु जि० सतृष्णु । गंगाजलु जि० पवित्रु, जयणापरु जि० जगन्मित्रु । इणि परि रोगीया रहइं जिहां जायइं तिहां रोग, भोगीया रहइं जिहां० तिहां भोग ॥

जिहां पर्वत ऊडइं तिहां तूलनीं कउण गणना ?, जिहां गजेंद्र बूडइं तिहां बाकरांतणी क० ?, जिहां राउत भाजइं तिहां कायरतणी क० ?, जिहां वेश्या लाजइं तिहां कुलस्त्रीतणी क० ?, जिहां धोरी त्रूटइं तिहां गलीयातणी क० ?, जिहां सत्त्ववंत सत्त्व खूटइं, तिहां कायरतणी क० ?, जिहां प्रासाद खडहडइं तिहां काचीहरतणी क० ?, जिहां तरुणा अडवडइं तिहां वडिकातणी क० ?, जिहां राय रुलइं तिहां रांकतणी क० ?, जिहां पीटणीहर गलइं तिहां छाजहरतणी क० ?, जिहां उदारइ ओहटइ तिहां कृपणतणी क० ?, जिहां पांगुलाइ पहटइ तिहां जंधालनी क० ?, जिहां आंखडीयाल रहइं अंधारउं तिहां चीपडानी क० ?, जिहां सामाइकधर रहइं संधारउं तिहां अविरततणी क० ?, जिहां पंडित पांतरीयइं तिहां मूर्षतणी क० ?, जिहां ध्रुवइ तणा आंतरीइं तिहां रूखडातणी क० ?, जिहां सीह बांधीयइं तिहां हरिणतणी [ क० ] ?, जिहां पर्वततणी राइ सांधीइं तिहां वस्त्रतणी क० ?, जिहां तारू बोलीइं तिहां अजाणनी क० ?, जिहां जूंग धंधोलीइं तिहां त्रापातणी [ क० ] ?, जिहां वाघ कानि साहीइं तिहां छालीतणी [ क० ] ?, जिहां तम्हासित ऋषीश्वर विषइ वाहीइं तिहां अज्ञान लोकतणी कउण गणना ? ॥

शुक्ल ध्यान ऊपहरउं नथी ध्यानु, महापद्म० निधानु। अभयकुमार ऊपहरउ नथी प्रधानु, पंच [प० ६, पृ० १] परमेष्ठि ऊ० नथी रक्षानिधानु। तीर्थंकर ऊ० आधानु, केवलज्ञान ऊ० ज्ञानु। सर्वार्थसिद्धि ऊ० विमानु, कल्पवृक्ष ऊ० उपमानु। खारी ऊ० मानु, प्राणपरित्याग ऊ० अभिमानु। अनशन ऊ० अवसानु, नागरखंडा ऊ० पानु। इंद्रजाल ऊ० विज्ञानु, सुवर्ण ऊ० वानु, जीवदान ऊ० दानु ॥

करीर जोयतां लाधउ सहकारु, काकरा जो० गरुडोद्गारु। तली जो० लाधउं त्राटु, त्रिवाइया जो० लाधउ पाटु। पडया पाइका जो० निधानु, माईपाठतणी स्पृहा धरतां ऊपनउं केवलज्ञानु। खरकुटी जो० सातखणउ आवासु, बग जो० चासु। त्रापा जो० जूंग वाहणु, चडण जो० मिलिउं साहणु। आछण जो० अमृतु, तैल वांछतां लाधउ घृतु। डांडउ जोतां लाधउ पाधरउ पंथु, जं सामान्य भिक्षाचर जोतां भेटिउ ए निर्ग्रंथु ॥

ते उत्संगु न करइं रंगु जिहां बालु न करइं केलि। ते कुक्षि भरी दुक्खि जिहां बाल नव मास न वसइं, ते वक्षस्थलु दुःखबहुल जीणं बालु न भीडीइं, ते हाथ काइं कीधा जगन्नाथ जे बालु न ऊपाडीइं, ते कंठु गाढउ उल्लंठु जिहां बालु ऊछली नवि लगइं, ते मुख सुख सविहं विमुखु जे बाल मुखसिउं न मिलइं, ते द्रेठि दैवतणी वेठि जेहे बालु न दीसइं, ते केसकलापु मानउं सापु जे बालि न चूंथीइ, ते पालणउं कीजइ आगि माहि बालणउं जिहां बालु न पउढइं, ते झूमणां ऊमण दूमणां जेहे बालु हाथ न वाहइं, ते उत्रेडि परही फेडि जे बालि न पाडीइं, ते कान लहइं अपमान जेहे बालना बोल न सांभलीइं ॥

बोलती छरी संचडी छोरूइ मारइ। जीभं जव छोलइ, अलविहि असंबद्धु बोलइ। बगाइं करती गोदड गिलइ, घरि वित्रोड करी बाहिरि मिलइ। बो[प० ६, पृ० २]लावी बिसइं हाथ ऊललइ, तां निवृत्ति जां जण जणसिउं आफलइ ॥

धन-धान्यसमृद्धु त्रिभुवनप्रसिद्धु। मुदमुदितु सदाभ्युदितु। परचक्र अगम्यु। विद्वज्जनवल्लभु। मेदिनीशृंगारु। एवंविधु नगरु ॥

तत्र दानवीरु। संग्रामधीरु। सज्जनानंदनु। वैरिषंडनु। निजकुलमंडनु। प्रबल-विक्रमु, परिपालितक्रमु। विद्यानिवासु, कीर्त्तिविलासु। प्रजारंजकु, अन्यायभंजकु। औचित्य-चतुरु, भावार्थविदुरु। प्रौढाभिमानु, इंद्रसमानु। राजा ॥

सत्त्वाधिष्ठितशीलशालिनी, गुणमालिनी। गजगामिनी, विनिर्जितसुरकामिनी। सचीसमाचार, सर्वकुलाधार। मधुरालाप, परित्यक्तपाप। लावण्यनिधान, अंतःपुरप्रधान। तत्त्वविचारिणी, राज्यालंकारिणी। एवंविधा राज्ञी ॥

रूपि कंदर्पु, दलित वैरिदर्पु । यशःपवित्रु, उदारचरित्रु । वीरांकूरु, प्रतिज्ञासूरु । शास्त्रनिपुणु, विनयप्रगुणु । परिहृतविक्रियु, पंडितप्रियु । राज्यश्रीवरु । एवंविधु कुमरु ॥

नगरज्येष्ठु, क्रियाश्रेष्ठु । प्रतिष्ठासारु, निश्चलविचारु । प्रशस्तव्यापारु, दुःखितसाधारु । लक्ष्मीनिलयु, दुष्कृतविलयु । अनन्यसामान्यु, राजमान्यु । उत्तमसंतानु, दत्तसुपात्रदानु । निर्मलवंशु, प्राप्तप्रशंसु । लब्धसाधुवादु, प्रदत्तजनाल्हादु । प्रीणितसाधुवर्गु, प्रार्थितापवर्गु । निर्गर्वु विशालदृष्टि । एवंविध श्रेष्ठि ॥

भक्तीयुक्ती, अनुरक्ती । अधिकस्नेह, सुभगदेह । वचनानुवर्त्तक, प्रीतिवर्द्धक । सुशील, अतिचतुरलील । शोभनरूप, मदनरसकूप । प्रेमपात्र, ललितगात्र । सर्वस्त्रीजनप्रधान, गुणरत्ननिधान । शुभकर्म, आराधितधर्म । सफल व्यवसाय, शुभाध्यवसाय । गृहस्वामिनी । एवंविधा श्रेष्ठिनी ॥

सीता जिम शीलवती, वागीश्वरी जिम वचनचातुर्यवती । पृथ्वी जिम क्षमावती, रेवती जिम [ प० ७, पृ० १ ] धर्मानुष्ठानवती । मधुकरी जिम देव–गुरुपदपद्मपर्युपासिका, हंसी जिम कोमलालापकारिका । शासनदेवता जिम सांनिध्यविधायिका । एवंविधा श्राविका ॥

भद्रजातीय काले गात्रि पांडरे दांति । राते कुंभस्तलि । आपणी छाया देखी प्रहार घातइं । इस्या हस्ति गुड्यां मुहवडि चड्यां पडिवसांवरी हांचइं जड्यां योध चड्या शब्दवेधी लघुसंधानी । दूरापाती दृढप्रहारी बावलभल्लतीरीतोमरखरक्षुरप्रअर्द्धचंद्रसूरीमुखनाराचतद्वलप्रगुणा कियाटगा झलहलइं : पंचवर्णपताका फरहरइं कोपरी फरी । आयत मानि किई तोणीर तोणीभाथा संच्या । हाथि गाजइ गडअडइ धडहडइं । मृदांत कोपांत सातमीतार जिसा चालता डूंगर तिसी गजघटा प्रकट कीधी ऊपरि पउंतार तुडि करइं पाषलिआरीया जोणहार ॥

ततारी तेजी हइवाणा पइठाणा । तोरक सिंधूया घोडा पाषरिया मयणवषर षांडवषर कातलातणी पाषर चडी ॥

शब्दवेधी वीराधिवीर वीरचक्रवर्ति वांकुडी दाढी उग्रतर लोचन घोर पूंचा । प्रलंब अतुल भुजादंड । जिसिउ मोरकलापु विस्तीर्णु तिसी माथइ झांटि लहकइं । पायि वज्रधारी सोनानां कडआं सिरषंडनी ऊगडि । कस्तूरीनउ मलयवटु । टोडर कंठ कंदलित तेउ राउत ठव्या । रगादनां कसण कस्यां, सन्नाह आदरी, वज्रांगा पहिरी चउवट्ट सन्नाह ओलगाव्या । माथइ सिरक सूत्र्या । पाइ पागुलां परिव्यां । कूंकू लोल पडीयार राल्यां, काढ्यां षांडां, जिसी जमनी जीभ । कृतांतनी डाढ । चउरसीपाली चउकडीआली, फूलु किरिकिरीयालउ अग्रु । नीनटी ज लोई । बइठा भुजा तलवटी पाटी झलकती धार । पाटणी लोह

पाडरसी पोगर इसी च्छुरी। फरी पाडसूत्रनूं बोज त्रिन्हि वीरघंट त्रिन्हि चमर त्रिन्हि आरीसा ते बुद्बुदी चउंलीस घाघरी रींछोलिमंडित भुजफुरणा पडताला किसा सांभलीइं वीरघंट वाजइं वीरकत्ति झल[ प० ७, पृ० २ ]इ चमर लहकइं दांत कुंत नेत्र एक निरंतर झलहलइं। ए इसी आरेणी ॥

तत्र भथाइत किसा देषेवा ?—मगर पंचवीसा भीतरि सयरने त्राणि पउचाने प्राणि धणुह ताणइं, लांषी जाणइं बाणि, पइसइं ओगाल, गाढी पइसइं, पायि थिरा, धणुह सुजाण, अविहड ठाणु, दृढ बाहु धरइं, सर ताडइं, बाण विछोडइं, फिरी पाडइं। मुहि मांडइं, पाषर्या टलइं, ओहणवायकि वलइं, वेझइ फिरी पइसइं। लांषतां दीसइं बाणि सन्नाहु फाडइं, पायकु पाडइं, असवार अडइं, घाय भिडइं धडहडइं सेल वालइं। घोडा वागि लिइं, पागडइ पाउ, कट्टारीनउ घाउ। इस्या भथाइत उन्नत थिका हूंता ॥

तिसइ पाइकतणां पुरु किसां ऊमटिवा लागां ? पाइकतणउ धसमसाटु करी तणउ गडअडाटु। जाणे प्रलयकालतणउ मेघ धडहडइ ॥

पुण ओहणवायक्क किसा दीसइं ? ठाकुर भगता चाडं सकता सहरि त्राणइ पउचइ प्राणइ ता पाइ फुरणइ ता हाथि चास खेडां सांकडी वाह कट्टारानी कली आंगनी आकड, आगलि साहूकार। दोहिलइ उपकारी, भाटतणउ जयजयाकारु, तुडि बोलइं दाबटी चालइं, आंगनउ स्वभावु, सयरनउ वीरवट्ट हाथनउ कालवट्टु टोडरनी अलवि, वीरवर्णनानी बरव। वचन सत्रु झकालि सतेज रही मांडइं। भूमि न छाडइं, फरी ओडवइं माथऊं मींडवइं मरिवानउं चित्रु, मारिवानुं वित्रु। पइसी बोलावइं, सामहु चलावइं, गूडउ वालइं। दामण संघि ढालइं। घाइ गांजइं, कांध भांजइं, धाई जुडइं नरसिंह भणइं। षांडानउ साटुकु, हाथनउ काटकु। पडतानउ भाटकु। सांभलीइ देहुले मारी वलइं। बइत्तालीस गुण ओहणपायक्क तणा जाणवा।

भीम कर बाहुदंड विधात्रां वज्रमय वक्षस्थलि निर्मिवां देवाकइ हइं हणिवाकइं शौर्यि करी गजघटाविहडामण। सिंहनादभणी प्रशंसा लहइं। इसा आरेणिवर्णनं ॥ छ ॥

# ચારણી જ્ઞાતિ અને પરંપરા*

## પૂર્વ-ભૂમિકા

**કેશવરામ કા. શાસ્ત્રી**

મહાભારત રામાયણ અને પુરાણો, જેવાં કે મત્સ્ય વાયુ વિષ્ણુ બ્રહ્મ ભાગવત પદ્મ સ્કંદ શિવ આદિત્ય ગણેશ અને વામન, આ સંસ્કૃત સાહિત્યમાં અનેક ઠેકાણે 'ચારણ'નો અર્થ દેવી ગાંધર્વો યક્ષો વિદ્યાધરો વગેરેની સાથે ઉલ્લેખ થયા કર્યો છે. આ બધા મૂળમાં તો માનવજાતિના છે, પરંતુ સમય પસાર થતાં દેવો અસુરો દાનવો વગેરે પણ માનવેતર જાતિઓ તરીકે પૌરાણિક સાહિત્યમાં ચીતરાયા તે પ્રમાણે ચારણો ગંધર્વો વગેરે અર્ધદૈવી જાતિઓ તરીકે નિરૂપાયા. યક્ષો ગંધર્વો વગેરે હિમાલયના વાસીઓ હતા એવું પણ જાણવા મળે છે. એટલે એ અને ચારણો વિદ્યાધરો વગેરે પણ હિમાલયના વાસીઓ હોય અને સમયના વ્યાપમાં એ માનવેતર જાતિઓ ગણાઈ ગઈ. ચારણ પુરુષો અને સ્ત્રીઓના દેહ, દેહનો વર્ણ, અણનમ ટેક વગેરે જોતાં પ્રાચીન કાલના એ હિમાલયવાસી આર્યોના વેલાના કહી શકાય. આપણને વિદેશી વિદ્વાનોએ એમ ઠસાવ્યે રાખ્યું છે કે ભારતવર્ષમાં આર્યો દૂર દૂર ઉત્તર અને પશ્ચિમના પ્રદેશોમાંથી આવ્યા છે. આની ચર્ચામાં નહિ ઉતરું. એટલું જ બતાવીશ કે પોતાના સમય સુધીના વિદેશી તેમજ ભારતીય વિદ્વાનોનાં નિરૂપણોનો તટસ્થ અભ્યાસ કરી, કલકત્તા હાઈકોર્ટના એક અંગ્રેજ ન્યાયમૂર્તિ પાર્જિટરે સ્પષ્ટ કરી આપ્યું કે આર્યો મધ્ય હિમાલય પ્રદેશના મૂળ વતનીઓ છે અને જેમ નીચે વિંધ્ય પહાડી સુધી ભારતવર્ષમાં ધીમેધીમે ફેલાઈ ગયા તે જ પ્રમાણે આર્ય વંશના દ્રુહ્યુઓ એ પ્રદેશમાંથી પશ્ચિમના એશિયાના તેમજ યુરોપના પ્રદેશોમાં ફેલાઈ ગયા. એ ઐલવંશ (ચંદ્રવંશ)ને 'આર્ય' કહે છે અને ઈક્ષ્વાકુવંશ (સૂર્યવંશ)ને 'દ્રવિડ' કહે છે એ નોંધપાત્ર છે. ચારણો ઐલવંશના વિસ્તારના છે અને ખૂબ જૂની પ્રજા છે, જેને જ કારણે પુરાણ-સાહિત્યમાં એમનો ઠેરઠેર ઉલ્લેખ થયેલો છે. ચારણોની ઉત્પત્તિ વિશે ચમત્કારિક જે વાતો છે તે મૂળ માથા વિનાની તેમ માનવીય રીતે અશ્રદ્ધેય છે. એટલે એ ભારતવર્ષની જૂની જાતિ છે એટલાથી જ જિજ્ઞાસુઓએ સંતોષ માનવાનો છે.

અન્યત્ર મેં જણાવ્યું છે તે પ્રમાણે પ્રાચીન વૈદિક કાલમાં નારાશંસીઓ હતા કે જે યજ્ઞાદિ પ્રસંગે રાત્રિએ જેમ સામગાન થતાં તે પ્રમાણે યજમાન કે યજમાનોની પ્રશસ્તિ ગાતા તેમ પ્રાચીન કથાઓ કહી બતાવતા હતા. નાટકોમાં રાજાઓનાં મહાલયોને દરવાજે વૈતાલિકો રહેતા હતા તેઓ પણ પ્રશસ્તિગાયકો હતા. એ દરવાજે રહી માનસર જીવન ગાળનારા હોઈ **द्वारभट्ट**–'બારોટ' કહેવાતા. **भट्ट**નો અર્થ 'સ્વામી' થાય છે. એમને જ ગઢના દરવાજે રહેવાનું થતું તેથી જ **गढपति**–ગુજ. 'ગઢવી' પણ કહેવાયા. મધ્યકાલમાં 'ચારણ' અને

---

* તા. ૫-૨-૮૨ના દિવસે ઇન્ડિયન નેશનલ થિયેટર અને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી તરફથી યોજાયેલા 'ચારણીસાહિત્યસંમેલન'માં રજૂ થયેલો નિબંધ

'ભાટ'ના વિષયમાં ગડબડ રહી છે. 'ચારણ' દ્વિજેતર ગણાયા છે ત્યારે 'ભાટ'ની ગણતરી દ્વિજોમાં છે. 'ચારણ' અને 'ભાટ' બંને 'બારોટ' કહેવાય છે, પરંતુ 'ગઢવી' તો 'ચારણ' જ કહેવાય છે. યજમાનોની વંશાવલી રાખી નવા બાળકનું નામ નોંધવા આવે ત્યારે યજમાનના પૂર્વ વંશનું બયાન કરે તેથી 'વહીવંચા' કહેવાયા. એ 'ચારણ' અને 'ભાટ' બંને. આ બંને કોમોમાંથી વહીવંચા પોતપોતાના યજમાનોમાં ફરનારા હતા; હજી પણ કેટલાક વહીવંચાની ફરજ બજાવે છે. ચારણ જાતિની જ વાત કરિયે ત્યારે આપણે એમના વિષયમાં ઊંડે ઊતરવું જોઈએ. બૉમ્બે પ્રેસિડન્સી (મુંબઈ ઈલાકા)ના ગેઝેટિયર (સર્વસંગ્રહ)ના ગ્રંથ ૯, ભાગ ૧લામાં ગુજરાતની હિંદુ વસ્તી વિશે પ્રાપ્ય તેટલી ઐતિહાસિક સામાજિક આર્થિક તેમ ધંધાકીય વગેરે વિગતો આપવામાં આવી છે (સન ૧૯૦૧). આપણી પાસે થોડેઝાઝે અંશે પ્રમાણ કહી શકાય તેવી તો આ ગ્રંથમાંની હકીકત છે. આ ગ્રંથમાં અનુશ્રુતિઓ પણ આપવામાં આવી છે, પણ જેમાં અસ્વાભાવિક અને અસંભવિત ચમત્કારતત્ત્વ છે તેને આપણે પ્રમાણ તરીકે સ્વીકારી શકિયે નહિ.

સ્વ. શ્રી ઝવેરચંદ કા. મેઘાણીએ 'ચારણો અને ચારણી સાહિત્ય' એ ગ્રંથમાં ઐતિહાસિક માહિતી એકત્ર કરી છે તે પ્રમાણમાં શ્રદ્ધેય છે એમ કહી શકાય. એઓ પૌરાણિક એક વાત 'પદ્મપુરાણ'નો હવાલો આપી નોંધે છે; જેવી કે 'હિમાલયમાંથી લાવીને ચારણોને આર્યાવર્તનિવાસી બનાવનારા પૃથુરાજાનો પદ્મપુરાણમાં ઉલ્લેખ છે.' આ પૌરાણિક વિગત છે અને હિમાલય સાથેના ચારણોના શકય સંબંધની જાણકારી આપે છે. પછી એઓ જણાવે છે કે 'ને પછી તેમનું તેલંગમાંથી માલવામાં, કચ્છમાં, થરપારકટમાં, સૌરાષ્ટ્રમાં, સિંધ ગુજરાત અને રાજપુતાનામાં ગયાનું અનુમાન છે. માલવા એ રાજકીય તેમજ સાંસ્કૃતિક દૃષ્ટિએ ભારતવર્ષનું મધ્યબિન્દુ હતું એટલે વિદ્યાવિલાસી ચારણોનું તેલંગથી માલવા જવું સ્વાભાવિક હતું. પછી કચ્છદેશ તેમને પરમારોએ વસવા આપ્યો. આઠમી સદી સુધી સારું આર્યાવર્ત એનું વતન હતું. છૂટાછવાયા પથરાયા હતા. કનોજ ફરતી મોટી જાગીરો પણ ખાતા. તે અરસામાં સિંધના શાસક હમીરસુમરાની મેલી નજર મામડ (મામડિયા) નામના ચારણની ઉબ્બટ (આવડ) નામે પુત્રી પર પડી. રાષ્ટ્રવ્યાપી ચારણકુળો ખળભળ્યાં અને સિંધ તરફ આવ્યાં. સમસ્ત ચારણકુળમાં માન્યતા પ્રવર્તી કે મામડની દીકરી ઉબ્બટ (આવડ) તો અમારી ઈષ્ટદેવી મા હીંગળાજનો અવતાર છે!...મામડ ચારણને સુમરા રાજાએ કેદ કર્યો, પણ એની સાતે દીકરીઓ ઉબ્બટ ભેળી ભાગી છૂટી. સૌથી નાની ખોડીઆર ભાવનગર પાસે જઈ બેઠી. બીજી છયે રાજપુતાના ગઈ...સોરઠ 'ચારણ રોપિયરે કહેતાં આદિસ્થાન ખરૂં, પણ વડેરૂં વસતી–સ્થાન રાજપુતાના; જેમાં ક્ષાત્રવીરોનાં કેસરીઆંએ અને ક્ષત્રિયાણીઓનાં જોહરોએ ચારણકુળને સાક્ષી, સહદુઃખી અને શૌર્યગાયક બનાવી રાખ્યું. (પૃ. ૨૦–૨૧)'

શ્રી મેઘાણીએ આપેલી માહિતી પણ પ્રતીતિજનક તો નથી જ લાગતી. એનાથી એટલું જ સમઝાય છે કે ચારણો મુખ્યત્વે ભારતવર્ષનાં રાજપૂત રજવાડાંઓમાં પથરાયેલા હતા. રાજસ્થાનમાં અને ગુજરાતમાં આવાં રજવાડાંઓની સંખ્યા સારા પ્રમાણમાં હોવાને કારણે સૌરાષ્ટ્ર અને કચ્છમાં ચારણોની વસ્તી, એમાં પણ સૌરાષ્ટ્રમાં સવિશેષ વધુ હતી અને હજી પણ છે.

ગેઝેટિયરના જણાવ્યા પ્રમાણે ગુજરાતના ચારણો ચાર ફિરકાઓમાં વહેંચાયેલા છે: ૧. ગુજ્જર ચારણો તળ ગુજરાતના, ૨. કછેલા કે કચ્છી ચારણો કે જે 'પરજિયા' પણ કહેવાય છે, ૩. મારુ કે મારવાડી ચારણો મારવાડના, અને ૪. તુમર (શ્રી મેઘાણીએ 'તુંબેલ' કહેલા છે તે) ચારણો ઘણું કરી સિંધમાંથી આવેલા. ગુજ્જરો મારુચારણોને મળતા આવે છે; હકીકતે મારુચારણો મૂળમાં ગુજ્જર જ હતા. ગુજરાતના ચારણોમાં કછેલા ચારણોનો સમૂહ પ્રમાણમાં મોટો છે. એ મતે કચ્છ ઉપરાંત સૌરાષ્ટ્રમાં સર્વત્ર જોવા મળે છે અને ઉત્તર તેમ મધ્ય ગુજરાતમાં એમનું સંખ્યાબળ સારું છે. કછેલાના ફરી ત્રણ ફિરકા છે: ૧. ચાણુવા ૭૨ શાખના, ૨. ચોરાડા પર શાખના અને ૩. નરા ૬૬ શાખના. કછેલાઓને કાઠી રજવાડાંઓએ આશ્રય આપ્યો એટલે એ એમના સંપર્કમાં મુખ્યત્વે રહ્યા. સૌરાષ્ટ્રના આહીરો પણ એમના યજમાન, જેમને કછેલા 'મામા' કહે છે. કછેલા સૌરાષ્ટ્રના પૂર્વભાગમાં હતા ત્યાંથી સોએક વર્ષ ઉપર પંચમહાલ જિલ્લામાં પાવાગઢના પૂર્વ અને ઉત્તર પ્રદેશમાં હાલોલ તરફ જઈ વસ્યા. 'તુમેરો'ને કેટલીકવાર 'કછેલા' સાથે ગણી લેવામાં આવતા, પણ બંને તદ્દન અલગ ફિરકા છે અને આંતરલગ્નો તેમ પરસ્પરનો ભોજન–વહેવાર એમનો થતો નથી. મારુ કે માલવાના ચારણોની ૩૦ મુખ્ય શાખા છે, જેમાંથી ૩૦૦ જેટલી પેટાશાખા છે. વીસા મારુ ચાણુ 'એસિયા સંજ્ઞાથી જાણીતા છે અને એની ૪૦ શાખા છે. બીજી શાખાઓ તે ૨. બઢવા ૧૯ શાખાના, ૩. બરતકો ભડિયા ૧૨ શાખાના, ૪. બતી ૧૩ શાખાના, ૫. બુધેલા ૪ શાખાના, ૬. દઢાણિયા ૧૧ શાખાના, ૭. દઢવાડિયા ૧૯ શાખાના, ૮. ગેલવા, ૬ શાખાના, ૯. હાડા ૧૦ શાખાના, ૧૦. જૂલા ૩૧ શાખાના ૧૧. ખડિયા ૩૬ શાખાના, ૧૨. ખરૈલ ૨ શાખાના, ૧૩. મા ૨ શાખાના, ૧૪. મહિયરિયા ૧૧ શાખાના, ૧૫. નાધુ ૨૯ શાખાના, ૧૬. રતનુ ૧ શાખા, ૧૭. સંધાયચ ૧૬ શાખાના, ૧૮. શિયાળ ૯ શાખાના, ૧૯. સોડા ૩૩ શાખાના અને ૨૦ વિજાલ ૧ શાખા. મુખ્ય એકજ શાખાના મારુઓ અંદરઅંદર (એક પિતૃકુળ હોવાથી) લગ્ન કરતા નથી, બીજી બીજી શાખાના મારુઓ સાથે લગ્ન થાય છે. મારુઓનો ગુજ્જર કછેલા કે તુમેર ચારણો સાથે પણ લગ્નવ્યવહાર નથી.

ચારણો અફીણનો કસૂંબો અને હોકા પીવાના બંધાણી હતા અને ગામડાંઓમાં હજી પણ એ પ્રણાલી સર્વથા નાશ પામી નથી. પોશાકની દૃષ્ટિએ જોઈયે તો ગામડાંમાં પુરુષો ચોરણા (ઘૂંટી પાસે ડોરણાંવાળા), આંગડી અને આહીરના પ્રકારની ડફાલું પાઘડી પહેરે અને સ્ત્રીઓ ઘેરા કિરમજી રંગનાં પહેરણાં (ઘાઘરાની જગ્યાએ), ગળાથી ડૂંટી ઢંકાઈ જાય તેવાં કાપડાં (જેમાં પીઠ ખુલ્લી રહે, માત્ર કસો બંધાયેલી હોય) અને માથે એવા જ રંગની અથવા કાળી ઊની ઓઢણી. એ વિશિષ્ટતા કે ચારણ સ્ત્રીઓને બધા લોક 'આઈ' કહી સંબોધે. એટલું સમાજમાં એમનું માન. સૌરાષ્ટ્રમાં 'આઈ'નો અર્થ મરાઠીભાષા જેમ 'મા' નથી, પણ પિતાની પણ 'દાદી' માટે રૂઢ છે. ચારણિયાણી બધી કોમોની પૂજ્ય ગણાતી હતી.

ચારણો વહીવંચા અને વાર્તાકાર રહ્યા તેઓ પ્રમાણમાં આળસુ ખરા, પણ ખેતીના ઉદ્યોગમાં પડેલા બીજી ખેતી કરનારી જાતોની જેમ ઉદ્યોગી રહ્યા છે. કછેલા પશુપાલન પણ

કરતા હતા તેમ પશુઓનો વેપાર પણ કરતા હતા. ચારણોની એ વિશેષતા રહી હતી કે જ્યારે એના આશ્રયદાતા રાજવી કે યજમાન સાથે મતભેદ થાય અને સામો માણસ એમની હક્કની ઈચ્છા પૂરી ન કરે તો ત્રાગે બેસે અને આત્મહત્યા પણ કરી નાખે, એટલે યજમાનો ચારણને નાખુશ કરવાનો પ્રયત્ન કદી ન કરતા. ચારણનો દીકરો ઇતિહાસના પાને કદી પારકી સ્ત્રી પર હાથ નાખનારો કે એની લાજ લેનારો જાણવામાં આવ્યો નથી. તેથી જ રાજકુમારીઓને અને બીજા યજમાનોની દીકરીઓને સાસરેથી તેડી લાવવાનું તેમ મૂકી આવવાનું કાર્ય પણ બ્રાહ્મણ ગોરોની જેમ કરતા હતા. લુટારા પણ ચારણને કે ચારણનાં રક્ષિતોને કદી લૂંટતા નહિ, એવું એ જ્ઞાતિનું લોકમાં માન હતું. એ કારણે પ્રવાસોમાં રક્ષક તરીકે લોકો ચારણોને સાથે રાખતા હતા. રાજપૂતો પોતાની સંપત્તિનું રક્ષણ કરવાનું ચારણોને સોંપતા અને નાણાંનો વહીવટ પણ એમની સાથે કરતા, કારણ કે ચારણ કદી બેઈમાન થતો નહિ. એઓ રજવાડાંઓના પરસ્પરના ઝઘડાઓમાં 'જામીન' પણ થતા. અપમાન સહન કરવાને બદલે ચારણનો દીકરો મૃત્યુને આદરપૂર્વક વરતો હતો. ચારણના શાપનો તેમ આશીર્વાદનો પ્રતાપ ગણવામાં આવતો હતો એ એમની સચ્ચાઈ અને પવિત્ર આચરણને કારણે.

ચારણ નિરપવાદ રીતે ધાર્મિક વૃત્તિની જ્ઞાતિ છે. સામાન્ય રીતે શિવજી તરફ આસ્થા રાખે છે અને દુર્ગામાતાનાં વિવિધ પ્રકારનાં સ્વરૂપોની ભક્તિ–ઉપાસના કરે છે. કેટલાક ચારણ મોટ પંથના રામદેવપીરને માને છે, તો કબીરપંથી રામાનુજીય અને સ્વામિનારાયણ પંથના પણ છે, વિષ્ણુના વિવિધ અવતારોને પણ માને છે. ચારણો ચુસ્ત હિંદુ છે અને હિંદુઓનાં વ્રતો–ઉપવાસો–ઉત્સવોનો પૂરો સમાદર કરે છે. નવરાત્રના નવ દિવસના ઉપવાસ–દેવીઆરાધન વગેરેનો આગ્રહ રાખે છે. જ્યાં જ્યાં રહેતા હોય તે પ્રમાણે એમના ગોર ઔદીચ્ય મેવાડા પરજિયા રાજગોર અને શ્રીગૌડ બ્રાહ્મણ હોય છે. બધી ધાર્મિક ક્રિયાઓ આ ગોર દ્વારા કરાવે છે. દેવીભક્ત ચારણો કપાળમાં કંકુની આડ કરે છે. એમના સૌના રીતરિવાજો વગેરે હિંદુઓના છે અને હિંદુ કહેવડાવવામાં ગૌરવ અનુભવે છે. પોતાને 'દેવીપુત્ર' કહેવડાવી એ ગૌરવને ઓર ઉજમાળે છે. મહીકાંઠા કચ્છ અને પંચમહાલને અપવાદે ચારણોમાં પુનર્લગ્ન કરવાની છૂટ રખાઈ છે, પણ એ દિયરવટામાં જ સીમિત છે. હવે છૂટાછેડાનો રિવાજ અમલમાં આવ્યો છે, પણ આ ભાગ્યે જ કહી શકાય.

રજવાડાં જતાં હવે ભાટ તેમજ ચારણો એમના પારંપરિક ધંધાની દૃષ્ટિએ ઓસરતા ચાલ્યા છે. જેઓ ખેડૂતો છે કે ધંધામાં પડ્યા છે તેઓ પ્રમાણમાં સુખી છે. નવા યુગમાં કેળવણીના ક્ષેત્રે પણ વિકાસ સાધતા આવે છે. એમ છતાં કેળવાયેલા કોમાદ યુવકો દાયરા કરવા અને લોકસાહિત્યની લોકો સમક્ષ એમની વિશિષ્ટ પારંપરિક રીતે રજૂઆત કરવી, આ કામ ગૌરવપૂર્વક કરે છે અને લોકોનો સારો આદર પામે છે.

સૌરાષ્ટ્રે નામીચારણો આ યુગમાં આપ્યા છે તેઓમાં સ્વ. મેઘાણંદ બારોટ, એમના પુત્ર મેરૂભા, સ્વ દુલાકાગ, પિંગળશી પાતાભાઈ વગેરે ગણ્ય કોટિના છે. વર્તમાનમાં પણ પિંગળશીભાઈ મેઘાણંદ તેમ ભુજ-કચ્છના શ્રી શંભુદાનજી જેવા પૂર્વજોની પરિપાટીને સાચવી રહ્યા છે.

ગુજરાત–સૌરાષ્ટ્ર–કચ્છની બધી જ હિંદુ જાતિઓના વહીવંચા તરીકે ભાટ (અત્યારે 'બ્રહ્મભટ્ટ' કહેવાય છે તે) અને ચારણો છે. એમની પાસે તીર્થના ગોરો રાખે છે તે રીતે યજમાનોની વંશાવળીઓના ચોપડા છે. આ ચોપડાઓમાં તે તે વંશના વિશિષ્ટ પુરુષોને લગતી વિગતો પણ સદીઓથી નોંધાયેલી પડી છે. ગુજરાત–સૌરાષ્ટ્ર–કચ્છનો રાજકીય તેમજ સામાજિક ઇતિહાસ સિદ્ધ કરવામાં આ ચોપડા સારું કામ આપે એમ છે, પણ સંશોધન થયું નથી. વળી શ્રી મેઘાણીએ ચારણીકાવ્યની વિષયસામગ્રી તરીકે ૧૩ જેટલા વિષયો ઉપરની ચારણોની સાહિત્યિક સેવાની નોંધ કરી છે તેમાં વીરો–સંતો–આશ્રયદાતાઓની બિરદાવળીઓ, યુદ્ધનાં વર્ણન, ચલાયમાન બહાદુરોને તેમજ કુકર્મી ચમરબંધીઓને ઉપાલંભો, વીરત્વદ્રોહીઓની ઠેકડી, પ્રેમના વાર્તાપ્રબંધો, મરેલા વીરો–આશ્રયદાતાઓ–મિત્રોના મરશિયા અને દુષ્કાળ વગેરે લોકાપત્તિઓના સંતાપ વગેરે વ્યક્ત કરતાં કાવ્ય લખ્યાં છે તેઓનો મોટો ભાગ ચોપડીઓમાં દટાયેલો પડ્યો છે, જેનો ઇતિહાસ લેખે હજી ઉપયોગ થયો નથી.

આ પૂર્વે બૉમ્બે ગેઝેટિયરને ધ્યાનમાં રાખી ચારણોના વિવિધ ફિરકાઓ વિશે ખ્યાલ આપ્યો છે. મારા સ્વ. મિત્ર શ્રી. ઝવેરચંદ કા. મેઘાણીએ 'ચારણો અને ચારણી સાહિત્ય'ના બીજા પરિશિષ્ટમાં ચારણોની શાખાઓ વિશે વિચાર આપ્યો છે (પૃ. ૧૭૭–૧૮૩) ત્યાં જુદા પ્રકારનું નિરૂપણ મળે છે. એઓ ચારણોની ૨૩ શાખા કહે છે; જેવી કે ૧. નરા, ૨. સુંવા, ૩. ચોરાડા, ૪. અવસુરા, ૫. બાટી, ૬. મારુ, ૭. તુંબેલ, ૮. વાચા, ૯. ઠાકરિયા, ૧૦. મીસણ, ૧૧. નૈવા, ૧૨. ગાંધણીયા, ૧૩. ભાંચળિયા, ૧૪. રોડિયા, ૧૫. ટાપરિયા, ૧૬. શિયાળ, ૧૭. જાખલા, ૧૮. મહેડુ, ૧૯. રત્નુ, ૨૦. ફનડા, ૨૧. લીલા, ૨૨. આસણિયા અને ૨૩. માદા. શ્રી મેઘાણી કહે છે કે 'એ ત્રેવીસ શાખોમાં કોઈ કોઈ શાખની પેટાશાખ તદ્દન થોડી છે, જ્યારે કોઈ કોઈની તો ૭૨, ૬૮ તથા ૭૦ જેટલી છે. આમ ચારણોની કુલ શાખોનો આંકડો લગભગ ૬૨૫ થી ૬૩૦ સુધી છે. ચારણોની અંદર મારુ અથવા ગૂજરા, સોરઠીઆ, પરજીઆ વગેરે ભેદો ખરા નથી. એ ભેદો પ્રદેશફેર રહેઠાણ, આચાર–વિચારની ભિન્નતા વગેરેને લીધે થયા છે. એક જ શાખના ચારણ મારુ, સોરઠીઆ, પરજીઆ તથા તતુંબેલમાં મળે છે. (પૃ. ૧૭૭)'

એઓ વધુમાં જણાવે છે કે 'ઈ. સ.ના આઠમા અથવા નવમા સૈકા સુધીમાં મારુ, પરજીઆ, સોરઠીઆ વગેરે ભેદો નહતા એમ જણાય છે. જો કે સુશિક્ષિત તથા અશિક્ષિતો વચ્ચેના ભેદો શરૂ થઈ ચૂકેલા. (પૃ. ૧૭૭–૭૮)'

શ્રી. મેઘાણી કાછેલા યાને પરજિયામાંના જે કચ્છમાંથી સોરઠમાં આવ્યા તે 'સોરઠિયા' કહેવાયા અને એની સંખ્યા થોડી હતી અને થોડી જ રહી હોવાનું કહે છે. એમના જણાવ્યા પ્રમાણે કચ્છમાંથી તેમજ સૌરાષ્ટ્રમાંથી ઘણી શાખાના ચારણ ઈ. સ.ના ૭મા સૈકાથી લઈ ૧૨મા સૈકા સુધીમાં રાજસ્થાન અને સિંધ તરફ પણ ગયા હતા. સિંધમાંના ચારણોનો મોટો ભાગ તુંબેલ શાખાનો હતો. એમાંના સિંધમાંથી જાડેજાઓ સાથે કચ્છ અને સૌરાષ્ટ્રમાં આવ્યા તેમણે એમના સિંધી રીતરિવાજોને લાંબા સમય સુધી જાળવી રાખ્યા છે.

રાજસ્થાનમાં ગયેલાઓની સાથે ઉત્તર ભારતમાં જૂના સમયથી રહી ગયેલા ચારણોનું મિલન થયું અને એમાંથી 'મારુ' ચારણ અસ્તિત્વમાં આવ્યા. ઈ. સ.ના ૧૪૦૦ આસપાસના સમયથી એ મારુ ચારણોમાંથી કેટલાક સૌરાષ્ટ્ર તળ ગુજરાત અને કચ્છમાં તેમ થરપારકરમાં પણ આવી વસ્યા હતા, જેમણે પોતાના રીતરિવાજોને સાચવી રાખ્યાનું શ્રી. મેઘાણી જણાવે છે.

શ્રી મેઘાણીએ 'નેસાઈ અને અગરવછા' ચારણ નોંધ્યા છે, જેઓ પશુપાલનનો જ ધંધો કરે છે અને એક સ્થળે સ્થિર થઈને રહેતા નથી. ખાસ કરીને બરડાના પ્રદેશમાં અને ઓખામંડળમાં એ જોવા મળે છે એમના રીતરિવાજ પહેરવેશ ખાનપાનમાં પણ જુદાપણું જોવામાં આવ્યું છે.

ચારણોના પ્રકાર તેમ શાખાઓનો વિષય ખૂબ જ ઝીણવટ માગી લે છે અને સમાજ-શાસ્ત્રના વિદ્વાને એ હાથ ધરવા જેવો છે.

---

# 'બૃહત્સંહિતા'માં શકુનનિરૂપણ

ભૂપેન્દ્ર એન. ધોળકિયા

પૃથ્વી પર અવતાર પામેલી પ્રત્યેક વ્યક્તિ અદ્‌ભુત શક્તિઓ ધરાવે છે; પરંતુ મનુષ્યેતર સૃષ્ટિમાં પણ એટલી જ શક્તિનો સંચય હોય છે. કૂતરાની ઘ્રાણેન્દ્રિય સતેજ હોવાથી એક જ વાર અનુભવેલા પદાર્થને ઘણા લાંબા સમય બાદ પણ ઓળખી શકે છે. કબૂતર સેંકડો માઈલ દૂરથી પોતાના રહેઠાણને શોધી શકે છે. સાપ જમીનમાં પણ ઊંડે સુધી જોઈ શકે છે. બાજ તથા સમડી જેવાં પક્ષી ત્રણચાર માઈલની ઊંચાઈએથી પણ કાબર ચકલી જેવાં નાનાં પક્ષીને જોઈ શકે છે. તેથી જ ગામડામાં એવી માન્યતા છે કે ઘોડો, ગાય, કૂતરાં વગેરે પશુઓ ભૂતપ્રેતની અગમ્ય સૃષ્ટિને જોઈ શકે છે અને તે આપણને સૂચવે છે કે અમોએ આ જોયું છે. આપણે જો તેઓની ભાષા જાણતા હોત તો એવી ઘણી વસ્તુઓ છે કે જેનો આપણને સ્વપ્ને પણ ખ્યાલ નથી તે જાણી શક્યા હોત!

અર્વાચીન વિજ્ઞાન પણ એ વાતનો સ્વીકાર કરે છે કે પશુઓ તથા પક્ષીઓ આ વિશ્વને માનવી કરતાં જુદી જ દૃષ્ટિએ જોઈ શકે છે. તેથી આ વિષયમાં વૈજ્ઞાનિક સંશોધન હજુ ચાલુ જ છે.

અવકાશી પદાર્થોની વિવિધ સ્થિતિને કારણે પૃથ્વીના પ્રાણીજીવન ઉપર થતી અસરોનો અભ્યાસ જ્યોતિષશાસ્ત્ર તરીકે ઓળખાય છે તેવી જ રીતે ઈશ્વરે પશુપક્ષીમાં મૂકેલી અદ્‌ભુત શક્તિને સમજી, તેઓની ભાષા તેમ જ હલનચલનનો સૂક્ષ્મ અભ્યાસ કરી તેની સૂચનાને ઉપયોગમાં લેવી તે જ સાચું શકુનશાસ્ત્ર છે.

શકુનશાસ્ત્રને ગામડાના લોકો શુકન જોવાની વિદ્યા તરીકે ઓળખે છે. તેઓ માને છે કે ચોર લોકો આ વિદ્યામાં પારંગત હોય છે. આજે પણ ગામડામાં ફરનારા જ્યોતિષીઓ કે જેઓ કાગરાશિયા તરીકે ઓળખાય છે તે લોકો આ વિદ્યાના જાણકાર હોય છે. કાગરાશિની વિદ્યા જાણનાર માણસ પશુપક્ષીઓની ભાષા જાણી શકતો હોવાથી ભૂત, વર્તમાન અને ભવિષ્ય–કાળની ખૂબ જ આશ્ચર્યકારક આગાહીઓ કરી શકે છે.

વર્ષોથી અમદાવાદ તથા સુરેન્દ્રનગર જિલ્લાના ખેડૂતોના સીધા સંપર્કને લીધે તેમ જ શિલ્પશાસ્ત્ર અને મૂર્તિવિધાન અંગેના અભ્યાસ તથા સંશોધન માટે ગામડાઓમાં વારંવાર જવાના પરિણામે આવા કાગરાશિયાઓ સાથે અનેક મુલાકાતો થાય છે. તેના મૂળ સિદ્ધાંતોને સમજવાની દિશા ખૂલે છે.

આજે તો આ વિદ્યા સાવ ભૂસાતી જાય છે અને કેટલાક ખોટા વહેમો તરફ ઘસડાઈ ગઈ છે. પરિણામે શહેરના સુધરેલા લોકો આ શકુનશાસ્ત્રને વહેમ અને ગપોડાશાસ્ત્ર સમજે છે જ્યારે ગામડાના લોકો આ શકુનશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંતો ભૂલી ગયા હોવાથી માત્ર ચોરલોકો માટેનું કે કાગરાશિયાનું શાસ્ત્ર સમજે છે. ખરેખર તો બંને વર્ગના લોકોની માન્યતા ભૂલભરેલી છે.

પ્રત્યેક પશુ–પક્ષીને પોતાની આગવી ભાષા હોય છે. પ્રાચીન કાળમાં આપણા ઋષિ-મુનિઓ પશુ–પક્ષીઓની ભાષાનો અભ્યાસ કરતા હતા. પરિણામે પશુપક્ષીની દિવ્ય દૃષ્ટિનો ઉપયોગ વિશ્વકલ્યાણના હેતુ માટે કરી શકતા હતા. પ્રાચીન શકુનશાસ્ત્રીઓ ખરેખર તો પશુ-પક્ષીની ભાષા તેમ જ તેમનામાં છૂપાયેલી દિવ્ય શક્તિના વિજ્ઞાનનો જ અભ્યાસ કરતા હતા. કાળાન્તરે એ જાતનો વૈજ્ઞાનિક અભ્યાસ બંધ થવા લાગ્યો અને તેની ફલશ્રુતિરૂપે આજે આપણે સાચા શકુનશાસ્ત્રને બદલે કેવળ વહેમને પોષી રહેલા શુકન–અપશુકનમાં માનતા થઈ ગયા છીએ. શકુનશાસ્ત્રમાં માનનાર તથા નહિ માનનાર લોકોએ તેના મૂળભૂત સિદ્ધાંતોને સમજવા જોઈએ.

આચાર્ય વરાહમિહિરે પોતાની બૃહત્સંહિતાના ૮૬મા અધ્યાયમાં શકુનશાસ્ત્રની વિશદ ચર્ચા ૮૦ શ્લોકો આપીને કરી છે. તેણે તે અધ્યાયનું નામ 'શાકુનાધ્યાય' રાખ્યું છે, જેની વિશદ ચર્ચા અત્રે પ્રસ્તુત છે.

વરાહમિહિર જેવા વિદ્વાન જ્યોતિષાચાર્યએ આપેલી શકુનશાસ્ત્ર વિષેની અમૂલ્ય માહિતી આજના દરેક જ્યોતિષીઓ માટે વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવાની સગવડ કરી આપે છે.

શકુનશાસ્ત્ર ખૂબ જ ઉપયોગી શાસ્ત્ર છે. તેના અભ્યાસ માટે પશુ–પક્ષીઓની ભાષા જાણવી આવશ્યક છે. તેમના જીવનનો અભ્યાસ કરીને તેમનામાં છૂપાયેલી દિવ્ય શક્તિનો ઉપયોગ માનવજાતના સુખ માટે કરવો જોઈએ. આજના જ્યોતિષરસિકો આ શાસ્ત્રને સમજવા પ્રયત્ન કરશે તો જરૂર આ શાસ્ત્રનો પુનરુદ્ધાર થશે અને પદ્ધતિસરનું વિજ્ઞાન બનશે.

આચાર્ય વરાહમિહિર માને છે કે આપણે જે કર્મો કરીએ છીએ તેનું કર્મ મુજબ સારું-નરસું ફળ મળે છે. તે કાર્ય કરતી વખતે અમુક પશુઓ કે પક્ષીઓ પોતાની દિવ્ય દૃષ્ટિ દ્વારા આપણને સૂચન કરે છે કે "તમે જે કામ કરવા તૈયાર થયા છો તેનું ફળ તમને આ મુજબ મળશે." પશુપક્ષી આપણને માણસની ભાષામાં કહી શકતાં નથી; પરંતુ પોતાની ભાષામાં ચેષ્ટા કરીને જણાવે છે. ચેષ્ટા એટલે ઈશારા દ્વારા થતી સૂચના. શકુનશાસ્ત્રમાં કહ્યું છે કે આપણે પશુ–પક્ષીના વિવિધ અવાજોને ઓળખતાં શીખવું જોઈએ. તેઓ જુદી જુદી માનસિક સ્થિતિમાં જુદા જુદા અવાજો કાઢતાં હોય છે, જે મુખ્યત્વે નીચે મુજબ છે.

(૧) મસ્તી–આનંદમાં કલરવ. (૨) ભયને લીધે પેદા થતો અવાજ. (૩) ખોરાક મેળવવાનો પ્રયત્ન કરતી વખતે થતો અવાજ. (૪) દર્દની પીડાનો અવાજ. (૫) ગુસ્સામાં નીકળતો અવાજ. (૬) પ્રેમપ્રસંગમાં હોય તે સમયનો અવાજ. (૭) યુદ્ધ કરતાં હોય તે સમયનો અવાજ.

ઉપરોક્ત અવાજ શકુનશાસ્ત્રની દૃષ્ટિએ આપણને સૂચના આપવા માટે થતા હોય તો ખૂબ જ ઉપયોગી છે; પરંતુ અંદરોઅંદર થતા અવાજને નિરર્થક જાણવા. કારણ કે શકુન-શાસ્ત્રમાં કહ્યું છે કે જે પશુ અગર પક્ષી કેવળ આપણને સૂચના આપવાની દૃષ્ટિએ બોલતું હોય અથવા તો ચેષ્ટા વગેરે કરતું હોય તે જ અવાજ કે ચેષ્ટાને શકુન (શુકન) માનવા જોઈએ.

પ્રત્યેક પશુ-પક્ષી પોતાની ભાષામાં વિવિધ ઉચ્ચારો કરી શકે છે. શકુનશાસ્ત્રના સાચા અભ્યાસ માટે આપણે તે અવાજ ઓળખવા જોઈએ.

જ્યોતિષશાસ્ત્ર (Astrology)નો મુખ્ય આધાર અવકાશી પદાર્થો (ગ્રહો, નક્ષત્રો વગેરે) છે તેવી જ રીતે શકુનશાસ્ત્રનો મુખ્ય આધાર પશુઓ તથા પક્ષીઓ છે. શકુનશાસ્ત્ર એ ભારતીય જ્યોતિષશાસ્ત્રનું જ એક અંગ છે અને તે કર્મના સિદ્ધાંત ઉપર રચાયેલું છે.

શકુનશાસ્ત્રના અભ્યાસ માટે પશુ–પક્ષીઓની જીવનચર્યા તેમ જ રહેઠાણ જાણવાં જરૂરી છે. કયાં પશુ–પક્ષીઓની જીવનચર્યા રાત્રિએ, કોની દિવસે તથા કોની જીવનચર્યા રાત્રિ તેમ જ દિવસે એમ બંને સમયે હોય છે તેનું જ્ઞાન હોવું જરૂરી છે. વળી ગામમાં રહેનારાં, વનમાં રહેનારાં, પાણી ઉપર તેમ જ પાણી નજીક રહેનારાં, આકાશમાં ઉડનારાં વગેરે પ્રકારનાં પશુ–પક્ષીઓથી માહિતગાર થવું જોઈએ.

વરાહમિહિર માને છે કે પોતપોતાના રહેઠાણમાં રહેનારાં તથા પોતપોતાના સમયમાં જીવનનિર્વાહ ચલાવનારાં પશુ–પક્ષીઓ જ પોતાના સ્થાન તેમ જ સમયમાં સાચી સૂચના આપી શકે છે. ગામમાં રહેનારાં ગામ સંબંધી પ્રશ્નોની જ સાચી સૂચના આપી શકે. જંગલ સંબંધી જ્ઞાનથી અજાણ હોવાથી તેમનાં શકુન (સૂચના) જંગલસંબંધિત કાર્યોમાં લઈ શકાય નહિ. તે જ રીતે રાત્રીએ કોઈ કામે નીકળ્યાં હોઈએ તો તે સમયે (રાત્રીએ) જોનારું ઘુવડ જ સાચી સૂચના આપી શકે, કારણ કે તેને રાત્રીજીવનનો અનુભવ છે; પરંતુ દિવસે ઘુવડની સૂચના વ્યર્થ સમજવી.

ઘુવડ, શિયાળ, લોંકડી, વગેરે રાત્રીએ જીવનવ્યવહાર કરતાં હોવાથી તેમના શકુન રાત્રીએ અગત્યના છે.

ચકલી, મોર, પોપટ, બાજ, ગીધ, કૂકડો, કાગડા, હોલા, ગધેડાં, વાંદરાં વગેરેનો જીવનવ્યવહાર દિવસે થતો હોવાથી તેમના શકુનની મહત્તા દિવસે રહેલી છે.

જ્યારે માણસ, ઊંટ, ઘોડો, સિંહ, ચિત્તો, કૂતરો, બિલાડી, બકરી, ગાય, બળદ, વાઘ, હરણ, ભૂંડ, હંસ, સાપ, શાહુડી વગેરેના શકુન દિવસે તથા રાત્રીએ એમ બંને સમયે અગત્યના છે.

વરાહમિહિર માને છે કે શાંત કાર્યો માટેની સૂચના શાંત પ્રાણીઓ જ આપી શકે જ્યારે ક્રૂર કાર્યો માટેની સૂચના ક્રૂર સ્વભાવનાં પ્રાણીઓ જ આપી શકે છે. તેથી કયાં પ્રાણીઓ શાંત તથા કયાં ક્રૂર સ્વભાવનાં હોય છે તે પણ જાણી લેવું જોઈએ. સામાન્ય નિયમ છે કે ઘાસ તથા ફળફળાદિનો આહાર લેનાર શાંત સ્વભાવનાં હોય છે, જ્યારે વિષ્ટા, માંસ વગેરે ભક્ષણ કરનાર પ્રાણીઓ ક્રૂર સ્વભાવનાં હોય છે.

વરાહમિહિર એમ પણ જણાવે છે કે સૂચના આપનાર પશુપક્ષી નર, નારી કે નપુંસકમાંથી કઈ જાતિનું છે તેનો ખાસ વિચાર કરવો જોઈએ. વિવાહ–વેવિશાળના કામે નીકળ્યા હોઈએ

ત્યારે સૂચના આપનાર પશુ કે પક્ષી નપુંસક હોય તો સૂચના વ્યર્થ જાણવી કારણ કે તે બિચારાને સંસાર શું ચીજ છે તેનો કોઈ અનુભવ હોતો નથી. પશુઓમાં તો નરનારીના ભેદ સૌ પારખી શકે છે; પરંતુ પક્ષીઓની જાતિ નક્કી કરવા માટે વરાહમિહિર જણાવે છે કે જેની ગરદન ભરાવદાર, અવાજ ભારે તથા સાહસિક વૃત્તિ હોય તે નર તથા કોમળ શરીર, શાંત અને તીણો સ્વર હોય તો નારી જાતિ સમજવી. જેનામાં નરનારીનાં લક્ષણોનું મિશ્રણ જણાય તેને નપુંસક પક્ષી જાણવું.

આમ શકુનનિરૂપણમાં પ્રાણીઓનાં રહેઠાણ, જાતિ, જીવનનિર્વાહનો સમય, સ્થળ, સ્વભાવ વગેરેનો ખાસ વિચાર કરાયો છે.

કયારેક પશુપક્ષીઓ જાતીયવૃત્તિને લીધે અવાજ અને ચેષ્ટા કરતાં હોય છે. આવા અવાજ કે ચેષ્ટાને નિરર્થક માનવાં જોઈએ. આવા અવાજ શૃંગારરસથી ભરપૂર હોય છે. શકુનશાસ્ત્રમાં તો સૂચના અપાવાની દૃષ્ટિવાળા અવાજનું જ મહત્ત્વ છે. દરેક પ્રાણીઓનો કામેચ્છાકાળ જુદો જુદો હોય છે જે આ મુજબ છે.

| ઋતુ | દેશીમાસ | પશુ કે પક્ષી |
|---|---|---|
| હેમંત | કારતક<br>માગશર | વાંદરા, વાઘ, રીંછ, ચિત્તા, વરૂ વગેરે હિંસક પ્રાણીઓ. |
| શિશિર | પોષ<br>મહા | ઘોડા, બકરાં, હરણ. |
| વસંત | ફાગણ<br>ચૈત્ર | કોયલ, કાગડા જેવાં પક્ષીઓ |
| ગ્રીષ્મ | વૈશાખ<br>જેઠ | ઊંટ, ગધેડાં |
| વર્ષા | અષાઢ<br>શ્રાવણ | ભૂંડ, ભેંસ, હાથી, ચાતક, પપૈયા વગેરે |
| શરદ | ભાદરવો<br>આસો | કૂતરા, ગાય, બગલાં તથા જળ ઉપર રહેનારાં પક્ષીઓ. |

આમ શકુનશાસ્ત્રમાં ઘણી બધી બાબતો ઉપર વિચાર કરીને આચાર્ય વરાહમિહિરે તેને વૈજ્ઞાનિક શાસ્ત્ર બનાવ્યું છે.

શકુનશાસ્ત્ર પણ ખગોળ જેવું પ્રત્યક્ષ વિજ્ઞાન છે. ખગોળના અભ્યાસ માટે રાશિ, નક્ષત્ર, ગ્રહો ઈત્યાદિની ઓળખ જરૂરી છે તેમ શકુનશાસ્ત્રના અભ્યાસ માટે પશુપક્ષીઓનો અભ્યાસ

આવશ્યક છે. તેથી પ્રત્યક્ષજ્ઞાન વગડા સાથે સંબંધ ધરાવતી રબારી, ભરવાડ, ભીલ, વગેરે જાતિઓ પાસેથી મેળવવું જોઈએ. પક્ષીઓના અભ્યાસ માટે ગુજરાતમાં ખાસ કરીને નળસરોવર બહુ અગત્યનું સ્થળ છે.

અત્રે એ યાદ રાખવું જરૂરી છે કે આપણા પ્રાચીન ગ્રંથોમાં પશુ કે પક્ષીઓને મનુષ્ય સાથે વાતચીત કરતાં દર્શાવ્યાં છે. તે મનુષ્યને સૂચના આપવાના અર્થમાં છે અને તે બધી વાતો શકુનશાસ્ત્રની મહત્તા દર્શાવે છે.

શકુનશાસ્ત્રમાં જણાવ્યું છે કે પ્રાણીઓ આપણને દશ રીતે સૂચનાઓ આપે છે.

(૧) હલનચલન દ્વારા, (૨) અવાજ દ્વારા, (૩) કોઈ ચીજવસ્તુનો આશરો લઈને, (૪) ગતિ દ્વારા, (૫) અમુક દિશા તરફ બેસીને, (૬) આંખોમાં ભાવ લાવીને, (૭) સૂર્યની દિશા દ્વારા, (૮) પ્રહર યાને સમય દ્વારા, (૯) તિથિ કે ક્ષણ દ્વારા, (૧૦) નક્ષત્ર કે ગ્રહો દ્વારા.

## (૧) હલનચલન (ચેષ્ટા)

અમુક વખતે પશુ કે પક્ષી અવાજ કરવાને બદલે ચેષ્ટા દ્વારા સૂચના આપતું હોય છે. દા. ત. યાત્રાપ્રવાસે જતી વખતે કૂતરું મુસાફરના પગ સૂંઘે તો પ્રવાસમાં ધનલાભ થાય છે. કૂતરું મકાનની ભીંત ખોદે તો માનવું કે ઘરમાં ચોરીનો બનાવ ટૂંક સમયમાં જ બનશે. કૂતરો પોતાની ખાવાની ચીજ જમીન કે રાખમાં છૂપાવે તો અગ્નિભય જાણવો. કોઈનું હાડકું લઈને ઘરમાં પ્રવેશે તો તે ઘરમાંથી એકાદ વ્યક્તિનું મૃત્યુ થશે. તે જ પ્રમાણે ઘરમાં વેલ કે દોરડું લઈને આવે તો ઘરમાંથી એકાદ વ્યક્તિનું જેલગમન જાણવું.

કયારેક જંગલનાં પશુપક્ષી ગામમાં રહેવા આવે અથવા તો ગામનાં પશુપક્ષી વગડામાં પ્રયાણ કરે તો સમજવું કે દેશ ઉપર કોઈ આફત કે મુશ્કેલી આવી રહી છે. કુદરતી ક્રમમાં થતો ફેરફાર પ્રાણીઓ જલ્દી પારખી જાય છે. આ અંગે એક ભડલીવાકય જુઓ.

રાતે બોલે કાગડા, દહાડે રૂવે શિયાળ;
તો ભડલી એમ જ કહે, નિશ્ચય પડશે કાળ.

આચાર્ય વરાહમિહિરના ઉત્પાતના નિયમ સાથે ભડલીનો આ નિયમ સામ્ય ધરાવે છે.

## (૨) અવાજ

દરેક પશુપક્ષીને પોતાની ભાષામાં વિશિષ્ટ સ્વરો હોય છે અને તે તો અનુભવથી જ જાણી શકાય. કાગડો કા...કા...બોલે, કોં...કોં...બોલે, કાક...કાક બોલે છે વગેરે. શિયાળનો 'ટાટા' ઉચ્ચાર આનંદ તથા સુખની વૃદ્ધિ સૂચવે છે. 'ભેભા' શબ્દ અશુભ ઘટનાનો સંકેત કરે છે. જ્યારે 'ફીફ' શબ્દ જેલગમનની શકયતા સૂચવે છે. કૂતરો પહેલાં ગામમાં રડવાનો અવાજ કરે અને ત્યારબાદ ગામ બહાર જઈને તેવો અવાજ કરે તો સમજવું કે

ગામની મુખ્ય વ્યક્તિનું અવસાન થશે. ચોમાસામાં આકાશ સામે જોઈને કૂતરો કોઈના ઘરમાં પેસી જાય અને અવાજ કરવા લાગે તો જાણવું કે થોડીક વારમાં ખૂબ જ વરસાદ પડશે. ગાય ભાં...ભાં જેવો આનંદનો અવાજ કરે તો જાણવું કે શુભ ફળ મળશે; પરંતુ જો તે કરાંજીને બોલે તો દુઃખમાં વૃદ્ધિ થશે તેમ જાણવું.

ઘુવડના "બલ બલ બલ" અવાજથી કજિયાકંકાસમાં વધારો થાય છે; પરંતુ તે "ટુગ્લુક...ટુગ્લુક" બોલે તો પ્રિયપાત્રનું મિલન થશે તેમ સમજવું.

આ બધું વરાહમિહિરે ખૂબ સારી રીતે સમજાવ્યું છે. ગામડામાં કાગરાશિયાનું ભવિષ્ય સાચું પડે છે તેનું મુખ્ય કારણ એ જ છે કે તેઓ કાગડાની બોલી સમજતા હોય છે. વળી કાગડો એવું પક્ષી છે કે જે મનુષ્યજાતની ખૂબ જ નિકટમાં રહીને જીવે છે.

## (૩) ચીજવસ્તુનો આશ્રય

ક્યારેક પશુપક્ષી કોઈ જગ્યાનો આશ્રય લઈને આપણને સૂચના (શકુન) આપે છે. શકુનશાસ્ત્રનો સિદ્ધાંત છે કે હંમેશાં વૃદ્ધિ પામતા સ્થાન ઉપર બેસીને સૂચના થતી હોય તો આપણી વૃદ્ધિ કે પ્રગતિ જાણવી; પરંતુ જો ખંડેર કે હાનિ પામતા સ્થાન ઉપરથી સૂચના મળતી હોય તો આપણે હાનિ અથવા તો સંકટમાં મૂકાઈ જઈએ. કોઈ પક્ષી કાંટાળા ઝાડ ઉપર બેસીને શકુન કરે તો આપણને ઉપાધિ થાય એમ જાણવું. તે જ રીતે મડદાંની ચિતા ઉપર બેસીને પશુ કે પક્ષી સૂચના કરે તો જાણવું કે આપણને ઈશ્વરના ઘરનાં તેડાં આવી રહ્યાં છે.

કોઈ સુંદર સ્થાન જેવાં કે બગીચો, સુંદર વૃક્ષ, સરોવર, રાજમહેલ, સુંદર મકાન વગેરે ઉપર બેસીને સૂચના થતી હોય તો સુખસંપત્તિ તથા આનંદમાં વૃદ્ધિ જાણવી.

આમ વરાહમિહિરે સ્થાનબળનો પણ વિચાર કરેલો છે.


## (૪) ગતિ

અમુક સમયે પશુપક્ષીઓ ખાસ પ્રકારની ગતિ દ્વારા સૂચના આપતાં હોય છે અને સફળતા–નિષ્ફળતા, સુખદુઃખ અગાઉથી જણાવતાં હોય છે; પરંતુ કમભાગ્યે આપણે તે જાણી શકતાં નથી. દા. ત. આપણે નવા મકાનમાં રહેવા જઈએ ત્યારે કોઈ પશુ કે પક્ષી પોતાના રહેઠાણમાં જતું હોય તો સમજવું કે આપણી નવા ઘરમાં પ્રગતિ તથા વૃદ્ધિ થશે; પરંતુ કોઈ પશુ અગર પક્ષી પોતાનું સ્થાન છોડી જતાં માલુમ પડે તો સમજવું કે તે આપણને સૂચના આપી રહ્યું છે 'ભાઈ તમારે પણ આ નવું સ્થાન છોડવું પડશે.' જો માંસાહારી પક્ષી આપણા માથા ઉપર ચક્રાવો લે તો જાણવું કે ગંભીર માંદગી આવશે.

ટૂંકમાં શકુન કરનાર પ્રાણી કઈ દૃષ્ટિથી ગતિ કરે છે તે જાણીશું તો શકુનશાસ્ત્રમાં તે ગતિનો ઉપયોગ સારી રીતે જાણી શકીશું.

## (૫) દિશા

શકુનશાસ્ત્રમાં ચાર મુખ્ય દિશાઓ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ તથા ચાર નાની દિશાઓ ઈશાન, અગ્નિ, નૈઋત્ય અને વાયવ્ય ગણાય છે. વળી આઠે દિશાઓના ખાસ દેવના તથા પદાર્થો માનવામાં આવ્યા છે. દરેક દિશાને ખાસ અક્ષરો પણ હોય છે, જે નીચે મુજબ સમજવા.




દિશા ચક્ર

પશુ કે પક્ષી જે દિશા તરફ બેસીને શકુન કરતું જણાય તે દિશાના પદાર્થથી લાભ કે હાનિ સમજવી. જો શુભ શકુન થાય તો લાભ અને અશુભ શકુન થાય તો હાનિ સમજવી. તે જ રીતે શુભ શકુનમાં તે દિશામાં જણાવેલ અક્ષરોવાળી વ્યક્તિ દ્વારા લાભ થાય છે. અશુભ શકુનમાં આનાથી વિપરીત અસર જાણવી.

પ્રાચીન સમયમાં શકુનશાસ્ત્રીઓ એવી આગાહી કરી શકતા કે 'તમે આ દિશામાં જાવ છો તેથી અમુક વ્યક્તિનો ભેટો થશે જેનું નામ અમુક અક્ષરોથી શરૂ થતું હશે. તમોને અમુક ચીજનો લાભ થશે.' આ બધી વિગતો ઉપર દર્શાવેલ દિશાચક્ર અનુસાર જાણી શકાય છે.

ચોર લોકો આ દિશાચક્રનું સારું જ્ઞાન ધરાવતા હતા. પરિણામે તેઓ કોઈ પણ પશુપક્ષી જે દિશામાં બોલતાં તે મુજબ જે તે દિશાના પદાર્થો તેમ જ વ્યક્તિથી લાભહાનિ જાણી લેતા. દિશાચક્ર જોતાં માલુમ પડશે કે તેની રચના ખૂબ જ વિચારપૂર્વક કરવામાં આવી છે. પ્રયાણ કરતી વખતે એક પક્ષી પશ્ચિમ દિશામાં બોલીને શુભ શકુન દર્શાવે છે તેથી દિશાચક્ર મુજબ થોડે દૂર જતાં એક ખેડૂત સામે મળશે. ગમે તે કામે જતા હોઈશું તો પણ ખેડૂત તો મળશે જ. શકુનશાસ્ત્ર જણાવે છે કે કદાચ શૂદ્ર પણ મળે કારણ કે તે દિશા શૂદ્રનું ઘર છે. વળી આમ્રવૃક્ષ નીચેથી કશુંક મળશે જેમાં દારૂ તથા કાચની શકયતા વિશેષ છે. એ, ઐ, ઓ, ઔ, અં, અઃ અક્ષરો ઉપર જેનું નામ હશે તેવી વ્યક્તિ સામી મળશે.

અહીં ફક્ત આઠ દિશાનું ચક્ર આપ્યું છે; પરંતુ આચાર્ય વરાહમિહિરે 'બૃહત્ સંહિતા'માં દિશાચક્રને ૩૨ ભાગમાં વહેંચીને ફળકથન કર્યું છે.

દિશાચક્રમાં જે તે દિશામાં જે તે મૂળાક્ષરો દર્શાવ્યા છે. તેની પાછળ વ્યાકરણના ગૂઢ નિયમો રહેલા છે. વ્યાકરણ તથા ભારતીય જ્યોતિષશાસ્ત્રને ગાઢ સંબંધ છે. અ, આ, ઇ, ઈ, ઉ, ઊ તે પ્રારંભિક સ્વરો છે. બાળક જિંદગીમાં સૌ પ્રથમ સ્વરો બોલવાનું શરૂ કરે છે, નહિ કે વ્યંજનો. માટે જ તે પ્રારંભિક સ્વરો ઊગમણી દિશા પૂર્વને ફાળે જાય છે. અહીં વિસ્તારભયને લીધે આ વિશે વધુ ચર્ચા કરતો નથી.

વરાહમિહિર જણાવે છે કે પ્રયાણસમયે જમણી તરફ નરજાતિનાં પશુપક્ષી મળે તો શુભ શુકન થાય છે. ડાબી તરફ નારીજાતિનાં પશુપક્ષીથી શુભ શુકન ગણાય છે. વળી બહારગામ જતી વખતે સંગીત, આનંદપ્રમોદ, મોજશોખવાળાં દૃશ્યો જણાય તો શુભ શકુન ગણાય.

## (૬) ભાવ

ક્યારેક પશુપક્ષી આપણી સામે એવી નજરથી જોઈ રહ્યાં હોય છે કે જાણે આપણને કશુંક કહી રહ્યાં હોય. પશુ કે પક્ષીની આંખોના આવા ભાવ સમજવા માટે માનસશાસ્ત્રનો અભ્યાસ જરૂરી છે. ક્યારેક આપણે અમુક કાર્ય કરવા તૈયાર થયા હોઈએ અને અમુક પશુ કે પક્ષી પોતાની આંખોમાં એવો ભાવ વ્યક્ત કરે છે કે આ કાર્ય કરવા જેવું નથી. આવા ભાવ પાલતુ જાનવરોના માલિક જલ્દી પામી જતા હોય છે, જે શકુનશાસ્ત્રમાં ખૂબ જ મહત્ત્વના છે.

## (૭) અને (૮) સૂર્ય તેમ જ પ્રહર

દિવસનો પ્રારંભ સૂર્યોદયથી થાય છે. એક અહોરાત્રના આઠ પ્રહર ગણાય છે. જે તે પ્રહર મુજબ સૂર્યની સ્થિતિ નીચે મુજબ હોય છે.

| પ્રહર—સૂર્યની સ્થિતિ. | પ્રહર—સૂર્યની સ્થિતિ. |
|---|---|
| પહેલો—પૂર્વ દિશામાં | પાંચમો—પશ્ચિમ દિશામાં |
| બીજો—અગ્નિ દિશામાં | છઠ્ઠો—વાયવ્ય દિશામાં |
| ત્રીજો—દક્ષિણ દિશામાં | સાતમો—ઉત્તર દિશામાં |
| ચોથો—નૈઋત્ય દિશામાં | આઠમો—ઈશાન દિશામાં |

શકુનશાસ્ત્ર માને છે કે જે દિશામાં સૂર્ય હોય છે તે દિશામાં જ્વાળા ગણાય છે. જે દિશામાંથી સૂર્ય આવ્યો તે દિશા અંગારાની તથા જે દિશામાં સૂર્ય જવાનો છે તે ધુમાડાની દિશા ગણાય છે. નિયમ એવો છે કે ઉપરોક્ત ત્રણ દિશા ( અંગારા, જ્વાળા, ધુમાડા ) તરફથી પશુ કે પક્ષીનું શકુન ( સૂચના ) થાય તો હાનિ કે નુકસાન જાણવું. બાકીની દિશા તરફ રહીને સૂચના થતી હોય તો લાભ જાણવો. દિશાચક્રની સાથોસાથ અંગાસ, જ્વાળા તથા ધુમાડાની દિશાનો ખ્યાલ રાખવાથી કોઈપણ પશુપક્ષીના શુકનનું સારુંનરસું ફળ જાણી શકાય છે, કારણ કે દિશાઓમાં સૂચવેલ પદાર્થોથી ત્યારે જ નુકસાન થાય છે કે જ્યારે શુકન ઉપરોક્ત ત્રણ દિશા ( અંગારા, જ્વાળા, ધુમાડા )માંથી થતા હોય છે.

તિથિ, ક્ષણ, નક્ષત્ર, ગ્રહ ઈત્યાદિનો ઉપયોગ શકુનમાં થાય છે. આ અંગે વરાહમિહિરે બૃહત્ સંહિતામાં 'શાકુનોત્તરાધ્યાય'માં સારો પ્રકાશ પાડ્યો છે; પરંતુ તે જાણવા માટે જ્યોતિષના અન્ય ગ્રંથોનો અભ્યાસ જરૂરી છે.

અવકાશી પદાર્થો વિના ફળજ્યોતિષ ( Astrology )ની કલ્પના વાહિયાત છે તેમ પશુ-પક્ષીઓ વિના શકુનશાસ્ત્ર હોઈ શકે નહિ. શકુનશાસ્ત્ર એ ભારતીય જ્યોતિષની એક અગત્યની શાખા છે. પશુ તથા પક્ષીઓની હિંસા કરનારાઓ આ જગતને પશુપક્ષીના અદ્ભુત જ્ઞાનના-લાભથી વંચિત રાખવાનું મહાપાપ કરે છે.

# ગઝલનું ભાષાકર્મ

ચન્દ્રકાન્ત ટોપીવાળા

ગઝલનું ભાષાકર્મ તપાસતી વખતે બે ત્રણ ભૂમિકા ધ્યાનમાં રાખવાની છે. પહેલી વાત એ કે ગઝલના સ્વરૂપને એની પોતાની મૂળ સંસ્કૃતિ અને ભાષા છે; આ મૂળ સંસ્કૃતિ અને ભાષામાંથી એ પારંપરિક વારસા સાથે અન્ય સંસ્કૃતિઓ અને ભાષાઓમાં પહોચ્યું છે; અને એ રીતે અન્ય સંસ્કૃતિ અને ભાષામાં પહોંચતા ગઝલના મૂળ સ્વરૂપમાં કંઈક ફેરફારો અવશ્ય થયા છે, છતાં ગઝલની ઓળખ અંગેની અનિવાર્યતાઓ એમાં જળવાયેલી પડેલી છે. ગઝલના સ્વરૂપની ઐતિહાસિકતાના આ સંદર્ભ ઉપરાંત ગઝલના સ્વરૂપની પોતાની વિશેષતા અને વૈયક્તિકતાનો સંદર્ભ પણ એના ભાષાકર્મનું નિયંત્રણ કરે એ સ્વાભાવિક છે.

ગઝલની મૂળ ભાષાસંસ્કૃતિ ફારસીઅરબી છે. ગઝલ કોઈ છંદ નથી પણ કાવ્યપ્રકાર છે. ગઝલ અરબી શબ્દ છે જેનો અર્થ થાય છે પ્રેમયુક્ત ભાષામાં બોલવું અથવા સ્ત્રીઓ સાથે વાતો કરવી. આમ મૂળ ગઝલ તો મુખ્યત્વે પ્રેમ અને એની સાથે અચૂક સંકળાયેલા મદિરાના સાહચર્ય-ધર્મોમાંથી જન્મતી વસ હતી. આશકમાશૂકની અત્યંત અંગત કે આત્મીય કહી શકાય એવી વાતચીતનાં કે ગુફ્તેગોનાં પ્રભાષાસ્તરો (Register layers) અરબીફારસીમાં જાણીતાં છે; અને તેથી જ પ્રેમાલાપ સાથે સંકળાયેલા સ્વરૂપમાં ભાવની સળંગતાનો આગ્રહ મૂળમાં રખાયો નથી. એક ઉચ્ચાર (utterance) અને બીજા ઉચ્ચાર વચ્ચે ભાવસૂત્રતા તો ન હોય પણ ભાવવિરોધ પણ હોઈ શકે. અલબત્ત દરેક ઉચ્ચાર એની પોતાની સ્વાયત્તતા સાચવે એવો આગ્રહ એમાં રખાયેલો અવશ્ય મળે. ભાવોની આ ત્રૂટકતા કે છૂટક છૂટક ભાવોની ઉપસ્થિતિને કારણે ગઝલમાં સામગ્રીનું એકત્વ (themetic unity) ભલે નહોતું, પરન્તુ અલગ અલગ ઉચ્ચારોને નિયંત્રિત કરી ગઝલને સળંગ એક કૃતિ રાખનાર, સળંગ એકપ્રાસી (Monorhyme) ઉપલક એકત્વ (surface unity) તેથી ગઝલના સ્વરૂપનું નિયંત્રણબળ બને છે. બીજી રીતે કહીએ તો લગભગ સ્વાયત્ત અને એકબીજાથી વિષમ કહી શકાય એવા એકમોને કોઈ એક સળંગ એકમમાં પલટી નાખતું કાફિયા રદીફનું બહિરંગ સંરચનાતંત્ર (structural mechanism) અગત્યનો ભાગ ભજવે છે.

ગઝલના સ્વરૂપબંધારણમાં ગઝલને કૃતિ તરીકે સિદ્ધ થવા માટે નિયંત્રણો અને એમાંથી જન્મતી અલગ અલગ તરાહો પડેલી છે. ગઝલના ભાષાકર્મને સમજવું હોય તો આ અલગ અલગ તરાહોનું અમૂર્ત તંત્ર (abstract structure) જાણવું જરૂરી બને છે. એને વીગતવાર સમજીએ.

મિસર એ ઊલ (વિષમચરણ) અને મિસર એ સાની (સમચરણ) એમ બે મિસરા એટલે કે બે પંક્તિની એક કડી, જેને બેત અથવા શેર કહેવાય છે. ગઝલમાં આવા બેતની કુલ સંખ્યા ઓછામાં ઓછી પાંચ અને વધારેમાં વધારે ૧૨ કે ૧૭ની નક્કી કરવામાં આવી છે.

હંમેશાં સમચરણના ઉત્તરભાગમાં બે નિયંત્રણો ( constraints ) પડેલા હોય છે: જેમાંનું એક ચલ–નિયંત્રણ ( variant ) હોય છે, બીજું નિશ્ચલ–નિયંત્રણ ( invariant ) હોય છે. ચલ-નિયંત્રણ એ વિકલ્પશ્રેણીસંબંધે ( Paradigmatic relation ) એક જ ગણના વિવિધ બદલાતા શબ્દોના સળંગ એક પ્રાસનું રૂપ બતાવતો ચલભાષાભાગ છે, જે કાફિયા તરીકે ઓળખાય છે, જ્યારે નિશ્ચલનિયંત્રણ બદલાતા કાફિયા જોડે શૃંખલાસંબંધ ( syntagmatic relation ) બતાવતો અપરિવર્તનશીલ નિશ્ચલ ભાષાભાગ છે, જે રદીફ તરીકે ઓળખાય છે. આમ, કાફિયા અને રદીફના આ ચલ અને નિશ્ચલનિયંત્રણોને કારણે ઊભી થતી તરાહોથી બંધાતા ગઝલના સ્વરૂપબંધારણને નીચે મુજબ તારવી શકાશે.

અહીં, x એ કોઈપણ નિયંત્રણ વગરનો કવિને સર્જન માટે પ્રાપ્ત થતો વિવૃત્ત અવકાશ (open space) છે. $a$, $a_1$ $a_{17}$ એ એક જ ગણની બદલાતી એકપ્રાસી સંરચના કાફિયાનો અર્ધવિવૃત્ત અવકાશ ( semi open space ) છે અને b નિશ્ચલ ભાષાભાગ દર્શાવતો અને કવિને માટે બંધ રખાયેલો રદીફનો સંવૃત્ત અવકાશ ( close space ) છે :

I

ગઝલના પહેલા શેરના પહેલા ચરણને બાદ કરતાં બધાં જ વિષમચરણનું બંધારણ :

X

II

ગઝલના પહેલા શેરના પહેલા ચરણ ઉપરાંત બધાં જ સમચરણનું પાંચેક વિકલ્પોમાં જોઈ શકાતું બંધારણ :

(i) x

(ii) x $\{a, \ldots a_1 \ldots a_{17}\}$ b

(iii) xb

(iv) x $\{a, \ldots a_1 \ldots a_{17}\}$

(v) xb $\{a, \ldots a_1 \ldots a_{17}\}$

આ સૂત્રોને વ્યવસ્થિત સમજીએ :

I : x

નીચે અધોરેખિત ભાગમાં જોઈ શકાશે :

જોઈ ઘા અમૃત સ્રવે છે આ હથેળીથી ખરું ?
હાથથી ટૂંપાઈ શંકા કેમ મોટી થાય છે ?
ના નથી આ આત્મહત્યા કે નથી એ ખૂન પણ
વાત દરિયા ને નદીની ખોટી ખોટી થાય છે. —ચિનુ મોદી

II (i) x

કલાપીની રચનાઓમાં ઘણીવાર જોવા મળે છે તેમ વિષમ ચરણુની જેમ સમચરણુમાં પણુ કવિ પૂરા અવકાશનો કોઈપણુ નિયંત્રણુ વગરના મુક્ત અવકાશ તરીકે ઉપયોગ કરે છે. કાફિયા રદીફના અર્ધવિવૃત્ત અને સંવૃત્ત અવકાશને અખત્યાર કરતો નથી.

કટાયેલું અને બુઠું ઘસીને તીક્ષ્ણુ તે કીધું
કર્યું પાછું હતું તેવું અરે દિલબર હૃદય મારું
ગમીના જામ પી હરદમ ધરી માશૂક તને ગરદન
ન ખંજરથી કર્યા ટુકડા ન જામે ઈશ્ક પાયો વા. —કલાપી

આ પ્રકારના પ્રયોગમાં ગઝલના મિજાજને અને એની બહેરને બાદ કરતાં ગઝલની ઓળખ માટે ભાગ્યે જ કશુંક બચ્યું હોય છે, તેથી એ ગઝલ કહેવાય કે કેમ એ તાત્ત્વિક ચર્ચાનો વિષય બને.

(ii) $x \{ a, \ldots a_1 \ldots a_{17} \} b$

અહીં, સમચરણુને ત્રણુ ભાગમાં વહેંચી નખાશે : મુક્ત અવકાશ, કાફિયાનો અર્ધવિવૃત્ત અવકાશ અને રદીફનો સંવૃત્ત અવકાશ

શ્વાસ છે તો શિર ઉપર આકાશ છે
કેટલું કૌતુક / મનોહર / નીકળ્યું !
x / $a_1$ / b
જિંદગીના બોજને ઊંચકી લીધો
હા મરણુ સાચું / સહોદર / નીકળ્યું !
x / $a_2$ / b —શ્યામ સાધુ

(iii) xb

અહીં, અર્ધવિવૃત્ત અવકાશ–કાફિયાને બાદ કરવામાં આવે છે. મુક્ત અવકાશ અને રદીફના સંવૃત્ત અવકાશને આધારે બંધારણુ તૈયાર થાય છે :

પેદા થઈને ના ચૂમી તારી હિના
પેદા થયો છું મોતમાં જાણે / સનમ
x / b
શાને કસે છે મુફ્ત આ લાચારને
દાવો સુનાનો છે હમારો ના / સનમ —કલાપી
x / b

(iv) $x \{ a, \ldots a_1 \ldots a_{17} \}$

અહીં, સંવૃત્ત અવકાશ–રદીફ–ને બાદ કરવામાં આવે છે. મુક્ત અવકાશ અને અર્ધવિવૃત્ત અવકાશ–કાફિયા–નો ઉપયોગ થાય છે :

સ્મરણુ શંખની જેમ ફૂંકાય / ઘેટું
x / $a$,

કે ટીંબા ઉપર એક ઊભું'તું / દેરું
x / $a_1$

લીલા કાચ જેવો થયો હાથ આખો

રૂંવાટીમાં સરકયા કરે એક / એરુ
x / $a_2$

—મનોજ ખંડેરિયા

(v) xb { $a$, . . . $a_1$ . . . . $a_{17}$ }

અહીં, મોટેભાગે કાફિયા પછી આવતા રદીફને, કાફિયા પહેલાં ખસેડવામાં આવે છે :

મારી કને / ઘાસ / આવે
x / b / $a$,

લીલું કશું / ઘાસ / લાવે
x / b / $a_1$

કોઈ જીવે ઘાસ જુએ

જેવું મરે / ઘાસ / ફાવે
x / b / $a_2$

—ચન્દ્રકાન્ત ટોપીવાળા

વિભાગ I અને વિભાગ II ને સાથે જોતાં ગઝલના પહેલા ચરણુ અંગે જે નિર્દેશ મળે છે એ ઉપરથી એમ નક્કી થાય છે કે ગઝલના પહેલા શેરનું બંધારણુ ગઝલમાં પછી આવતા શેરોના બંધારણુ કરતાં જુદું છે. પહેલા શેરમાં સમ અને વિષમચરણુ લગભગ સમાંતર ચરણુ હોય છે. જેમકે :


નદીની રેતમાં રમતું / નગર / મળે ન મળે
x / a / b

ફરી આ દસ્ય સ્મૃતિપટ / ઉપર / મળે ન મળે
x / $a_1$ / b

—આદિલ મન્સૂરી

ગઝલના પહેલા શેરનું આ બંધારણુ જોતાં લાગે છે કે ગઝલના બીજા બધા શેરો કરતાં ગઝલના પહેલા શેરમાં કવિને ઓછામાં ઓછો મુક્ત અવકાશ સર્જન માટે મળે છે, તેથી ઓછામાં ઓછા પ્રાપ્ત અવકાશમાં અર્ધવિવૃત્ત અવકાશ અને સંવૃત્ત અવકાશની પ્રતિષ્ઠા કરી જે રીતે ભાષાકર્મ કરવાનું છે તે અઘરું કાર્ય છે. ગઝલનો આ પહેલો શેર 'મત્લા' તરીકે ઓળખાય છે. ગઝલનો અંતિમ શેર 'મક્તા' કહેવાય છે, જેમાં પરંપરાગત સ્વરૂપમાં કવિ પોતાનું નામ, ઘણુંખરું તખલ્લુસ, મૂકે છે; જેનો ચરણુના અન્ય શબ્દો સાથે બહુધા વિનિયોગ થવો જરૂરી છે. —

'મત્લા' અને 'મક્તા'ની આ વિશેષતા નોંધ્યા પછી, રદીફ—સંવૃત્ત અવકાશ—ની વિવિધ તરાહોની શક્યતાઓ નોંધવી પડે તેમ છે. રદીફ સંવૃત્ત અવકાશ છે અને મિસરાનો લગભગ નિશ્ચલ ભાષાભાગ છે; તેમ છતાં જુદા જુદા ગઝલકારો રદીફને ન્યૂનતમ સ્વરવર્ણના ઘટકથી- માંડીને વાક્યખંડ તેમ જ વાક્ય સુધીના ગુરુતમ ઘટક પર્યંત વિસ્તારવાના પ્રયોગો કરે છે :




આને ઉદાહરણોથી સમજીએ :

( i ) સ્વર

સ્વજન પણ અજાણ્યે કરે દુશ્મની
ન જાણે દિલાસે વ્યથાઓ વધે
નયન ! આંસુનું મૂલ્ય કૈં પણ ખરું ?
લહેણું છતાં એ જ ભારે પડે —ચિનુ મોદી

અહીં સ્વર 'એ' જ રદીફ રૂપે અવશિષ્ટ રહ્યો છે.

( ii ) સ્વરવર્ણ

કોઈ સમયના વચગાળા/માં
શબ્દો જન્મ્યા પરવાળા/માં
અંતે સોનલ સપનાં ટહુક્યાં
ફૂલો બેઠાં ગરમાળા/માં —મનોજ ખંડેરિયા

(iii) શબ્દ

સામે છે એ મકાનની બારી ન ખોલશો
એનો અવાજ હોય તે ખખડે છે/વૃક્ષમાં
વરસાદ બંધ થાય છે ત્યારે બળીઝળી
ભીંતો બહાર જાય ને પલળે છે/વૃક્ષમાં —મનહર મોદી

(iv) વાક્યખંડ

માનવીને આ જગત/આદમથી શેખાદમ સુધી
એ જ દોરંગી લડત/આદમથી શેખાદમ સુધી
એ જ ધરતી એ જ સાગર એ જ આકાશીકલા
એ જ રંગીલી રમત/આદમથી શેખાદમ સુધી. —શેખાદમ આબુવાલા

(v) વાક્ય

નગર આખું જાગ્યા કર્યું રાતભર
કશુંક એવું કામણ હતું રાતમાં
અગાશીમાં છાયાઓ ફરતી રહી
કશુંક એવું કામણ હતું રાતમાં. —આદિલ મન્સૂરી.

આમ ગઝલમાં આપણે જોયું તેમ કાફિયારદીફનું ઉપલક સંરચનાતંત્ર (surface organization) ભાષાકર્મમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. રદીફ એક જ ભાવમુદ્રા દ્વારા સાતત્ય ટકાવી રાખવાનું સ્થિરક (stabilizer) તરીકેનું કામ આપે છે, જ્યારે રદીફ સાથે સંકળાયેલા બદલાતા કાફિયા એની પોતાની આસપાસનાં સાહચર્યબળો (associative forces.)ને ખેંચી, ભાષાને પોતાની અભિમુખ કરી રદીફ સાથે જોડવામાં મહત્ત્વની કામગીરી બજાવે છે. ટૂંકમાં કાફિયા અને રદીફ ગઝલની ભાષારમતનાં મહત્ત્વનાં નિયંત્રણકેન્દ્રો છે.

આ નિયંત્રણકેન્દ્રોની આસપાસ, ગઝલના મૂળ સ્વરૂપમાં, શમા પરવાના ગુલબુલબુલ, સનમ સુરા સુરાહી જેવાં કંઈક અંશે નિશ્ચિત પ્રતીકો અને નિશ્ચિત કલ્પનોનાં વિવિધ સંયોજનો દ્વારા ભાષાનું સ્તર રચાતું આવતું. આમ જોઈએ તો ગઝલ એક સંસ્કૃતિ હતી; અને ગઝલના આ સ્વરૂપને એની મૂળ ભાષારીતિમાંથી ઉપાડીને જ્યારે બીજી ભાષારીતિ સાથે જોડવામાં આવી ત્યારે માત્ર ભાષા જ નહિ પણ સાથે સાથે સંસ્કૃતિનો સંદર્ભ પણ બદલાયો. બાલાશંકર, મણિલાલ, કલાપી ફારસીઅરબીમાંથી આપણી ગુજરાતી ભાષામાં ગઝલ લાવ્યા ત્યારે મૂળનો મિજાજ અને એની સંસ્કૃતિ જાળવવાના અથાક પ્રયત્નો છતાં તેમાં આપણી સંસ્કૃતિનો પ્રવેશ થઈ ચૂક્યો; પરન્તુ ત્યારપછી ગુજરાતી ગઝલ પ્રારંભિક પ્રયત્નોમાંથી ઊગરે તે પહેલાં સીધી ધંધાદારી રંગભૂમિ પર કે સભારંજની લોકભોગ્ય, ઘણુંખરું પ્રાકૃતભોગ્ય મુશાયરામાં જઈ પહોંચી. રંગભૂમિના કે મુશાયરાના શાયરો પાસે આપણા કેટલાક ગઝલસંપાદક વિવેચકોએ કહ્યું છે તેમ હસ્તઉદ્યોગ હતો હસ્તકલા નહોતી. ઉપલક સંવિધાનની નિર્જીવતા, યાંત્રિકતા અને શિથિલતા, નકરાં વિધાનોનાં અભિધાસ્તરો અને શબ્દપ્રતિભાને સ્થાને રહેલી સ્થૂળ શબ્દચાતુરી તેમ જ

**પરંપરાનો જીવવગરનો આધાર :** આ બધાં કારણે મૂળ સંસ્કૃતિમાંથી ખસેડાયેલી ગઝલની અહીં પ્રાણપ્રતિષ્ઠા ન થઈ શકી. ગુજરાતનો સાશંક સંહૃદય કદાચ એટલે જ એને કાવ્યપ્રકાર તરીકે સ્વીકારવા જેટલી ખુલ્લે દિલે ઉદારતા બતાવતો નહોતો.

પરન્તુ છેલ્લા દાયકાના પ્રારંભે નવી પરિસ્થિતિ જન્મી. ગુજરાતી કવિતામાં આધુનિક ચેતનાએ પ્રવેશ કર્યો; વિશ્વસાહિત્યનાં શુદ્ધકલાનાં સિદ્ધાન્તધોરણોને પુરસ્કારાયાં. પરંપરાથી વિપ્લવ સાથે વિચ્છેદ કરતાં પ્રયોગશીલતા અને સર્જકતાના સંદર્ભો રચાયા; અને નવા કવિઓએ ગઝલના નિર્જીવપણે સચવાયેલા પારંપરિક સંસ્કૃતિ રૂપને પ્રેમ અને મદિરાના મોટિફથી બહુ દૂર લઈ જઈ આધુનિક જીવનસંદર્ભો અને વૈશ્વિક પરિસ્થિતિ વચ્ચે મૂકયું. ગઝલની અવશિષ્ટ બરડ સંસ્કૃતિને વિશ્વસંસ્કૃતિની નવી અનુનેયતા આપી; અને અંતે આધુનિક ગુજરાતી કવિતામાં ગઝલની કાવ્યસ્વરૂપ તરીકે પ્રતિષ્ઠા થઈ. બરડ સંસ્કૃતિના સીમાડાઓ તૂટતાં નવાં કલ્પનો, ભાષાનાં નવાં નવાં પ્રયોગક્ષેત્રો નવાં પ્રતીકો, કવિતાનાં અન્ય સ્વરૂપોની જેમ, ગઝલમાં પણ અખત્યાર થયાં. ગઝલની શિરાઓમાં નવું જ લોહી વહેતું થયું. આદિલ મન્સૂરીએ ગઝલની પરંપરાને પહેલીવાર આંચકો આપ્યો, મનહર મોદીએ ગઝલમાં ભાષા, પ્રતીક અને કલ્પનની ઊંચી અરૂઢતા સિદ્ધ કરી. રાજેન્દ્ર શુકલ ગઝલમાં સંસ્કૃતના શુદ્ધ સંસ્કાર સાથે તળપદા આવિષ્કારો સંયોજવા પ્રેરાય છે; ચિનુ મોદી આધુનિક અનુભવોના અઢળક ઊર્મિસંભાર માટે ગઝલની ભાષાને સક્ષમ કરવા મથે છે, ભગવતીકુમાર શર્મા ભાષાની આત્યંતિક પ્રયોગખોરી ને પ્રયોગશીલતા દ્વારા ગઝલને પ્રાણવાન કરવાનો પ્રયત્ન કરે છે; પરન્તુ આ નવી પ્રયોગશીલતાને પરંપરામાં પલટી નાખનારા અત્યંત નાના નજીવા તુચ્છ અવાજોનું બૂમરાણ પણ અત્યારે ઓછું નથી.

આધુનિક ગઝલના ભાષાકર્મને તપાસવા મનોજ ખંડેરિયાની એક ગઝલ ઉદાહરણ રૂપે લઈએ :

ક્ષણોને તોડવા બેસું તો વરસોનાં વરસ લાગે
બુકાની છોડવા બેસું તો વરસોનાં વરસ લાગે
કહો તો આ બધાં પ્રતિબિંબ હું હમણાં જ ભૂંસી દઉં
અરીસો ફોડવા બેસું તો વરસોનાં વરસ લાગે
કમળતંતુ સમા આ મૌનને તું તોડ મા નાહક
ફરીથી જોડવા બેસું તો વરસોનાં વરસ લાગે
આ સપનું તો બરફનો સ્થંભ છે, હમણાં જ ઓગળશે
હું એને ખોડવા બેસું તો વરસોનાં વરસ લાગે
મને સદ્દભાગ્ય કે શબ્દો મળ્યા તારે નગર જાવા
ચરણ લઈ દોડવા બેસું તો વરસોનાં વરસ લાગે.

આ ગઝલનું બંધારણ, આપણે આગળ જોયું છે તેમ $x\{a, \ldots a_5\}b$ છે. પરંપરાના કાફિયારદીફનાં નિયંત્રણોને વશવર્તી કવિ ગઝલના સ્વરૂપને ચુસ્તપણે અનુસરે છે, છતાં ક્ષણો, બુકાની, પ્રતિબિંબ, કમળતંતુ, સ્થંભ, નગર જેવાં પ્રતીકકલ્પનો, પ્રતીકકલ્પનોની આસપાસનાં સાહચર્યો અને એમાંથી પ્રવર્તતી રમણીય સંદિગ્ધતાઓ, તેમ જ આ સર્વને પ્રગટ કરતાં ભાષાનાં

સર્જક સ્તરો, આધુનિક કવિતામાં ઉપયોગમાં લેવાતી રીતિની સમકક્ષનાં છે. આ ગઝલમાં 'બેસું તો વરસોના વરસ લાગે' જેવી લાંબી રદીફની પસંદગી સાથે સમચરણમાં ઘણોબધો ભાગ સંવૃત્ત અવકાશમાં ચાલ્યો જાય છે. બાકી બચેલા બહુ થોડા ભાગમાંથી, પણ ખોડવા/તોડવા ફોડવા/જેવા હેત્વર્થ કૃદન્તના કાફિયાનો ભાગ જતાં માત્ર લગાગાનાં ત્રણ સ્થાનોનો સાવ નાનો મુક્ત અવકાશ રહે છે. વિષમચરણના સાતત્યને કાફિયા અને રદીફ સાથે જોડવા આ અત્યંત સાંકડા મુક્ત અવકાશમાં કવિએ એની શક્તિને ખપે લગાડવાની છે. એમાં ય મત્લામાં બંને ચરણ સમાન્તર હોવાથી માત્ર બે જ લગાગાનાં સ્થાનો પર ચણતર કરવાની કવિએ હામ ભીડી છે :

ક્ષણોને/તોડવા/બેસું તો વરસોનાં વરસ લાગે

બુકાની/છોડવા/બેસું તો વરસોનાં વરસ લાગે.

અહીં મત્લામાં બંને લગાગાના મુક્ત અવકાશમાં રહેલાં 'ક્ષણોને' અને 'બુકાની' કર્મપદો છે, જેને કાફિયા સાથે જોડ્યા છે. તેમ છતાં બંનેની ચમત્કૃતિ અલગ અલગ સ્થાનોએ કવિએ જાળવી છે. 'ક્ષણોને' તોડવાનો સંબંધ સ્વાભાવિક નથી. ક્ષણોને દોરની જેમ સમયના સાતત્યરૂપે સંવેદી શકાય અને એને દોરની જેમ તોડવાનો સંબંધ સ્વીકારી શકાય અથવા ક્ષણોને અલગ અલગ અણુરૂપે કે કણરૂપે સંવેદી શકાય અને એને તોડવાનો એટલે કે એને ભાંગવાનો સંબંધ સ્વીકારી શકાય. 'ક્ષણો' જેવા અમૂર્ત શબ્દ સાથે ઘનપદાર્થની અપેક્ષા રાખનારું 'તોડવું' ક્રિયાનું હેત્વર્થ કૃદન્ત યોજ્યું છે, તેથી આ બે શબ્દોના નજીક હોવામાં ચમત્કૃતિ છે, જ્યારે મત્લાના બીજા મિસરામાં બુકાની અને છોડવાનો સંબંધ સ્વાભાવિક છે. ચમત્કૃતિ બુકાની છોડવામાં નહીં પણ એ છોડવામાં 'વરસોનાં વરસ લાગે' એમાં પડેલી છે. અહીં બુકાની અને છોડવાનું નજીકપણું નહીં, પણ એ બેની સાથે રહેલા રદીફનું નજીકપણું ચમત્કૃતિ સર્જે છે. હવે, 'ક્ષણોને તોડવા' અને 'બુકાની છોડવા'ના બે સંદર્ભો વચ્ચે કઈ રીતે સંબંધ સ્થાપી શકાય? બુકાની છોડવાની ક્રિયા સાથે પોતાની ઓળખ ( Identity ) પ્રગટ કરવાની, પોતાના ચહેરાને છતો કરવાની ક્રિયાનું ઈંગિત છે અને એ ચહેરાનો સમયની ક્ષણો સાથે અવશ્ય સંબંધ જોડી શકાય. આપણે જોયું કે મત્લાના મુક્ત અવકાશમાં મુકાયેલા શબ્દો કર્મપદો છે; એ જ રીતે ગઝલના બીજા શેરમાં 'અરીસો' પણ કર્મપદ છે; પરન્તુ ત્રીજા શેરમાં કર્મપદ 'મૌનને' વિષમચરણના મુક્ત અવકાશમાં ખસેડ્યું છે; અને કાફિયાને કર્મથી નહિ પણ 'ફરીથી' જેવા અવ્યયથી જોડ્યો છે. ચોથા શેરમાં 'હું એને' કર્મપદથી કાફિયો જોડાય છે, પરન્તુ વિષમચરણમાં રહેલા બરફના સ્થંભના પર્યાયરૂપે આવેલું એ સર્વનામ છે. ઉપરાંત, સમચરણના મુક્ત અવકાશમાં અત્યારસુધી 'બેસું'નો અધ્યાહૃત રહેલો 'હું'–પ્રથમપુરુષવાચક–અહીં પહેલીવાર દેખા દે છે. વધારામાં એ પણ નોંધી શકાય કે ચોથા અને પાંચમા શેરનો સમચરણનો મુક્ત અવકાશ જે અત્યાર સુધી એક જ પદથી પુરાતો હતો તે 'હું એને' અને 'ચરણ લઈ' જેવાં બે પદથી પુરાય છે. પાંચમા શેરમાં 'ચરણ લઈ' ક્રિયાવિશેષણરૂપે કાફિયા સાથે જોડાય છે. એક મહત્ત્વની ઘટના એ છે કે મત્લાના પ્રથમ ચરણમાં આવતા 'તોડવા'થી માંડી, ગઝલના અંતિમ શેરમાં

આવતા ‘ દોડવા ’ સુધીના કાફિયાઓમાં, છેલ્લા શેરના કાફિયાને બાદ કરતાં બધા જ ‘ સકર્મક ’ છે, જ્યારે છેલ્લા શેરનો કાફિયો ‘ અકર્મક ’ છે.

બીજા શેરનો ‘હમણાં જ ભૂંસી દઉં’ વાક્યખંડ અને ચોથા શેરનો ‘ હમણાં જ ઓગળશે ’ વાક્યખંડ, વરસોનાં વરસની સામે વર્તમાનની તાણ ( Tension ) બતાવવાનું સમાન્તર કાર્ય કરે છે. બીજા શેરમાં કરેલો ક્રિયાઓનો વ્યત્યય નોંધપાત્ર છે :

> કહો તો આ બધાં પ્રતિબિંબ હું હમણાં જ ભૂંસી દઉં
> અરીસો ફોડવા બેસું તો વરસોનાં વરસ લાગે.

અરીસાને ફોડવાનું કાર્ય ત્વરિત છે, ક્ષણિક છે, પણ એની સપાટી પરથી પ્રતિબિંબ ભૂંસવાનું કાર્ય દુષ્કર છે; આ બંને સ્થિતિને કવિએ અહીં વિપર્યાસમાં મૂકી છે. ત્રીજા શેરમાં મૌન જેવા કર્ણસાહચર્યને કમળતંતુ જેવા દૃશ્ય અને સ્પર્શસાહચર્ય સાથે મૂકી ઇન્દ્રિયવેદ્ય બનાવ્યું છે. ઉપરાંત

> કમળતંતુ **સમા** આ મૌનને તું તોડ **મા** નાહક.

અહીં નિષેધવાચક ‘ મા ’, ઔપમ્યવાચક ‘ સમા ’ના ધ્વનિસાહચર્યે ખેંચાઈ આવ્યો છે; તો ચોથો શેર ભાષાકર્મની રીતે વિશેષ રસપ્રદ છે. ‘ ખોડવા ’નો કાફિયો ‘ સ્થંભ ’ને ખેંચી લાવે પણ પછી સ્થંભ બરફને અને બરફનો સ્થંભ સપનાને અને ઓગળવાને ખેંચી લાવે એવી એમાં યાદચ્છિક ભાષાની સર્જનક્રીડા છે પાંચમા શેરમાં.

> મને સદ્‌ભાગ્ય કે શબ્દો મળ્યા તારે નગર જાવા
> ચરણ લઈ દોડવા બેસું તો વરસોનાં વરસ લાગે.

શબ્દો મળવાની ક્રિયા સાહજિક છે અને નગર જવાની ક્રિયા પણ સાહજિક પરન્તુ શબ્દ દ્વારા નગર જવાની ક્રિયાની અસાહજિકતા ચમત્કૃતિપૂર્ણ છે. એકંદરે આખી ય ગઝલમાં પ્રથમ-પુરુષ અને દ્વિતીયપુરુષ એકવચનની સાર્વનામિક તરાહો પણ ગઝલના મૂળ સ્વરૂપની ખૂબ નજીક રહી ભાષામાં આત્મીયતાનું એક સ્તર રચે છે, અને આપણે પ્રારંભમાં જોયું છે કે ગઝલની ભાષામાં આત્મીયતાનું સ્તર અનિવાર્યપણે સંકળાયેલું હોવું જરૂરી છે. અન્તે, ‘ ગુજારે જે શિરે ’માં બાલાશંકરે કે ‘ કંઈ લાખો નિરાશામાં ’માં મણિલાલે ગઝલને જે મફાઈલૂનના બહેરમાં સિદ્ધ કરી છે એ જ બહેરમાં આ નવો ગઝલકાર મનોજ ગઝલને કેટલી જુદી રીતે સિદ્ધ કરે છે એ પણ અભ્યાસનો વિષય બની શકે.

આમ, પરંપરાની શિસ્તને પૂરેપૂરી જાળવી, નવી ગઝલ એના પરિણામમાં ગઝલના મૂળ સ્વરૂપથી કેટલી દૂર નીકળી ગઈ છે અને નવા સંદર્ભોથી કેવું સૂક્ષ્મ કાવ્યત્વ સિદ્ધ કર્યું છે એનું આ ઉદાહરણ આજની ગઝલપ્રવૃત્તિ અને એની ભાષાને સમજવા કદાચ એક દિશા ચીંધી આપશે.

---

# આધુનિક ગુજરાતી કવિતામાં હતાશા અને છિન્નભિન્નતા

પ્રવીણ દરજી

'વેદના', 'દુઃખ' કે 'કરુણ' જેવા શબ્દો આપણા કાન સેંકડો વર્ષોથી સાંભળતા આવ્યા છે. માણસે સૌપ્રથમવાર આ ધરતી ઉપર પગ મૂકયો હશે, કહો કે આ વિશ્વનો જ્યારથી પ્રારંભ થયો હશે એ ક્ષણથી જ એની પણ શરૂઆત થઈ જણાય છે. કોઈ પણ સ્થળ–કાળની, કોઈપણ ભાષાની કવિતા લો એમાં વેદના, દુઃખ કે કરુણના ભાવનું અવતરણ થયેલું ન જોવા મળે એવું ભાગ્યે જ બનવાનું. કરુણને જ એક માત્ર પ્રમુખ રસ તરીકે સ્વીકારનાર ભવભૂતિ કે વેદનાનીગળતી કૃતિઓને જ ઉત્તમ સર્જન લેખનાર શેલી જેવા એના પ્રભાવ અને એની માધુરીને સમ્યક્ રૂપે જાણે છે.

પણ આજે, આધુનિક કવિતાના સંદર્ભમાં, 'હતાશા' કે 'છિન્નભિન્નતા' જેવા શબ્દો સાંભળીએ છીએ એનું ગોત્ર સાવ જુદું છે. 'વેદના', 'દુઃખ' કે 'કરુણ' દ્વારા સમજાતા અર્થ કરતાં એની અર્થચ્છાયાઓ તદ્દન પૃથક્ છે. એક નવું જ ભાવજગત, એક અ–પૂર્વ ભાવબોધ એની સાથે સંકળાયેલાં છે. છેલ્લાં દોઢસો–બસો વર્ષમાં વિશ્વના સંવેદનશીલ માનવીએ પોતાની નજર સમક્ષ જે ઉથલપાથલો નિહાળી છે અને એ ઉથલપાથલોમાંથી જે અકલ્પ્ય ફેરફારો નજરે પડયા છે એનાથી એ મૂળસોતો ઊખડી ગયો છે. પોતાનાથી જ પોતે જોજનો દૂર હડસેલાઈ ગયો છે. એની શિરાએ શિરાએ છેદ મૂકાઈ ગયા છે. એ હતાશા અને છિન્નભિન્નતા પાછળ રહેલી બળવાન ભૂમિકાની રૂપરેખા કંઈક આવી છે: ફ્રાન્સના પ્રતિભાશાળી કવિ બૉદલેર પહેલીવાર પરંપરાને ઉલટાવી–ઉથલાવી નાખવા 'બુર્ઝવાને આઘાત આપો'નું સૂત્ર પ્રચલિત કરે છે. જે કંઈ અભદ્ર છે, કુરૂપ છે, નિષિદ્ધ છે એ બધું એની સૃષ્ટિમાં પાતાળ ફોડીને પ્રગટ થવા લાગ્યું. એને માટે વાસ્તવિકતાનો, વાસ્તવજગતનો અર્થ જુદો હતો. તેણે એક સ્થળે કહ્યું પણ ખરું– 'You will say to me, perhaps, 6 are you sure that your tale is a true one ?' what do I care about the reality of the world around me, if only it helps me to live, to feel I exist and to know what I am'. આ સદીની પહેલી વીશીમાં વાલેરી જેવો બીજો ફ્રેંચ કવિ, 'We Civilizations now know we are mortal' એમ કહીને આપણે મર્ત્ય તો છીએ પણ કેવળ મર્ત્ય જ છીએ એનું અભિજ્ઞાન તીવ્રતાથી કરાવે છે. ચિત્તની અંધારગલીઓનાં દ્વાર ખોલી આપીને રેમ્બો વળી આપણને એક નવા અનુભવજગત આગળ લાવીને મૂકે છે.

આ સદીના પ્રારંભમાં માણસ માણસ વચ્ચેના સંબંધોમાં બુનિયાદી પરિવર્તન આવે છે. બે વિશ્વયુદ્ધો એ સંબંધો માટે મોટાં પાતક–ઘાતક પુરવાર થાય છે. માનવી જે સંસ્કૃતિનું, સભ્યતાનું, ઈશ્વર–પ્રેમ કે ધર્મનું ડિમડિમ વગાડ્યા કરતો હતો એ બધું યુદ્ધાનુભવે પોકળ જણાયું.

સાર્ત્ર અને અન્ય સર્જક–વિચારકોની વિચારણાએ 'અસ્તિત્વ'ને જ એક માત્ર સત્ય ઠેરવીને પરંપરાગત મૂલ્યોની ભ્રામકતાને ચીરી બતાવી. ભૂખર મૃત્યુ એનું મોં ખોલીને સામે આવીને ઊભું. ફ્રોઈડ–યુંગ જેવા મનોવૈજ્ઞાનિકોએ ચિત્તના અજ્ઞાત પ્રદેશોને ઉઘાડી આપ્યા. યંત્રસંસ્કૃતિના પરિણામરૂપ તોતિંગ યંત્રો અને રાક્ષસી નગરો વચ્ચે માનવી પોતે જ એક યંત્ર રોબૉટ Robot બની રહ્યો ! પોતે એક તુચ્છ જંતુ–જંતુડું હોવાનો અનુભવ કરવા લાગ્યો. કામૂની સિસિફસની મીથની જેમ એણે અનુભવ્યું કે જીવન એકધારી ચઢ–ઊતરની વ્યર્થતા સિવાય બીજું કશું નથી. ઈશ્વરની આધારશિલા ખસી જતાં અને જતન કરીને સાચવી રાખેલાં મૂલ્યો ઠાલાં પ્રતીત થતાં તે નરી હતાશાનો અનુભવ કરી રહે છે. ટકી રહેવા તરણોપાય પણ ન બચ્યો ! ભીતરથી એ છિન્ન-ભિન્ન થઈ જાય છે. નાભિબિન્દુથી છૂટા પડી ગયાની દુઃસહ અનુભૂતિ સાથે એ અડવડે છે.

૧૯૫૫–૫૭ની આસપાસ આપણે ત્યાં કેટલાક કવિઓ નવું પ્રકટાવવાની તૈયારી કરી ચૂક્યા હોય છે ત્યારે ઘરઆંગણે જ એવી કેટલીક ઘટનાઓ બને છે જે આપણા કવિના સંવેદન-તંત્રને ક્ષુબ્ધ કરી મૂકે છે. '૪૭માં આઝાદી મળે છે પણ એક જ દેશના બે ટુકડા પાડીને. કોમી દાવાનળ, ગાંધીજીની હત્યા અને ભાષાવાદના ઝગડા જેવા બનાવોએ સ્વરાજના સ્વાદને કટુ બનાવી મૂક્યો. આ ઘાત–પ્રત્યાઘાતના સમયમાં ત્રીશીના ઉમાશંકર અને તે પછીના નિરંજન વગેરે નવા કવિઓ નૈરાશ્યની, છિન્નતાની વાત લાક્ષણિક રીતે કરે છે. 'નવા આંક'માં ઈશ્વરના નામે મોટો છેકો મૂકવાનું કહેતા નિરંજન 'પ્રવાલદ્વીપ' ગુચ્છમાં પંડની છિન્નતાને–નગરજીવનની દુર્ભગતાને જુદે જુદે રૂપે વ્યક્ત કરે છે. પોતાને જ પોતે અજાણ લાગે છે:

અહીં નરી જ વિકૃતિ,
મને જ હું અજાણ લાગતો
ન ખ્યાલ ને રહું પુકારતો: 'નિરંજન ઓ !'
થતો ન અર્થ માત્ર અક્ષરો, કંઈ સ્વરો કંઈક વ્યંજનો

(છંદોલય–પૃ. ૧૫૪)

ત્રીશીના ઉમાશંકર સ્વાતંત્ર્ય પછીના પહેલા દાયકામાં નિર્ભ્રાન્ત બની જાય છે. મંગલ શબ્દના આ ગાયકને હવે પ્રશ્ન એકકેન્દ્ર બનવાનો છે. માનવી માત્ર વતીથી એવી વિચ્છિત્તિને પ્રગટાવતાં કવિ કહે છે:

છિન્નભિન્ન છું.
નિશ્છંદ કવિતામાં ધબકવા કરતા લય સમો,
માનવજાતિના જીવનપટ પર ઊપસવા મથતી કોઈ ભાત જેવો
ઘેરઘેર પડેલ હજી નવ–હાથ–લાગ્યા ભિક્ષુકના ટુક જેમ વિચ્છિન્ન છું.

(સમગ્ર કવિતા: ૭૯૯)

હતાશા અને છિન્નભિન્નતાના ભાવ, આધુનિક કવિતાના એક લક્ષણરૂપે ઉત્કટતાથી વ્યક્ત થતા રહે છે સુરેશ જોશી અને તે પછીના અન્ય આધુનિકોમાં. પશ્ચિમનું જીવન અને ત્યાંનો નાસ્તિમૂલક અભિગમ, વિશ્વસાહિત્યના પ્રત્યક્ષને સઘન પરિચયથી વધુ દૃઢ બને છે. દેશની

રાજકીય–સામાજિક–આર્થિક સંસ્થિતિ અને ઘરેડમાં પડી ગયેલી આપણી કવિતા–આ સૌ નવ્ય કવિની વિદ્રોહવૃત્તિને પડકારે છે. સર્વ પ્રકારની હતાશા અને નિજની છિન્નતા તેને ઉદ્દંડ બનાવે છે. પ્રકૃતિ, પ્રેમ, ધર્મ, ઈશ્વર, માનવીય સંબંધો, ભાષા અને ખુદ વિશે એનો દૃષ્ટિકોણ ધરાર બદલાઈ જતાં એ બધું હવે નવું રૂપ ધરીને, આઘાત આપે એ રીતે, એની સૃષ્ટિમાં પ્રવેશ કરે છે. વડીલ કવિની શ્રદ્ધાની ધોળી બકરીને હલાલ કરવી છોડી દેવાનું કહેતા આ કવિ પાસે શ્રદ્ધા તો બચી જ કયાં છે? પૃથ્વીને અંધ ગાંધારી લેખી અણુસ્ફોટને પરિણામે થયેલ વિશ્વભંગ સાથે જાતભંગને જોડતાં સુરેશ જોશી કહે છે:

વિશ્વછંદ તણો ભંગ
શીર્ણ ને વિશીર્ણ કરે અંગે અંગ
હિરોશીમા નાગાસાકી
કહો, કશું રહ્યું બાકી? (ઈતરા. પૃ. ૫)

આ હતાશાએ કવિની પંચેન્દ્રિયોના અનુભવને પણ બદલી નાખ્યો છે. સૌંદર્યને સ્થાને એની સામે હવે કદર્ય આવીને ઊભું છે. પ્રકૃતિને એ હવે જુદા રૂપે અનુભવી રહે છે. ગુલામ મોહમ્મદ શેખ આથી તો તેમની એક કૃતિમાં પોષની ચાંદનીને થીજેલ કોપરેલ જેવી કહી તેને મસળી નાખીને આખા શરીરે ઘસવા તૈયાર થયા છે. શિષ્ટતાના વાઘા તજીને પુનઃ ભીતરનાં વન્ય પશુઓને છેડીને તે અસલની આદિમતા પ્રકટાવવા ઉદ્યુક્ત બને છે. આ સબળ કવિની કૃતિઓમાં ઓકારીબકારી આવે તેવું પણ ઘણું છે. કાચંડો, કરોળિયો, વીંછી કે ઘુવડ જેવાં તેમનાં નવ્ય પ્રતીકો રૂપાન્તરે માનવ અસ્તિત્વની–તેની છિન્નતાનાં જ દ્યોતક બન્યાં છે.

'રે મઠ'ના કવિઓનું એક આખું જૂથ આ ગાળામાં એલન ગિન્સબર્ગના 'બિટનિક' મિજાજનું સ્મરણ કરાવે તેવી ભંજકતાને લઈને કવિતામાં આવે છે. ચિનુ મોદી, લાભશંકર ઠાકર, આદિલ મન્સૂરી, મનહર મોદી, રાજેન્દ્ર શુક્લ, જ્યોતિષ જાની વગેરે અનેક કવિઓએ ચહેરા–મહોરાવાળા માનવીના, રિક્ત જીવનને, આઘાત આપે તેવાં કલ્પનોથી વ્યક્ત કર્યું છે. એનામાં આવતો ખંડિતત્રુટિત 'હું' સંવાદ કે સંભાષણ છોડીને હવે સ્વ સાથે એકોક્તિ આરંભે છે. 'કવિ લઘરાજીનું ચિંતન'માં લાભશંકર તૂટી–ફૂટીને ખૂટી જનારા એવા 'હું'ને સરસ રીતે વાચા આપે છે. માનવીની આ વેરવિખેર સ્થિતિની સામે ભાષાનું ટૂંપણું પણ છતું થઈ ગયું છે. સતત પ્રયોગરત રહેતા લાભશંકર જેવા કવિએ આથી તો 'ડોલ શબ્દની કાણી રે' એવું જાહેર કર્યું! માત્ર માનવી જ શું કામ, લાભશંકરને તો શબ્દ પણ ચિરાઈ ગયેલો ને લોહી-લુહાણ થયેલો દેખાય છે.

રાવજી જેવા પ્રતિભાસંપન્ન કવિને સાંપ્રત જીવનની છિન્નભિન્નતા નર્યો ઉપહાસ કરવા પ્રેરે છે. 'સ્વ. હુંશીલાલની યાદમાં' જેવી મહત્ત્વપૂર્ણ કૃતિમાં તેણે માનવમૂલ્યોનું વિદૂષક-વૃત્તિથી ખૂબીપૂર્વક વિડંબન કર્યું છે. અનેક સ્તરેથી ખીલતી આ વિલક્ષણ રચનામાં રાવજી થોકબંધ વિરોધી સંવેદનોને અથડાવતો રહ્યો છે. હુંશીલાલની હાય હાય ગાતાં તે તેને વટનો કટકો કહી નરદમ કડકો પણ કહે છે. ગામ આખાનો પાડો ગણી હમ્બો હમ્બોથી તે તેની ઠેકડી

પણ ઉરાડે છે! 'ૐ' શબ્દના સૌથી ય વધુ અર્થ કાઢનારા આપણે અહીં એ 'ૐ'ને નિઃસહાયતાનો પર્યાય બનતો જોઈએ છીએ. 'ઠાગા ઠૈયા'માં ખુદની અને એ દ્વારા માણસની હતાર્થ સ્થિતિનું નિરૂપણ કરતાં રાવજી લખે છે:

હું તો માત્ર
ઓરડામાં સબળતું આદિ મમી
... ... ... ...
હું તો માત્ર
ખાલીખમ નિઃસહાય ૐ (અંગત. ૬૧)

મણિલાલ દેસાઈ જેવો બીજો નોંધપાત્ર કવિ સમગ્ર સંસ્કૃતિ અને માનવઅસ્તિત્વનું નીકળી ચૂકેલું ધનોતપનોત વ્યક્ત કરતાં કહે છે:

આકાશ એકાએક ધસી પડ્યું.
બધી જ સંસ્કૃતિઓ એની નીચે
ચગદાઈ ગઈ.
મોહેં-જો-દરો અને નવું દિલ્હી
બધું જ થઈ ગયું એક......
ત્યારે
એકાદ અશ્મિભૂતની પાંસળીએ વળગી રહેલો હું
જંતુ બની
માટી કોરતો કોરતો
સપાટી પર આવ્યો
અને
મનુને શોધવા લાગ્યો. (રાનેરી. ૩૦)

આ હતપ્રભ કવિને ઈશ્વર પણ 'બાબર દેવા છાપ' લાગે છે.

સિતાંશુ જેવા સરૂરિયલ કવિ તર્ક અને બુદ્ધિની પકડમાંથી છૂટીને માનવીય વિભક્તતાને વ્યક્ત કરવા લેબિરિન્થ શૈલીનો આશ્રય લે છે. 'સ્વ. હુંશીલાલની યાદ'માં રાવજી જે સિદ્ધ કરવા મથ્યો છે તે અહીં મગન વિશેનાં કાવ્યોમાં ભિન્ન રીતે આકારિત થતું જણાય છે. 'મગન'ના કલ્પિત પાત્ર દ્વારા કવિ પ્રત્યેક વ્યક્તિમાં સ્થિતિ મગનત્વને બહાર લાવતાં 'મગનના વધેલા નખ એ જ મારા વધેલા નખ' એવા તારણ ઉપર આવે છે. આ કવિ 'પોમ્પાઈ અર્થાત્ બોમ્બાઈ નગરમાં એક ખેલ યાને વહાણુ નામે ભૂલ' કે 'દા. ત. મુંબઈ: હયાતીની તપાસનો એક સરૂરિયલ અહેવાલ' જેવી રચનાઓ દ્વારા આજની યંત્રસંસ્કૃતિની નીપજ સમાં વિરાટકાય શહેરોની અટપટી રેખાઓ ઉકેલવા પણ મથ્યો છે. આ અને અન્ય કવિઓની નગર ઉપરની એવી કૃતિઓ પણ એની છિન્ન-ક્લિન્ન મનોદશામાંથી જ રચાઈ આવી છે.

'ભાભો તો સપાટ', 'નકલી હું', 'દલો તરવાડી', 'ક્યાં છો ચંદ્રકાન્ત ?' કે 'બાણુ ગેંનુ' જેવી કૃતિઓમાં ચન્દ્રકાન્ત શેઠે માનવીય અસ્તિત્વની વ્યર્થતાને સુપેરે છતી કરી છે. સુરેશ દલાલ જેવા કવિએ માનવીય છિન્નભિન્નતાનું ચિત્ર આપતાં પ્રેમના સંવેદનને પણ પોકળ ઠેરવ્યું છે. 'આધુનિક લોકગીત'માં આથી જ તેઓ 'ઈંટ અને પથ્થરના માણસને' મૂગા મરવાનું કહીને 'પ્રેમબેમનું નામ અહીં નહીં' એવા નિષ્કર્ષ ઉપર આવે છે.

આ ઉપરાંત બીજા અનેક કવિઓએ સાંપ્રતકાળની હતાશાનું ને છિન્નભિન્નતાનું ચિત્ર ઊભું કરવાના પ્રયત્નો કર્યા છે. રમેશ પારેખ, અનિલ જોશી, જયેન્દ્ર શેખડીવાળા વગેરે કવિઓની કેટલીક કૃતિઓ એ દૃષ્ટિએ ધ્યાન ખેંચનારી બની છે.

રઘુવીર ચૌધરીની 'દાવાનળ', નલિન રાવળની 'અશ્વત્થામા', યશવંત ત્રિવેદીની 'બુગનવેલિયા લવંડેરિયા' કે ધીરુ પરીખની 'કેન્દ્રચ્યુતિ' જેવી રચનાઓ પણ એ પ્રકારની આધુનિક સંવેદનાની વાહક બની છે.

ગુજરાતીમાં આજે સંખ્યાબંધ કવિઓની કવિતા વૈતથ્યના, છિન્નતાના ઉદ્ગારો જુદે જુદે રૂપે કાઢે છે. આધુનિક કવિતા એટલે લગભગ હતાશાની કવિતા, છિન્નતાની કવિતા એમ કહી શકાય એ હદે એમાં તે ભાવોનું નિરૂપણ થતું રહ્યું છે. કેટલાકમાં ઊછીનું લાગે, કૃત્રિમે ય લાગે પણ એમાં થોડાક અવાજો એવા છે કે એમાંનું હતાશા કે છિન્નભિન્નતાનું સંવેદન લોહીમાંથી ચિત્કારાઈ આવતું જણાય. ભાવકને એનો જ આનંદ છે, આશ્વાસન પણ. એવા કવિઓની ભાષા, એમાંનો વ્યંગ્ય કે ઉપહાસનું તત્ત્વ, મૂલ્યવિડંબનની એની વૃત્તિ, વિવમિષાજનક એનાં પ્રતીકો–કલ્પનો, એની નિરુછંદ ગતિ કે પ્રકૃતિપ્રેમઈશ્વરધર્મ વિશેનું એનું કુઠારાઘાત આપતું સંવેદન પેલી હતાશામાંથી–છિન્નભિન્નતામાંથી–વિકસ્યાં–વિસ્તર્યાં હોય છે.

ફુમાપક્ષીની જેમ એવો કવિ એની રાખમાંથી જ બેઠો થવા મથી રહ્યો છે.

# ઉત્તર ગુજરાતના સોલંકીકાલીન વહીવટી વિભાગો તથા તેમાંનાં મુખ્ય નગરો (અભિજ્ઞાન સાથે)*

યતીંદ્ર ઈ. દીક્ષિત

**પ્રાસ્તાવિક :**

ચૌલુક્ય કે સોલંકી રાજ્યને બે સમયગાળામાં વિભક્ત કરી શકાય, જેમ કે પ્રથમ ચૌલુક્ય કે સોલંકી વંશ ઈ. સ. ૯૪૨ થી ઈ. સ. ૧૨૪૪ અને દ્વિતીય કે વાઘેલા ચૌલુક્ય કે સોલંકી વંશ ઈ. સ. ૧૨૪૪ થી ઈ. સ. ૧૩૦૪ સુધી. વહીવટી વિભાગોની દષ્ટિએ આ બંને રાજવંશોને એક ગણવા વધારે યોગ્ય હોવાથી અહીં એ સંદર્ભમાં તેનો વિચાર કરવામાં આવ્યો છે.

મૂલરાજ પહેલાએ અણુહિલપાટક–પત્તનના નાના વિસ્તારમાં રાજ્યની સ્થાપના કર્યા પછી તેના વારસોના સમયમાં ધીમેધીમે તેનો વિકાસ અને વિસ્તાર થયો અને તે એક વિશાળ સામ્રાજ્યમાં પરિણમ્યું. આ સમગ્ર ગાળા દરમિયાન અણુહિલપાટક–પત્તન એ ચૌલુક્ય કે સોલંકી રાજ્યનું પાટનગર કે રાજ્યધાની રહ્યું. સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાલના સમયમાં તે સૌથી વિશાળ સામ્રાજ્ય બન્યું હતું. આ રાજ્યમાં આજે જેને દક્ષિણ રાજસ્થાન કહેવામાં આવે છે તેમાં કિરાડુ અને મેવાડનો સમાવેશ થતો, માળવાનો પશ્ચિમ ભાગ છેક પૂર્વમાં ભિલસા સુધી, દક્ષિણે સમગ્ર લાટ અને પશ્ચિમે અરબી સમુદ્ર, કચ્છ અને સૌરાષ્ટ્રનો તેમાં સમાવેશ થતો. આ વિશાળ રાજ્યમાં સારું વહીવટીતંત્ર હતું અને તેનું વ્યવસ્થાતંત્ર ઉમદા પાયા ઉપર રચાયું હતું.

આ વિષયની માહિતી અને પુરાવા માટે તામ્રશાસનો (કે તામ્રપત્રો), શૈલલેખો અને સમકાલીન સાહિત્ય ઉપર આધાર રાખવામાં આવ્યો છે.

આ વિષયના શીર્ષકમાં 'ઉત્તર ગુજરાતના' એ પ્રયોગ ધ્યાન ખેંચે એવો હોવાથી તેની સમજૂતી આપવી જરૂરી જણાય છે. ભારતમાં ગુજરાતનું રાજ્ય મહારાષ્ટ્રથી જુદું પડ્યુ, પછી ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા જિલ્લો, મહેસાણા જિલ્લો અને સાબરકાંઠા જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો છે, પરંતુ સોલંકીકાલમાં આવી કોઈ સ્પષ્ટ રેખા દોરી શકાય તેમ છે કે કેમ તેનો વિચાર કરવો જોઈએ. સોલંકી સામ્રાજ્યના વિસ્તારમાં દક્ષિણ રાજસ્થાનના કેટલાક પ્રદેશો, પશ્ચિમ માલવાનો કેટલોક વિસ્તાર અને ઉપર જણાવ્યા તે હાલના ઉત્તર ગુજરાતના ત્રણ જિલ્લાઓ ઉપરાંત તેની દક્ષિણના કેટલાક પ્રદેશને સોલંકીસમયના ઉત્તર ગુજરાતમાં આવરી લેવા પડે. આ બાબતની વિગતે માહિતી વહીવટી વિભાગોના વર્ણન વખતે કરવામાં આવશે.

---

* ગુજરાત ઇતિહાસ પરિષદના તા. ૧૬, ૧૭, ૧૮ ઓક્ટોબર ૧૯૮૧માં સૂરત મુકામે મળેલા ૧૧મા અધિવેશનમાં 'મહાગુજરાત સાપ્તાહિક રૌપ્યચંદ્રક'ને પાત્ર ઠરેલો નિબંધ.

## વહીવટી વિભાગો કે એકમો :

આ વિશાળ સોલંકીરાજ્યને વહીવટી હેતુઓ માટે અનેક વિભાગો કે એકમોમાં વિભક્ત કરવામાં આવ્યું હતું, જેમ કે મંડલ, વિષય, પથક, ગ્રામોનાં જૂથ કે સમૂહ અને છેલ્લે ગ્રામ. આ ઉતરતા ક્રમે રચના હતી, જેની વિગતો તામ્રશાસનો વગેરેમાં મળે છે. ગ્રામ એ સૌથી નાનું પરંતુ વહીવટીતંત્રના પાયાનું એકમ હતું એમ સ્પષ્ટ જણાય છે. આ ઉપરાંત પુર, પત્તન, નગર, તીર્થ અને મહાસ્થાનના પણ ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

**મંડલ :** અભિલેખોમાં 'મંડલ'નો ઉલ્લેખ વારંવાર આવે છે અને તેથી એવું જણાય છે કે 'મંડલ' એ સૌથી મોટો વહીવટી વિભાગ હતો. 'મંડલ' શબ્દના અનેક અર્થ નોંધવામાં આવ્યા છે. 'મંડલ' એટલે વર્તુળ, જિલ્લો, પ્રાંત[1] વગેરે. 'દેશ'નો વહીવટી એકમ તરીકે અભિલેખોમાં ઉલ્લેખ થયો છે તે પ્રમાણે 'મંડલ' શબ્દનો શરૂઆતના સમયમાં ઉલ્લેખ થયો નથી, જો કે આંતરરાજ્ય સંબંધની બાબતમાં કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ગૌતમીપુત્ર શાતકર્ણિની નાસિક પ્રશસ્તિમાં પ્રથમવાર તેનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે પણ અહીં તે 'બધા જ પ્રાંતોના વડાઓ તેના પાદને અભિવાદન કરે છે (**सर्वमण्डलाभिवादित**)-ના સંદર્ભમાં વપરાયો છે.[2] અહીં 'મંડલ' શબ્દ કદાચ વહીવટી એકમ તરીકે વપરાયો જણાતો નથી. વહીવટી વિભાગ તરીકે આ શબ્દપ્રયોગ ગુપ્ત સામ્રાજ્યના પૂર્વભાગોમાં પ્રચારમાં હોય તેમ જણાય છે, પરંતુ મધ્ય અને પશ્ચિમ ભારતમાં 'મંડલ' શબ્દપ્રયોગ કેમ વપરાયો નથી તે જરા વિચિત્ર લાગે તેવું છે, જો કે પછીના અભિલેખોમાં આ વિસ્તારમાં આ શબ્દપ્રયોગનો વારંવાર ઉલ્લેખ થયેલો જોવા મળે છે.[3]

સોલંકીકાલીન અભિલેખો અને સાહિત્યમાંથી ઉત્તર ગુજરાતનાં મંડલોનાં નીચેનાં નામો મળે છે :—

૧ સારસ્વતમંડલ શ્રી મોઢેરકીય અર્દ્ધાષ્ટમ કમ્બોઈકા ગ્રામ.

૨ સત્યપુર મંડલ (રાજસ્થાન)

૩ મોહડવાસક અર્ધાષ્ટમ (શત) મંડલ

૪ ભિલ્લમાલ મંડલ (રાજસ્થાન)

૫ ભાઈલ્લસ્વામિ–મહાદ્વાદશક મંડલ (માલવા)

૬ મેદપાટ મંડલ (રાજસ્થાન)

૭ અષ્ટાદશશતમંડલ (રાજસ્થાન)

---

1 Fleet, corpus Inscriptionum Indicarum, vol. III, pp. 32–33

2 Jha, D. N. quoted in 'Revenue system in post-maurya and Gupta Times' (calcutta, 1967) P. 157; EI, VIII, 8 (2) 1. 6.

3 એજન; Yazdani, G. (ed.), 'The Early History of the Deccan', vol I, (Bombay, 1960) P. 47.

ઉપરનાં મંડલોને બે ક્રમમાં વહેંચી શકાય તેમ છે :

(અ) સારસ્વતમંડલ, સત્યપુરમંડલ, ભિલ્લમાલમંડલ અને મેદપાટમંડલ

(આ) મોહડવાસક અર્ધાષ્ટમ (શત) મંડલ, ભાઈલ્લસ્વામિ–મહાદ્વાદશક મંડલ અને અષ્ટાદશશતમંડલ.

(અ) વિભાગની સાથે ગ્રામસમૂહો કે સંખ્યા દર્શાવી નથી અને (આ) વિભાગની સાથે સંખ્યા દર્શાવી છે. આ સંખ્યા સાથે ગ્રામ શબ્દ વાપર્યો નથી છતાં મંડલ એ સૌથી મોટો વહીવટી વિભાગ હોવાથી આ સંખ્યા ગ્રામની સંખ્યા દર્શાવતી હશે એમ માની શકાય તેમ છે. આ સૂચવે છે કે પછીના વહીવટી વિભાગો દર્શાવવાને બદલે ગ્રામસમૂહો અપનાવવાની પદ્ધતિ સ્વીકારવામાં આવી જણાય છે, કદાચ તેમાં બીજા પેટાવિભાગો ના પણ હોય. મહાભારત,[૪] મનુ[૫] અને વિષ્ણુ[૬] સ્મૃતિઓમાં જણાવવામાં આવ્યું છે કે વહીવટીતંત્રના હેતુઓ માટે ૧૦, ૨૦, ૧૦૦ અને ૧૦૦૦ ગ્રામોનાં જૂથોની રચના કરવી, એ બાબત હકીકત હોય તેમ જણાય છે, તે પ્રાચીન રાજ્યશાસ્ત્રના ગ્રંથોની કલ્પના જણાતી નથી.[૭] આ સંખ્યા પછી 'ગ્રામ' શબ્દ વાપર્યો હોય કે નહિ પણ તે વહીવટી વિભાગમાં રહેલાં ગ્રામો કે પેટાવિભાગનું સૂચન કરે છે.[૮]

'મંડલ' વિભાગ દર્શાવવા માટે કાં તો વિસ્તારનું નામ આપવામાં આવ્યું છે, જેમ કે સારસ્વતમંડલ, મેદપાટમંડલ અથવા તે મંડલના મુખ્ય મથકનું નામ આપવામાં આવ્યું છે, જેમ કે સત્યપુરમંડલ, મોહડવાસક અર્ધાષ્ટમ (શત) મંડલ, ભિલ્લમાલ–મંડલ, ભાઈલ્લસ્વામિ–મહાદ્વાદશક-મંડલ અને અપવાદરૂપ કિસ્સામાં આવું કશું ન સૂચવતા ગ્રામસમૂહની સંખ્યા જ દર્શાવવામાં આવી હોય છે, જેમ કે અષ્ટાદશશતમંડલ. આમ આ રીતે વહીવટી વિભાગો માટે કોઈ એક પદ્ધતિનો ઉપયોગ થયો જણાતો નથી. તેનું કારણ કદાચ એ પણ હોઈ શકે કે જેમ જેમ સોલંકીરાજ્યનો વિસ્તાર થતો ગયો હોય અને પ્રદેશો રાજ્યમાં ઉમેરાતા ગયા હોય, તેમ તેમ તેમનાં મૂળ નામ કે વહીવટી વિભાગોને એમ ને એમ રાખીને કે થોડા ફેરફાર સાથે તેનો સમાવેશ સામ્રાજ્યમાં કરી લેવામાં આવ્યો હોય.

હવે ઉપર દર્શાવેલાં મંડલોની વિગતો તપાસીએ :

---

4 Quoted in A. S. Altekar, 'The Rāshṭrakūṭas And Their Times', PP. 139, 87, 3–5

૫ સાત, ૧૧૫

૬ ત્રણ, ૪–૬

7 A. S. Altekar, op. cit.

8 DIXIT Y. I. (Dr.) 'A study of the administrative organization and its working in Gujarat from the beginning of the Maitraka period to the end of the Chaulukya period (typed and un-published thesis, Gujarat uni. 1976) P. 303

**૧. સારસ્વતમંડલ :** રાજધાની અણુહિલપાટક–પત્તનની આસપાસનો પ્રદેશ 'સારસ્વત મંડલ' તરીકે ઓળખાતો, કેમકે એ સરસ્વતી નદીના વિસ્તાર પર આવેલો પ્રદેશ હતો. પૂર્વમાં એ સાબરમતી નદી સુધી અને વાયવ્યમાં બનાસ નદી સુધી વિસ્તરતો. અણુહિલ-પાટક–પત્તન, શ્રીસ્થળ (સિદ્ધપુર), ગંભૂતા (ગાંભૂ), મોઢેરક (મોઢેરા), મંડલી (માંડલ), ઘૂસડી (વીરમગામ), મહિષાણક (મહેસાણા), આનંદપુર (વડનગર) વગેરે અનેક સ્થળોનો સારસ્વતમંડલમાં સમાવેશ થતો હતો. આ મંડલમાં મુખ્યતઃ હાલના મહેસાણા જિલ્લાનો તથા એ ઉપરાંત બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લાના થોડા ભાગનો સમાવેશ થતો. સારસ્વતમંડલનો ઉલ્લેખ મૂલરાજ પહેલાના સં. ૧૦૪૩ (ઈ. સ. ૯૮૭)ના દાનપત્રમાં આવે છે,[૯] ને એમાં મંડલની અંદર મોઢેરકીય અર્ધાષ્ટમ પેટાવિભાગ જણાવ્યો છે. આ વિભાગ શરૂઆતમાં ૭૫૦ ગ્રામોનો વિસ્તાર હશે; પરંતુ આગળ જતાં એને સ્થાને ગંભૂતા, વર્દ્ધિ, વાલૌય, ધાણુદ્રા, વિષય, દંડાહી, ચાલીસા વગેરે પથક પ્રચલિત થયા. જો કે આ બધા પથકોને દાનપત્રોમાં સ્પષ્ટ રીતે સારસ્વતમંડલમાં જણાવ્યા નથી, પરંતુ ભૌગોલિક સંદર્ભ પરથી આ સર્વ પથક સારસ્વત-મંડલની અંતર્ગત હોવાનું સૂચવાયું છે એ યોગ્ય લાગે છે.[૧૦]

**૨. સત્યપુરમંડલ :**[૧૧] સારસ્વતમંડલની ઉત્તરે સત્યપુરમંડલ હતું. સત્યપુર (સાંચોર)ની આસપાસ આવેલું આ મંડલ હાલના જોધપુર જિલ્લા સાથે સામ્ય ધરાવે છે. એનું વડું મથક સત્યપુર હતું. સત્યપુર એ બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાની ઉત્તરે આવેલું સાંચોર છે. અણુહિલવાડ પાટણની ઉત્તર–પશ્ચિમે એ સોએક કિ.મિ.ના અંતરે આવેલું છે.[૧૨] (૨૪° ૪૦′ ઉ. ૭૧° ૫૫′ પ.)

**૩. મોહડવાસક અર્ધાષ્ટમ (શત) મંડલ :** મોહડવાસક એ હાલનું મોડાસા છે. શરૂઆતમાં પરમારો રાષ્ટ્રકૂટ રાજાઓના ખંડિયા હતા અને પછી તેઓ સ્વતંત્ર અને પ્રતાપી બન્યા ત્યારે મોહડવાસક વિષયને મંડલ એટલે અર્ધાષ્ટમ (શત) અર્થાત્ ૭૫૦ ગ્રામોનું બનેલું મંડલ બનાવ્યું. ભોજદેવના સમયમાં મોડાસા એટલાં ગ્રામોના મંડલનું વડું મથક હતું.[૧૩] હાલમાં મોડાસા એ મોડાસા તાલુકાનું વડું મથક છે અને મોડાસા તાલુકો એ સાબરકાંઠા જિલ્લાનો એક ભાગ છે.[૧૪]

---

૯ આચાર્ય ગિ. વ. (સં.) 'ગુજરાતના ઐતિહાસિક લેખો', ભા. ૨., લેખ ૧૩૭

10 Sankalia H. D., 'Studies in the Historical and Cultural Geography and Ethnography of Gujarat', PP. 35 ff.

૧૧ ગુ. ઐ. લે., ભા. ૨., લેખ ૧૩૮

૧૨ 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' (સં. પરીખ ર. છો. અને શાસ્ત્રી હ. ગં.), ગ્રંથ. ૪, પૃ. ૨૨૧; શાસ્ત્રી, હ. ગં. 'ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ', પ્ર. આવૃત્તિ, પૃ. ૨૪૦

૧૩ જુઓ, શાસ્ત્રી (ડૉ.) હ. ગં., 'મોડાસામાંથી મળેલું પરમાર ભોજદેવના સમયનું તામ્રપત્ર' વિ. સં. ૧૦૬૭=ઇ. સ. ૧૦૧૧', **માજુમ**, ૧૯૬૬, પૃ. ૩૨ થી ૩૪; EI, XXXII, P. 192

૧૪ નિયામક શ્રી, જનગણના, અમદાવાદના સહયોગથી નિર્મિત 'નકશામાં ગુજરાત,' પ્ર. યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ–૬, પ્રથમ આવૃત્તિ પૃ. ૮૬, અક્ષરસૂચિ, પૃ. ૧૧

૪. **ભિલ્લમાલમંડલ :** દુર્લભરાજના તંત્રપાલ ક્ષેમરાજના દાનપત્રમાં[૧૫] આ મંડલનો ઉલ્લેખ આવે છે. એનું વડું મથક ભિલ્લમાલ કે શ્રીમાલ તે હાલનું ભીનમાલ છે, જે રાજસ્થાનના દક્ષિણ–પશ્ચિમ ભાગમાં આબુની ઉત્તર–પશ્ચિમે, સિરોહીની પશ્ચિમે અને બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાની ઉત્તરે આવેલું છે.[૧૬] ( ૨૫" ઉ. ૭૨" ૫' પ. )

૫. **ભાઈલ્લસ્વામિ–મહાદ્વાદશકમંડલ :** આ મંડલ માલવાની પૂર્વમાં ભાઈલ્લ-સ્વામિ ( ભીલસા ) મંડલ હતું.[૧૭] અજયપાલના સમયના ઉદયપુર–શિલાલેખમાં ભાઈલ્લસ્વામિ–મહાદ્વાદશકમંડલનો ઉલ્લેખ છે. શ્રી હરિપ્રસાદ શાસ્ત્રી જણાવે છે કે ' ...ભાઈલ્લસ્વામિ–મંડલ ૧૨ નહિ, પણ ૧૧૨ કે એથી વધુ ગામોનું હોવું જોઈએ.[૧૮] અહીં એ નોંધવું જોઈએ કે ' દ્વાદશક 'ની આગળ ' મહા ' શબ્દ પ્રયોજાયો છે, એટલે ' મહા ' કાં તો આ મંડલનું વિશેષ મહત્ત્વ સૂચવવા કે વધારે ગામોનું એકીકરણ સૂચવવા કે વિશાળ વિસ્તાર સૂચવવા પણ તે વપરાયો હોય તેમ જણાય છે. એનું વડું મથક ભાઈલ્લસ્વામિ એ ભોપાળની ઉત્તર–પૂર્વે બેટવા નદીના પૂર્વ કાંઠા ઉપર આવેલું ભિલસા છે, જેની નજીકમાં પૂર્વ માલવાની પાટનગરી વિદિશા ( બેસનગર ) આવેલી છે. ભાઈલ્લસ્વામિ–મંડલ એ અવંતિમંડલની પૂર્વે આવ્યું હતું.[૧૯] નકશામાં વિદિશાને ભિલસા ગણાવ્યું છે. તેનું સ્થાન આશરે ૨૩° ૩૧' ઉ. ૭૭° ૫૦' પ. છે.

૬. **મેદપાટમંડલ :** ભીમદેવ બીજાના આહાડ તામ્રપત્ર વિ. સં. ૧૨૬૩ ( ઈ. સ. ૧૨૦૬–૭ ) પરથી મેદપાટમંડલની માહિતી ઉપલબ્ધ થાય છે.[૨૦] મેદપાટ ( મેવાડ )નું વડું મથક આઘાટ ( આહાડ-આહડ ) હતું.[૨૧]

૭. **અષ્ટાદશશતમંડલ :** સારંગદેવના સં. ૧૩૫૦ ( ઈ. સ. ૧૨૯૪ )ના આબુ શિલાલેખમાં અષ્ટાદશશત–મંડલ જણાવ્યું છે.[૨૨] તે અર્બુદ ( આબુ ) ગિરિની આસપાસ આવેલું

---

૧૫ જુઓ શર્મા ડી. ' (चौलुक्य) महाराजाधिराज श्री दुर्लभराज के समय का राष्ट्रीय संग्रहालय दल्ही का ( विक्रम ) संवत् १०६७ का दानपत्र ', भारतीय पुरातत्त्व, (पुरातत्त्वाचार्य मुनि जिनविजय अभिनन्दन ग्रन्थ ), जयपुर, १९७१, पृ. ५८–६१

૧૬ ગુ. રા. સાં. ઈ., ગ્રં. ૪, પૃ. ૨૨૧

૧૭ શાસ્ત્રી, હરિપ્રસાદ ગં. સં. ' ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ ', પ્ર. ગુજરાત યુનિ. અમદાવાદ, ૧૯૬૪, પ્રથમ આવૃત્તિ, પૃ. ૨૪૧

૧૮ ગુ. રા. સાં. ઈ., ગ્રં. ૪, પૃ. ૨૨૦

૧૯ એજન, પૃ. ૨૨૦

20 ' Proceedings and Transactions of the seventh All India Oriental Conference ' ( 1933 ), PP. 644–645

૨૧ ગુ. રા. સાં. ઇ., ગ્રં. ૪, પૃ. ૨૨૦

૨૨ ગુ. ઐ. લે., ભા. ૩. લે. ૨૨૩ અ; ' પ્રાચીન ( જૈન ) લેખસંગ્રહ ' ( પ્ર. વિદ્યાવિજયજી મહારાજ ), ભા. ૧. પ્લેટ ૨, નં. ૧૩૩ ( શૈલલેખ ), પૃ. ૧૧૯

મંડલ હતું ને તેમાં ૧૮૦૦ ગ્રામોનો સમાવેશ થતો. એનું વડું મથક ચંદ્રાવતી હશે, જે આબુની તળેટીમાં આવેલી નગરી હતી, અને હાલમાં નામશેષ છે. આ મંડલમાં આબુના પરમાર રાજ્યના પ્રદેશનો સમાવેશ થયો હશે.

ઉત્તર ગુજરાતનાં ઉપર દર્શાવેલાં મંડલોની વિગતો તપાસતાં એવું જણાય છે કે સોલંકીઓએ ગુજરાતમાં રાજ્યની સ્થાપના કર્યા પછી જેમ જેમ ઉત્તરોત્તર તેમના રાજ્યનો વિસ્તાર વધતો ગયો તેમ તેમ તેના વહીવટી વિભાગોનો પણ વિસ્તાર થતો ગયો અને જે પ્રદેશો તાબામાં આવતા ગયા તેમાં વહીવટીતંત્ર વ્યવસ્થિત ચાલે તે માટે સૌથી મોટા વહીવટી વિભાગ તરીકે તેમણે 'મંડલ'ની સ્થાપના કરી અને તે છેક સુધી ચાલુ રાખી જણાય છે. બીજી રીતે જોઈએ તો વહીવટીતંત્રના વિકેન્દ્રીકરણની તેમણે રચના કરી. મોટે ભાગે જ્યાં મંડલની સ્થાપના થતી ત્યાંના વડા મથકના નામ ઉપરથી તે મંડલનું નામ આપવામાં આવતું એમ જોવા મળે છે; જ્યાં ગ્રામસમૂહો અસ્તિત્વમાં હતાં તેમાં વડામથકના નામની સાથે તે ગ્રામસમૂહની સંખ્યા આપવાનું અને તેને તે રીતે ઓળખવાનું વલણ રાખ્યું જણાય છે, પરંતુ જ્યાં ગ્રામોની સંખ્યા અસંખ્ય હતી તેમાં તે સંખ્યાદર્શક નામ જ ચાલુ રાખ્યું જણાય છે, જેમ કે અષ્ટાદશશતમંડલ. આ રીતે મંડલોની રચના કરીને સોલંકી સામ્રાજ્યને અને ગુજરાતને સારું તંત્ર આપવાનો સોલંકી રાજાઓએ પ્રશસ્ય પ્રયત્ન કર્યો.

### વિષય :

સારસ્વતમંડલમાં શરૂઆતમાં વર્દ્ધિવિષય અને ગંભૂતાવિષય જેવા વિષય હતા.[૨૩] આ વિભાગમાં ત્રણ વિષયોના ઉલ્લેખો નીચે પ્રમાણે પ્રાપ્ત થાય છે: ૧. મોહડ વાસક વિષય ૨. વર્દ્ધિવિષય ૩. કાન્યકુબ્જવિષય.

**૧. મોહડવાસકવિષય :** સોલંકીકાલના શરૂઆતના ભાગમાં પરમારવંશના લેખોમાં મોહડવાસકવિષયનો ઉલ્લેખ છે.[૨૪] આગળ જતાં એ ૭૫૦ ગ્રામોનું બનેલું મંડલ બન્યું. એનું વડું મથક મોહડવાસક એ મોડાસા (જિ. સાબરકાંઠા) છે. આ વિષયનો સમાવેશ ખેટક-મંડલમાં હતો.[૨૫]

**૨. વર્દ્ધિવિષય :** મૂલરાજ પહેલાના કડીના વિ. સં. ૧૦૪૩ (ઈ. સ. ૯૮૭)ના દાનપત્રમાં વર્દ્ધિવિષયનો ઉલ્લેખ છે. વર્દ્ધિ એ 'વધિઆર' કે 'વઢિયાર'નો પર્યાય છે કે જે પ્રાચીન છે અને હાલનું નામ (વઢિયાર) ઝીંઝુવાડાથી રાધનપુર વચ્ચેના કચ્છના રણની પડોશના પ્રદેશનું છે.[૨૬]

---

23 Sankalia H. D., op. cit., P. 35

૨૪ ગુ. ઐ. લે., ભા. ૩, લેખ ૨૩૭

૨૫ ગુ. રા. સાં. ઈ., ગ્રં. ૪, પૃ. ૨૧૮

૨૬ ગુ. ઐ. લે., ભા. ૨., લેખ ૧૩૭

**૩. કાન્યકુબ્જવિષય :** આ વિષયનો ઉલ્લેખ કુમારપાલના સમયના પ્રભાસ-પાટણમાંના ભદ્રકાળીના શિલાલેખ (વિ.સં. ૧૨૨૫)માં આવે છે.[૨૭] આ વિષય એ વહીવટી વિભાગના સંદર્ભમાં હશે કે કેમ એમાં શંકા થાય તેમ છે.

ઉપરની વિગતો પરથી જણાય છે કે વિષયોની સંખ્યા ઘણી ઓછી છે. મૈત્રકોના સમયમાં વિષય એ વહીવટીતંત્રનો સૌથી મોટો વિભાગ હતો અને તે સમયે તે પ્રચલિત હતો, પરંતુ સમયના વહેણ સાથે વિષય એ જવલ્લે જ ઉપયોગમાં લેવાતું વહીવટી એકમ બન્યું અને ખાસ કરીને સોલંકી રાજ્યમાં આ નામનો ઉપયોગ ઘટી ગયો લાગે છે. આમ છતાં દક્ષિણ ગુજરાતમાં અને રાજસ્થાનમાં તે લાંબો સમય ટક્યું, જ્યારે ઉત્તર ગુજરાતમાં તેનો ઉપયોગ બંધ પડયો.

**પથકો :**

ઉત્તર ગુજરાતમાં સોલંકીસમયમાં નીચેનાં પથકોનો ઉલ્લેખ મળે છે: ૧. વર્દ્ધિપથક ૨. ધાણુદાહારપથક, ૩. ગંભૂતાપથક, ૪. વિષયપથક, ૫. દંડાહીપથક, ૬. અરિશતપથક, ૭. ભૃંગારિકા ચતુઃષષ્ઠિ [ ષ્ટિ ] પથક, ૮. ચાલીસાપથક ૯. વાલૌયપથક.

એવું જણાય છે કે પથક એ ગ્રામોનું કે ગ્રામોના જૂથોનું અને નગરોનું બનેલું હતું. પથકનું વડું મથક તેના ખાસ ઉલ્લેખ દ્વારા દર્શાવવામાં આવતું એમ ઉપરની યાદી જોતાં જણાય છે. મૈત્રકરાજ્યમાં પથક એ વહીવટી વિભાગ હતો અને તેનો મૈત્રકોના તામ્રપત્રોમાં વારંવાર ઉલ્લેખ આવે છે. દક્ષિણ ગુજરાતમાં ફક્ત ગુર્જર રાજ્યમાં જ પથકોનો નિર્દેશ થયો છે, પરંતુ રાષ્ટ્રકૂટોએ પથકોનો ઉલ્લેખ કર્યો નથી. ઉપરની યાદીમાં 'વિષય-પથક'નો ઉલ્લેખ છે. આ સ્થળે 'વિષય'એ વહીવટી વિભાગ જણાતો નથી, પરંતુ તે સ્થળનામ લાગે છે. કેટલાક પથકોને મંડલોના પેટાવિભાગ તરીકે દર્શાવવામાં આવેલા છે, પણ તેના ઉલ્લેખ ઉત્તર ગુજરાતમાં નથી, ગુજરાતના બીજા ભાગમાં છે. સોલંકીસમયમાં 'વિષય'નું સ્થાન 'પથકે' લીધું જણાય છે.

**૧ વર્દ્ધિપથક :** આનો ઉલ્લેખ જયંતસિંહના તામ્રપત્રમાં છે (વિ. સં. ૧૨૮૦ = ઈ. સ. ૧૨૨૩-૨૪).[૨૮] ભૌગોલિક દૃષ્ટિએ હાલ આ પ્રદેશ 'વઢિયાર' તરીકે જાણીતો છે. આ પથકનું વડું મથક મંડલી હતું. મંડલી અમદાવાદ જિલ્લાના વીરમગામ તાલુકામાં આવેલું માંડલ છે, જે વીરમગામની ઉત્તર-પશ્ચિમે આવેલું જૂનું નગર છે.[૨૯]

**૨ ધાણુદાહારપથક :** એનો ઉલ્લેખ ભીમદેવ પહેલાના પાલનપુરના તામ્રપત્રમાં થયો છે.[૩૦] આ પથકનું વડું મથક ધાણુદા એ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના પૂર્વ

---

૨૭ એજન, લેખ ૧૫૫

૨૮ એજન, લેખ ૧૬૫

૨૯ ગુ. રા. સાં. ઈ., ગ્રં. ૪, પૃ. ૨૧૫

૩૦ ગુ. ઐ. લે., ભા. ૩. લેખ ૧૪૦ અ

ભાગમાં આવેલું ધાણધા છે. આ પથકમાં પાલનપુર તાલુકા અને ડીસા તાલુકાનો સમાવેશ થતો હશે.[૩૧] તેથી આ પથક 'ધાણદાહાર' નામે ઓળખાતો હશે. એ સારસ્વતમંડલના ઉત્તરભાગમાં આવેલો પથક છે.

૩ **ગંભૂતાપથક :** આ પથકનો ઉલ્લેખ સિદ્ધરાજ જયસિંહના વિ. સં. ૧૧૯૩ (ઈ. સ. ૧૧૩૭)ના તામ્રપત્રમાં[૩૨], કુમારપાલના વિ. સં. ૧૨૦૧ (ઈ. સ. ૧૧૪૪–૪૫)ના તામ્રપત્રમાં[૩૩] મૂલરાજ બીજાના વિ. સં. ૧૨૩૨ (ઈ. સ. ૧૧૭૬)ના તામ્રપત્રમાં[૩૪], અને ભીમદેવ બીજાના વિ. સં. ૧૨૬૩ (ઈ. સ. ૧૨૦૭)ના તામ્રપત્રમાં[૩૫] થયો છે. તેનું વડું મથક ગંભૂતા એ મહેસાણા જિલ્લાના ચાણસ્મા તાલુકામાં આવેલું ગાંભુ છે, જે પુષ્પાવતી નદીના દક્ષિણ તટ પાસે વસેલું છે. ગંભૂતાપથકમાં ચાણસ્મા તાલુકાની ઉત્તરે આવેલા પાટણ તાલુકાના દક્ષિણપૂર્વ ભાગ (જેમાં સંડેર આવેલું છે) નો તથા સિદ્ધપુર તાલુકાના દક્ષિણપશ્ચિમ ભાગ (જેમાં સૂનક અને ડાભી આવેલાં છે)નો પણ સમાવેશ થતો હશે;[૩૬] પરંતુ એ ગામોનો સમાવેશ વિષય-પથકમાં થતો હોય એ વધુ સંભવિત છે.[૩૭]

૪ **વિષય-પથક :** આ પથકનો ઉલ્લેખ ત્રિભુવનપાલના દાનપત્રમાં થયો છે.[૩૮] આ પથકમાં આવેલાં ગામો ઉપરથી કહી શકાય કે વિષય–પથક પાટણ તાલુકાના દક્ષિણપૂર્વ ભાગમાં, સિદ્ધપુર તાલુકાના દક્ષિણ ભાગમાં અને વીસનગર તાલુકાના ઉત્તર ભાગમાં આવેલો ગણાય. આ પથકનું વડું મથક જાણવા મળ્યું નથી. કર્ણદેવ પહેલાના સં. ૧૧૪૮ (ઈ. સ. ૧૦૯૨)ના દાનપત્ર[૩૯]માં જણાવેલા આનંદપુર–૧૨૬ વિભાગમાં સિદ્ધપુર–પાટણ તાલુકાઓના દક્ષિણ ભાગમાં આવેલાં ગામોનો સમાવેશ થતો હોઈ એ વિભાગ આગળ જતાં વિષય–પથકમાં ફેરવાયો લાગે છે. તેથી એનું વડું મથક આનંદપુર (વડનગર) હોઈ શકે. મૂળમાં આનંદપુર વિષય હશે. તે પથક થતાં 'વિષય–પથક' તરીકે પ્રચલિત થયો હશે.[૪૦]

૫. **દંડાહીપથક :** વિષય–પથકની દક્ષિણે દંડાહી–પથક હતો. એનો ઉલ્લેખ ભીમદેવ બીજાના સં. ૧૨૫૬ (ઈ. સ. ૧૨૦૦)ના તામ્રપત્રમાં તેમ જ ત્રિભુવનપાલના વિ. સં.

---

31 Sankalia H. D., op. cit., PP. 35 ff.

૩૨ ગુ. ઐ. લે., ભા. ૩. લેખ ૧૪૩ બી (પ્રથમ પતરું)

૩૩ એજન, લેખ ૧૪૪ ઈ

૩૪ એજન, લેખ ૧૫૭ બી

૩૫ એજન, લેખ ૧૬૦

36 Sankalia H. D., op. cit., PP. 39 f.

૩૭ ગુ. રા. સાં. ઇ, ગ્રં. ૪., પૃ. ૨૧૫

૩૮ ગુ. ઐ. લે. લેખ ૨૦૫ (૬); Indian Antiquary, VI, PP. 208–9

૩૯ એજન, લેખ ૧૪૩

૪૦ ગુ. રા. સાં. ઈ., ગ્રં. ૪., પૃ. ૨૧૬

૧૨૯૯ (ઈ. સ. ૧૨૪૩)ના તામ્રપત્રમાં થયો છે.[૪૧] પહેલા તામ્રપત્રમાં જણાવેલાં ગામો હાલના વીસનગર તાલુકાના દક્ષિણ ભાગમાં અને મહેસાણા તાલુકાના ઉત્તર ભાગમાં આવેલાં છે. બીજા તામ્રપત્રમાં જણાવેલાં ગામો કડી તાલુકાના ઉત્તરપૂર્વ ભાગમાં આવેલાં છે. 'મહાપુરિસચરિય'ની સં. ૧૨૨૭ (ઈ. સ. ૧૧૭૧)ની તાડપત્રીય પ્રતની પ્રશસ્તિમાં જણાવેલું ગ્રામ મહેસાણાની નજીક આવેલું હોઈ દંડાવ્ય (દંડાહી) પથકની અંતર્ગત લાગે છે. 'લેખપદ્ધતિ'માં દન્દાહીય (દંડાહી) પથકમાં જણાવેલું ગામ કલોલ તાલુકાના ઉત્તર-પૂર્વ ભાગમાં આવેલું હોઈ શકે. આમ દંડાહી-પથકનો વિસ્તાર મહેસાણા-વીસનગર તાલુકાથી શરૂ કરીને કડી-કલોલ તાલુકાના ઉત્તરભાગ સુધી હોવાનું જણાય છે.[૪૨]

૬ **અરિશતપથક :** ભીમદેવ બીજાના વિ. સં. ૧૨૮૭ (ઈ. સ. ૧૨૩૧)ના તામ્રપત્રમાં બીજા પતરાના અનુલેખમાં આ પથકનો ઉલ્લેખ સલખણપુરની સાથે થયો છે અને શ્રી. ગિ. વ. આચાર્ય પ્રમાણે આ અનુલેખ ખૂબ ઘસાઈ ગયેલો હોવાથી યોગ્ય રીતે વાંચી શકાય તેવો રહ્યો નથી.[૪૩] સલખણપુર રાણા લવણપ્રસાદે પોતાની માતા સલખણદેવીના નામે વસાવેલું ને ત્યાં પિતાના નામે આનલેશ્વરનું તથા માતાના નામે સલખણેશ્વરનું મંદિર બંધાવેલું.[૪૪] એ ચાણસ્મા તાલુકાના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં આવેલું હાલનું શંખલપુર હોઈ વર્દ્ધિપથકના ઉત્તર ભાગમાં આવેલું ગણાય અને તેથી અરિશતપથકને આ વિસ્તારમાં મૂકી શકાય.

૭ **ભૃંગારિકા-૬૪-પથક :** અજયપાલના સમયના ઉદયપુર શિલાલેખમાં ભાઈલ્લ-સ્વામિ-મહાદ્વાદશ-મંડલનો ઉલ્લેખ આવે છે અને તેમાં સમાવિષ્ટ ભૃંગારિકા-૬૪ નામે પથક હતો. ભૃંગારિકા ઓળખાયું નથી.[૪૫]

૮ **ચાલીસાપથક :** એનો ઉલ્લેખ ભીમદેવ બીજાના સં. ૧૨૮૩ (ઈ. સ. ૧૨૨૭)ના દાનપત્રમાં થયો છે.[૪૬] એમાં જણાવેલાં ગ્રામ કલોલ તાલુકાના દક્ષિણપૂર્વ ભાગમાં આવેલાં છે ને બાજુનું એક ગામ કલોલ તાલુકાની પૂર્વે આવેલા દસક્રોઈ તાલુકા (જિ. અમદાવાદ)ના ઉત્તર પશ્ચિમ ભાગમાં આવેલું છે. શ્રી હરિપ્રસાદ શાસ્ત્રી નોંધે છે, "ડૉ. સાંકળિયા અવયાણિજ અને ચુયાંતિજનાં સ્થાન વડસરની દક્ષિણે જેઠલજ અને સાંતેજમાં હોવાનું સૂચવે છે પરંતુ અવયાણિજ એ વડસરની દક્ષિણ પૂર્વે દસક્રોઈ તાલુકામાં આવેલું ઓગણજ હોય એ વધુ સંભવિત છે."[૪૭] આ પથકનું વડું મથક ચાલીસા કડી તાલુકાના ઉત્તરભાગમાં આવેલું

---

૪૧ ગુ. એ. લે. ભા. ૨., લેખ ૧૫૮, ૨૦૫

૪૨ જુઓ, શ્રી. હરિપ્રસાદ શાસ્ત્રી, 'દંડાહીપથકનો સ્થળનિર્ણય' વિદ્યાપીઠ, વર્ષ ૨, પૃ. ૭-૯ અને Sankalia H. D., op. cit., PP. 34 ff, 36 ff.

૪૩ ગુ. ઐ. લે., ભા. ૨. પૃ. ૧૪૬

૪૪ એજન, લેખ ૧૬૫

૪૫ ગુ. રા. સાં. ઈ., ગ્રં. ૪, પૃ. ૨૨૦

૪૬ ગુ. એ. લે. ભા. ૨. લેખ ૧૬૬

૪૭ ગુ. રા. સાં. ઈ., ગ્રં. ૪, પાદટીપ ૧૧૦, પૃ. ૨૨૭

ચલાસણ હોવાનું સૂચવાયું છે,[૪૮] પરંતુ 'ચાલીસા' નામ ચાલીસ ગામોની સંખ્યા પરથી પડ્યું હોય એ વધારે સંભવિત છે.

**૯ વાલૌય પથક:** ભીમદેવ બીજાના વિ. સં. ૧૨૮૮ (ઈ. સ. ૧૨૩૨)ના તામ્રપત્રમાં આ પથકનો ઉલ્લેખ છે.[૪૯] આ પથક અણહિલવાડની ઉત્તરે આવેલું હતું. એમાં જણાવેલું એ પથકનું ગામ મહેસાણા જિલ્લાના પાટણ તાલુકામાં વોહો નદીના દક્ષિણ કાંઠે આવેલું બાલવા હોઈ શકે.[૫૦] આ પથકમાં પાટણ તાલુકા ઉપરાંત સિદ્ધપુર તાલુકાના ઉત્તર ભાગનો પણ સમાવેશ થતો હશે.[૫૧]

**ગ્રામસમૂહ કે ગ્રામજૂથ :**

અભિલેખોમાં ગ્રામસમૂહોના ઉલ્લેખો નીચે પ્રમાણે મળે છે :

૧. મોઢેરા–૮,[૫૨] ૨. શ્રીમદ્–આનંદપુર–પ્રતિબદ્ધ–ષડ્વિંશત્યધિક ગ્રામ–શતમ્,[૫૩] ૩. રત્નપુર–ચતુરાશિકાયમ્,[૫૪] ૪. ગંભૂતા–પ્રતિબદ્ધ–ચતુઃ–ચત્વારિંશદધિક–ગ્રામ–શતમ્,[૫૫]

સારસ્વતમંડલનો ઉલ્લેખ મૂલરાજ પહેલાના સં. ૧૦૪૩ (ઈ. સ. ૯૮૭)ના દાનપત્રમાં જ આવે છે ને એમાં તો એ મંડલની અંદર મોઢેરકીય અર્ધાષ્ટમ નામે પેટાવિભાગ જણાવ્યો છે.[૫૬] આ વિભાગ શરૂઆતમાં ૭૫૦ ગ્રામોનો વિસ્તાર હશે ને એનું વડું મથક મોઢેરક (મોઢેરા) હશે, પરંતુ આગળ જતાં એને સ્થાને ગંભૂતા, વર્દ્ધિ, વાલૌય, ધાણદા, દંડાહી, ચાલીસા વગેરે પથકો પ્રચલિત થયા.[૫૭]

વિદ્વાનોમાં ઉપર દર્શાવેલા ગ્રામસમૂહોમાં દર્શાવવામાં આવેલી સંખ્યા બાબત મતભેદ પ્રવર્તે છે. પરંતુ ઉપર દર્શાવેલાં દૃષ્ટાંતોમાં 'પ્રતિબદ્ધ' શબ્દ જે આનંદપુર અને ગંભૂતા માટે સ્પષ્ટ રીતે વપરાયો છે તે સ્થળદર્શક નામની પછી જે સંખ્યા આપવામાં આવી છે તે આ

---

48 Sankalia H. D., op. cit., P. 38

૪૯ ગુ. ઐ. લે., ભા. ૨. લેખ ૧૮૬

50 Sankalia H. D., op. cit., PP. 40 f.

૫૧ ગુ. રા. સાં. ઈ., ગ્રં. ૪, પૃ. ૨૧૫–૨૧૬

૫૨ ગુ. ઐ. લે. ભા. ૨., લેખ ૧૩૭

૫૩ જુઓ, Epigraphia Indica, Vol, I, P. 317; કર્ણદેવ પહેલાના સં. ૧૧૪૮ (ઈ. સ. ૧૦૯૨)નું દાનપત્ર, ગુ. ઐ. લે. લેખ નં. ૧૪૩ (આચાર્ય ગિ. વ. (સં.) ગુજરાતના ઐતિહાસિક લેખો ભા. ૧–૩, મુંબઈ, ૧૯૩૩, ૧૯૩૫, ૧૯૪૨)

૫૪ ગુ. ઐ. લે. ભા. ૩., લેખ ૧૫૫ અ

55 Journal of the Oriental Institute, Baroda, Vol. II (1953), P. 369

૫૬ ગુ. ઐ. લે., ભા. ૨., લેખ ૧૩૭; I A, VI, 191–3

૫૭ ગુ. રા. સાં. ઈ., ગ્રંથ ૪, પૃ. ૨૧૪

વહીવટી વિભાગમાં આવેલાં ગ્રામોની સંખ્યા સૂચવે છે. 'દ્વયાશ્રય'નો એક શ્લોક સમજાવતાં અભયતિલકગણિ કહે છે કે સિદ્ધરાજ જયસિંહે સિંહપુરમાં ઘણાં ગ્રામો દાનમાં આપ્યાં હતાં.

"सिंहपुरप्रतिबद्धअनेकान् ग्रामान्",[૫૮] તે જ ભાવમાં સંધ્યાકરનન્દિન્ પોતાના વતનના ગામનું વર્ણન કરતાં લખે છે श्रीपौंड्रवर्धनपुरप्रतिबद्धपुण्यभू बृहद्वतुः[૫૯] 'રામચરિત'નો ટીકાકાર સમજૂતી આપતાં જણાવે છે કે 'પ્રતિબદ્ધ'નો અર્થ 'સંલગ્ન', એટલે એકદમ નજીક આવેલું કે જોડાયેલું. તેથી 'શ્રીમદ્-આનન્દપુર-પ્રતિબદ્ધ-ષડ્વિંશત્યધિક-ગ્રામ-શતમ્' એટલે આનન્દપુર સાથે ગાઢ રીતે સંકળાયેલાં કે જોડાયેલાં ૧૨૬ ગ્રામો. આનંદપુર એ આધુનિક વડનગર છે. તે જ રીતે ગંભૂતામાં ૧૪૪ ગ્રામો આવ્યાં હતાં. જો કે રત્નપુર-૮૪માં 'ગ્રામ' શબ્દપ્રયોગ કે 'પ્રતિબદ્ધ' શબ્દપ્રયોગ થયો નથી, છતાં તે ૮૪ ગ્રામોના સમૂહનું બનેલું હતું અને રત્નપુર કે રતનપુર એ એનું વડું મથક હતું. રત્નપુર કદાચ વડોદરાના ઉત્તર ભાગમાં આવ્યું હશે.[૬૦] આ કોઈ મંડલનો પેટાવિભાગ લાગે છે. આ રત્નપુર એ હાલનું રતનપુર છે.[૬૧] આ રતનપુર એ કાં તો પાલનપુર (જિલ્લા બનાસકાંઠા) કે ઈડર તાલુકા (જિ. સાબરકાંઠા)માં આવેલું હોઈ શકે. સ્થળનિર્ણય થયો લાગતો નથી.

ઉપર દર્શાવેલી યાદીમાં ૧, ૨ અને ૪માં અભિલેખોમાં ગ્રામનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જ્યારે ૧ માં તેના વડામથકનો એટલે કે મંડલનો સ્પષ્ટ ઉલ્લેખ છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે જે સંખ્યા દર્શાવવામાં આવી છે તે વડામથકની આસપાસ આવેલા ગ્રામોનો નિર્દેશ કરે છે. આ ઉપરથી યાદીમાં આપેલા નં. ૧માં જણાવ્યા પ્રમાણે વહીવટી એકમ 'મંડલ'ને ગ્રામજૂથ કે સમૂહમાં વિભાગવામાં આવતું હતું, અથવા યાદીના નં. ૨, ૩ અને ૪માં ગ્રામસમૂહને દર્શાવીને તેના વડામથકનો નિર્દેશ કરવામાં આવતો. એવું જણાય છે કે કર્ણદેવ પહેલાના સમય પછી ગ્રામસમૂહ વહીવટી વિભાગ 'પથક' કરતાં વધારે પ્રચારમાં આવ્યો હોય, અને તે તેમને વધારે યોગ્ય લાગ્યો હોય એ મારું (ડૉ. યતીન્દ્ર દીક્ષિતનું) મંતવ્ય ઉત્તર ગુજરાતના વહીવટી વિભાગને બહુ લાગુ પડતું જણાતું નથી,[૬૨] કારણ કે આપણા આ અભ્યાસમાં ગ્રામ-સમૂહો કરતાં પથકોની સંખ્યા વિશેષ મળે છે. ઉપર જે નવ પથકોની ચર્ચા કરી છે તેમાં પણ ફક્ત ત્રણેક જ પથકો સંખ્યાદર્શક છે, બાકીનામાં સંખ્યા આપવામાં આવી નથી. છતાં અહીં એ નોંધવું જોઈએ કે મંડલ અને પથકમાં પણ કેટલેક સ્થળે સંખ્યા આપવામાં આવી છે, એટલે છેલ્લે તારણ એ નીકળે છે કે ગ્રામસમૂહની સંખ્યા દર્શાવવાનું અને નહીં દર્શાવવાનું એમ બે પદ્ધતિઓ સોલંકીસમય દરમિયાન ઉત્તર ગુજરાતમાં પ્રચલિત હતી.

---

૫૮ द्वयाश्रयकाव्य, XV, v. 98

૫૯ સંધ્યાકરનન્દિન્; રામચરિત, કવિપ્રશસ્તિ, V–I. 'પ્રતિબદ્ધ' શબ્દ એ જ સંદર્ભમાં ઓરિસ્સા અભિલેખમાં વપરાયો છે. EI, XXIX, 89, See Majumdar A. k. 'Chaulukyas of Gujarat', P. 211

60 Majumdar A. k., એજન, P. 212

૬૧ ગુ. રા. સાં. ઈ., ગ્રં. ૪, પૃ. ૨૨૧

62 DIXIT, Y. I. 'Thesis' P. 543 (Type-written, unpublished)

**ગ્રામ :** આજે જેને ગામ તરીકે ઓળખવામાં આવે છે તે પ્રાચીનકાળમાં અને સોલંકી-કાલમાં 'ગ્રામ' શબ્દથી અભિલેખોમાં જાણીતું હતું. ગ્રામ એ પ્રાચીનકાળથી મુખ્ય વહીવટી એકમ તરીકે રહ્યું છે, જેને પાયાનો વહીવટી વિભાગ કહી શકાય. અભિલેખોમાં અને સાહિત્યમાં ગ્રામોના અનેક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. મંડલ, વિષય, પથક અને ગ્રામસમૂહની સાથે જે તે ગ્રામ કે ગ્રામોનો ઉલ્લેખ મળે છે. અહીં એનાં થોડાં દષ્ટાંતો જોઈએ.

૧ સારસ્વતમણ્ડલે શ્રીમોઢેરકીયાર્દ્ધાષ્ટમેષુ કમ્બોઈકાગ્રામે...વર્દ્ધિવિષયે મણ્ડલ્યાં.[૬૩]

૨ શ્રી ભિલ્લમાલમંડલાન્તઃપાતિ ક્ષં(ક્ષ)ત્રિય પદ્દ ગ્રામે...[૬૪]

૩ ઉદયપુરે...ભૃંગારીચતુષષ્ઠૌ સાંગવટ્ટાગ્રામાર્ધં પ્રદત્તમ્ ॥[૬૫]

૪ શ્રી આનંદપુરપ્રતિબદ્ધ ષડ્વિંશત્યધિકગ્રામશતાંતઃપાતિ... । ...સૂનકગ્રામે...[૬૬]

૫ મોહડવાસકવિષયસંબદ્ધ કુંભારોટક ગ્રામ : ।[૬૭]

૬ ...દન્ડાહીયકપથકે બાલૂઆગ્રામે...[૬૮]

૭ ...ધાણુદાહારપથકે...વરણાવાડાગ્રામે...[૬૯]

આ ઉપરાંત દાનમાં આપેલા ગ્રામની સીમા બતાવવા માટે તેની સીમા ઉપર દરેક દિશાએ આવેલાં ગામો દર્શાવવાની પદ્ધતિ પણ અહીં ધ્યાનમાં લેવા જેવી હોવાથી તેની વિગતો માટે ફક્ત એક જ દષ્ટાંત જોઈએ.

ત્રિભુવનપાલના વિ. સં. ૧૨૯૯ના દાનપત્રમાં બે ગામોનું દાન આપવામાં આવ્યું છે જેની વિગતો નીચે પ્રમાણે છે :—

...विषयपथकदंडाहीपथकयोरन्तर्व्वर्त्तिनः...भांषरग्रामराजपुरिग्रामौ स्वसीमा [ पर्यन्तौ ... ] ...भांषरग्रामस्याघाटा यथा ।। पूर्वस्यां कुरलीग्रामदासयजग्रामयोः सीमायां सीमा । दक्षिणस्यां कुरलीग्रामभग्रामयोः सीमायां सीमा । पश्चिमायां अरठउरग्रामउंझाग्रामयोः सीमायां सीमा । उत्तरस्यां उंझाग्राम दासयजग्रामकाम्बलीग्रामाणां सीमायां सीमा ।।

---

૬૩ ગુ. ઐ. લે., ભા. ૨., લેખ ૧૩૭; I A, VI, 191–2

૬૪ શર્મા (ડૉ.) દશરથ, '(चौलुक्य) महाराजाधिराज श्री दुर्लभराज के समयका दानपत्र', મુનિ જીનવિજય અભિનન્દન ગ્રંથ, પૃ. ૫૮ થી ૬૧

૬૫ ગુ. ઐ. લે., ભા. ૨, લેખ ૧૫૧; I A, (1889), XVIII, P. 343

૬૬ ગુ. ઐ. લે. ભા. ૨. લેખ. ૧૪૩; EI, I, P. 31 b.

૬૭ ગુ. ઐ. લે. ભા. ૩. લેખ. ૨૩૭

68 Dalal C. D. (ed.), Lekha paddhati (Baroda, 1925) Vyavahārapatra, II B, P. 34

૬૯ ગુ. ઐ. લે. ભા. ૩., લેખ ૧૪૦ એ

राजपुरिग्रामस्याघाटा यथा ।। पूर्व्वस्यां कूलाव[ सण ]ग्रामडांगरौआग्रामयोः सीमायां सीमा । आग्नेयकोणे चंडावसणग्राम इंद्रावडग्रामयोः सीमायां सीमा । दक्षिणस्यां आहीराणाग्रामसीमायां सीमा । पश्चिमायां सिरसाविनंदावसणग्रामयोः सीमायां सीमा । वायव्यकोणे उंटऊयासिरसाविग्रामयोः सीमायां सीमा । उत्तरस्यां नंदावसणग्रामसीमायां सीमा । ईशानकोणे कुईयलग्रामसीमायां सीमा ।।[७०]

ઉપરના દૃષ્ટાંત ઉપરથી કહી શકાય કે દાનમાં આપેલાં ગામની સીમાઓ નક્કી હતી. તે જે મોટા વહીવટી વિભાગમાં આવેલું તે પણ સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવ્યું છે. એટલું જ નહીં એ ગામની દિશાઓ અને કોણો ( ખૂણાઓ )ની સીમાઓ કયા ગામને સ્પર્શતી તે પણ જણાવવામાં આવે છે. તેના ઉપરથી આજે પણ જો ગામ હયાત હોય, કે તેના નામમાં ફેરફાર થયો હોય છતાં પણ તેનું સ્થાન નક્કી કરી શકાય તેમ છે. આ માટે સંશોધકો તરફથી સૂચક પ્રયત્નો થયા છે અને તેમના પ્રયત્નોને કારણે અનેક સ્થળનામો પ્રકાશમાં આવ્યાં છે. આ માટેના પ્રયત્નો આજે પણ ચાલુ જ છે. ઉપર જે સીમા બતાવવાની પદ્ધતિનો ઉપયોગ થયો છે તે આજે પણ ગુજરાતની નગરપાલિકાઓ કે કોર્પોરેશનો કે ગ્રામપંચાયતોમાં તેમના દસ્તાવેજોમાં જોવા મળે છે. આમ પ્રાચીન પરંપરાઓનાં મૂળ કેવાં ઊંડાં હોય છે તે આના ઉપરથી સમજી શકાય છે.

આ સાથે ‘ આશાપલ્લિ ’ અને ‘ કરદપલ્લડિકા ’ના બે ઉલ્લેખો વીસલદેવના વિ. સં. ૧૩૧૭ના તામ્રપત્રમાં મળે છે.[૭૧] ગ્રામ એ સૌથી નાનું વહીવટી એકમ કે વિભાગ હતો અને તેથી વહીવટી દૃષ્ટિએ પલ્લિ કે પલ્લડિકાને પણ ગ્રામના એક પ્રકાર તરીકે ગણવું પડે. વિસ્તાર કે વસ્તીની દૃષ્ટિએ થતા ફેરફાર અનુસાર ગ્રામ નાનું કે મોટું થતું તેથી પલ્લિથી નાનું એ પલ્લડિકા કે પલ્લિકા હોય તેમ લાગે છે, પરંતુ વહીવટી દૃષ્ટિએ આ બધાં ગ્રામમાં આવી જતાં.

ઉપરની સમગ્ર વિગત જોતાં એવું જણાય છે કે ઉત્તર ગુજરાતના વહીવટી વિભાગોમાં મંડલ–ગ્રામસમૂહ–ગ્રામ; મંડલ–વિષય–ગ્રામ; પથક–ગ્રામ કે ગ્રામસમૂહ–ગ્રામની રચનાઓ પ્રચારમાં હતી. ઉત્તર ગુજરાતમાં વહીવટી વિભાગોની રચના, વ્યવસ્થા અને જાહેરરચના ઉપર આધારિત હતી. સમયે સમયે પરિસ્થિતિ અનુસાર તેમાં ફેરફાર કરવામાં આવતા હતા તે પણ જોઈ શકાય છે. આ વહીવટી વિભાગોનું ગુજરાતના ઇતિહાસ અને સંસ્કૃતિમાં તેમ જ વહીવટી ઇતિહાસમાં ઘણું મોટું પ્રદાન બની રહેશે એ ચોક્કસ છે.

**નગરો :** દાનપત્રો, શૈલલેખો અને સાહિત્યમાં નગરોના અનેક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. તેમાં નીચેનાંનો વિશેષ ઉલ્લેખ થયો હોઈ તે હવે જોઈએ. શ્રીમદ્–અણહિલ(લ્લ)પાટક કે શ્રી અણહિલપુર( પત્તન ); સત્યપુર, આનન્દપુર, આશાપુરી, જાબાલિપુરી, ઉદયપુર, શ્રીમદ્ આનન્દનગર, તેમ જ ભિલ્લમાલ કે શ્રીમાલ.

---

૭૦ એજન. ભા. ૨., લેખ ૨૦૫ ( મૂળમાં ૨૦૬ ); IA, VI, P. 208

૭૧ ગુ. ઐ. લે., લેખ ૨૧૬; IA, VI, PP. 210, 211

**અણહિલપાટક** (પુર કે પત્તન) : વનરાજે લાખારામની નજીકમાં અણહિલ્લ નામે ભરવાડે બતાવેલી શૂરભૂમિ પર રાજધાની માટે નવું નગર વસાવ્યું ને એ નગરનું નામ અણહિલ્લપુર રાખ્યું. એ જ અણહિલપાટક–પત્તન અર્થાત્ અણહિલવાડ પાટણ, જે ચાવડા તેમ જ સોલંકી વંશની રાજધાની તરીકે સુપ્રસિદ્ધ છે. અભિલેખોમાં તેનાં નામ નીચે પ્રમાણે આપવામાં આવ્યાં છે: શ્રીમદ્–અણહિલપાટક, શ્રીમદ્ અણહિલ્લપાટક, શ્રીમદ્ અણહિલપુર, અણહિલપત્તન, પણ મોટેભાગે દાનપત્રોમાં તેનું નામ અણહિલપાટક જોવા મળે છે. જયંતસિંહના વિ.સં. ૧૨૮૦ના દાનપત્રમાં તેનો ઉલ્લેખ 'શ્રીમદ્–અણહિલપુર રાજ્યધાની' તરીકે કરવામાં આવ્યો છે.[૭૨] આમ અણહિલપાટક–પત્તન એ સોલંકી કે વાઘેલા સોલંકીકાલ દરમિયાન સોલંકી સામ્રાજ્યની રાજ્યધાની હતી અને ત્યાંથી સમગ્ર સામ્રાજ્યનો વહીવટ ચાલતો, દાનો પણ ત્યાંથી અપાતાં, આજ્ઞાઓ પણ અહીંથી નીકળતી અને એ રીતે સોલંકીકાલ દરમ્યાન સમગ્ર ગુજરાતના તે રાજકીય, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે કેન્દ્રસ્થાને હતું.

**સત્યપુર :** સત્યપુરનો મંડલવિભાગમાં આગળ ઉલ્લેખ આવી ગયો છે. તે મંડલનું વડું મથક હતું.

**આશાપુરી :** જયસિંહના વિ.સં. ૧૧૫૬ના દાનપત્રમાં ગ્રામોની યાદીમાં તેનો ઉલ્લેખ આવે છે.[૭૩] અહીં એનો ઉલ્લેખ એટલા માટે કર્યો છે કે આ સમય પહેલાં કદાચ આ 'નગર' હોય અને હવે તે ગ્રામમાં ફેરવાયું હોય તે સૂચવવા માટે જ.

**જાબાલિપુરી :** કુમારપાલના વિ.સં. ૧૨૨૧ના દાનશાસનમાં તેનો ઉલ્લેખ છે.[૭૪] તે દર્શાવવાનો હેતુ ઉપર મુજબ જ છે.

**ઉદ્દયપુર :** આ પણ કુમારપાલના સમયના વિ. સં. ૧૨૨૨ના દાનપત્રમાં દર્શાવવામાં આવ્યું છે અને આ અભિલેખમાં તેમાં આવેલા ભૃંગારિચતુષ્ઠી (ષ્ટી) વહીવટી વિભાગનું નામ અને તેમાં દાનમાં આપેલાં અર્ધાગ્રામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ઉદયપુર એ દક્ષિણ રાજસ્થાનમાં આવેલું હાલનું ઉદેપુર જ છે.

**શ્રીમદ્ આનન્દપુર :** ગ્રામસમૂહ કે જૂથની ચર્ચામાં આનન્દપુરનો ઉલ્લેખ આવી ગયો છે. તે હાલનું વડનગર અને વડનગરા નાગર બ્રાહ્મણોનું મૂળ સ્થળ ગણાય છે.

**ભિન્નમાલ-શ્રીમાલ :** મંડલના અભ્યાસમાં આગળ જોયું તે પ્રમાણે તેનું નામ 'ભિલ્લમાલ મંડલ' આપેલું છે, જે દક્ષિણ રાજસ્થાનમાં આવેલું છે. આ નગર અંગે એક પુરાણ રચાયું છે, જેનું નામ 'શ્રીમાલ પુરાણ' કે 'શ્રીમાલ માહાત્મ્ય' છે. આ પુરાણના મતે

---

૭૨ ગુ. ઐ. લે., લેખ ૧૬૫

73 Journal of the Oriental Institute, Vol. 2. (1953), P. 369

૭૪ ગુ. ઐ. લે., લેખ ૨૪૧ અ

આ નગરનું સત્યયુગમાં શ્રીમાલનગર, ત્રેતાયુગમાં પુષ્પમાલ અને કલિયુગમાં ભિન્નમાલ કે ભિલ્લમાલ હતું. એક ચોથું નામ રત્નમાલ પણ પુરાણમાં છે. 'માલ' ઉપરથી આ નગરનું મૂળ નામ શોધી શકાય. માલના ત્રણ અર્થો થાય છે: બે ગામ વચ્ચેની અટવી, ટેકરાળ કે ડુંગરાળ ભૂમિ અને કોઈ મ્લેચ્છ જાતિ. પણ પુરાણનું કલિયુગનું નામ "ભિલ્લમાલ" એ મૂળ નામ લાગે છે. એ ભિલ્લ અને માલ નામની આદિવાસી જાતિઓની મૂળમાં વસાહત હોવી જોઈએ. નગર સમૃદ્ધ થયાં છતાં એ નામ પણ ચાલુ રહ્યું.[૭૫]

આમ પાટક–પત્તન, પુર–પુરી કે નગર શબ્દપ્રયોગ ઉત્તર ગુજરાતનાં કેટલાંક મુખ્ય વહીવટી મથકો માટે વપરાયો છે, પરંતુ વહીવટી પરિભાષામાં તેને નગર કહી શકાય. આ બાબતમાં મૈત્રક–સમયમાં 'દ્રંગ' શબ્દપ્રયોગ થયો છે અને તેના સંદર્ભમાં મૈત્રકકાળમાં નગર, પુર, પુરી, પત્તન વગેરે શબ્દો પ્રયોજાયા છે,[૭૬] એમ ઉત્તર ગુજરાતમાં સોલંકીકાલમાં ઉપરના શબ્દપ્રયોગો થયા જણાય છે.

---

૭૫ પરીખ ર. છો: 'ગુજરાતની રાજધાનીઓ', પૃ. ૯૩

૭૬ જુઓ DIXIT, Y. I. 'Thesis' pt. I. P. 148

# જ્ઞાન અને ભક્તિનું સાયુજ્ય કે સામંજસ્ય?

મહેન્દ્રકુમાર મો. દેસાઈ ( કુમાર )

સનાતન ધર્મ–દર્શનના પાયામાં, ટોચ પર, મધ્યમાં અને સર્વત્ર સચ્ચિદાનંદ પરબ્રહ્મ પરમાત્મા ( Absolute Reality )નું અધિષ્ઠાન છે. એ પરમ તત્ત્વનું દર્શનશાસ્ત્રોમાં સૃષ્ટિથી પર અને સૃષ્ટિના સંદર્ભમાં એમ બે રીતે વર્ણન–વિવેચન કરવામાં આવ્યું છે.

નિષ્પંદ નિર્વિશેષ બ્રહ્મ વિશ્વાતીત વિશ્વોત્તીર્ણ ( Transcendental ) નિરંજન નિરાકાર હોવા છતાં તે જ તત્ત્વ સૃષ્ટિનું સર્જન કરી તેમાં અનુસ્યૂત રહેલું છે. તાત્પર્ય કે વિશ્વાતીત પરમાત્મા વિશ્વરૂપ બનીને વિશ્વની વ્યવસ્થા અને એનું નિયમન કરે છે. પોતાના મૂળ સ્વરૂપમાં નિર્બાધિત રહીને પણ તે વિશ્વનાં વિવિધ રૂપાયતનોમાં સક્રિય બને છે. નિરાકાર પોતાની નિરાકાર અખંડિતતાને હેમખેમ રાખી સાકાર બને છે. તેથી પુરુષસૂક્તના આરંભમાં કહ્યું છે :

**अत्यतिष्ठत् दशाङ्गुलम्** । તે પુરુષ (વિશ્વને ચારે તરફથી ઘેરીને ) દશ આંગળી અદકો રહ્યો !

( ઋગ્વેદ, ૧૦, ૯૦, ૧ )

વિશ્વની ઉત્પત્તિ અને ઉત્ક્રાન્તિના વિષયને ચર્ચ્યા વિના આપણે સર્વસામાન્ય સિદ્ધાંતને સ્વીકારીને કહી શકીએ કે, માનવજીવનનું સાફલ્ય પરમાત્મપ્રાપ્તિમાં, બ્રહ્મસાક્ષાત્કારમાં છે...અને એ દિશામાં પ્રયાણ કે પ્રગતિ કરવાની જે પ્રેરણા અને શક્તિનું પ્રદાન કરે તે જ સાચો ધર્મ. એ બૃહત્ ધર્મના રહસ્યને કોઈ સંપ્રદાય સંકુચિત કરી શકતો નથી કે આસ્તિકતા–નાસ્તિકતાનો અને સંસાર–સંન્યાસનો ભેદભાવ પણ તેને વિકૃત કરી શકતો નથી. એ ધર્મ જ પરમ સત્ય હોઈ પુષ્પના પરિમલની જેમ મનુષ્યના આત્માનો સ્વાભાવિક વિશેષ ગુણ છે.

આ ધર્મ સત્યબ્રહ્મ–આત્માના સાક્ષાત્કારને પામવા માટેના પૃથક્ પૃથક્ અને યુગપત્ એવા અનેકવિધ માર્ગોનું–કેવળ કલ્પનાગત નહીં પણ અનુભૂત–સાધનોનું નિરૂપણ કરે છે કે જે દરેકનું અલગ અલગ શાસ્ત્ર રચાયું છે અને જેના પર અસંખ્ય વિદ્વત્તાપૂર્ણ વાર્તિકો રચાયાં છે. કર્મ, ઉપાસના, ધ્યાન, યોગ આદિ નામોથી ઓળખાતાં આ સર્વ સાધનોનો સુજ્ઞ ચિંતકોએ **'ભક્તિ'** અને **'જ્ઞાન'** એવી બે વ્યાપક સંજ્ઞાઓમાં સમાવેશ કરેલો છે; કારણ કે આમાંના પ્રત્યેક સાધને ન્યૂનાધિક અંશમાં આ બે તત્ત્વોની ઉપકારકતા અનિવાર્યપણે સ્વીકારેલી છે જ.

ઇતિહાસ સાક્ષી પૂરે છે કે દરેક સૈકામાં ભક્તિ અને જ્ઞાનના વિષયમાં, તેમની વ્યાખ્યા–વ્યુત્પત્તિ અને જે તે પદાર્થ–પ્રક્રિયા સાથેનો અન્વય કરવામાં મતાન્તરો અને ગેરસમજૂતીઓ પ્રવર્તતાં રહ્યાં છે. કેટલીક વખત તો આ બંને તત્ત્વો જાણે ઉત્તરદક્ષિણ ધ્રુવના છેડા જેવાં નિરાળાં અને પરસ્પરવિરોધી હોય એવાં ચિત્રો ઉપસાવવામાં–ઉપજાવવામાં આવ્યાં

હોય છે. તો કેટલીક વખત બંનેની અલગ અલગ ઉપયોગિતાનો સ્વીકાર કરવા છતાં બંને વચ્ચેના ( કાલ્પનિક કે માની લીધેલા ) વિરોધના ઘટકને વધારે પડતું મહત્ત્વ આપવામાં આવ્યું હોય છે. અલબત્ત, એમાં કારણરૂપે તો મુખ્યત્વે સ્વપક્ષ–મત માટેનો અભિનિવેશપૂર્વકનો અત્યાગ્રહ ( દુરાગ્રહ ? ), પરમત પ્રત્યેની ઓછી સહિષ્ણુતા કે અસહિષ્ણુતા, કે કદીક વેગવતી ખંડનવૃત્તિ જ હોય છે; પરંતુ વિરલ એવા જ્ઞાની ભક્તો કે ભક્ત જ્ઞાનીઓનું વલણ તો ઉભયને સમ્યક્–સમતોલ દૃષ્ટિથી જોઈ સમન્વય સાધવા તરફનું હોય છે. અનુભવી સંત મહાત્માઓને તો આવો પ્રશ્ન જ ઉપસ્થિત થતો હોતો નથી, કારણ કે તેઓએ તો તેમાં એક જ સમગ્ર તત્ત્વનાં બે પૂરક–પોષક પાસાંઓનું દર્શન કર્યું હોવાથી સાધન વિષેની ભેદબુદ્ધિનો લેશ પણ સ્પર્શ તેમની વૃત્તિને થતો હોતો નથી.

આપણે આરંભમાં જોઈ ગયા કે બ્રહ્મ વિષેની બંને ભાવના સત્ય છે. વિશ્વાતીત બ્રહ્મવિચારની દૃષ્ટિએ અતકર્ય અવર્ણ્ય એવું પરમાત્મતત્ત્વ જ્ઞેય સ્વરૂપ હોઈ તે જ્ઞાન–સાધનથી કાંઈક સમન્જય તેવું છે અને પરમાત્માના એ જ્ઞેય સ્વરૂપની સૂઝ–ઓળખ આપવામાં સહાયભૂત થનારું જ્ઞાનશાસ્ત્ર છે. તો વિશ્વમય વિભુવિચારની દૃષ્ટિએ વિશ્વવ્યાપક પરમાત્મા ભાવના દ્વારા કાંઈક અનુભવક્ષમ હોવાથી તે પરાભક્તિ વડે વિશ્વમાં સર્વત્ર અનુભવાય છે, અને એના ઉપાસ્ય સ્વરૂપની ઉપલબ્ધિ થવામાં ઉપકારક થતું ભક્તિશાસ્ત્ર છે.

ભગવાન બાદરાયણના '**બ્રહ્મસૂત્ર**'માં તથા જીવ–બ્રહ્મના વાસ્તવ અભેદનું પ્રતિપાદન કરનાર શાંકરસિદ્ધાંતમાં જીવોની ગતિના વિષયરૂપ બ્રહ્મનું '**પર**' અને '**અપર**' એમ ઉભય રૂપે નિરૂપણ કરવામાં આવ્યું છે. તેમાં સ્પષ્ટ દર્શાવેલું છે કે નિર્ગુણ પરમાત્મા રૂપે પરબ્રહ્મ જ્ઞેય તત્ત્વ છે અને સગુણ ઈશ્વર રૂપે અપરબ્રહ્મ ઉપાસ્ય તત્ત્વ છે. જ્ઞાનપ્રવણ શાંકરસિદ્ધાંત કોઈ પણ રીતે ભક્તિને હેય કે હીન ગણતો નથી, એની પ્રતીતિ એમનાં જ વિધાનોથી થાય છે :

> ज्ञानसाधनसामग्र्यां भक्तिरेव गरीयसी ।
> आत्मरूपानुसंधानं भक्तिरित्यभिधीयते ।
> स्वस्वरूपानुसंधानं भक्तिरित्यपरे जगु : ।। विवेकचूडामणि ।।

તાત્પર્ય કે જ્ઞાનની સાધનસામગ્રીમાં આત્મ–સ્વ–સ્વરૂપાનુસંધાનરૂપ ભક્તિ જ શ્રેષ્ઠ છે.

પરમૈક સત્ય અન્તર્યામી પરમાત્મસ્વરૂપનું અખંડાનુસંધાન તે ભક્તિ. એમાં જીવ-ઈશ્વરના સંનિકર્ષની અપેક્ષા રહેતી નથી. તેથી તેનો શ્રી શંકરાચાર્યના પરમ ગુરુ શ્રી ગૌડપાદાચાર્યજીએ अस्पर्शयोग નામથી નિર્દેશ કર્યો છે.

' વિવેકચૂડામણિ 'ના બોધનું તાત્પર્ય એ જ કે કલ્પિત જીવનો ભેદકાલે આત્મા કે જે સત્ય ઈશ્વરરૂપ છે તેના તરફનો જ્ઞાનપૂર્વકનો જે અખંડ યોગ બની રહે છે તે જ ભક્તિયોગ છે. તે કલ્પિત જીવત્વના ભિન્ન અસ્તિત્વનો છેદ ઉડાડી પરમ શિવત્વને પ્રકટ કરે છે. આ અસ્પર્શયોગ નિત્ય સર્વાત્મભાવરૂપ છે. ભગવદ્ગીતાના ૭મા અધ્યાયમાં તેને જ ' સર્વાત્મયોગ ' કહેલો છે. એવા ભક્ત જ્ઞાનીને તો શ્રી કૃષ્ણ ભગવાને ' પોતાનો આત્મા ' કહેલો છે.

ज्ञानी त्वात्मैव मे मतम् ।। ७-१८ ।।

આવા ઉચ્ચ તત્ત્વદર્શીના હૃદયમાં–જ્ઞાનોદયથી ભેદદષ્ટિલય થયા છતાં–આત્મા પ્રતિની પ્રીતિ અમર્યાદ હોય છે. તાત્પર્ય કે અનુભવી જ્ઞાની સર્વથા રસિક ભક્ત જ હોય છે. તેથી તેમના અંતઃકરણના ઊંડાણમાં વિવેક અને શમની સાથે પ્રાસન્ન્ય–માધુર્યયુક્ત કરુણાનો અવિરત સ્રોત વહેતો હોય છે. રસરૂપ તત્ત્વ સાથે નિત્યાનુસંધાન સેવનાર નીરસ કેવી રીતે હોઈ શકે ? બ્રહ્મરસમાં મુગ્ધ એવો બ્રહ્મવિદ્ વિષયરસથી વિમુખ રહી શકે પણ સર્વતોભદ્ર સૌન્દર્યની છોળો ઉછાળનાર આત્મરસથી તો સદા ભીંજાયેલો જ રહેવાનો. આથી અનુમાનને અવકાશ છે કે બ્રહ્મના આનંદનો અધિકાર આપનાર સૌન્દર્યની ઉપાસના જ ‘सौन्दर्यलहरी’ની રચના પાછળનું પ્રેરકબળ કેમ ના હોઈ શકે !...હા, અનિર્વચનીય અનુભૂતિની સાંકેતિક કે આંશિક અભિવ્યક્તિરૂપ સર્વોત્કૃષ્ટ કોટિની સાહિત્યકૃતિ જે સર્વોચ્ચ આનંદનો આસ્વાદ કરાવી શકે છે તેને આલંકારિક મમ્મટાચાર્યે તેમના काव्यप्रकाशમાં–બ્રહ્માનંદ નહીં પણ–‘બ્રહ્માનંદસહોદર’ કહીને તેની ગાણિતિક મર્યાદા સૂચવી છે !

આચાર્યશ્રીનાં વચનોથી તો સ્પષ્ટ થાય છે કે ભક્તિની પરાકાષ્ઠાએ સ્વરૂપાનુભવનો ઉદય થાય છે અને સાધક સિદ્ધપદે સ્થિત થાય છે. કોઈ એમ કહેતું હોય કે ભક્તિ એકદેશી છે અને જ્ઞાન સર્વદેશી છે તો તેમાં કશું જ ખોટું નથી. બલ્કે એવા અભિપ્રાયથી તો જ્ઞાન અને ભક્તિનું પાર્થક્ય પીગળી જાય છે :

सत्यपि भेदापगमे नाथ तवाहं न मामकी न स्त्वम् ।
सामुद्रो हि तरंगः क्वचन समुद्रो न तारंगः ।। (षट्पदी, २.८)

“વસ્તુતઃ જીવબ્રહ્મનો ભેદ નથી છતાં હે નાથ ! હું તમારો છું, તમે મારા નથી; સમુદ્રનો તરંગ ગણાય છે. કદી તરંગનો સમુદ્ર ગણાતો નથી.” જ્ઞાન માર્ગનો વિમર્શ કરતાં ગીતામાં ૭–૧૯ અને ૮–૨૧માં શ્રી કૃષ્ણને કહેવું પડયું છે કે, કેવળ જ્ઞાનીને તો અવ્યક્ત અક્ષર બ્રહ્મ એટલે કે પ્રભુના ધામની પ્રાપ્તિ થાય છે, અક્ષરથી પર પુરુષોત્તમની પ્રાપ્ત થઈ જતી નથી. તે માટે તેને ઠીક ઠીક પ્રતીક્ષા કરવી પડે છે.

તેથી મહર્ષિ નારદજીએ તેમનાં ભક્તિસૂત્રોમાં ભકિતને કર્મ–જ્ઞાન–યોગની સાધનત્રયીમાં સર્વોપરી રૂપે અનુસ્યૂત હોવાનું જણાવી, પ્રેમલક્ષણાભકિતને સમસ્ત સાધનરાશિના ફલસ્વરૂપ હોવાનું કહ્યું છે. નારદજીની ભકિતની વ્યાખ્યા કેટલી સરળ અને સુસ્પષ્ટ છે !

પરબ્રહ્મ ઈશ્વરતત્ત્વ પ્રતિ અખંડ તૈલધારાવત્ વહેતો પ્રેમપ્રવાહ તે ભકિત. અહીં ‘**ઈશ્વર**’ અને ‘**અખંડ**’ એ બે શબ્દો મહત્ત્વના છે. તેના જ્ઞાન સિવાય અખંડ પ્રવાહ સંભવી જ ન શકે. તેથી ભકિતમાર્તણ્ડ શ્રી વલ્લભાચાર્યજીએ તેમના ‘तत्त्वार्थदीपनिबंध’માં આજ્ઞા કરી કે સ્ત્રી પુત્ર કુટુંબ તથા સર્વ પદાર્થોથી અધિક સ્નેહ શ્રી હરિમાં માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ થાય તેનું નામ ભકિત.

આમ ભક્તિરસથી છલકાતાં અનેક શ્રુતિમધુર સ્તોત્રો રચનાર શ્રી શંકરાચાર્ય અને પુષ્ટિપ્રીતિના પ્રસ્તોતા શ્રી વલ્લભાચાર્ય, બંને જગદ્‌ગુરુઓના ઉપદેશપ્રવાહમાં જ્ઞાનભક્તિની ગંગા-યમુનાની ધારાઓ ઓતપ્રોત થયેલી જોવા મળે છે. કારણ કે, ઉભયનાં મૂળ પ્રસ્થાનો શ્રુતિ, સ્મૃતિ અને બ્રહ્મસૂત્રોમાં જ્ઞાન અને ભક્તિ બંનેનાં બીજકો રહેલાં છે. આને આપણે જ્ઞાનભક્તિનું સામંજસ્ય કહીશું કે ઐક્ય ?

એકમાં सोऽहम्‌નો શંખધ્વનિ ગાજે છે તો બીજામાં दासोऽहम्‌નો વેણુનાદ સંભળાય છે. બ્રહ્મવસ્તુ પોતે આનંદ–રસરૂપ હોવાથી ભક્તિગમ્ય છે અને સાથે સાથે તે ચિન્મય હોવાથી જ્ઞાનગમ્ય પણ છે. ઉભયનો સુભગ સમન્વય શ્રીમદ્‌ભાગવતમાં જેવો છે તેવો અન્ય કોઈ ગ્રન્થમાં થયો નથી. તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ ગોપીજન છે. ગોપિકાઓનો અવિચલ પ્રેમ નિર્વિકાર હોઈ શુકદેવજીને અર્ભકનું દૃષ્ટાંત આપી કહેવું પડયું કે એક બાળક પોતાના પડછાયાને અન્ય ગણીને તેની સાથે રમે છે તેમ સાત વર્ષના રમેશ વ્રજસુન્દરીઓ સાથે રાસ રમ્યા. કારણ કે એ વ્રજાંગનાઓ સામાન્ય સ્ત્રીઓ ન હતી પણ સાક્ષાત્‌ શ્રુતિઋચાઓ હતી. જ્ઞાન અને ભક્તિનું આ કેવું સાયુજ્ય !

અલંકારશાસ્ત્ર અને માનસશાસ્ત્રની દૃષ્ટિએ વિચારીએ તો માનવમાત્રમાં રતિનો ભાવ નૈસર્ગિક છે. એનાથી તે સંસારરસનો ભોગી બને છે; પણ સત્સંગ, શાસ્ત્રસંગ, સેવા આદિના સેવનથી રસનું આલંબન જો સંસારને સ્થાને શ્રીહરિ વિષે સ્થપાય તો સામાન્ય માનવચિત્ત તેની દ્રવીભૂત અવસ્થામાં ઉદાત્તીકરણ–ઊર્ધ્વીકરણને પામતાં એની લૌકિક રતિ ક્રમશ:—કાળાન્તરે—અલૌકિક ભક્તિમાં પરિણમે. કોશેટામાં પ્રવેશતો કીડો પતંગપણાને પામે તેમ સ્થાયી ભાવનું આલંબન બદલાતાં પામર મનુષ્ય દિવ્ય રતિરૂપ ભક્તિનો ભોગી બનતો જાય છે. (તેને મહર્ષિ અરવિંદ Total Transformation કહે છે.)

કઠણ, મૃદુ અને પ્રવાહી એવી ચિત્તની ત્રણ અવસ્થાઓ પૈકી પ્રવાહી ભાવવાળી સ્થિતિમાં ભગવાનના સ્વરૂપને ભેળવી દેવામાં આવે તો ચિત્ત ભગવદાકાર બને છે. ભક્તિમાં ચિત્તની ધારાવાહી–જલવત્‌–અવસ્થા અપેક્ષિત છે. સામાન્ય જનમાં રતિનો સ્થાયી ભાવ શૃંગાર-રસમાં પરિણમે છે તેમ ભક્ત જનમાં પ્રભુ પ્રત્યેનો રતિભાવ પરાભક્તિમાં રસની નિર્વૃતિનો હેતુ બને છે. વિરક્તિમૂલક શુષ્ક પણ શુદ્ધ પ્રમાણવૃત્તિની અપેક્ષા રાખતા જ્ઞાનનું આલંબન અંતર્યામી આત્મા જ હોઈ તે વસ્તુના સ્વભાવસામર્થ્ય પર ભાર મૂકે છે જ્યારે ભક્તિ દૈવી ગુણસમુદાય પર ભાર મૂકે છે.

ભક્તિશાસ્ત્રમાં રતિભાવ એટલે પ્રેમને–પરમાત્માના આનંદસ્વરૂપને–મહત્ત્વ આપ્યું છે, તેમ જ્ઞાનમાર્ગમાં પ્રભુના ચૈતન્યસ્વભાવરૂપ પ્રજ્ઞાવિશેષને પ્રાધાન્ય આપ્યું છે. વિધિ–નિષેધોના પ્રત્યવાયોના અભાવને લીધે જ શ્રી શંકરાચાર્યે 'ભક્તિને ચઢિયાતી કહી છે' કારણ બુદ્ધિની સજ્જતા, જાતિની ઉચ્ચતા વગેરેની અપેક્ષા વિના સૌ કોઈ ભક્તિપંથનો રાહી બની શકે છે. માત્ર તેમણે તીવ્ર અભીપ્સાપૂર્વક પહેલું ડગલું માંડી પ્રવાસનો પ્રારંભ કરવો જોઈએ, મોડાંવહેલાં મંજિલે પહોંચાશે એવી અડગ શ્રદ્ધા સાથે.

ભક્તિના કેન્દ્રમાં કલ્પના નથી પણ શુદ્ધ ભાવના છે. તેમાં ભાવનીય પદાર્થરૂપે ભજનીય ભગવાનને ( પછી ભલે તે પ્રતિમા–ચિત્રાદિ પ્રતીકરૂપે હોય ) સત્ય માની સેવતાં ભગવાનની સાકાર-સગુણ લીલાનો ભક્તને, તેની ( દાસ્ય, વાત્સલ્ય, સુહૃદ અને માધુર્યની ) ભાવનાનુસાર અનુભવ થાય છે, જેમાં સામીપ્ય, સારૂપ્ય કે સાયુજ્યનો સમાવેશ થઈ જતો હોય છે. આ નિરાલંબ ભ્રમ નથી. દાસ્ય, વાત્સલ્ય સખ્ય, માધુર્ય વગેરે ગમે તે ભાવની રતિ હોય પણ તેમાં ભક્તના હૃદયમાં પોતાના ભજનીય પ્રિયતમ પાત્રની સર્વોત્કૃષ્ટતા વિષેનો નિઃસંદેહ નિશ્ચય હોય છે. જ્ઞાનમાર્ગી નિરાકાર નિર્વિશેષ વસ્તુતત્ત્વને જ પરમ સત્ય માને છે. એ પણ વસ્તુ–સત્યને કલ્પિત માનતો નથી. આને સમન્વય કહીશું કે ઐકય ?

પરમાત્માને પોતાના આત્મારૂપે ઓળખનાર–સર્વાત્મભાવ અનુભવનાર–જીવનમુક્ત મહાપુરુષનું શરીર ભક્તિનું સર્વોત્તમ આલંબન છે. તેવા લીલાતનુ અથવા સંત પુરુષમાં અને એના અભાવે એમનાં પ્રતીક–પ્રતિમામાં ભક્તિની પ્રતિષ્ઠા આત્મભાવે થયા પછી વિશ્વના સર્વ પ્રાણીપદાર્થોમાં પરમાત્મભાવ ગ્રહણ થાય છે.

વિવેકવૈરાગ્ય ષડ્સંપત્તિમુમુક્ષાયુક્ત સાધનભૂમિકામાં વિહાર કરતો જ્ઞાનયાત્રી શ્રવણ-મનનનિદિધ્યાસન દ્વારા સત્ત્વાપત્તિ–અસંસક્તિના અધિકારપદે આરૂઢ થાય છે ત્યારે બ્રહ્માત્મૈકય અનુભવતાં બ્રહ્મવિદ્ બને છે. તેવી જ રીતે સેવા શ્રવણકીર્તનાદિ દ્વારા સ્વરૂપજ્ઞાનના માહાત્મ્ય-પૂર્વક પ્રેમપંથનો પ્રવાસી ભગવત્સાક્ષાત્કારની ભૂમિકા પર પરાભક્તિનો અધિકારી બને છે. બંનેમાં નિર્માનનિર્મોહનિરહંકારની નિસરણીનું આરોહણ આવશ્યક છે. એકમાં પ્રમાણવૃત્તિ, સહજ સૂઝ અને સ્વપ્રત્યયની સહાય છે તો બીજામાં કેવળ શુદ્ધ ભાવ અને પ્રપત્તિની ઓથ છે. પરાત્પર પરમાત્માના સત્ અને ચિત્ સ્વભાવનો અનુભવ જ્ઞાન દ્વારા વહેલો આવે છે જ્યારે તેમના આનંદધર્મનો અનુભવ ભક્તિ દ્વારા સુગમતાથી સિદ્ધ થાય છે.

વળી તમામ પ્રકારના ભેદો લય પામી ગયા હોવાથી જ્ઞાનીનો મોક્ષ એ કૈવલ્યનો નિર્વિકલ્પ આનંદ છે. પણ ભક્તિની સાયુજ્યની–સ્વરૂપાધિગમનની–ચરમ અવસ્થામાં અંશ–અંશીનો ભેદ વિદ્યમાન હોવાથી ભક્ત સવિકલ્પ સવિશેષ આનંદનો આસ્વાદ પણ માણી શકે છે. પ્રેમની પરાકાષ્ઠાએ ભક્ત ભગવાનથી જુદો નહીં હોવા છતાં જીવદશામાં ભિન્નવત્ અનુભવે છે. સંયોગમાં તો રસિક પ્રભુ એક જ રૂપે અનુભવાય છે, પણ વિયોગી અવસ્થામાં તો આ સમસ્ત ત્રિભુવન તેનાં અનેક રૂપોમાં પરિવર્તિત થયેલું અનુભવાય છે.

જ્ઞાન અને ભક્તિ બંનેમાં તીવ્ર ત્યાગ અપેક્ષિત છે, પણ એના પ્રકારમાં ભેદ છે. સંસારના મિથ્યાત્વને પ્રધાનતઃ અનુરોધતા જ્ઞાનમાર્ગમાં કદી કદી બાહ્ય ત્યાગ પર આત્યન્તિક ઝોક અપાઈ જતો હોય છે. ( અને તેથી જ સાચા વૈરાગ્ય વિનાના વેદાન્તી 'બે–દાંતી' તરીકે વગોવાયા પણ છે ! ) ભક્તિમાર્ગમાં વિશ્વ પણ વિભુની જ વિભૂતિ હોઈ તેનો પ્રભુપ્રસાદ તરીકે વિવેકપૂર્વક અંગીકાર કરવાનો હોવાથી સંસારમાં રહીને થતા આભ્યંતર ત્યાગને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. જ્ઞાનમાં વિચાર–વિવેક પાયામાં હોઈ તેને અતિતાર્કિકતામાં સરી પડવાનો ભય છે તેમ ભક્તિમાં ભાવના પાયામાં હોઈ તેને ઊર્મિ–આવેશ કે લાગણીવેડામાં સરી પડવાનો ભય છે,

જ્ઞાન અને ભક્તિ ઉભયને એક સરખી (common) અગત્ય છે વૈરાગ્યની, નિર્મોહતાની, નિઃસ્પૃહતાની. 'વિરાગ' શબ્દનો અર્થ જ્ઞાનમાર્ગમાં 'વિગત છે રાગ જેમાંથી તે' એવો 'વીતરાગ' જેવો થઈ શકે. તો ભક્તિમાર્ગમાં એનો અર્થ 'વિશુદ્ધીકૃત: રાગ: એટલે કે 'જેનો રાગ વિશુદ્ધ થયો છે તે' એવો થઈ શકે. જ્ઞાનમાર્ગી વધુમાં વધુ અપરિગ્રહી અને અનાસક્ત રહીને વૃત્તિનિરોધ કરે કે ભક્તિમાર્ગી અન્નકૂટ આરોગીને એટલે કે વિશ્વના પદાર્થો-સંબંધોનો વિવેકયુક્ત વિનિયોગ કરીને વૃત્તિનિગ્રહ કરે, પણ બંનેમાં ચિત્તનાં શુદ્ધિ-સંયમ આવશ્યક છે. નહીં તો તેઓનો વૈરાગ્ય ભૂષણને બદલે દૂષણ બની રહે. આ મુદ્દાના સંદર્ભમાં પેલું શ્રુતિપદ બંનેનું લક્ષ્યબિન્દુ બની રહે છે: तेन त्यक्तेन भुञ्जीथाः। "ત્યાગીને ભોગવો." આપણા સંતકવિ નિષ્કુળાનંદે એક પદમાં ગાયું છે કે:

"ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના કરીએ કોટી ઉપાયજી."

જ્ઞાનમાર્ગનું જ્ઞાન પણ સાચા વૈરાગ્યની પીઠિકા વિનાનું હોય તો તે પોકળ મિથ્યા જ્ઞાન છે, દંભ છે, આત્મપ્રતારણ છે. એમાં સત્-ચિત્નું ડહાપણ (wisdom) નથી.

તેથી જ ભક્તિમાર્ગનું અંતિમ પગથિયું 'નિવેદન' મનાયું છે. આ નિવેદન એટલે અહં-મમરૂપ આસક્તિનો અશેષ ત્યાગ અને પ્રભુ પ્રત્યે આસક્તિ અથવા ઉત્કટ અનુરાગ. સાચો વૈરાગ્ય સિદ્ધ થયા વિના એ કેવી રીતે શક્ય બને? સાચી ભગવદાસક્તિ જ પરિપૂર્ણ પ્રપન્નતામાં પરિણમે, પછી ભલે એને શરણાગતિ કે સમર્પણ નામ આપો.

આ મુદ્દાને જરા બીજી દૃષ્ટિએ વિચારીએ. શાસ્ત્રોએ બ્રહ્મસાક્ષાત્કાર માટે મુખ્ય ત્રણ સાધનો બતાવ્યાં છે. કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગ. આ ત્રણેયનું સ્વરૂપ ત્રિદલ બિલ્વપત્ર જેવું છે અને ત્રણેયમાં યોગ એટલે કૌશલની અગત્ય સ્વીકારાઈ છે. એકલો કર્મકાંડી સૂકા ઠૂંઠાને શોધે છે. એકલો જ્ઞાનકાંડી જડ સ્થાણુને વળગે છે. પણ ત્રિકાંડવાળા વેદવૃક્ષનો આશ્રય સેવનાર મુમુક્ષુ ભક્ત મૂળથી ટોચ પર્યંતના સમગ્ર વાસ્તવને પામી શકે છે. કર્મ-જ્ઞાન બે અંતિમોની સેતુરૂપ કડી ઉપાસના છે.

કેવળ કર્માનુષ્ઠાનમાં 'અવિદ્યા' પ્રેરક હોઈ તેમાં દસ બહિર્મુખ ઇન્દ્રિયોદ્વારા પ્રધાન વ્યવહાર થાય છે, જ્યારે ઉપાસનામાં જ્ઞાન-ઈચ્છા-ક્રિયાધારક અંતઃકરણચતુષ્ટય અને પ્રાણનો સૂક્ષ્મ વિનિયોગ થાય છે. કેવળ કર્મ કે કેવળ જ્ઞાન ચિત્તને જાડ્ય-મદથી આવૃત કરી એના અભિમાનીને નિતાન્ત નિવૃત્તિપરાયણ બનાવી દેવાનો વિશેષ ભય રહે છે. ઉપાસકમાં, એની ઉપાસ્યપ્રીતિ તથા ઇષ્ટાનુગ્રહનિષ્ઠાના અવલંબનને લીધે, આ સંભવ નહીંવત રહે છે. આથી કટોકટી કે કસોટીના પ્રસંગોમાં જીવનજંજાળની જટિલતા સાથે ઝઝૂમવાનું આંતર-સામર્થ્ય મળતું રહેવાની ભક્તને પ્રતીતિ થતી રહે છે કે જે એની શ્રદ્ધાને વિશેષ પુટ આપે છે. વિશ્વના વિવિધ વ્યતિકરોને જ્ઞાની કેવળ જ્ઞાનદૃષ્ટિથી વિશ્વપ્રકૃતિના પ્રભાવ રૂપે નિહાળે છે; જ્યારે ભક્ત તેને ભાવદૃષ્ટિથી પ્રકૃતિના પ્રેરક પુરુષોત્તમના વૈભવ રૂપે પિછાને છે. આથી જ્ઞાની શમદ્વારા સમાધાન પામવામાં સફળ નીવડે છે તેના કરતાં વિશેષ સુગમતા-સહજતાથી ભક્ત સમદ્વારા આંતરિક પ્રસન્નતાને ટકાવી રાખવા સમર્થ બને છે.

આમ ભક્તિ અને જ્ઞાન બંને સાધનોની સદંતર પૃથક્તા દર્શાવતી કોઈ લક્ષ્મણરેખા–કે લક્ષ્મણરેખા–શક્ય જ નથી. ઉભયનો વિષય બ્રહ્મનો–સત્યનો સ્પર્શ છે. તાત્ત્વિક અન્વેષણાની દૃષ્ટિએ જ્ઞાની બ્રહ્મતત્ત્વને એક સચ્ચિદાનંદ–રસ–વસ્તુ તરીકે સ્વીકારે છે. ભક્તો તેને સમરસ માનતા હોઈ ધર્મ અને ધર્મીનું–સમાન સત્યતાનું–અદ્વૈત હોવાનું જણાવે છે. બ્રહ્મતત્ત્વને કેવળ એકરૂપે માનવા કરતાં (જ્ઞાન–ઇચ્છા–ક્રિયારૂપ) ત્રિવિધ શક્તિથી સંપન્ન માનવામાં જગતની ભેદપ્રતીતિનો નિર્વાહ થઈ શકે છે. ભક્તિશાસ્ત્રના અભેદમાં ભેદોનો સમન્વય રહેલો છે. આમ આત્મલક્ષી–આત્મસ્પર્શી સહજપ્રીતિરૂપા ભક્તિ કેવલલક્ષી તત્ત્વજ્ઞાનની સહચરી બની રહે છે.

આ વિષયની વધુ તાત્ત્વિક પર્યેષણા ન કરતાં આપણે જોઈ શકીએ છીએ કે આપણાં ઓછું ભણેલા કે નહીં ભણેલા સંખ્યાબંધ સંત કવિઓની માર્મિક પણ અનુભૂતિની વાણી આપણને દીવાદાંડીની ગરજ સારે છે.

દસ સૈકા પહેલાંના ડઝનેક દ્રવિડ આલવાર ભક્તોએ ૭ થી ૧૦મા સૈકા દરમ્યાન તેઓનાં મધુરમંજુલ ભાવવાહી સ્તોત્રો–પદોમાં શ્રીકૃષ્ણ પ્રત્યેનો અલૌકિક પ્રેમ જ મન ભરીને આર્દ્ર હૈયે ગાયો છે. વચ્ચે શંકરાચાર્યના સમયમાં જ્ઞાનપ્રવાહ પ્રબળ બન્યો હોવા છતાં બહુજનસમાજે તો તેમાંથી નિષ્પન્ન થતા ભક્તિતત્ત્વને જ હૃદયમાં સ્થાન આપ્યું છે. થોડી ઓટ પછી તો પ્રજાએ સુપ્ત રહેલા ભાગવતના ભક્તિધર્મને વિશેષ વેગથી જાગૃત કર્યો છે. ૧૧–૧૨ થી ૧૬મા શતક સુધી દક્ષિણમાં જ પ્રાકટ્ય પામેલા સર્વશ્રી રામાનુજ, વિષ્ણુસ્વામી, નિમ્બાર્ક, મધ્વ, વલ્લભ, વિઠ્ઠલ જેવા વૈષ્ણવ આચાર્યોએ તો ભાગવતપ્રબોધિત ભક્તિપંથને પગભર કરી દેશવ્યાપી પ્રતિષ્ઠા આપી, તથા હરિદાસ, સૂરદાસ, વલ્લભ, ચૈતન્ય, રસખાન જેવી કેટલીય વિભૂતિઓએ વૈષ્ણવી ભક્તિને ખૂબ પુષ્ટિ આપી. શ્રી વલ્લભ–વિઠ્ઠલની ગુજરાતયાત્રાએ તો ગુજરાતમાં ભક્તિપ્રસારનાં મૂળિયાંને સુદૃઢ કર્યાં છે.

તો પંઢરપુર પ્રદેશમાં ભક્તરાજ કાન્હોપાત્રાએ ૧૧મા શતકમાં મહારાષ્ટ્રના ખૂણેખૂણાને ભક્તિથી ભીનાં કરી દીધા. શ્રીકૃષ્ણ અને રાધા–લક્ષ્મીજીને વિઠ્ઠલ અને રુકિમણી સ્વરૂપે ભજનારા આ વારકરી સંપ્રદાયમાં નિવૃત્તિનાથ, પુંડરીક, નામદેવ, જ્ઞાનદેવ અને પછીથી તુકારામ જેવા સમર્થ સંતો ઉપરાંત પછાત કે મધ્યમ સ્તરમાં જન્મેલાં ગોરો કુંભાર, ચોખો મહાર, જનાબાઈ, મુક્તાબાઈ, સખુબાઈ જેવાં ભક્તોએ ભક્તિથી લોકહૃદયમાં સ્થાન મેળવ્યું હતું.

ઉત્તર ભારતમાં ૧૪મા સૈકામાં ભક્તિપ્રસારક રામભક્ત શ્રી રામાનંદના અનુયાયીઓમાં ઉત્તરોત્તર સમર્થ સંત કબીર સાહેબ (વણકર), પછી રૈદાસ (ચમાર), સેના (વાળંદ), સદના (કસાઈ), ધન્ના (જાટ) ઉપરાંત કબીરના પટ્ટશિષ્ય નરહરિદાસ વગેરે ભક્તોએ ભક્તિબીજની ઉદાર વાવણી કરી હતી...તો ૧૫મા સૈકામાં શીખોના ગુરુ નાનક અને ૧૬મા સૈકામાં સંતશિરોમણિ શ્રી તુલસીદાસજીએ તો ભક્તિની જાણે નહેરો વહેવડાવી.

વિશેષમાં મોટા ભાગના ભક્તો–સાધુ તો ફરતા ભલા એ ન્યાયે–પરિવ્રાજકો હોઈ, તેમની ભક્તિકવિતા પ્રાન્તીય સીમાડાને ભેદીને બહુજનસુખાય બની રહી. તેમાં તત્કાલીન રાજકીય

પરિસ્થિતિએ ભક્તિપોષણ માટે અનિવાર્ય ભૂમિકા પૂરી પાડી. પરધર્મીઓનાં ઝનૂનવાળાં આક્રમણોથી પ્રજાની હતપ્રાય બનેલી ચેતનાને ટકાવી રાખવામાં, ભેદભાવ વિના સર્વને સમાવનાર ભક્તોએ અને ભક્તિસાહિત્યે અદ્દભુત સહાય કરી. ગુજરાતમાં પણ સેંકડો સંતકવિઓએ તેમની ચેતનાના સ્પર્શનો જે અનુભવ–વૈભવ તેમની અનોખી ઢબે ગાયો છે તે અંગત છતાં બિનઅંગત અને સંપ્રદાયોનું પયપાન કરીને ગાયેલો છતાં વૈશ્વિક વ્યાપવાળો છે અને તે અધ્યાત્મના યાત્રીને પૂરતું પાથેય પૂરું પાડે છે. આ લેખમાં વિચારાયેલ જ્ઞાન અને ભક્તિવિષયક મહત્ત્વની બાબતોને આપણા ગુજરાતી સંતકવિઓએ જુદી જુદી રીતે વ્યક્ત કરી છે.

થોડાક અપવાદો બાદ કરીએ તો આપણું ગુજરાતનું જૈન અને જૈનેતર સમગ્ર મધ્યકાલીન સાહિત્ય, પ્રધાનતઃ ધર્મરંગી અને ધર્મલક્ષી રહ્યું છે. એની પાછળ લોકોની ધર્મશ્રદ્ધા જ નિયામક હતી. પદ, ભજન, ફાગુ, રાસા, પદ્યકથા કે આખ્યાનાદિ સર્વ સ્વરૂપોનું પર્યવસાન તો ધર્મનીતિના અને સવિશેષપણે ભક્તિના પ્રસારમાં જ થતું જણાયું છે. કારણ કે તેમાં કોઈ પણ પ્રકારના ભેદભાવને સ્થાન ન હતું. વળી મોટા ભાગના ભક્તોએ લોકભાષામાં જ સર્જન કર્યું. સર્વ ભક્તોનાં કનકકામિનીકીર્તિથી નિર્લેપ ચરિત્રો પ્રભાવક હતાં. તેઓ પ્રથમ ભક્ત અને પછી કવિ હોવાથી તેમની હૃદયસ્પર્શી રચનાઓમાં સ્વાનુભૂતિ અને શ્રદ્ધાનો રણકો ઊઠે છે અને તેથી તેમાં કૃતકતા–કૃત્રિમતા કરતાં સ્વાભાવિકતા અને સચોટતાનું તત્ત્વ વિશેષ પ્રમાણમાં મળે છે. "અંતે તો હેમનું હેમ હોયે" જેવી જ્ઞાનગર્ભ પંક્તિઓ લખનાર આપણા આદિ કવિ નરસિંહ મહેતા ગાય છે:

"વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરો એ જ પાસે,
ભણે નરસૈંયો એ, મન તણી શોધના, પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે."

('નરસિંહ મહેતાનાં ભજનો' સં. શ્રી હ. વ. દિવેટિયા, પૃ. ૫૫)

ગ્રન્થોની ગરબડ અને તત્ત્વના ટૂંપણાની ઉપેક્ષા કરતો ભકત અંદરથી આંખે દીઠેલું ગાય છે:

"નરસૈયાનો સ્વામી સકલ વ્યાપી રહ્યો, પ્રેમના તંતમાં સંત ઝાલે."

(એજન) પૃ. ૫૪

આપણે ભૂલવું ન જોઈએ કે:

"જાગીને જોઉં તો જગત દીસે નહિ ઊંઘમાં અટપટા ભોગ ભાસે,
ચિત્ત ચૈતન્યવિલાસ તદ્રૂપ છે બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે."

(એજન) પૃ. ૫૪

ગાનારો કવિ જ પ્રત્યક્ષ જુએ છે કે:

"સચ્ચિદાનંદ આનંદક્રીડા કરે સોનાના પારણામાંહી ઝૂલે."

(એજન) પૃ. ૫૪

અંતરમાંથી હરિને કદી નહિ વિસારનારી વિઠ્ઠલવરને વરેલી, અખંડ સૌભાગ્યવતી ચિરવિયોગિની મીરાંની તો નરી નિર્ભેળ ભક્તિ જ હતી. એ ભક્તિમહારાણીનાં પદો તો એના પાયલના ઝણકારની જેમ આપણી હૃદયતંત્રીના તારને અદ્યાપિ ઝણઝણાવી રહેલ છે.

પોતાના આત્માના અને પરમાત્માના વાસ્તવ અભેદને વિચાર દ્વારા જાણી પરમ તત્ત્વ પ્રતિ પ્રીતિના પ્રવાહને અઢળક રેલાવવાનો અનુરોધ કરનાર 'વેદાંતી કવિ' તરીકે પ્રખ્યાત અખો ભગત કહે છે:

> "જો બીજીને હરિભક્તિ આદરે તો અંત્યે પડે સર્વે વરે,
> હું તે કોણ હરિ, શી વસ્ત, જે જાણી ગ્રહું જઈ હસ્ત ?
> એમ જાણી ભજ, મળે ભગવાન, નહિ તો અખા વરવો'ણી જાન".

(અખાના છપ્પા, ૪૧૬, પૃ. ૧૫૭, સં. ઉમાશંકર જોશી)

અખાની નિરૂપણપદ્ધતિ બહુ માર્મિક અને વિલક્ષણ છે. તે કહે છે:

> "ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય, પદાર્થ એક ત્રણ નામવિભાગ"

(એજન, ૪૫૩, પૃ. ૧૬૩)

બુદ્ધિની પરમ પૂર્ણ શુદ્ધિ થયા પછી 'સહજ સૂઝ' ખૂલતાં ભક્તિ અને વૈરાગ્ય એને આપોઆપ અનુસરે છે. અખાએ આ વાત સચોટ ઉપમાથી કહી છે:

> "ભાઈ, ભક્તિ જેવી પંખિણી, જેહને જ્ઞાન ગૈરાગ્ય બેહ પાંખ છે,
> ચિદાકાશમાંહે તે જ ઊડે જેને સદ્ગુરુરૂપી આંખ છે".

(અખેગીતા, સં. ઉમાશંકર જોશી, કડવું ૧૦-૭, પૃ. ૧૭)

આવી આંખ અને પાંખ પામનારો જ્ઞાની પ્રેમલક્ષણાની સર્વાત્મભાવનાથી રાસદર્શન કરે છે:

> "નિત્ય રાસ નારાયણનો દેખે તે અનંત અપાર".

(એજન, કડવું ૧૧-૬, પૃ. ૧૮)

હવે કહેશો, અખો જ્ઞાની કે ભક્ત !

પ્રેમપંથને પાવકની જ્વાળા (क्षुरस्य धारा) કહેનાર કવિ પ્રીતમ પણ મરજીવા જેવી ભક્તની શૂરવીરતાને બિરદાવતાં એમ જ કહે છે કે જે રામઅમલમાં રાતોમાતો પૂરો પ્રેમી હોય તે જ અહર્નિશ સ્વામીની લીલાનાં દર્શન કરે છે.

ધીરો, ભોજો, પ્રેમળ, નિરાંત, રણછોડ, બ્રહ્માનંદ અને સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓએ પણ જ્ઞાન વગેરે સાધનોની ગરિમા ગાઈને પણ છેવટે ભક્તિની જ સર્વોપરિતા પ્રગટ કરી છે.

ચરાચરમાં સૃજનમાં સભર ભરેલા, ગગન–વાયુ–સાગરની જેમ સર્વત્ર સર્વને અંતર્બહિર છાઈ રહેલા પરમાત્મા વિષે આપણા રસર્ષિ મહાકવિ ન્હાનાલાલ ગાય છે કે:

"બ્રહ્મબ્રહ્માંડ અળગાં રે ઘડી યે ન થાય કદા".

( કેટલાંક કાવ્યો, ભા. ૨, હરિનાં દર્શન પૃ. ૯૪ )

એવા પરમ તત્ત્વની ઝાંખી કરવા વિવિધ સાધનો સાધીને છેવટે થાકીને કવિ આર્દ્રભાવે આર્તહૃદયથી પ્રાર્થના કરે છે કે:

"પેલાં દિવ્ય લોચનિયાં રે પ્રભુ! કયારે ઉઘડશે?
આવાં ઘોર અન્ધારાં રે પ્રભુ! કયારે ઉતરશે?
નાથ! એટલી અરજી રે, ઉપાડો જડ પડદા:
નેનાં! નિરખો ઊંડેરૂં રે, હરિવર દરસે સદા".

( એજન પૃ. ૯૫ )

આધુનિક જ્ઞાનપ્રવણ સુશિક્ષિતો પૈકી આપણા અગ્રણી ભક્તકવિ સુન્દરમ્ જ્ઞાન–યોગ–સાધનાનાં સોપાનો ચઢતાં ચઢતાં મહર્ષિ અરવિંદ અને શ્રી માતાજીનાં પાવન ચરણોમાં સંપૂર્ણ રીતે સમર્પિત થયા છે. તેમના એક સર્વોત્કૃષ્ટ ગીતનું શીર્ષક કેવું વિરોધાભાસી છે! **'વિરાટની પગલી'**. તેમાં મુરલીધર શ્યામસુંદરને અતિસૌમ્ય સ્વરૂપે સત્કારવા સજ્જ થઈને પ્રતીક્ષા કરતી ગોપિકા દ્વાર પર ઘનશ્યામનાં વસ્ત્ર, ધૂમકેતુનાં કુંડળ, સ્વર્ગગંગાની માળા, મેરુની છડી અને માથે અનંત આભનો ઘુમ્મટ ધરેલી ભવ્ય વિરાટ મૂર્તિને જુએ છે ત્યારે તે કહે છે:

"પ્રભુ, મંદિરના મેદાન કરું,
હૈયું ચીરી મારા તહીં પાય ધરું,
તારે થાળ મારું બધું જીવ્યું ભરું,
પ્રભુ, કાયાની કંથા રે બિછાવું હું પંથ મહીં
ભલે રુદ્ર રૂપે આવ્યાં સ્વીકારીશ તોય સહી".

( 'વસુધા' પૃ. ૧૨ )

અને ત્યાં તો ગજબનો ચમત્કાર થયો:

"પેલી મૂર્તિ વિરાટ મટી અંગુલ શી સાવ થઈ,
સરી અંતરને આગાર ઝળાહળ જ્યોત રહી".

( એજન પૃ. ૧૩ )

અને તેથી જ તે સ્વાનુભવ ઉચ્ચારે છે:

"મારે આતમને આવાસ પ્રભુ તારી પગલી પડે,
મારા અંતર આંગણમાં ય મગનહેરી આંધી ચડે".

( એજન પૃ. ૧૩ )

ગુજરાતના આધુનિક અગ્રણી સંતો પૈકી પૂ. મોટાએ ગુજરાતીમાં તથા પૂ. રંગ અવધૂતે સંસ્કૃત, ગુજરાતી અને મરાઠીમાં જે જીવનોપયોગી ભાથું પીરસ્યું છે તેનો સ્પષ્ટ સૂર એ છે કે, અનેક કે અલ્પ જન્મોને અંતે આપણે નિર્ગુણ નિરાકાર પરમ તત્ત્વનો સગુણ સાકારમાં સાક્ષાત્કાર કરવાનો છે, અને તે માટે અમોઘ સર્વોત્તમ સાધન આત્મજ્ઞાનપૂર્વકની નિર્મલા ભક્તિ છે.

૧૮૮૨માં સ્થપાયેલી આધ્યાત્મિક સંસ્થા 'શ્રેયસ્સાધક અધિકારી વર્ગ'ના આદ્યાચાર્ય શ્રીમન્નૃસિંહાચાર્યજીની વાણીને આપણા મૂર્ધન્ય વિવેચક પ્રો. અનંતરાય રાવળે 'પશ્યંતીનો પ્રસાદ' કહીને બિરદાવી છે. તેમના એક પ્રાસાદિક પદમાં જ્ઞાન–ભક્તિનો સમન્વય સુંદર રીતે વ્યક્ત થયો છે. તેની પ્રથમ પંક્તિઓના અવતરણથી હું આ લેખ પૂર્ણ કરીશ. 'મોળું' અને 'ખારી'એ પાકશાસ્ત્રીય વિશેષણોથી પદનો આરંભ કેવો સૂચક અને આકર્ષક બની રહે છે !

"ભક્તિ વિનાનું જ્ઞાન મોળું લાગે જી,
જ્ઞાન વિના ભક્તિ ખારી રે હાં;
ઉભય સંયોગ કરી જે જન ગ્રહેતા જી,
સ્વાદ તેનો છે અતિ ભારી રે હાં".

('શ્રી નૃસિંહકાવ્યસંદોહ' સં. શ્રી સુરેશ્વર ભગવાન પૃ. ૯૮)

# કણેશ્વરી

**શંકરભાઈ સોમાભાઈ તડવી**

પ્રથમ વર્ષાને અંતે મહેક મહેક થતી ધરતીની સૌરભ જેવી સૌરભ લોકસાહિત્યની છે. જીવનના નાનામોટા વિવિધ ભાગોનું સચ્ચાઈથી પ્રાકૃતભાષામાં લોકકવિને હાથે થતું નિરૂપણ કણ્વઋષિને ત્યાં પ્રકૃતિશોભા વચ્ચે ઊછરી મોટી થયેલ શકુન્તલા સમું છે. એની નિર્વ્યાજ સરળતા રામના બાણ જેવી સચોટ છે. લોકસાહિત્ય એ રાષ્ટ્રની સંસ્કૃતિનું સાચું પ્રતિબિંબ છે અને જન્મથી મરણ સુધીના પ્રસંગો આલેખનાર કોઈપણ દેશનો અજ્ઞાત લોકકવિ એ પ્રજાજીવનની નાડ પારખનાર સાચો વૈદરાજ જ છે.

સાહિત્યનું સૌથી મોટું અંગ લોકસાહિત્ય છે. તેનો ઉપભોગ સામાન્ય જનતા અને શહેરીજન પણ કરી શકે છે, કારણ કે, તેમાં હૃદયના વાસ્તવિક, વેધક અને સરળ ઉદ્ગાર હોઈ, તે તુરત જ હૃદયગ્રાહી બને છે. લોકસાહિત્યની વિશેષતા પણ એ જ છે.

લોકસાહિત્યમાં સમાજની ખરી ઝલક જણાય છે. લોકસાહિત્ય બહુધા જનતાની જીભે જીવંત રહે છે ને કર્ણોપકર્ણ પ્રસરે છે. એટલા માટે અભ્યાસીઓ શિષ્ટ સાહિત્યથી આ સાહિત્યને જુદું પાડતી વખતે કંઠસ્થ સાહિત્ય એવું નામ આપે છે, કારણ કે, સાહિત્ય જેવું એમાં કશું લાગતું નથી. પહેલાં એ સાહિત્ય સમગ્ર સમાજનું હતું. એના શિષ્ટ અને ગ્રામ્ય એવા વિભાગ નહોતા. અંગ્રેજી કેળવણીના પ્રસારે આવા વિભાગ ઊભા થયા છે. કાકાસાહેબ કાલેલકર લખે છે કે, ગ્રીક અને લૅટિન લોકોનું રાજ્ય થયું તેના પહેલાં આપણા પૂર્વજોએ બહુ જ સુંદર, કાવ્યમય અને સ્વાભાવિક એવું એક સાહિત્ય નિર્માણ કરેલું. બે હજાર વર્ષ સુધી આપણે એની ઉપેક્ષા કરી તે છતાં અશિષ્ટ ગણાતા લોકોમાં તે ટકી રહ્યું છે—અર્થાત્ તે વીર્યવાન્ છે. આપણા દેશમાં લોકસાહિત્યની સ્થિતિ અને પ્રતિષ્ઠા જુદા જ પ્રકારની છે. આપણી પ્રજા રાજકારણ-પ્રધાન નથી. આપણે ત્યાં ખાસ અને આમ એવો પ્રખર ભેદ પડ્યો ન હતો, 'શ્રેષ્ઠ' લોકોએ 'ઈતરજનો'ની ઉપેક્ષા કરી ન હતી. હિંદુસ્તાનમાં લોકસાહિત્યનું મહત્ત્વ પ્રજાથી કોઈ દિવસ અજાણ્યું નહોતું, અને તેથી જ વેદકાળથી આ પરંપરા અબાધિત રહી છે.

સ્વ. રામનારાયણ વિ. પાઠક લખે છે: કાવ્ય સમગ્રજીવનની સમીક્ષા કરે છે. લોકસાહિત્ય પણ સમગ્રજીવનના વ્યાપારને આવરી લે છે. લોકસાહિત્ય કહીએ છીએ તેનો અર્થ તે શિષ્ટસાહિત્ય જેવું શુદ્ધ સાહિત્ય છે એમ નથી. તેમાં ઘણીખરી તો સાહિત્યની સામગ્રી છે. બીજું સારું નામ નહિ જડવાથી જેને મધ્યકાલીન માનસ કહીએ તેનું તેમાં પ્રતિબિંબ છે. ઇતિહાસ એટલે માત્ર રાજ્યોની ઊથલપાથલ નહિ પણ તત્કાલીન સમાજનું માનસ, સામાજિક રિવાજો, સામાજિક રસવૃત્તિ પણ ખરી. ઇતિહાસદૃષ્ટિએ ખરાબ હોય તેને પણ જોઈ શકાય. જેમ લોકસાહિત્ય તે સાહિત્ય નથી, પણ સાહિત્યની સામગ્રી છે તેમ લોકસાહિત્ય શુદ્ધ ઇતિહાસ પણ નથી, ઇતિહાસની સામગ્રી છે. એ ખરી રીતે તો માત્ર માનસનું જ પ્રતિબિંબ આપે છે.

આવું સાહિત્ય જો ઐતિહાસિક અને કાવ્યની મિશ્રદષ્ટિએ જોવાય તો તેમાંની જુગુપ્સાકારક કે બીભત્સ કે અશ્લીલ વાતોનો પણ સાંભળનાર કે વાંચનાર તટસ્થ રહી વાસ્તવિકતાની દષ્ટિએ વિચાર કરી શકે. સ્વભાવમાં રહેલા ગુણદોષ અને બલાબલનો આથી નિકટ પરિચય થાય છે. એ વાતોથી જુગુપ્સા થતી હોય તો તેનો અર્થ એ જ કે એ સમયમાં આપણા દેશનું માનસ આવું હતું, અથવા આવા માનસવાળાં મનુષ્યો આપણે ત્યાં હતાં એ આપણે જાણ્યું.

લોકસાહિત્યના વિભાગોથી લોકભાવના અને ઇતિહાસ ઉપર પ્રકાશ પડી શકે. લોકગીતોનો ઉષઃકાલ તે સાહિત્યનો ઉષઃકાલ છે. અંગ્રેજી કાવ્યશાસ્ત્રના લેખક મોલ્ટન સાહેબનો મત છે કે, સાહિત્ય માત્રની ઉત્પત્તિ રાસગીત (બેલેડાન્સ)માંથી થઈ છે. તે સાથે રમણભાઈ વા. મહેતાનો મત સરખાવવા જેવો છે. આવા ઉપયોગી સાહિત્યની આપણે અત્યાર સુધી ઉપેક્ષા કરી છે અને હજુ પણ તેને લુપ્ત થતું જોઈ રહ્યા છીએ એ આપણી સાહિત્ય તરફની અક્ષમ્ય બેદરકારી સૂચવે છે.

લોકગીતો પછીનું લોકસાહિત્યનું મોટું અંગ લોકકથાઓ છે.

ગુજરાતમાં બીજા સાહિત્યના મુકાબલે લોકકથાઓનું સંપાદન, પ્રકાશન જોઈએ તે કરતાં ઓછા પ્રમાણમાં થાય છે. લોકકથાઓ તેની સરળતાને કારણે બાલસાહિત્યની વાતો કે પરીકથાઓ તરીકે પ્રગટ થતી રહી છે. ગુજરાત–સૌરાષ્ટ્રમાં સામાન્ય રીતે વીરકથાઓ કે પ્રાસંગિક વાતો પ્રગટ થતી રહી છે, જે મધ્યકાલીન રજપૂતયુગની પેદાશ છે. એ ઉપરાંત ચારણીઢબની ઠાઠદાર લોકકથાઓ પ્રગટ થતી રહી છે. એ લોકકથાઓને રાજ્યાશ્રય પણ મળતો રહ્યો છે. તેથી તેનો વિકાસ થતો ગયો. આજે તો વીર–વીરાંગનાની સાચી–ખોટી બહાદુરીની વાતો એ જ લોકકથાઓ એવો મત પ્રસરી ગયો છે. સંપાદકો પણ એવી સજાવેલી વાતો જ રજૂ કરે છે.

જ્યાં સુધી ક્ષેત્રીય તપાસની રીતે ગુજરાતની બધી લોકકથાઓનું સંપાદન અને પ્રકાશન ન થાય ત્યાં સુધી તેના સાહિત્યિક, શાસ્ત્રીય અભ્યાસનું કે લોકકથાકોષનું કામ થવું મુશ્કેલ છે.

પૃથ્વીની ઉત્પત્તિ, સ્ત્રી–પુરુષની ઉત્પત્તિ, તેમના લગ્નજીવનનું કુતૂહલ, યૌનજીવન, પ્રકૃતિ અને તેનાં સૂર્ય, ચંદ્ર, સાગર, વાદળ, જેવાં તત્ત્વો, લોકોના વહેમો, રીતરિવાજો વગેરેને લગતી લોકકથાઓ હજુ પ્રગટ થવી બાકી છે. શ્રી સોમાભાઈ પટેલે 'કુદરતકથાઓ'ના બે ભાગમાં આપણા જગતનાં કેટલાંક અજાયબ તત્ત્વો વિષે વાતો આપી છે. પરંતુ એમાં લોકતત્ત્વ કેટલું છે અને ઉમેરણ કેટલું છે તે તારવવું જરૂરી છે.

શિષ્ટસાહિત્યની કથાઓમાં કલ્પનાનું તત્ત્વ ભળેલું હોય છે, જ્યારે લોકકથાઓ પ્રજાના જીવાતા જીવનનું પ્રતિબિંબ છે. એમાં પ્રજાના આદિમનના વ્યાપારો, પ્રજાએ ખેડેલાં સાહસો, પ્રજાએ સહન કરેલા આઘાતો અને સંઘર્ષોનો ઇતિહાસ પડેલો છે. લોકકથાઓ ભૂતકાળનો સાંસ્કૃતિક વારસો વર્તમાનને આપે છે. આ લોકકથાઓ પ્રજાને પેઢી દર પેઢી, પાકને અપાતા ખાતર જેવો પ્રજાજીવનને સંસ્કારિતાનો ઓપ આપે છે. લોકકથા દ્વારા મળતા ભવ્ય ભૂતકાળના સંસ્કારદર્શન દ્વારા પ્રજા પોતાના વર્તમાનને સફળ બનાવી પોતાના ગૌરવવંતા ભાવિનું ઘડતર કરે છે, કેમકે માનવસહજ મનોર્મિઓ અને સંવેદનો લોકકથાઓની સૃષ્ટિમાં લીલયા ખેલે છે.

દંતકથાઓનો જન્મ અસાધારણ લાગતી બાબતોનો યોગ્ય ખુલાસો શોધવાની મથામણમાંથી થયો લાગે છે, કેમકે એક તરફ જિજ્ઞાસા એ જેમ મનુષ્યનો સ્વભાવ છે તેમ બીજી તરફ પોતાની શક્તિ પ્રમાણે જીવનના દરેક રહસ્યનું કંઈક તો નિરાકરણ કરવું જોઈએ એવો આગ્રહ પણ મનુષ્યસ્વભાવમાં હોય છે અને તેથી જ કુદરતી બનાવો, ચમત્કારો, તારાઓની ગતિ, જન્મમરણનું અને પ્રજોત્પત્તિનું રહસ્ય વગેરે વિષયો ઉપર દરેક દેશના સુધરેલા કે જંગલી લોકોએ પોતાની મેળે કંઈક ને કંઈક ઉપપત્તિ બેસાડેલી છે. કણેશ્વરીની કથા પણ આવો જ ખુલાસો આપે છે.

દિવાળી આપણો કૃષિઉત્સવ છે. દિવાળીના અરસામાં ડાંગર પાકી જાય છે. મધ્યગુજરાતના પહાડીભાગોમાં વડોદરા જિલ્લાનો નસવાડી તાલુકો આવેલો છે. આ તાલુકામાં રાઠવાકોળી નામના આદિવાસીઓ રહે છે. તેઓ ખળામાં ડાંગર મસળીને ઊપણ્યા પછી એક મંત્ર બોલે છે. એ મંત્ર અન્નના કણ આપનાર દેવી કણેશ્વરીની પ્રસન્નતા માટે અથવા રીસાયેલી કણેશ્વરીને પાછી વાળવા માટે બોલાય છે. મંત્ર પ્રાર્થના ઢબનો છે. મંત્ર સાથે કનહેરી–કણેશ્વરીદેવીની કથા છે. આ કથા શીતળામાતા કે હોળીમાતાની કથાને મળતી આવે છે.

લોકકલ્પના છે કે, ભગવાન કે દેવ કોઈ ગરીબ, ગંદા–ગુબરાંના વેશે આવે છે. માટે તેમને પ્રસન્ન રાખવાં. આ ધાર્મિક નીતિબોધ પાછળ દાન આપવાનો નિયમ પળાવવાનો જ છૂપો આશય છે.

ભદ્રસમાજની અન્નપૂર્ણાદેવીની સમકક્ષ આ આદિવાસી કનહેરીદેવી લાગે છે. તેનો મંત્ર આ પ્રમાણે છે :

કનીરાયો[૧]
ધનીરાયો[૨]
કળમેં કળ[૩] પૂંજવા જાતો.
અનીરાયો[૪]
ભારભાટી[૫]
નવસેં નાગેણોની આંઈણ પડે.
નવસેં અડમાંનજીની[૬] આંઈણ પડે
કનહેરા[૭] રીહાઈને જાય સે.[૮]
ખળુ વાળે સે.
ગંધારીયેણ[૯] કનહેરી જાય સે.

૧ કનરાય, ૨ ધનરાય, ૩ કળિયુગમાં ખળું ? ૪ અજરાય, ૫ બળજોદ્ધી, ૬ હનુમાનજી, ૭ કણેશ્વરી, ૮ છે, ૯ ગંધાતી

પાશી વાળો[૧૦]
નવસેં પનિયારી
નવજૂટી[૧૧] અરમાંનની આંઈણ પડે.
કનીરાયો
ધનીરાયો
કળમેં કળ પૂંજવા જાતો.
કણેશ્વરીની કથા :
કનહેરી
કાં[૧૨] જેલી[૧૩]
જીવ પડી ઊઠેલા.[૧૪]
હદ હદી ન.[૧૫]
ખળામેં બેઠી.
કોય બોલે ના.
એક ઢગળું કાઈળું.[૧૬]
દાંત કાઈળા.[૧૭]
કનહેરી હારું હારું લાઈગું.[૧૮]
બાર કળશી દાણા પાઈકા
સતિ સે.
મને પૂશવા[૧૯] લાઈગા.
તું કોણ સે?
મેં જાતે કનહેરી સે.
એક સોકો[૨૦], એક દાળ
તેની માંય[૨૧] રાંઈધું.
બાજરું[૨૨] ઢાંઈકું.
પૂર[૨૩] ભરાઈ જયું.
એક દાળ આંધરવા[૨૪] મેલું.

---

૧૦ પાછીવાળો, ૧૧ નવયોદ્ધો, ૧૨ ક્યાં, ૧૩ ગયેલી–ગઈ હતી, ૧૪ શરીરમાં જીવ આવી ઊઠયા છે, ૧૫ જીવ આમાં હદ હદ થાય છે–બદબદ, ૧૬ કાઢયું, ૧૭ કાઢયા, ૧૮ લાગ્યું, ૧૯ પૂછવા, ૨૦ ચોખો, ૨૧ માંય, માંહે, ૨૨ પતરાળું, ૨૩ સંપૂર્ણ, આખું, ૨૪ આપણું.

મીઠું પણ લાઈખું.[૨૫]

દાળ ભરાઈ

ઘેર આઈવા સે.

એડુની બાઈડી પૂની.

એડુનું નામ શૉમો.[૨૬]

કનહેરી ઓટલે બેઠેલી દેખા.

બાઈડી માંય પેઠી.

ને કનહેરીને બા'રી બેઠેલી દીઠી.

ને ગાળ દીધી.

ઓહોહો ! મેં સગળી[૨૭] કમાય[૨૮] કરુ સું.

પણુ તેવ ગાળ દેય સે ? !

જા જા ગદેડી !

તને વાંઈઝ્યું મેણું[૨૯] કર લાખું.

બાર ભૂતની આંર્ઈણુ પડે.

જતી રહેય.

કણેશ્વરીની કથાનો શિષ્ટમાન્ય ગુજરાતીમાં અનુવાદ :

કણેશ્વરી.

ક્યાં ગઈ 'તી ?

આખા શરીરે ચાંદાં પડેલાં. જીવ પડી ગયેલા.

જીવડા હદ હદ થાય છે. જીવ વચ વચ થાય છે.

આવીને ખળામાં બેઠી.

કોઈ બોલ્યું નહિ.

એટલે કણેશ્વરીએ એક કુલ્લું ખુલ્લું કર્યું.

બધાએ દાંત કાઢ્યા. બધાં હસી પડ્યાં.

કણેશ્વરીને ખૂબ સારું લાગ્યું. તે રાજી થઈ.

કણેશ્વરી પ્રસન્ન થઈ. ખળામાં બાર

કળશી દાણા થયા.

---

૨૫ નાખ્યું, ૨૬ સોમો, ૨૭ સઘળી-બધી, ૨૮ કમાઈ-કમાણી,
૨૯ વંધ્યા હોવું એ સામાજિક મહેણું છે. બાળકો મારી નાખીને વાંઝણી જેવી કરી નાખું પછી બધાં વાંઝણી કહીને મહેણું મારશે.

કેમ ના થાય? કણેશ્વરી સતી છે ને!

ભોળા ખેડૂતો પૂછવા લાગ્યા:

તું કોણ છે?

હું પંડે કણેશ્વરી છું.

કણેશ્વરીએ એક ચોખો લીધો. એક દાળનો દાણો લીધો.

તેને રાંધ્યું. ઉપર પતરાળું ઢાંક્યું.

વાસણ આખું ભરાઈ ગયું.

દાળ એક દાણો, આધણ મૂકીને ઓરી.

અંદર મીઠું પણ નાખ્યું.

વાસણ દાળથી ભરાઈ ગયું!

પછી બધા ઘેર આવ્યા.

ખેડૂતની બાઈડીનું નામ પૂની.

ખેડૂતનું નામ સોમો.

ઓટલે કણેશ્વરીને બેઠેલી દીઠી.

સ્ત્રી તો ઘરમાં ગઈ.

મૂઠમાં ચોખા લાવીને કણેશ્વરીને નાખ્યા.

પછી સ્ત્રી દેવતા (અગ્નિ) લેવા પેઠી.

બહાર નીકળતાં જોયું તો હજુ કણેશ્વરી ઓટલે બેઠેલી છે.

બહાર બેસી રહેલી દીઠી ને સ્ત્રીને ગુસ્સો ચડ્યો.

તેણે ગાળ દીધી: રાંડ જતી નથી.

કણેશ્વરીને ઝાળ લાગી ગઈ. ઓહોહો! હું બધી કમાઈ–કમાણી કરું છું, આટલી બધી સમૃદ્ધિ આપું છું તો ય મને ગાળ દીધી?

જા, જા, ગધેડી! તને વાંઝણી કરી નાખું.

મારા બોલ સાચા ના પડે તો બાર ભૂતની આણ પડે–આણ છે.

આમ શાપ આપીને કણેશ્વરી જતી રહી.

ખેડૂતઘરની સમૃદ્ધિ નષ્ટ કરવા કણેશ્વરી ખળું વાળે છે. ખેડૂતના ખળાની સમૃદ્ધિ તે લઈ જાય છે.

ખેડૂતને ભાન થાય છે.

સ્ત્રીએ ગાળ દીધી તેથી કણેશ્વરી રીસાઈ ગઈ છે.

ખેડૂતે જાણ્યું ને મનાવવા પાછળ દોડ્યો.

હે કણેશ્વરી મા! હે કણેશ્વરી મા! પાછાં વળો.

મારું ખળું ના વાળી જશો.

તમે પાછાં વળો, તમે પાછાં વળો. ના વળો તો તમને નવસો પનિહારીઓની આણ છે. તમને નવ જોદ્ધા હનુમાનજીની આણ છે.

પાછાં વળો, પાછાં વળો.

પણ કણેશ્વરી પાછી ના વળી; જતી રહી.

[ આ કથામંત્ર સીમેલની આજુબાજુનાં પાંચેક ગામના બડવા ઉકેડિયાભાઈ ભીલ, ઉંમર આશરે ૪૫–૫૦, રહેવાસી સીમળિયા, તા. નસવાડી પાસેથી તા. ૧૧–૪–૧૯૫૯માં સીમેલ ગામે ઊતારેલો ]

# કાવી પ્રદેશનો મધ્યકાલીન માતૃકા–સમૂહ

વસંતકુમાર એસ. પારેખ

કાવી પ્રદેશમાંથી મળેલાં શૈવ, વૈષ્ણવ, શાક્ત અને જૈન શિલ્પો[૧] તથા તામ્રપત્રો[૨] અને અન્ય પ્રાચીન અવશેષોએ પુરાવસ્તુવિદો તથા શિલ્પ અને મૂર્તિશાસ્ત્રના વિશારદોમાં ઊંડો રસ જાગૃત કર્યો છે. હજુ વધુને વધુ પુરાવસ્તુકીય અવશેષો કાવી અને તેની આસપાસના સ્થળોમાંથી મળી રહ્યા છે. અને તેથી દક્ષિણ ગુજરાતના ઇતિહાસમાં કાવી અતિ મહત્ત્વનું સ્થાન પામે છે.

પ્રાચીન તામ્રપત્રોમાં કાવીને 'કાપિકાતીર્થ' તરીકે વર્ણવ્યું છે. આ તામ્રપત્રોમાં મંદિરો બંધાવ્યાના તથા તેના નિભાવાર્થે દાન આપ્યાના ઘણાં ઉલ્લેખો છે. પ્રાયઃ ગુર્જર પ્રતિહાર રાજા જયભટ્ટ બીજાએ કાપિકા પાસેનું જયાદિત્ય (સૂર્ય)મંદિર બંધાવ્યું હોવાનું મનાય છે.[૩] દક્ષિણ ગુજરાતના ભરુકચ્છ વિષયના કેમજ્જુ (કાવી પાસેનું હાલનું કીમજ) ગામમાં આશ્રમને લગતા દાનશાસનમાં, એ આશ્રમના દેવનું નામ આપવામાં આવ્યું નથી, પરંતુ એ ગામમાં હાલ આસામેશ્વરે મહાદેવના મંદિર પરથી એ આશ્રમનું દેવાલય હોવાનું અનુમાન કરવામાં આવ્યું છે.[૪] કાવીથી દક્ષિણ–પશ્ચિમે ચાર કીલોમીટર પર આવેલા ગલાલ નામના ગામના 'ભગવતી મંદિર'-માંથી ઈસ્વી સનની દશ્મીથી ૧૨મી સદીનાં સુંદર શિલ્પો પ્રાપ્ત થયાં છે. આ જ ગલાલનો 'ગોલિઅવલી' અને 'ગોલેલ'ના નામથી તામ્રપત્રોમાં ઉલ્લેખ થયેલો છે.[૫]

કાવી પ્રદેશમાંથી ઉપલબ્ધ તથા અહીં વર્ણવેલ આશરે ૧૧મી સદીનાં માતૃકાશિલ્પો પશ્ચિમ ભારતની શિલ્પ સમૃદ્ધિમાં એક નોંધપાત્ર વધારો કરે છે. સપ્તમાતૃકાઓનો આ સમૂહ તથા રક્ષક દેવ વીરભદ્રનાં શિલ્પો રેતિયા પથ્થરમાં કંડારેલાં છે. આ બધાં જ શિલ્પો ચતુર્ભુજ છે, અને મોહક દ્વિભંગ અવસ્થામાં ઊભેલાં નિરૂપેલાં છે. આ સદીનાં શિલ્પોમાં[૬] "સજીવતા–

---

૧ પારેખ, વી. એસ. 'સમ ઇન્ટરેસ્ટીંગ સ્કલ્પચર્સ, ફ્રોમ કાવી એરિયાઝ' 'જર્નલ ઑફ ધી ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, વડોદરા, વૉ. ૨૬', નં.–૨, પૃ. ૧૮૬–૧૯૧

એજન, 'કાવી પ્રદેશનાં કેટલાંક માતૃકા-શિલ્પો', 'સ્વાધ્યાય' પુ. ૧૩, અંક ૨, પૃ. ૨૧૨–૨૨૦

મજમુંદાર એમ. આર, (સં.), હિસ્ટોરિકલ ઍન્ડ કલ્ચરલ કૉનોલૉજી ઑફ ગુજરાત, પૃ ૭૦ ૭૩

૨ બ્યૂલર જી, ઇન્સ્ક્રીપ્શન્સ ફ્રોમ કાવી, 'ધી ઇન્ડિયન એન્ટીકવેરી', વૉ. ૫, એપ્રિલ, ૧૮૭૬

૩ મિરાશી, વી. વી., કોર્પસ ઇન્સ્ક્રીપ્શનમ ઇન્ડીકેરમ, વૉ. ૪, ૧૯૫૫, પ્રસ્તાવના

૪ એજન, નં. ૨૩, 'ગુજરાતના ઐતિહાસિક લેખો,' (સં. ગિ. વ. આચાર્ય) ભા.-૨, લે. ૧૧૮

૫ બ્યૂલર જી., ઉપર્યુક્ત સંદર્ભ, પૃ. ૧૦૯–૧૧૫, ૧૪૪–૧૫૨

૬ પરીખ ર. છો. અને શાસ્ત્રી, હ. ગં. (સં.), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ-૪, 'સોલંકી કાલ'માં જુઓ, ઉમાકાન્ત. પ્રે. શાહનું વિદ્વત્તાપૂર્ણ પ્રકરણ નં. ૧૭, પૃ. ૫૧૧–૫૨૭

ચેતન ધબકે છે. અંગપ્રત્યંગો જડ ઠરેલા માપનાં કવચિત્ બેડોળ પણ નથી; કલામાં હજુ પ્રાણ છે, સર્જક શક્તિ છે. ઊરુજાલક અલંકરણ, સુંદર મુખભાવ અને ઘડતર જળવાઈ રહેલાં છે. અંગોનું લાલિત્ય, સપ્રમાણતા વગેરે હજુ જોવા મળે છે."

કાવી પ્રદેશમાંથી પ્રાપ્ત આ માતૃકાશિલ્પો તથા બીજાં ઘણાં શિલ્પો ઈ. એમ ઈ. સ્કુલ, ફતેગંજ વડોદરાના દક્ષિણામૂર્તિ મંદિરના ખુલ્લા પટાંગણમાં પ્રદર્શિત કરેલાં છે. આ પૈકીનાં ઘણાં શિલ્પો ખંડિત હતાં જેઓને કમનસીબે અહીં સીમેંટ ચૂનાથી રીપેર કરવામાં તથા ધોળવામાં આવ્યાં હતાં.

માર્કણ્ડેય પુરાણાન્તર્ગત 'દેવીમાહાત્મ્ય' (દુર્ગાસપ્તશતી;' અ. ૮) વરાહપુરાણ,[૭] મત્સ્યપુરાણ,[૮] અગ્નિપુરાણ,[૯] રૂપમંડન,[૧૦] શ્રીતત્ત્વનિધિ[૧૧] વગેરેમાં 'સપ્ત કે અષ્ટ માતૃકાઓનાં' વિગતવાર વર્ણનો આપેલાં છે. અહીં વર્ણવેલ સપ્ત માતૃકાઓનો ક્રમ આ પ્રમાણે છે: (૧) વીરભદ્ર (વીણાધર શિવ), (૨) બ્રહ્માણી, (૩) માહેશ્વરી, (૪) વાયવી, (૫) વૈષ્ણવી, (૬) વારાહી, (૭) ઇંદ્રાણી.

ઉપર્યુક્ત શિલ્પ–વિષયક પાર્શ્વભૂમિકા તથા સામાન્ય લક્ષણોના અભ્યાસ પછી પ્રત્યેક શિલ્પનું વિગતવાર વર્ણન રસપ્રદ થઈ પડશે:

વીણાધર–વીરભદ્ર–(ચિત્ર–૧).

આકર્ષક દ્વિભંગમાં ઊભેલા ચતુર્હસ્ત શિવે નીચલા ડાબા અને જમણા હાથોમાં વીણા ત્રાંસી પકડેલી છે. તેમના ઉપરના હાથોમાં અનુક્રમે ત્રિશૂલ અને સર્પ ધારણ કરેલાં છે. શિવના મસ્તક પરનો જટામુકુટ, ત્રણ સેરનો નિષ્કહાર, કુંડળો, બાજુબંધ, હસ્તવલયો, તેમ જ પગનાં કડલાં અને પગની પાની સુધી પહોંચતા પહેરેલા બારીક કટિવસ્ત્રને (તેના બે છેડા પગ વચ્ચે લટકતા જણાય છે.) બાંધી રાખતી અલંકૃત પહોળી મેખલા, છેક ઘૂંટી સુધી પહોંચતી પ્રલંબ વનમાલા અને ઢીંચણના ઉપલા ભાગથી જંઘાઓની આસપાસ વીંટાળેલા બારીક વસ્ત્રનો બંધ (એના છેડા બન્ને નિતંબ પાસે ફરકતા જણાય છે) વગેરે ખૂબ આકર્ષક લાગે છે. શિવના મુખ પર દિવ્ય પ્રસન્નતાના ભાવ દૃષ્ટિગોચર થાય છે. તેમના ડાબા પગ પાસે નંદી તથા જમણી બાજુ પર એક ગણ ઊભેલા જણાય છે. અહીં નંદીની આકૃતિ બેડોળ, અને મૂર્તિના પ્રમાણમાં ખૂબ નાની દર્શાવવામાં આવી છે તે નોંધવા યોગ્ય છે. સામાન્યતઃ દેખાતું ત્રિનેત્ર આ શિલ્પમાં અદૃશ્ય છે.

---

૭ વરાહપુરાણ, અ. ૨૭

૮ મત્સ્યપુરાણ, અ. ૧૭૮

૯ અગ્નિપુરાણ, અ. ૫૦–૫૨

૧૦ રૂપમણ્ડન, અ. ૫–૬૧

૧૧ શ્રીતત્ત્વનિધિ, પા. ૪

શૈવ મૂર્તિવિજ્ઞાનમાં સામાન્ય રીતે વીરભદ્ર–(વીરેશ્વર)ને શિવના ઉગ્ર સ્વરૂપ તરીકે વર્ણવ્યા છે. પણ માતૃકાઓના રક્ષક તરીકે વીણાધર શિવનું 'વીર' છતાં 'ભદ્ર' શાંત અને સૌમ્ય સ્વરૂપ પશ્ચિમ ભારતમાં વધુ પ્રચલિત બન્યું છે.[૧૨] આ શિલ્પમાં વીરભદ્ર શિવ એવા જ સૌમ્ય (વીણાધર) સ્વરૂપમાં દર્શાવેલા છે.

બ્રહ્માણી : (ચિત્ર–૨ : આ અંકના ત્રીજા કવરપેજ ઉપર) અહીં વર્ણવેલ અન્ય માતૃકાઓ કરતાં, ચિત્ર નં. ૨ તરીકે રજૂ કરેલ બ્રહ્માણીનું શિલ્પ દેહ સૌષ્ઠવ તથા અલંકારોના નિરૂપણ તથા શૈલીમાં કંઈક વધુ પ્રાચીન (આશરે ૧૦મી સદી) જણાય છે. આ માતૃકા કોઈ જુદા જ માતૃકાસમૂહની સભ્ય હોય તેમ લાગે છે. અહીં વર્ણવેલ ૧૧મી સદીના માતૃકાસમૂહની પ્રથમ સભ્ય બ્રહ્માણીની મૂર્તિ હજુ મળી નથી.

આશરે ૧૦મા શતકની મોહક દ્વિભંગમાં ઊભેલી ચતુર્ભુજ બ્રહ્માણીના હાથોમાં (પ્રદક્ષિણાનુક્રમે) વરદ–અક્ષમાલા, સ્રુક, પદ્મ તથા ચુલ્લુક પકડેલાં છે. ડાબી બાજુ કટિ પર બેઠેલું બાળક માતાના સ્તન સાથે રમત કરતું જણાય છે. દેવીનાં ત્રણે મસ્તક પર ઊંચો જટાભાર, મોટાં કુંડળો, ત્રિસરી હાર, હસ્તવલયો, બાજુબંધો, પગનાં કડલાં સુધી પહોંચતું ચુસ્ત કટિવસ્ત્ર તથા તેને બાંધી રાખતી કટિમેખલા, સ્તનયુગ્મની વચ્ચેથી પસાર થતું સ્તનઃસૂત્ર તથા પ્રલંબ વનમાલા ધારણ કરેલાં છે. ખભા પાછળથી પસાર થઈ બન્ને બાજુએ ફરકતા ઉત્તરીય વસ્ત્રના છેડા, શિલ્પના સૌંદર્યમાં વૃદ્ધિ કરે છે.

દેવીની જમણી બાજુ પર, પગ પાસે પલાંઠી વાળી બેઠેલો સેવક અને ડાબી બાજુએ માતાનું વાહન હંસ દર્શાવેલાં છે.

માહેશ્વરી : (ચિત્ર–૩)

દ્વિભંગમાં ઊભેલી માહેશ્વરની શક્તિ માહેશ્વરીની મૂર્તિના ચતુર્હસ્ત પૈકી નીચલા જમણા તથા ડાબા હાથોમાં અનુક્રમે વરદ–અક્ષમાલા અને બીજોરું પકડેલાં છે, જ્યારે ઉપરના હાથોમાં અનુક્રમે ત્રિશૂલ અને બાળક ધારણ કરેલાં છે. દેવીના મસ્તક પાછળની સાદી પ્રભાવલિ, જટામુકુટ, મોટાં કુંડળો, હસ્તવલયો, કેયૂરો, બારીક કટિવસ્ત્રને બાંધી રાખતી મેખલા તેમ જ લાંબી ઝૂલતી વનમાલા મૂર્તિને વધુ મોહક બનાવે છે. કટિમેખલાની નીચે જંઘાઓ પર અર્ધ વર્તુલાકાર મોતીની સેરનું ઉરુજાલક આભરણ ખૂબ સુંદર લાગે છે. માતૃકાની પાછળ જમણી બાજુએ ઉભડક બેઠેલો નંદી પાત્રમાંથી ખાણુ ખાતો દર્શાવેલ છે, જ્યારે ડાબી બાજુ પર વામન કદનો ગણ ઊભેલો છે.

વાયવી : (ચિત્ર–૪, આ અંકના ત્રીજા કવરપેજ ઉપર)

---

૧૨ સી. શિવરામમૂર્તિ, જ્યોગ્રૉફીકલ ઍન્ડ ક્રૉનોલૉજિકલ ફૅકટર્સ ઈન ઈન્ડીઅન આઈકૉનોગ્રાફી, ઍન્શ્યન્ટ ઈન્ડીઆ, નં.–૬, જાન્યુઆરી ૧૯૫૦, પૃ. ૫૮

ગુજરાતમાંથી મળેલાં માતૃકા–શિલ્પોમાં વાયવીનું[૧૩] સ્વરૂપ ખૂબ ઓછું જોવા મળે છે. અત્યાર સુધીમાં ફક્ત માતરિયા, આશરે છઠ્ઠી સદી અને કાવીમાંથી પ્રાપ્ત માતૃકાસમૂહોમાં વાયવીનું સ્વરૂપ જોવા મળે છે.[૧૪]

અહીં વર્ણવેલ મધ્યકાલીન વાયવીનું શિલ્પ કાવી પ્રદેશની ગુપ્તોત્તર કાલની માતૃકા–પૂજાની પ્રણાલિ અનુસરતું હોય તેમ લાગે છે. આકર્ષક દ્વિભંગમાં ઊભેલી ચતુર્ભુજ વાયવીના જમણા અને ડાબા હસ્તો વરદ મુદ્રામાં છે. ઉપરના જમણા અને ડાબા હાથોમાં અનુક્રમે અંકુશ અને સ્તન સાથે રમત કરતું બાળક પકડેલું છે. દેવીએ કરણ્ડમુકુટ, મોતીનાં કુંડળ, ત્રિસરી હાર અને સ્તનયુગ્મ વચ્ચેથી પસાર થતો એકસરી હાર, હસ્તવલયો, કેયૂરો, કટિવસ્ત્રને જકડી રાખતી મેખલા તથા તેની નીચે જંઘા પર શોભતું ઉરુજાલકનું અલંકરણ અને ઢીંચણ સુધી પહોંચતી વનમાલા ધારણ કરેલાં જણાય છે.

માતૃકાની જમણી બાજુએ સેવક ઊભો છે જ્યારે ડાબી બાજુએ દેવીનું વાહન હરણ ઊભેલું દૃષ્ટિગોચર થાય છે.

વૈષ્ણવી : (ચિત્ર–૫, આ અંકના પાછલા પૂંઠા ઉપર).

કિરીટ મુકુટધારી ચતુર્ભુજ વૈષ્ણવી આકર્ષક દ્વિભંગમાં ઊભેલી દર્શાવી છે. તેમના ચાર હસ્તમાં અનુક્રમે વરદ–અક્ષમાલા, ચક્ર, ગદા, તથા શંખ પકડેલાં છે. ડાબી બાજુ કટિ પર રમતિયાળ ચેષ્ટા કરતું બાળક બેઠેલું છે. માતૃકાની બન્ને બાજુ એક એક સેવક ઊભા રહેલા દેખાય છે. અલંકરણો, દેહનો ઘાટ, તથા કંડારવાની શૈલી સર્વે ઉપર વર્ણવેલ માતૃકાઓ જેવાં છે.

વારાહી : (ચિત્ર–૬).

સામાન્યતઃ વારાહીનાં શિલ્પોમાં તેમનું વરાહ મુખ જમણી કે ડાબી બાજુ વાળેલું દર્શાવેલું હોય છે. પરંતુ અહીં રજૂ કરેલ વારાહીનું મુખ સન્મુખ દર્શાવેલું છે.

ચતુર્ભુજ વારાહી મોહક દ્વિભંગ અવસ્થામાં ઊભેલાં દેખાય છે અને તેમના ચાર હસ્તોમાં અનુક્રમે વરદ, ગદા, બાળક તથા શંખ પકડેલાં છે. લોકસમૂહમાં 'વેરાઈ' માતા તરીક પૂજાતાં માતૃકા કરણ્ડ મુકુટ, નિષ્કહાર, બાજુબંધ, હસ્તવલયો, કટિવસ્ત્રને બાંધી રાખતી મેખલા જંઘાઓ અને નિતંબની આસપાસ ઉરુજાલક આભરણ અને લાંબી વનમાલા વગેરે ધારણ કરેલાં છે. તેમના મસ્તક પાછળ દર્શાવેલ સાદું પ્રભામણ્ડલ ખૂબ સુંદર લાગે છે.

માતૃકાની જમણી બાજુ પર દંડધારી સેવક તથા ડાબી બાજુમાં તેમનું પ્રતીક વાહન વરાહ દેખાય છે.

---

૧૩ બ્રહ્માણ્ડપુરાણ (૪, ૪૪–૬૧)માં વાયવીને વર્ણશક્તિ તરીકે વર્ણવી છે. 'દુર્ગાસપ્તશતી'માં વાયુની શક્તિ તરીકે વાયવીનો ઉલ્લેખ છે.

૧૪ ઉપર્યુક્ત સંદર્ભ ૧, 'કાવી પ્રદેશનાં કેટલાંક માતૃકા શિલ્પો.'



ચિત્ર ૧

વીણાધર–વીરભદ્ર



ચિત્ર ૬

વારાહી



ચિત્ર ૩
માહેશ્વરી

કૌન્દ્રી : ( ચિત્ર–૭; આ અંકના મુખપૃષ્ઠ ઉપર )

ચતુર્ભુજ શક્તિ માતૃકાના સ્વરૂપમાં અનુક્રમે વરદમુદ્રા, વજ્ર, અંકુશ તથા બાળક ધારણ કરેલાં છે. મસ્તક પર કરંડ મુકુટ, કાનમાં મોતી ભરેલાં કુંડળો, ચતુસ્સરી હાર, સ્તનઃસૂત્ર, બાજૂબંધ, કેયૂરો, અલંકૃત કટિમેખલા, જંઘાને શોભાવતું મોતીનું ઉરુજાલક આભરણ, બારીક કટિવસ્ત્ર અને લાંબી ઝૂલતી વનમાલા વગેરેથી વિભૂષિત દેવી ખૂબ સુંદર લાગે છે.

દેવીની જમણી બાજુ પર સેવિકા સ્વસ્તિક મુદ્રામાં નૃત્ય કરતી દર્શાવી છે જ્યારે ડાબી બાજુ પર ઇન્દ્રાણીનું પ્રતીક વાહન હાથી દોડતો બતાવ્યો છે.

ઉપર્યુક્ત માતૃકાસમૂહમાં વાયવીની હાજરી ખૂબ રસપ્રદ અને મહત્ત્વની છે. હજુ સુધી સપ્ત કે અષ્ટમાતૃકાની નામાવલિમાં વાયવીનો ઉલ્લેખ કોઈ પણ પુરાણ કે મૂર્તિશાસ્ત્રના ગ્રંથમાં મળ્યો નથી. કદાચ વાયડા બ્રાહ્મણો અને વૈશ્યોએ વાયવીને પ્રચલિત બનાવવાના પ્રયત્નો કર્યા હોય.

આ શિલ્પસમૂહ કલાશૈલીની દૃષ્ટિએ આશરે ૧૧મી સદી એટલે કે પશ્ચિમ ભારતીય કલાના ત્રીજા તબક્કામાં મૂકી શકાય.

# ગ્રન્થાવલોકન

**ગુજરાતી સર્જનાત્મક ગદ્ય, એક સંકલન**: સં. સુરેશ હ. જોષી; પ્ર. ગુજરાતી વિભાગ, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા; પૃ. ૧૮ + ૨૦૪, મૂલ્ય, રૂા. ૨૫–૦૦.

આ પ્રકારનાં આપણે ત્યાં પ્રકાશનો ઓછાં અને એમાં આ સંકલન સમગ્રપણે કેટલીક ચૂનેલી ગદ્યરચના આપે છે તેથી આવકાર્ય ઠરે એમ છે. ૨૦૩ પૃષ્ઠો, ૩૨ લેખો અને ૨૬ લેખકોવાળું આ સંકલન ૯ નવલકથાઅંશો તેમ જ વર્ણનાત્મક–વિનોદ, કલ્પના, સ્મરણાદિને ગૂંથતા લેખો ઉપરાંત વિવિધ શૈલીપાસાં યે રજૂ કરે છે. આવા સંકલને 'શ્રેષ્ઠ' એવા આગ્રહને ખોટો દર્શાવી, 'આમુખ,' 'વિકાસનો ક્રમ બતાવવાનો' હેતુ અભિપ્રેત હોવાનું સૂચવીને, "ગદ્યમાં જ પ્રજાનો ભાવોચ્છ્વાસ, એનો સાચો લય, પકડાય છે" (પૃ. ૬), એમ સ્પષ્ટ કરે છે. સર્જનાત્મક ગદ્ય અંગે વાલેરીમત ટાંકાયો છે, કે આવા ગદ્યે રચનારીતિ તરફ જ ધ્યાન ખેંચવું યોગ્ય છે. આપણું આવું ગદ્ય બહુધા વર્ણનાત્મક અને જીવનના વિવિધ સ્તરના ભાષાવૈચિત્ર્યનો સમર્થ વિનિયોગ કરનારું થયું નથી એ અહીંની ટકોર મહત્ત્વની યે છે. આપણી ગદ્યવિવેચનામાં અમુક શબ્દો કશો ખાસ સંકેત લક્ષી શક્યા નથી એમ કહીને આવા ગદ્યને મૂલવતાં કઈ વીગતે તપાસ કરવી યોગ્ય એ ય અહીં શક્ય વિસ્તારે સમજાવાયું છે.

ગોવર્ધનરામ ત્રિપાઠીથી વિષ્ણુ પંડ્યાનો તાજો સમયગાળો અહીં છે. એમાં ચન્દ્રવદન–ઉમાશંકર–કિશોર જાદવાદિ જેવી, કેટલાક લેખકોની પસંદ કરેલી રચનાઓ ધ્યાનપાત્ર. જ્યોતીન્દ્ર કે નવલકથાકારોવાળા ભાગો તો વ્યાપક રસ જગવેજ. "યોગીના કવિના ને પયગમ્બરના અંતરમાં પ્રથમ ગુંજે છે એ વાણીપર હોય છે" (પૃ. ૧૪; ન્હાનાલાલ), કે "મૌત, મારી દૃષ્ટિએ ફક્ત એક ભૌતિક અને ઐતિહાસિક પૂર્ણવિરામ છે" (પૃ. ૧૧૭; ચંદ્રકાન્ત બક્ષી) જેવી ઝળકકણીઓ તો આવે સંકલને ફરી ફરી ન જડે તો જ નવાઈ. એકંદરે સંપાદકરુચિ પણ પ્રકૃતિવર્ણનની કવિતાથી છલકતી યા ફોરમતી રચનાઓ તરફ વધુ ઢળતી લાગે; જાણે 'આમુખ'ની ટકોર પડખે રહેવા–અજાણતાં યે.

જો અહીં અનુક્રમને અવકાશ અપાયો હોત તો વાચકને મદદ થતે. વળી એમે લાગે છે, કે લેખકમાત્રની એક ગદ્યરચનાનું ધોરણ જળવાયું હોત, તો સંકલન માટે વધુ સીમ–ક્ષેત્ર ખુલ્લાં થયાં યે હોત. એ જ રીતે ભલે પૂર્વગોવર્ધનકાળ (વિકાસના ક્રમનો હેતુ છતાં) ન સ્પર્શાયો, પણ રચનારીતિ–વસ્તુપ્રકારાદિ દૃષ્ટિથી યે ગ્રંથનો લગભગ અર્ધો વિસ્તાર હેઠ તાજા સમયને ઊલટે જગ્યા કરી આપતો હોઈ, સાધારણ કે પછી એકરંગી કૃતિઓ પણ અહીં આવી ગઈ છે. નવલકથા ભણી બત્રીસમાંથી નવ ડગલાં મંડાયાં ન હોત તો!–એમે ઘડીક થાય. વળી વિચારશીલ ને એકંદરે સઘન 'આમુખ'માં ભલે ચૂનેલ લેખકમાત્રના ગદ્ય વિશે સમીક્ષા નહીં, પણ ગદ્યની તપાસના મુદ્દાઓની નવી ચર્ચામાં પૂરતી વિશદ કે ઝીણી રજૂઆત તો અપેક્ષિત રહે જ; એ ધૂંધળી ન રહે તે જરૂરી હતું. જો આવાં સંકલનો શૈક્ષણિક હેતુનાં હોય, કે પછી વ્યાપક યા ખાસ વાચનના

હેતુ માટે, તો એમાં શબ્દ–લેખકાદિની ટૂંકી છતાં ઉપયોગી ટિપ્પણનોંધ-સમજૂતી યે ઇષ્ટ. સંકલનમાં રુચિવ્યાપ એ દૃષ્ટિથી અનિવાર્ય; અહીં એ અપેક્ષા રહે છે. આવા પ્રયાસો આપણે ત્યાં હવે તો વધવા જ જોઈએ અને એ માટે આ સંકલને યોગ્ય વાતાવરણ રચ્યું છે.

**ઘરઝુરાપો :** લે. સુરેશ દલાલ; પ્ર. મિહિકા પબ્લિકેશન્સ, ૧૩૩, હસા મહાલ, દલામલ પાર્ક, કફ પરેડ, મુંબઈ–૫; પૃ. ૭૫, મૂલ્ય, રૂા. ૨૦

૫૮ પાનાંમાં મહદંશે ૧૯૮૦ની કાવ્યરચનાઓ તથા ૧૮ પાનાંમાં પ્રા. નલિન રાવળે ૧૯૭૭માં લખેલી કવિના ૧૩ કાવ્યસંગ્રહો પૈકી પહેલા ત્રણની સમીક્ષા સમાવતો આ કાવ્યસંગ્રહ, શીર્ષકભાવઇંગિતતા ચિત્ર, પાછલે પૂંઠે કવિની અર્ધતસવીર ને તે ઉપર ઝૂલતી "હું તો દરિયાને ઊંચકીને ચાલ્યો ને કાંઠાઓ જોયા કરે" જેવી સરસ પંક્તિને પ્રથમ દર્શને ય આહ્લાદક. અહીં ગીતો વધુ અને અછાંદસ રચનાઓ લગી પર તેની સારી અસર સુદ્ધાં જણાવાની. પ્રકૃતિ–પ્રણયનાં મૃદુમધુ સ્પંદનો અને બોધ–પ્રબોધનાં સ્ફુરણોની કવિતા આ કવિની શક્તિને સારી પ્રગટાવે છે. વ્યંગ, ખાસ તો મહાનગર ને એનાં માણસ વિશે હમણાં ખૂબ સ્ફોટ પામ્યો છે તે અહીં યે છે જ; પણ એમાંયે પ્રાસાદિક બાની, ગુંજનલય, ભાવમાર્દવની કવિની કેટલીક ખૂબી સહજ વણાતી રહી છે. ગુજરાતી કવિતાના વ્યાપક સ્વભાવને આ કવિ ઝીલતા લાગે. 'દુઃસ્વપ્ન ગીત', 'આપણો સંબંધ', 'સ્વબોધ', 'ત્યારે પણ', 'આવજો રે!', 'રોજ સવારે', 'વેદનાના જનમ–પૂર્વેના પડછાયા', 'પરદેશમાં' જેવી સંગ્રહની રચનાઓ કવિસંવેદન–નિરૂપણની સારી પ્રતિનિધિ થઈ જણાય.

પ્રાસ–લયની પકડ મજેની એવું યે પ્રતીતાવતી અહીંની કવિતા એ બંને વીગતે ગીતમાંયે અતિરેકમાં યા આંચ–ડગચૂકે પણ પ્રમાણમાં વધારે ખેંચાય એવું 'ઘરઝુરાપો'માં છે ય ખરું. આપણે ત્યાં ગાનારની કલા તરે એમ બેધે તરે, પણ રચનાનું ગીતપણું અહીંતહીં પાંખું પડે, ફંટાય–અટવાય એ 'ગાયકી'ની દૃષ્ટિથી કઠે; આપણી 'ગીત'વિવેચના એમાં સ્પષ્ટ મત છાપી આપે તોય. એકાદ શબ્દે કે તેના સ્થાને ય સંગીતની લહર ભાંગી પડે છે; એમાં, કાનની સંગીત-સમજ સાદી હોય તો યે કળાય. 'ઉલ્લેખ', 'ઇચ્છા', 'પ્રતિચ્છવિ', 'રાબેતા મુજબ', 'કરે...સંભાળ', 'એલા–અકેલાં', 'ધામધૂમ–ફિલમ', એમ શબ્દ–તેનું સ્થાન–પ્રાસાદિ પ્રવાહખચક યા અસહજતા અહીં અણસારે પડે છે, તો 'પંથ' '(પથ નભે ત્યાં)', 'હંકારે' ('હં' ને ભાર વગર ઉચ્ચારવો પડે), હરિગીતમાં વળી 'પૂજાના જાપ' (પૂજા–જાપ) તેમજ "યૂગ" (યુગ) સમી કસર આવી કવિતામાં અચીવટે સૂચવે છે. 'તોયે લાગે' (પૃ. ૪૨)માં સળંગ પ્રાસસુભગતા, 'કેવો મશગૂલ' (૪૫) કે 'મીરાંને ઝરુખેથી' (૨૬)માં સળંગ અચ્છું લયવહન, 'હરમાન હેસ–' (પૃ. ૨–૩)માં લયપલટાઓની રંગત, જેવું કૌશલ એની સ્વાભાવિક તેજસ્વિતાથી અહીં ઓછું યે નથી. કયારેક એકાદ રચનામાં જ સબળું–નબળું મળે. અછાંદસને એની દૃઢ–શિથિલ બેઉ રીતે ઉપાડતું 'મહોબતના મુજરાનું ગીત' (પૃ. ૩૯–૪૧) વાતચીત છટા–લયગૂંથણી–નિખાલસ એકરારી માનસથી દીપે છે, તેમ શબ્દ–પ્રાસની ભીંસે યા સીધાં વિધાનકથનોથી શિથિલ પડે છે. કવિતાની ખુશ્બૂ તોયે 'ઘરઝુરાપો'માં, આવી અડચણો મોટેભાગે ભૂલી જવાય એવી રીતે મનને પ્રિય તો નીવડે જ છે.

'શબ્દોમાં ધુમ્મસનું અજવાળું હોય' (પૃ. ૬), પૃ. ૨૩ પર આવરાંને બાવરાં હરણાંની 'આંખે મૃગજળ સૂંઘ્યાનું કાળું ઘેન', પૃ. ૫૭ પર વળી 'પત્નીના સહેજ વાળની વચ્ચે/લાલ કંકુનો રંગ કેવો લાગે છે/એ માણવાનું હજી બાકી છે' એમ ઝણુંકે 'જિજીવિષા,' 'પરદેશમાં' (પૃ. ૨૬)ની આ લીટીઓનું—

"ચહેરો તારો સાથે સાથે સૂમસામ આ પોઠે...
...ભરચક્ક ભરચક્ક આછા થઈએ.. ...........
ઘરઝુરાપો વળગ્યો એવો આગળ બળે છે કોઠે"

હા, કામણ જ, પેલું 'ઍબ્સર્ડ' ગીત તો સુવાંગ વિશદ–માર્મિક, અથવા 'ઊભા કરું છું તારા નામમાં' (પૃ. ૭), આવી પંક્તિઓ, ઊંડા–નૈસર્ગિક કવિત્વની સ્ફૂર્તિએ ભાવકના ચિત્તે, એના કાને ગુંજ્યા–ઘૂંટાયા કરે જ છે. બીજું, કે દશ્ય–ભાવ–મનન–શબ્દ એમ બધે આ કવિ સૌંદર્ય–સંવાદની શોધે સન્નિષ્ઠ અને પ્રસન્ન પણ વ્યાપકપણે એવા અનુભવાય છે, કે 'ઘરઝુરાપો' ફરી ફરી વાંચવો–આસ્વાદનો–ગુંજવો કોઈને ય રુચે.

હસિત હ. બૂચ

* * *

**શ્રી ભદ્રેશ્વર–વસઈ મહાતીર્થ :** લે. રતિલાલ વી. દેસાઈ, પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ, ફુવારા સામે, અમદાવાદ–૩૮૦૦૦૧, પૃ. ૩૦ + ૨૩૪ + ૨૪, મૂલ્ય : રૂા. ૩૦=૦૦.

શ્રી શંભુલાલ જગશીભાઈ તથા ગોવિંદલાલ જગશીભાઈ સ્મારક પુસ્તકમાળા–પુસ્તક–૨ તરીકે શ્રી ભદ્રેશ્વર–વસઈ મહાતીર્થ પુસ્તક શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ લખી આપ્યું છે.

શ્રી દેસાઈ પોતે જ મુખપૃષ્ઠ ઉપર જણાવે છે તે રીતે કચ્છના પ્રાચીન જૈન તીર્થની ઈતિહાસકથા, તેમ જ કચ્છપ્રદેશની થોડીક ગૌરવ–કથા આ સાથે વણી લેવાઈ છે.

શ્રી રતિલાલ દેસાઈ સારા લેખક છે. તેમની અન્ય કૃતિઓનું લિસ્ટ પણ આ જ પુસ્તકમાં છપાયું છે, જેથી લેખકની પ્રતિભા જાણી શકાય છે.

આ પુસ્તકનો પ્રવેશક કચ્છના વયોવૃદ્ધ કવિ તથા લોકસંસ્કૃતિના અચ્છા જાણકાર તથા કચ્છને લગતાં સંખ્યાબંધ ગુજરાતી તથા કચ્છી પુસ્તકોના લેખક મુ. શ્રી દુલેરાયભાઈ કારાણીએ લખ્યો છે.

આ પુસ્તકમાં શ્રી ભદ્રેશ્વરતીર્થને આવરી લેતા, તેમ જ કચ્છની નાની તથા મોટી પંચતીર્થીને લગતા, સંખ્યાબંધ ફોટોગ્રાફો આપેલા છે.

શ્રી રતિભાઈ લગભગ છ મહિના લગી ભદ્રેશ્વરમાં રહ્યા છે, તેમ જ જુદી જુદી જાણકાર વ્યક્તિઓનો સંપર્ક સાધ્યા પછી જ કલમ ઉપાડી છે. કલમ પ્રવાહી છે, શબ્દભંડોળ સમૃદ્ધ છે,

જૈનધર્મની જાણકારી તેમને હોય જ, જેને કારણે આ જૈન મહાતીર્થ અંગેનું પુસ્તક લખવામાં સુગમતા થઈ છે.

કચ્છના ઈતિહાસ અંગે અત્રતત્ર ચર્ચાવિચારણા બાદ કરતાં આ પુસ્તક લખવાનો હેતુ શ્રી ભદ્રેશ્વર મહાતીર્થ અંગેની જાણકારી આપવાનો તેમ જ કચ્છનાં અન્ય તીર્થો અંગે પણ શકય તેટલી સામગ્રી રજૂ કરવાનો છે, જે બર આવ્યો છે એમ કહી શકાય.

વિદ્વાન લેખકે આ ગ્રંથ અગિયાર પ્રકરણોમાં વહેંચી નાંખ્યો છે. પ્રથમ પ્રકરણ "નમન કચ્છની ધરતીને." કચ્છની ધરતીને તેમણે શીલ, સમર્પણ અને સાહસની ધરતી તરીકે બિરદાવી છે. કચ્છના શાહસોદાગરોએ સાગર ખેડી દેશપરદેશમાં બૃહદ્ કચ્છ ઊભું કર્યું હતું, એ તો ઇતિહાસપ્રસિદ્ધ વાત છે.

પ્રકરણ બીજામાં "કચ્છમાં જૈનધર્મ અને જૈન મહાજન" અંગે રજૂઆત થઈ છે. કચ્છમાં જિનમંદિરો અને તીર્થો, જૈન મહાજન, કચ્છના વિકાસમાં જૈન યતિઓનો ફાળો, વર્તમાન મહારાવ શ્રી, જગડુશાહનું નામ અને કામ ઉપરાંત કચ્છના પહેલા રાવ શ્રી ખેંગારજીને જ્યારે તેઓ મહમદ બેગડાની સહાય માટે અમદાવાદ જતા હતા ત્યારે રસ્તામાં ધ્રાંગધ્રા પાસે ચરાડવા ગામમાં રહેતા ગોરજી શ્રી માણેકમેરજીએ તેમનું ઉજળું ભવિષ્ય ભાખીને, જે સાથ અને સાંગ (હાથથી ફેંકી શકાય તેવું લશ્કરી હથિયાર) ભેટ આપેલ હતાં તેની યાદ આ પ્રસંગે તેમણે કરી છે. જૈન યતિની શુભેચ્છાનાં આ પ્રતીકે મહારાવશ્રીને અમદાવાદ પાસે સિંહના શિકાર વખતે બાદશાહ મહમદ બેગડાને બચાવવાની તક આપી હતી એ તો કચ્છના ઇતિહાસની વાત છે જ. આ મહારાવશ્રી ઉપર પોતાના છ છ યુવાનપુત્રોનો ભોગ આપી તેમને બચાવવાનો મહદ્ ઉપકાર કરનાર મીયાંણાવીર ભીંયા કક્કલનો ઉપકાર ઓછો ન હતો.

પ્રકરણ ત્રીજું "વર્તમાન ભદ્રેશ્વર–વસઈ મહાતીર્થ"નો ઇતિહાસ આપે છે. આ તીર્થમાં શરૂઆતમાં મૂળ નાયક તરીકે શ્રી શામળિયા પાર્શ્વનાથની સ્થાપના થયેલી. પાછળથી શ્રી મહાવીર મૂળનાયકપદે વિરાજ્યા છે, અને શ્રી પાર્શ્વનાથની મૂર્તિ પાછળ રાખવામાં આવી છે. લેખક શરૂઆતમાં જણાવે છે કે ૩૫૦ વર્ષ ઉપર ભદ્રેશ્વરનગર તથા બંદર ધીકતાં હતાં પરંતુ પાછળથી મરકીના રોગથી ઉજ્જડ બની ગયાં છે. આ બંદરની જાહોજલાલીમાં જૈન શેઠોનો સારો સહકાર હતો. કચ્છના મહારાવો તેમ જ કર્નલ જેમ્સ મેકમર્ડો, કચ્છના પોલીટીકલ એજંટ, વગેરેના આ તીર્થના ઉત્કર્ષમાં સક્રિય ફાળાની લેખક ઠીક ઠીક નોંધ લે છે. તીર્થનાં સ્થળોનું વર્ણન સારું છે. ખરું ચિત્ર આપે છે. લેખકનો ઇતિહાસ પ્રેમ વિ.સં. ૧૩૫૯ના બે શિલાલેખો (મૂળ એકજ) અંગે ઠીક ઠીક ચર્ચા કરવા પ્રેરે છે. આના સંદર્ભમાં તેમણે ઇતિહાસ–પુસ્તકોનો સારો આધાર પણ લીધો છે. લેખકે આ પુસ્તક ઉતાવળે તૈયાર કર્યું છે તેથી શ્રી મહાવીર સ્વામીની બેઠક ઉપર જે સિંહની આકૃતિ છે તેને તેમણે સૂંઢ અને પાંખોવાળા કેસરીસિંહની માની લીધી છે, અને પાછળના પૃષ્ઠોમાં આ ભૂલ સુધારી પણ લીધી છે. જાણે ઉતાવળે ડાયરીનોંધ કરતા હોય તે રીતે લેખકે આ પુસ્તક લખ્યું છે, તે વાત વાંચતાં વાંચતાં છતી થતી જ જાય છે. આમ છતાં તેમણે વિષયને શક્ય તેટલો ન્યાય તો આપ્યો જ છે. આ સ્થાનમાં

ભોગાસનો છે તે લેખકની નજરમાંથી છટકી ગયાં નથી. તેઓ પા. ૩૯ ઉપર લખે છે, "આ શિલ્પોમાં, ચાલી આવતી પરંપરા પ્રમાણે, કેટલાંક દેવસ્થાનોમાં હોય છે તેમ, કેટલીક ભોગાસનોની આકૃતિઓ પણ જોવા મળે છે." લેખકની આ વાત ખરી છે. પરંતુ, તો પ્રશ્ન એ થાય છે કે, જૈનમંદિરોમાં પણ આવી કોઈ પરંપરા ખરી? હિંદુમંદિરોમાં તો આવાં ભોગાસનોનાં શિલ્પો હોય જ છે.

શ્રી દેસાઈએ સાચી રીતે જ વિ. સં. ૧૫૯૪નો, શ્રો રાવળ નામે આ તીર્થના નિભાવ અર્થે બાર ગામો ભેટ આપવાનો, શિલાલેખ સાચવી રાખવા ભલામણ કરી છે. આપણાં દેવમંદિરોમાં શિલાલેખો પ્રત્યે ઉપેક્ષા સેવાય છે એ જાણીતી વાત છે. કોઈ કોઈ સ્થળે તો તે ગુમ પણ કરી દેવાય છે.

શ્રી દેસાઈએ આ તીર્થમાં તપગચ્છ, ખરતરગચ્છ, પાયચંદગચ્છ તથા અંચળગચ્છનાં સ્થાનકોનો સારો સુમેળ બતાવ્યો છે.

આ પ્રકરણ ફોટોગ્રાફોથી સમૃદ્ધ છે. શ્રી એલ. એમ. પોમલ, કચ્છના વિખ્યાત ફોટોગ્રાફરનું, આ યોગદાન યાદગાર બની રહેશે.

આ પુસ્તકનું ચોથું પ્રકરણ છે "છેલ્લો જીર્ણોદ્ધાર." યતિ શ્રી ખાંતવિજયજી એ કચ્છના મહારાવશ્રી દેશળજી બીજાના સાથ તથા સહકારથી જીર્ણોદ્ધાર કરાવ્યાની વાત લેખક આ પ્રકરણમાં લખે છે.

૫મું પ્રકરણ "ભદ્રાવતી નગરી" છે. લેખકે કચ્છના ઇતિહાસ તથા બીજી સામગ્રીનો ઉપયોગ કરી ભદ્રાવતી નગરી અંગે ઠીક ઠીક છણાવટ કરી છે. આ પ્રકરણમાં લેખક કનક ચાવડા વિષે લખે છે કે તે ઐતિહાસિક વ્યક્તિ હોવાના હજી પુરાવા મળવા બાકી છે પરંતુ, કચ્છમા તેમ જ સૌરાષ્ટ્રના ઓખામંડળમાં ચાવડાઓનાં સંસ્થાનો ગુજરાત પૂર્વે હતાં એવા પુરાવા મળે છે. વિ. સં. ૬૧૮માં પાટણમાં કનક ચાવડો નહિ હોય, પરંતુ કચ્છમાં હશે. ભદ્રેશ્વર પાસે ભુવડમાં ભૂઅડ ચાવડો હતો. અહીં તેની દેરી છે. ભૂવડમાં આવેલા એક મંદિર ભૂવડેશ્વરમાં શિલાલેખ છે તેમાં ચાવડાઓની વંશાવળી આપી છે. આનો પાકો ઉકેલ કરવાની જરૂર છે. કચ્છમાં ચાવડાઓનું રાજ્ય લાંબો સમય ચાલ્યું છે. છેક સાતમી સદીથી તેના સગડ મળે છે. કોઈ વિદ્વાન આ વિષય ઉપર પીએચ.ડી.ની ઉપાધિ મેળવવાનો પ્રયાસ કરે તો સામગ્રી મળવી મુશ્કેલ નથી. માણસા (ઉ. ગુ.)માંથી ચાવડાઓને લગતી માહિતી મળે છે. કચ્છના ચાવડાઓનાં ૧૩૭ વર્ષનાં લુપ્ત વર્ષોનો તાગ ત્યાંથી મળ્યો છે. આહવનરાજ અને પુંજાની વચ્ચેની ખૂટતી કડી ત્યાંથી પ્રાપ્ત થાય છે. શરૂઆતમાં ભદ્રાવતી નગરી કહેવાતી પછી ભદ્રેશ્વર કહેવાય છે તે અંગે લેખકે સારી મહેનત કરી છે. લેખકે પૃષ્ઠ ૭૮ ઉપર રાજા કરણ વાઘેલો ગુજરાતનો છેલ્લો રાજા થયો તેમ નોંધ્યું છે; પરંતુ છેલ્લી શોધ પ્રમાણે પ્રો. શ્રી રમણલાલ નાગરજી મહેતાએ બે ભાષામાં લખેલ દાનપત્ર વાંચ્યું છે (જુઓ ઇંડીયન-એક્સપ્રેસ તા. ૧૮-૬-૮૧) તે પ્રમાણે છેલ્લો રાજા ધીરજ કર્ણ થયો અને સાં. ૧૩૬૦ તથા ૧૮-૮-૧૩૦૪નું આ દાનપત્ર એ રીતે ગુજરાતના ઇતિહાસમાં સુધારો કરે છે.

લેખકે આશાપુરી માતાના મંદિરમાં સ્થંભ ઉપરનો વિ. સં. ૧૧૫૮નો શિલાલેખ તેમ જ ચોખંડા મહાદેવ પાસેના ઓટલા ઉપર જડેલા વિ. સં. ૧૧૯૫ના સિદ્ધરાજ જયસિંહના સમયના શિલાલેખની નોંધો લીધી છે તે ઉપકારક છે. કેટલાક લુપ્ત શિલાલેખો વિષે પણ તેમણે નોંધ કરી ઉપકારક કાર્ય કર્યું છે. લેખકની શોધવૃત્તિ આથી પ્રગટ થાય છે. આ આખું યે પ્રકરણ બહુ મહેનત કરી લખ્યું છે તે કચ્છના ઇતિહાસપ્રેમીઓ માટે મહત્ત્વનું કાર્ય થયું છે. જૈનતીર્થ પાસે પ્રાચીન ભદ્રેશ્વર–ભદ્રાવતી નગરીના અવશેષો ઉત્ખનન માગે છે તે તરફ તેમની નુકતેચીની ટકાને પાત્ર છે. પ્રાચીન ભદ્રેશ્વર દટાઈ ગયું છે. તેનું ઉત્ખનન થાય તો ઘણું જાણવા જેવું મળે. રેતી તળે પટ્ટન સો દટ્ટન થઈ ગયું છે.

છઠ્ઠું પ્રકરણ છે "તીર્થની સ્થાપના". લેખકનો પ્રયાસ આ નગરી પચીસસો વર્ષ પૂર્વે સ્થપાઈ તેનું પ્રતિપાદન કરવાનો છે. મહેનત બહુ કરી છે, છતાં સ્થળ જોતાં ૨૫૦૦ વર્ષ પૂર્વેનું આ સ્થળ ભાસતું નથી. અનુશ્રુતિ ગમે તે હોય અત્યારનાં ઊભેલાં સ્થળો તેટલાં પ્રાચીન જણાતાં નથી. આમ છતાં પણ છઠ્ઠી કે સાતમી સદી આસપાસનું આ સ્થળ હશે એમ માન્યા વગર ચાલે તેમ નથી.

પ્રકરણ સાતમું–"આપત્તિઓ અને જીર્ણોદ્ધારો" અંગેનું છે. જેમાં જૈનમંદિર ઉપર આવેલ આપત્તિઓ તથા જીર્ણોદ્ધારોની વાત લખી છે. વિક્રમની ૮મી સદીના અંતભાગથી ભદ્રેશ્વર કે ભદ્રેસર કહેવાયું એ નોંધ ઉપયોગી છે. જગડુશાહ વિક્રમની તેરમી સદીની છેલ્લી વીશી અને ચૌદમા સૈકાની પહેલી ત્રીશી દરમ્યાન થઈ ગયા, તેમણે આ તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો–સંભવતઃ નવેસર બંધાવેલ હશે. શ્રી જગડુચરિતમાંથી ઠીક ઠીક સામગ્રી મેળવી છે. પા. નં. ૧૩૨ ઉપર નોંધેલ સારંગદેવ વાઘેલાનો વિ. સં. ૧૩૩૨નો ગૌચરનો પાળિયો હાલ શ્રી ભુજ મ્યુઝિયમમાં રક્ષાયેલો છે, ખોખરા ગામમાં નથી. લેખકે જૂના ઉલ્લેખનો આધાર લીધો છે, તેથી આ ભૂલ થઈ છે. પા. ૧૩૩ ઉપર ભિયાં કક્કલનું ગામ "સાયર" લખેલ છે તે પણ ભૂલ છે, તે સાપર (જે પછી રાપર થયું) ગામ છે. આ પ્રકરણમાં લેખકે બીજી ઘણી વિગતો આપી છે જે કચ્છના ઇતિહાસના અભ્યાસી માટે કાચો માલ બની રહેશે.

આઠમું પ્રકરણ "શિલાલેખો" ઉપર છે, જેમાં (૧) ભદ્રેશ્વર તીર્થમાંના શિલાલેખો, (૨) ભદ્રેશ્વરના ઉલ્લેખવાળા શિલાલેખો, અને (૩) ભદ્રેશ્વરની પ્રાચીનતાનું સૂચન કરતા શિલાલેખોનો સમાવેશ થાય છે. લેખકે આ વિષયમાં સારી મહેનત લીધી છે. વિ. સં. ૧૧૯૫ના સિદ્ધરાજ જયસિંહના સમયના શિલાલેખમાં "શ્રી ભદ્રેશ્વરસ્થલે" તેમજ "શ્રી ભદ્રેશ્વર–વેલાકુલ" શબ્દો ભદ્રેશ્વરના પ્રાચીન નામની સાક્ષી આપે છે. આ નિર્દેશ બંદરનો છે, જૈન–તીર્થનો નથી, તે નોંધપાત્ર છે. ભદ્રેશ્વર ગામ તથા ભદ્રેશ્વરનું વસઈ–તીર્થ એ બે જુદાં છે. આ પુસ્તકમાં એ વાત નથી જણાવી પરંતુ, રાજસ્થાનના જોધપુર રાજ્યના દિવાન શ્રી મુહતા નેણસી કૃત "મુહતા નેણસીરી ખ્યાત" ભા. ૨ (રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાન પ્રકાશન–જોધપુર)માં પૃષ્ઠ ૨૧૬ ઉપર ભદ્રેશ્વર ગામ ભદ્રવળ જોગીના નામ ઉપરથી વસ્યું હતું એવો ઉલ્લેખ છે. ૩૦૦ વર્ષ ઉપર લખાએલ આ ગ્રંથની સામગ્રી પ્રમાણભૂત મનાય છે.

નવમું પ્રકરણ આ ભદ્રેશ્વર જૈનતીર્થનાં વહીવટ તથા સગવડો અંગે માહિતી આપે છે.

દશમું પ્રકરણ ભદ્રેશ્વરનાં જોવાલાયક સ્થળો અંગેનું છે. આ સ્થળ આસપાસમાં સર્વ ધર્મ અંગેનાં સ્થળોની માહિતી લેખકે ઠીક ઠીક મહેનત કરી એકઠી કરી છે, જે ઉપકારક છે. આ પ્રકરણમાં લેખકે જે દુદા હરિજનની વાવનો ઉલ્લેખ કર્યો છે તેને લોકો "ડુડીયાવાવ" કહે છે. ડુડીયા (હરિજનો મેઘવાળોમાં અવટંક હોઈ આ વાવ કોઈ મેઘવાળે બંધાવી છે એવું મનાઈ ગયું છે. હકીકતમાં દુદાશા નામના વાણિયા ગૃહસ્થે તે બંધાવી છે એવો જગડુચરિતમાં ઉલ્લેખ છે "દ"નો બોલીમાં 'ડ" થઈ ગયો. તેને પરિણામે અનુશ્રુતિ ચાલી છે. આવી તોતિંગ વાવ તે કોમ તે કાળે બંધાવે એ સંભવિત જ નથી. વળી, ડુડીયા અવટંક રજપૂતોમાં પણ છે. એટલે હરિજનના નામે તે ખોટી ચઢી ગઈ છે. એમ કહેવાય છે કે જગડુશા અને મેઘવાળ વાવો બંધાવવાની હોડમાં ઉતર્યા અને જગડુશા કરતાં મેઘવાળે હિસાબે એક ત્રાંબિયો (કચ્છી સિક્કો) વધારે ખર્ચ કર્યું! આ તો ઉપરોક્ત ભૂલને પરિણામે જ અનુશ્રુતિમાં ચાલ્યું છે.

અગિયારમું પ્રકરણ છે કચ્છની નાની તથા મોટી પંચતીર્થી અંગેનું. જુદાં જુદાં જૈન-તીર્થો નોંધી, તેનો ટૂંક ઇતિહાસ લેખકે આપી બહુ સારું કાર્ય કર્યું છે. કાળે ક્રમે કોઈ જાણે નહિ ત્યારે આ નોંધો ઉપયોગી થઈ પડે.

છેલ્લે પૂરવણી આપી કેટલાક ઉમેરા, સુધારા, તથા ખુલાસા કર્યા છે. પુસ્તકમાં વચ્ચે વચ્ચે કોઈ સમજફેર થઈ છે તેનો આમાં ખુલાસો કે સુધારો કર્યો છે.

લેખકે સંદર્ભગ્રંથસૂચિ આપી કચ્છના ઇતિહાસ તેમ જ આ ભદ્રેશ્વર જૈનતીર્થ અંગે ઉપયોગી પુસ્તકોનો સારો ખ્યાલ આપ્યો છે. લેખકે આ પુસ્તક લખવામાં કેટલી મહેનત કરી છે તે આથી જોઈ શકાય છે. ગુજરાતી, હિન્દી, સંસ્કૃત-પ્રાકૃત તથા અંગ્રેજી પુસ્તકોની નોંધ રજૂ થઈ છે.

આવું સુંદર છપાઈકામનું આ પુસ્તક શુદ્ધિપત્રક વગરનું હોત તો સારું લાગત, પરંતુ હાલના યુગમાં પ્રુફરીડીંગ અગાઉ જેવું નથી થતું. શુદ્ધિપત્રક આપ્યા છતાં પણ પૃષ્ઠ ૬૧ ઉપરની ભૂલો તેમાં દર્શાવી નથી. લેફ્ટેનન્ટ જેમ્સ મેકમર્ડો અંગેની અંગ્રેજી તારીખોમાં ૧૯૧૨ થી ૧૯૨૦ ને બદલે ૧૮૧૨ થી ૧૮૨૦ જોઈએ. ૧૯૨૦ને બદલે ૧૮૨૦ જોઈએ. ફૂટનોટ ૧૧માં પણ ૧૯૧૨ને બદલે ૧૮૧૨ જોઈએ. આ ભૂલો મહત્ત્વની છે.

આ પુસ્તક જે હેતુથી લખાવવામાં આવ્યું છે તે જોતાં જો તેની કિંમત ઓછી રાખી હોત તો તીર્થપ્રેમી લોકોએ તેની પુષ્કળ પ્રમાણમાં ખરીદી કરી હોત.

અંતમાં, લેખકે લીધેલ મહેનત માટે તેઓ ધન્યવાદને પાત્ર છે. ભદ્રેશ્વર તીર્થ માટે જ નહિ, પણ કચ્છના ઇતિહાસની સામગ્રી માટે આ પુસ્તક ઉપયોગી રહેશે તેમાં શંકા નથી.

કંચનપ્રસાદ કે. છાયા

* * *

**આરણ્યકનો અભિયોગ :** વિદ્યાશાખા સજ્જતા કાર્યક્રમ વિશેષાંક, સં. નવીન મોદી, શ્રીમતી આર. પી. ચૌહાણ આર્ટ્સ તથા શ્રીમતી જે. કે. શાહ અને શ્રી. કે. ડી. શાહ કૉમર્સ કૉલેજ, વ્યારા, ૩૯૪ ૬૫૦, પૃ. ૧૫૪, મૂલ્ય: છાપેલ નથી.

ભારત સરકારના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના આશ્રયે આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, વ્યારાને બે વર્ષ માટે વિદ્યાશાખા સજ્જતા કાર્યક્રમની ગ્રાન્ટ માટે પાત્ર ગણવામાં આવી. કૉલેજે ૧૯૭૯–૮૦, ૧૯૮૦–૮૧ એમ બે વર્ષ માટે વિદ્યાશાખા સજ્જતા કાર્યક્રમ હાથ ધર્યો. તેના પ્રથમ વર્ષની પ્રવૃત્તિઓના અહેવાલરૂપ આ પુસ્તક છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાશાખાના ઊર્ધ્વીકરણનો છે. એ માટેના બે મુખ્ય હેતુઓ છે—(૧) શિક્ષણની અભિવ્યક્તિ સુધારવી અને સજ્જતામાં વૃદ્ધિ કરવી (૨) વિદ્યાર્થીને શિક્ષણમાં સક્રિય રસ લેતો કરવો અને તેના સ્તરમાં સુધારણા કરવી.

આવા ઉદ્દેશો આ પ્રકારના કાર્યક્રમોથી કેટલા બર આવ્યા એ અંગે નિશ્ચિતપણે કહેવું કસમયનું કહેવાય અને આમે ય આર્ટ્સ–કૉમર્સ જેવી વિદ્યાશાખાઓની સમાજોપયોગિતા અન્ય વિદ્યાશાખાઓની સરખામણીમાં લગભગ અમૂર્ત જ હોય છે પણ આવા અહેવાલ દ્વારા શૈક્ષણિક પ્રવૃત્તિઓનો કંઈક મૂર્ત પરિપાક દર્શાવી શકાય ખરો. શિક્ષણ એ શિક્ષક, વિદ્યાર્થી, શિક્ષણ-સંસ્થાના સંચાલકો, શિક્ષણનું સરકારી તંત્ર અને સમગ્ર સમાજ એ સૌની સામૂહિક જવાબદારીનો વિષય છે. શિક્ષણની પ્રક્રિયા શિક્ષક–વિદ્યાર્થીના સહયોગની, પરસ્પર આદાનપ્રદાનની અપેક્ષા રાખે છે. આવા કાર્યક્રમો દ્વારા એવી અપેક્ષા કેટલેક અંશે સંતોષાય છે. શિક્ષણ વિષેની સભાનતાની એક આબોહવા તો સર્જાય જ છે.

પ્રસ્તુત અહેવાલમાં માનવવિદ્યાશાખા, સમાજવિદ્યાશાખાના વિવિધ વિષયોને સ્પર્શતાં વ્યાખ્યાનો, વ્યાખ્યાનોનાં સારોદ્ધરણ, વિશેષ વ્યાખ્યાન, પરિસંવાદ, પ્રશ્નોત્તરી, અભ્યાસસંચયો, અન્વેક્ષણ, મૂલ્યાંકન વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

'કલાપીસાહિત્યમાં 'સંચિત્'ની ઉપકારકતા' એ ડૉ. રમેશ મ. શુક્લનું વ્યાખ્યાન સંશોધનાત્મક અભ્યાસપૂર્ણ વ્યવસ્થિત લેખસ્વરૂપે મળે છે. 'આદિવાસીઓમાં પરિવર્તન અને પ્રશ્નો' એ વિદ્યુત અ. જોશીની ચર્ચા અત્યંત રસપ્રદ બની છે. એ લેખમાં "તે વખતે વળી દેવીના પવને આવી સુધારણામાં મદદ કરી" જેવું એક જ વાક્ય વિગતે ચર્ચી શકાય એવા પ્રશ્નને માત્ર સ્પર્શીને રહી જાય છે. એ અંગે વિગતવાર માહિતીની અપેક્ષા રહે છે.

ઉચ્ચશિક્ષણ એ સહ–યોગની પ્રક્રિયા છે એના ઉદાહરણરૂપ 'અભ્યાસસંચય' વિભાગના કાલિદાસવિષયક લેખો છે. વિદ્યાર્થીઓના અભ્યાસક્રમને ધ્યાનમાં રાખીને આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. અધ્યાપકો અને વિદ્યાર્થીઓ અહીં સહલેખકો છે એ દૃશ્ય સરસ છે. એમાં ડૉ. કે. આર. દવેનો 'શકુન્તલા અને શાપ' જેવો અભ્યાસપૂર્ણ લેખ મળે છે.

અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ કૉલેજલાયબ્રેરીની સગવડનો કેવો અને કેટલો ઉપયોગ કર્યો છે તે જાણવા અને એ અંગે ઉચિત સુધારાવધારા માટે ઉપાયો યોજવાના ઉદ્દેશથી ડૉ. જે. કે.

ફડકેએ જે સર્વેક્ષણ કર્યું છે તે Utilisation Survey of the College library as an Educational aidમાં મળે છે. ડૉ. ફડકેનો નિષ્ઠાપૂર્વકનો પરિશ્રમ એમાં જોઈ શકાય છે. દર પાંચ વર્ષના અંતરે દરેક કૉલેજે પોતાની લાયબ્રેરીનું આવું સર્વેક્ષણ કરી આંતરખોજ કરવા જેવી છે. અંગ્રેજીભાષાના માધ્યમની મુશ્કેલીઓના, કૉલેજના અંગ્રેજીવિભાગે કરેલા સર્વેક્ષણનો અહેવાલ Report on the difficulties experienced in reading–teaching through the medium of English language ઉપયોગી નીવડે.

વિષયવૈવિધ્ય ધ્યાન ખેંચે છે; પરંતુ પ્રવચનોના ઉતારાને લેખનું સ્વરૂપ આપ્યું હોવાથી લખાણો Sketchy ટાંચણિયાં લાગે છે. સઘન અભ્યાસની ક્ષમતાવાળા વિષયોને ન્યાય મળતો નથી. 'આધુનિક ગુજરાતી અને અંગ્રેજી રંગભૂમિ અને નાટકો–પરિસંવાદ' (શ્રી ચંદ્રવદન મહેતા)માં નાટકને લગતા પ્રશ્નોની આવી રસપ્રદ અને માહિતીપ્રચુર ચર્ચા પણ ટાંચણિયા જ રહે છે. જે તે વિષયના વક્તાઓ પાસેથી પોતાનાં વક્તવ્યોની નકલ અગાઉથી મેળવી લેવાય તો વ્યવસ્થિત મુદ્દાસર લખાણનો લાભ મળે. એ પછી વક્તવ્ય કે પરિસંવાદ યોજી શકાય. એ લખાણને આધારે ચર્ચા થઈ શકે.

'સાહિત્યિક પ્રશ્નાવલિ'માં શ્રીમતી હીરાબેન પાઠકે આપેલા ઉત્તરોમાં બે પ્રશ્નોના ઉત્તરો કેમ રહી ગયા હશે?

કેટલાક લેખો કલાસલેકચર કે કલાસનોટ જેવા છે. સ્ટાફ કે વિદ્યાર્થીઓ સમક્ષના લઘુવાર્તાલાપો આમેજ થયા છે. એક એક પેરાના સારસંક્ષેપો–કલાસ કે નિદર્શનવ્યાખ્યાનના–પણ સમાવેશ પામ્યા છે.

આખો ગ્રંથ સાઈક્લોસ્ટાઈલ્ડ હોવાથી મુદ્રણની મર્યાદાઓ ગ્રંથની મર્યાદા બની જાય છે.

દેવદત્ત જોશી

* * *

**પુરુષાર્થની પ્રતિમા :** લે. ભોગીલાલ ગાંધી, પ્રકાશક–કૃષ્ણવદન ગાંધી, ૫–સી, સોનાવાલા બિલ્ડિંગ, તારદેવ, મુંબઈ–૭, પૃ. ૧૬૮, મૂલ્ય: રૂ. ૨૦/–

ભારતને સ્વતંત્રતા મળી તે પૂર્વે ભારતમાં અનેક દેશી રજવાડાં હતાં. એ દેશી રાજ્યોના વડાઓ મનસ્વી રીતે વર્તતા અને પ્રજાને ત્રાસ આપતા. ગુજરાતનાં દેશી રજવાડાંમાં પ્રજાનું શોષણ ઘણું થયું છે. એ રીતે ત્રાસ નહિ ગુજારનાર રાજાઓ તો આંગળીના વેઢે ગણી શકાય તેટલા જ હતા; બાકી તો દેશી રજવાડામાં પ્રજાને ઘણું દુઃખ હતું.

પ્રસ્તુત પુસ્તક 'પુરુષાર્થની પ્રતિમા' એક દેશી રજવાડાની કરુણ કથની છે. પણ આ પુસ્તકમાં એક બાજુથી પાત્ર તરીકે ઈડર અને મોડાસાની પ્રજા છે તો બીજી બાજુ લેખક જેને 'દાદા'ના નામથી ઓળખાવે છે તે શ્રી મથુરાદાસ ગાંધી એકલા આ લોકલડતના નેતા છે. અને એ અર્થમાં આ પુસ્તક એક જીવનચરિત્રની ગરજ સારે છે.

'પુરુષાર્થની પ્રતિમા' પુસ્તક બે ખંડમાં વ્હેંચાયેલું છે. 'પૂર્વરંગ' ખંડ-૧માં મોડાસા અને ઈડરની ઐતિહાસિક વીગતો આપી છે. પણ પ્રારંભમાં લેખકે ગુજરાત-એક સંસ્કારકેન્દ્ર તરીકે વર્ણવી તે પ્રદેશમાં આવેલી જુદી જુદી પ્રજાનું લાંબુ વર્ણન કર્યું છે. આ ખંડ શ્રી દાદાની જીવનકથાના અનુસંધાનમાં જોઈએ તો ઘણો લાંબો અને બિનજરૂરી લાગે છે. આ તો ગુજરાતનો એક સંસ્કારિક ઇતિહાસ જ લખવાનું પ્રયોજન બતાવે છે.

ખંડ-૧ શુષ્ક અને માહિતીપ્રચુર છે. ઈડર અને મોડાસાનો રાજકીય અને ભૌગોલિક ખ્યાલ આપે છે. લેખક પ્રસ્તાવનામાં લખે છે: "શ્રી મથુરાદાસ ગાંધી (દાદા) મોડાસા જેવા પછાત પ્રદેશમાં જન્મેલા અને સાધારણ શિક્ષણ પામેલા; પરંતુ શિક્ષક તરીકે, વેપારી તરીકે અને નાનાં રજવાડાંના કારભારી તરીકે બાહોશ નીવડેલા".

"તેમનું નિવાસસ્થાન મોડાસા, પરંતુ તેની આજુબાજુનાં મહીકાંઠાનાં ઈડર અને બીજાં નાનાં નાનાં વીસેક દેશી રજવાડાંનું તે શાખપડોશી હતું. આ રજવાડાની પ્રજા ઉપર ગુજરી રહેલા અમાનુષી ત્રાસથી દાદા જાણકાર હતા.

આ કથાની પટભૂમિ ઉપર દાદા એક પ્રવીણ રણનીતિજ્ઞ સેનાપતિ, ઝુંબેશકાર, સંયોજક અને સંધિકાર તરીકેય, અનેક મોરચે એક સાથે ઘૂમે છે; સંજોગો મુજબ નરમ, ગરમ, મધ્યમ વ્યૂહ ખેલે છે; પરિષદો, વૃત્તપત્રો તથા ઉચ્ચ કક્ષાની મસલતો દ્વારા ધાર્યું નિશાન તાકે છે, બ્રિટિશ સત્તાના ઉચ્ચતમ અધિકારી (પોલિટિકલ એજંટ સહિત)ની અને જરૂર પડતાં ખુદ મહારાજાની મુલાકાતો લે છે. તહોમતનામાના વ્યવસ્થિત ખરડાઓ તૈયાર કરે છે અને જુઠ્ઠા જવાબોના જડબાતોડ રદિયા આપે છે".

આમ આ પુસ્તકમાં કર્મવીર દાદાનું સુંદર પ્રભાવશાળી ચિત્ર ઉપસે છે. દેશી રાજ્યોમાં પ્રજા ત્રાસી ગઈ હતી. ન્યાય જેવું કશું રહ્યું ન હતું. અનેક પ્રકારના વેરા નાખી પ્રજાને રીબાવવામાં આવતી હતી. તેથી એ 'મથુરાદાસ'માં દેશી રાજ્યોની પ્રજાઓએ પોતાનું શરણ અને આશ્વાસન અનુભવ્યું.

ખંડ-૨માં ઈડર અને વાડાસિનોરની વ્યથાની કથા છે. અહીં ગુજરાતની પ્રજા પાત્ર તરીકે છે. પણ મુખ્યનાયક તરીકે છે-'દાદા'. લેખક લખે છે કે ખંડ-૨ મોટે ભાગે દાદાની ફાઈલોના આધારે તથા મૌખિક વાતચીતોના આધારે છે.

ખંડ-૨નું નિરૂપણ વધુ હૃદયસ્પર્શી છે. પ્રજા પર ગુજારેલા જુલમનું વર્ણન હૃદયસ્પર્શી બન્યું છે. અને દાદાના ચારિત્ર્યને ઉપસાવે છે. આખો એ સંઘર્ષનો કાળ સુંદર રીતે લેખકે વર્ણવ્યો છે અને દાદાના આ વ્યક્તિત્વની સાથે આપણને 'જય જય ગરવી ગુજરાત'નો ગાનારો કવિ નર્મદ યાદ આપે છે.

લેખક નોંધે છે: "પરંતુ ભલભલાને આકરી કસોટીએ ચઢાવે એવી બે લડતો-૧૯૩૪ની વાડાસિનોર રાજ્યની અને ૧૯૨૪ થી ૧૯૪૮ સુધીની ઈડર રાજ્ય સામેની લડતોનો ઇતિહાસ દાદાના જીવનમાં ય ખરી કસોટીનો કાળ હતો.

દાદાએ આ સંગ્રામમાં પોતાનાં જીવનનાં સર્વોત્તમ વર્ષો ગાળ્યાં હતાં; અને તેમની સર્વશ્રેષ્ઠ શક્તિઓનું દર્શન આ દરમ્યાન સૌએ નિહાળ્યું હતું."

ખંડ–૨માં આપણને નવલકથાનો રસ અને તેમાં પણ એક માત્ર કરુણરસ આસ્વાદવાનો મળે છે. ગુજરાતની પ્રજાની ધીરજ, તેની બાહોશી, મર્દાનગી અને યાતનાઓ ઝીલવાની તેની તૈયારીનું સુંદર આલેખન છે પણ ખેદની વાત એ છે કે આ પુસ્તકમાં અસંખ્ય છાપભૂલો રહી જવા પામી છે ને તેથી રસવિક્ષેપ થાય છે.

જનાર્દન પાઠક

* * *

**વનવનનાં પારેવાં અને જોબનવન :** લે. કેશુભાઈ દેસાઈ, પ્ર. આનર્ત પ્રકાશન, તલોદ (સાબરકાંઠા), પૃ. ૧૬+૨૦૦, અને ૨૫૬, મૂલ્ય રૂા. ૨૦ અને ૨૧–૨૫ પૈ.

'વનવનનાં પારેવાં' અને 'જોબનવન' વાંચતાં મને લાગ્યું છે કે લેખક એક સંવેદનશીલ–કલ્પનાશીલ સર્જક છે. તેઓ માનવી અને તેના સમગ્ર પરિવેશનું વાસ્તવિક નિરૂપણ કરવા મથે છે, છતાં આદર્શ નિરૂપણ તરફ અભિમુખ રહે છે. હિન્દીના પ્રેમચંદ માટે કહેવાય છે તેમ ડૉ. કેશુભાઈ માટે પણ કહી શકાય કે તેઓ આદર્શોન્મુખ યથાર્થવાદી લેખક છે. તેમણે પોતાની આસપાસના માનવસમાજનું અને તેને ઘેરી વળેલ પ્રાકૃતિક પરિવેશનું નિકટથી, સમભાવપૂર્વક, સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું છે, તે વિશે તેમણે ઠીકઠીક વાંચ્યું, સાંભળ્યું અને વિચાર્યું છે અને તે બધું આત્મસાત્ પણ કર્યું છે. (પરંતુ તેમને બહુવિધ જિંદગીનો જાતઅનુભવ કદાચ ઓછો છે; કડવા–મીઠા, આઘાતક–રોમાંચક–વિસ્મયકારક–હતાશાપ્રેરક અનુભવો તેમને પોતાના જીવનમાં ઝાઝા થયા હોય તેવું લાગતું નથી.) તેમને લોકસમાજની બાહ્ય સ્થિતિ–ગતિનો સારો ખ્યાલ છે. માનવવ્યવહાર અને મનની ગતિવિધિની તેઓ સારી સૂઝસમજ ધરાવે છે. પોતાના મનનું અને સંપર્કમાં આવેલ વિવિધ થરનાં સ્ત્રીપુરુષોનાં મનનું તેમણે સૂક્ષ્મ નિરીક્ષણ–પૃથક્કરણ–આકલન બરાબર કર્યું છે, જે તેમના પાત્ર–નિરૂપણમાં સ્પષ્ટ દેખાય છે. ચરિત્રચિત્રણ વાસ્તવિક હોવાની સાથે વેધક પણ બન્યું છે. પોતાના દર્શન મુજબના માનવમન–જીવનનું, તેના સમગ્ર પરિવેશ સહિતનું, પોતાની કૃતિમાં વાસ્તવિક તેમ જ મર્મસ્પર્શી ચિત્રણ કરવાના તેમના લક્ષ્યમાં તેમને એકંદરે જોતાં ઠીક ઠીક સફળતા મળી છે.

ભાષા પર, વિશેષતઃ તળપદી લોકબોલી પર, એમનું સારું પ્રભુત્વ છે. તેમનું શબ્દભંડોળ પણ સમૃદ્ધ લાગે છે. પ્રસંગ, દૃશ્ય, પાત્ર, મનોભાવ, પરિસ્થિતિ, વાતાવરણનું તેઓ સાક્ષાત્કારક આલેખન કરી શકે છે. પ્રકૃતિનાં સુરેખ વર્ણનોમાં અને માનવમનની ગતિવિધિના નિરૂપણમાં તેમના ભાષાપ્રભુત્વનું દર્શન અનેકવાર થાય છે. વાતાવરણનું નિરૂપણ મૂર્ત, સુરેખ, રંગીન હોવાની સાથે વાસ્તવિક હોય છે, ઉપરાંત પ્રસંગ–પરિસ્થિતિ–પાત્ર–મનોભાવનું દ્યોતક–પોષક પણ હોય છે. આહ્લાદક ચરિત્રચિત્રણ પછી, વાતાવરણની **જીવંત નિર્મિતિ** તેમની નવલકથાકલાની એક નોંધપાત્ર લાક્ષણિકતા છે.

રસનિરૂપણની બાબતમાં તેઓ કરુણનું મર્મસ્પર્શી આલેખન કરી શકે છે. નર્મ-મર્મ-યુક્ત હાસ્યવિનોદના નિરૂપણમાં પણ તેઓ સારું કૌશલ દાખવે છે, પરંતુ અદ્‌ભુત રસનું નિરૂપણ સૂક્ષ્મ ઓછું અને સ્ફુટ સવિશેષ હોય છે.

નવલકથાના આરંભ–ઉપાડ–વિકાસ સ–રસ હોય છે; પરંતુ અંતમાં અનાવશ્યક ઉતાવળ અને abruptness જણાય છે. જો કે કથારસની અદ્‌ભુત જમાવટને લીધે આ લેખકની નવલકથાઓ સાદ્યંત વાંચનક્ષમ બની રહે છે.

**'વનવનનાં પારેવાં'** લેખકની પ્રથમ નવલકથા હોવા છતાં તે કોઈ શિખાઉ કલમનું સર્જન લાગતી નથી. તેનું કથાવસ્તુ સંઘર્ષગર્ભ, જિજ્ઞાસાપ્રેરક, આકર્ષક પ્રસંગો–પરિસ્થિતિઓથી યુક્ત છે; પાત્રો (હંતી, સીતા પાંડવ, કલજી) સુરેખ, વ્યક્તિતાયુક્ત, સજીવ, સમભાવપ્રેરક, હૃદ્ય લાગે છે. વાતાવરણ તાદશ, ભર્યુંભર્યું, જીવંત અને પ્રસંગ–પાત્ર–પરિસ્થિતિ–મનોભાવનું દ્યોતક–પોષક લાગે છે. શૈલી–નિરૂપણ નાટ્યાત્મક–ચિત્રાત્મક છે. સાબરકાંઠાના વન–ડુંગર–નદીથી સભર સીમાપ્રદેશનાં ગામડાંનું અને તેમાં વસતા લોકસમાજનું કૃતિમાં આકર્ષક પ્રતિબિંબ ઝિલાયું છે. માનવીની વ્યક્તિગત ઊણપ યા ભૂલ અને સામાજિક તેમ જ સંજોગોની વિષમતા માનવીની જિંદગીને કેવી યાતનામય બનાવી દે છે, તેનું તેમાં હૃદયંગમ દર્શન થાય છે. નવલકથામાં નિરૂપિત વિભિન્ન સ્ફુટ–સૂક્ષ્મ ઘટનાઓ, પાત્રોનાં મનોમંથનો અને સંવાદો, સૂચક વાતાવરણ અને સુરેખ વર્ણનો લેખક–કલ્પી સૃષ્ટિનો યાદગાર **સાક્ષાત્કાર** અનાયાસે, સ્વયમેવ કરાવી દે છે. આકર્ષક શૈલીનો ફાળો તેમાં મોટો છે. સચોટ–સૂચક શબ્દ, વાક્ય, અલંકાર, કલ્પન, વર્ણન–દશ્ય, ઘટના, પાત્ર, મનોભાવ, પરિસ્થિતિ, વાતાવરણનો થોડા શબ્દોમાં છતાં કેવો સુરેખ સચોટ સજીવ ચિતાર આપી દે છે: દા. ત.

'ચાંથા વોય? મેહવો બે કાંઠે વહેતો 'તો. તારી બૈ બીજા આંણે આયેલી–તારા કરતાંય ઝમઝૂત.' (પૃ. ૨); 'એક **લથબથતું જોબન** પાણીના તરંગો સાથે **હલબલી રહ્યું** હતું.' (પૃ. ૩); 'હંતીએ ઝાલી રાખેલો ઘાઘરો છૂટો મૂકયો. અને એક **લબલબતું જોબન** ઢંકાઈ ગયું–**સાપ કરંડિયામાં** પુરાઈ જાય એમ!' (પૃ. ૪); '...એ **ઘડપણનું ભારેખમ પોટલું** ઉપાડીને ગામ ભણી જઈ રહ્યો હતો...' (પૃ. ૨૭); '...એ **સૌંદર્યનું ખંડિયેર** આજે કેટલાં વર્ષે એને અચાનક હાથ લાગ્યું હતું–કોઈ **નષ્ટ થયેલી નગરી** ખોદકામ કરતાં જડી આવે તેમ' (પૃ. ૧૨૭); 'પલાળી દીધા નં!' હંતીએ કટાક્ષ કર્યો. કલજીએ કહ્યું: 'અમે તો પરથમથી પલળેલા છિયે' (પૃ. ૨૧૦) વગેરે.

લેખકની સર્જકશક્તિનું દર્શન કથાના રહસ્યગર્ભ, જિજ્ઞાસાપ્રેરક, જકડી રાખે તેવા આરંભ અને ઉપાડમાં; કારુણ્યમૂર્તિ હંતી, સીતા પાંડવ અને કલજીના મર્મસ્પર્શી પાત્રાલેખનમાં; સાબરકાંઠાની સીમાવર્તી ગ્રામસૃષ્ટિની સાક્ષાત્કારક નિર્મિતિમાં પણ થાય છે.

આમ છતાં 'વનવનનાં પારેવાં'ની અનવદ્ય સુંદરતાને ઓછી કરતી કેટલીક બાબતો પણ છે. તળપદાં પ્રસંગ–પાત્ર–મનોભાવ–વાતાવરણના નિરૂપણમાં અનાવશ્યક આધુનિકતા,

શિષ્ટતા યા ચબરાકી દાખવતા શબ્દ–અલંકાર–કલ્પન–વર્ણનનું ઉમેરણ થાય ત્યારે તેમની વાસ્તવિકતા–વેધકતા ચહેરાઈ જાય છે: દા. ત., 'આખું વાદળ જાણે કે કડડભૂસ કરતું **સ્કાયલેબની જેમ** કટકે કટકા થઈને વિખેરાઈ ગયું' (પૃ. ૭); 'એ જુવાનીની ધીંગીધરામાં **પદાર્પણ** કરી રહ્યો હતો' (પૃ. ૧૨); '...આ ગામડાં ચોમાસામાં તો એવાં શોભી ઊઠે છે કે જાણે **નાનકડું કાશ્મીર** જ સાબરકાંઠાની સરહદે ખીલી ઊઠ્યું ન હોય!' (પૃ. ૨૬); 'તું સાવ **લાગણીશૂન્ય** બની ગઈ ચેહર!' (પૃ. ૨૮); 'હું તો એ **સ્વપ્નબોધને પગલે પગલે** પગેરું કાઢતાં છેક તમારે ઘેર આવી લાગ્યો' (પૃ. ૧૧૩); 'હું તો જાણે મનોમન કંઈક બબડતી હતી...અંગો કરમાઈ કે ચોળાઈ ગયા પછી ય સ્ત્રી તરીકે જીવતી હોય!' (પૃ. ૧૧૯–૧૨૦); 'કેવી કરુણતા!...**નવું રામાયણ આપણે રચી રહ્યાં છીએ.**' (પૃ. ૧૨૭–૧૨૮); 'આ તો બોરીની જાત...**પ્યારની પીપરમીંટ** ચગળે છે!' (પૃ. ૧૬૭) વગેરે ઉપર નોંધેલ પૃ. ૧૧૯–૧૨૦ પરની સીતા પાંડવની ઉક્તિમાં, પૃ. ૧૨૭–૧૨૮ પરની કલજીની ઉક્તિમાં; પૃ. ૧૬૭ પરની કલજીની ઉક્તિમાં જે–તે પાત્રના સ્વકીય અંતરોદ્ગારને બદલે ડૉ. કેશુભાઈ દેસાઈની કંઈક ચબરાકી ભરી–નાટકી વાણી સંભળાય છે! પ્રકરણ ૩૩ના પૂર્વાર્ધમાં પણ જાણે કલજી નહિ પણ કલજીના દેહમાં ઘૂસી ગયેલો લેખકનો આત્મા બોલ્યા કરે છે.

ઉપરાંત, માધા–હંતીનો સંભોગ–પ્રસંગ, આદિવાસી કન્યાઓવાળો પ્રસંગ વગેરે પણ વિવાદક્ષમ બાબતો છે. એક જ વેળાના શરીરસંબંધમાં હંતીને ગર્ભ રહી જવાની ઘટના થોડીક 'ફિલમશાઈ' તો લાગે જ; જો કે નવલકથામાં તેનું જે રીતે અને કારણે નિરૂપણ થયું છે, તે જોતાં તે નિર્વાહ્ય લાગે છે. લેખક નવલકથાની સુંદરતા પર ડાઘ પાડતી આવી મર્યાદાઓથી પોતાની કૃતિને ઉગારી શકે તો તેમની કૃતિનું સૌંદર્ય નિઃશંક પૂર્ણપણે પ્રગટ થઈ શકે.

લેખકની બીજી નવલકથા 'જોબનવન' તેમની પ્રથમ નવલકથા 'વનવનનાં પારેવાં'થી નિઃશંક ચડિયાતી છે. આંતરબાહ્ય સંઘર્ષથી યુક્ત, અવનવા વળાંકો અને ઉત્કટતા દાખવતી, ઘટનાઓ અને પરિસ્થિતિઓથી સભર વસ્તુ; આગવી વ્યક્તિતા ધરાવતાં, સુરેખ, ગુણદોષવાળાં છતાં સમભાવપ્રેરક જીવંત અને હૃદયંગમ પાત્ર; મૂર્ત સ્પર્શક્ષમ ભર્યું ભર્યું સૂચક સજીવ વાતાવરણ; મર્મસ્પર્શી મનોમંથન–આંતર સંભાષણ–સંવાદ; દૃશ્ય–પ્રસંગ–પાત્ર–પરિસ્થિતિ–પરિવેશનો સાક્ષાત્કાર કરાવતું ઇંદ્રિયસંવેદ્ય રસળતું શૈલીનિરૂપણ; આ બધાં અંગ–ઉપાંગનું સુશ્લિષ્ટ સૌષ્ઠવયુક્ત સંયોજન આ નવલકથાને એક આસ્વાદ્ય કલાકૃતિ બનાવે છે.

કથાવસ્તુનો આરંભ રહસ્યગર્ભ નાટ્યાત્મક–ભાવકના અંતરમાં ઉત્સુકતા જગાવે તેવી ઘટનાથી થાય છે. તેમાંથી સહજ સ્વાભાવિક રૂપમાં સ્રવતી સૂક્ષ્મ–સ્ફુટ વેધક ઘટનાઓ, તેમની વચ્ચે મુકાતાં–તવાતાં જીવંત–લાગણીસભર–હૃદ્ય પાત્રો, તેમનાં મર્મસ્પર્શી મનોમંથન–ઉદ્ગાર–સંવાદ પ્રવૃત્તિઓ, તેમને સૌને તેમના અસલ સ્વરૂપમાં પ્રગટ કરતું વાતાવરણ ભાવકને પોતામાં લીન રાખી કથાપ્રવાહમાં આગળને આગળ ખેંચતાં રહે છે. એ રીતે કૃતિ ભાવકનો રસ સાદ્યંત જાળવી રાખે છે. તેની આવી વિશેષતા તેને વર્ષભરમાં પ્રકાશિત થયેલી તમામ ગુજરાતી નવલકથાઓમાં એકદમ મોખરાનું સ્થાન અપાવે છે.

અલબત્ત, લેખકની અમુક શૈલીગત મર્યાદાઓ અહીં પણ દેખાય છે. તળપદાં ઘટના–દશ્ય–પાત્ર–મનોભાવ–વાતાવરણને અનુરૂપ વર્ણન–સંવાદ–મનોમંથન–અલંકાર–કલ્પન–પ્રતીકમાં જે તળપદાપણું સાદ્યંત જળવાવું જોઈએ તે કેટલીકવાર જળવાયું નથી. (જો કે નવલત્રયીમાં રઘુવીરે કરેલ તળપદાપણાનો અતિરેક પણ કઠે છે.) આ લેખક જરાક વધારે સભાનતા દાખવે, થોડોક વધુ કલાવિવેક બતાવે, તો આ મર્યાદા તો સહેલાઇથી દૂર થઈ શકે તેવી છે: કારણ કે તેમની પાસે તળપદી તાકાત–માર્મિકતા–વેધકતાથી સભર શૈલી તો છે જ. આ શૈલી લાઘવ અને વ્યંજનાપૂર્વક ઘટના–પાત્ર–વાતાવરણનું સુરેખ–સચોટ–સજીવ સર્જન કરી શકે છે. તેનાં દ્યોતક ઉદાહરણ કૃતિમાં ઠેર ઠેર મળી આવે છે: દા. ત.

'ભેખડો વચ્ચેની ફાટમાંથી એ નવજાત શિશુની પેઠે જન્મી રહેલો લાગ્યો.' (પૃ. ૨); '...માસિકધર્મના રજઃસ્રાવ સાથે પોતે કયાંય વહી ગઈ હોત;' (પૃ. ૩); 'ઊંઘ એકદમ ભડકેલ વાછરડીની જેમ ભાગી ગઈ.' (પૃ. ૪); 'માણસને ધક્કો મરાય, એની યાદને થોડો મરાય?' (પૃ. ૮); 'મેઘ અને ધરતીના તાજા સંભોગની મહેક હતી' (પૃ. ૧૨); 'મરી ગયેલા ડોસાઓને હારબંધ ઊભડક બેસાડ્યા હોય, એવા શબ્દહીન, લાગણીહીન ડુંગરો અને મરેલ સ્વજન પાછળ મોં ઢાંકીને મૂંગો મૂંગો વિલાપ કરતી વિધવાઓ જેવી દેખાતી ભેખડો'...(પૃ. ૧૪); 'સુંવાળો મખમલી ગાલીચો હતો. પગ મૂકો તો પગ નીચે કૂણી કૂણી ધરો ઊગી હોય એવું લાગે.' (પૃ. ૨૩); 'વનબાના વેરાઈ ગયેલા સ્મિતને લળીલળીને એકઠું કરી લેવાની અદમ્ય ઇચ્છા થઈ આવી.' (પૃ. ૩૬); 'જોનારને લાગે કે બેઉ જણા કોકના રાત્રિબેસણામાં જઈ રહ્યા હશે.' (પૃ. ૬૮); જોતાં વેંત અંદર ડૂબી મરવાનું મન થાય એવી આંખો'–(પૃ. ૭૭), 'પટેલભાઈ...એમનાથી તો વરિયાળીની ખેતી થાય, પ્રેમની ખેતી તો કોક વિરલો જ કરી જાણે' (પૃ. ૮૬); '...મશરૂનું કરમ. ઊંટની ખાલ જેવું બરછટ, ઊંટની પૂંછડી જેવું ટૂંકું અને ઊંટના નીચલા હોઠની માફક લબડતું ને લબડતું રહેનારું.' (પૃ. ૮૯); 'વહેમ પડે તો બીજું તો શું તોડી લેવાના હતા, પણ બિચારી ગરીબડી ગાય જેવી વનબાની પત્તર ઠોકી નાખે' (પૃ. ૧૦૬); 'આ જમાનામાં મૂતરવાનો ય ટાઈમ છે કોઈને?' (પૃ. ૧૨૦); 'વનબાનું રૂપ માણી લીધું. એ કેવી સુંદર... વનબાની આંખ વરસી ઊઠે છે અનરાધાર!' (પૃ. ૧૨૨); 'જુવાનસંગ મત્સ્યવેધ કરતા હોય, એમ વનબાની રૂપકડી કાયાને ધમરોળી નાંખતા' (પૃ. ૧૨૪); 'એનો પડછાયો આખા રંગુસિંહને દાટી દઈ રહ્યો હતો' (પૃ. ૧૫૨); 'શરીર ઉપરથી જોબનનું પાનેતર ઉતરડાઈ ગયું હતું' (પૃ. ૧૭૯); 'શ્વાસોના રથમાં સવાર થઈને બા ઉપડી ગઈ' (પૃ. ૧૮૦ પરંતુ અહીં 'રથ'ને બદલે 'વહેલ' જેવો તળપદો પર્યાય વપરાયો હોત તો વધુ સારો શોભત.)

કેટલેક સ્થળે શિષ્ટ–સંસ્કૃતમય–આધુનિક પ્રયોગો ખૂંચે છે: દા. ત. 'જીર્ણ કુટિરનું દ્વાર' (પૃ. ૨); 'મુખગુહામાં ફૂટી નીકળેલી સરવાણી' (પૃ. ૭); 'ઉન્મત્ત વિરહિણી' (પૃ. ૭); 'ફૂંફાડા મારતા વૃષભ'...(પૃ. ૩૩); 'કોક ગોપકન્યાના...(પૃ. ૬૭); 'મારી પરિસ્થિતિ સમજવા કોશિશ કરો.' (પૃ. ૬૭); 'પણ હું તો શાપિત જીવ છું' (પૃ. ૬૮); 'માધુર્યની વ્યાપકતા આપણે સીમિત કરી દઈએ છીએ' (પૃ. ૭૦); 'એના ભાવવિશ્વનો ભાગીદાર...' (પૃ. ૭૩); '...માનવકંકાલો વચ્ચે ઉજાગરા વેઠે છે' (પૃ. ૭૪); '...ગર્ભિત

મજબૂરી...દમામના કાટમાળ નીચે...' (પૃ. ૭૫); 'તમારા હૃદયમાં પડેલી છબિ સામું જોતી હતી.' (પૃ. ૭૬); 'ટેરવાંની પુકાર...' (પૃ. ૮૮); 'સમાજનાં જડ બંધનો...મને જીવન-સંગિની બનાવવાની તાકાત...' (પૃ. ૯૮); 'કશોય આકાર નથી વર્તાતો. ફક્ત અનુભૂતિ થાય છે' (પૃ. ૯૯); 'આખરે આ બધી ભાવનાઓની માયાજાળ રહી...પરસ્પરનો પમરાટ.' (પૃ. ૧૨૭); 'આપ વિદ્વાન છો; ...હું તો ધરતીનું ઢેફું. પણ મારી ય અરજ સાંભળો...' (પૃ. ૧૩૪); 'પ્રેમાળ કામરહિત સ્પર્શથી' (પૃ. ૧૪૨); 'ફૂલજીના શબ્દો રહી રહીને હૈયાના હાર્મોનિયમમાં રણકી રહ્યા હતા' (પૃ. ૧૪૩); 'એ જ મીરાંબાઈ શું નારીના સમાન અધિકારો માટેની જેહાદ ન ઉપાડી શકી હોત?' (પૃ. ૧૪૭); 'ખૂબ ઉચ્ચ કક્ષાની મહિલા છે. એને એનાં આગવાં બંધનો છે. એની આગવી સમસ્યાઓ છે.' (પૃ. ૧૬૧); 'ટેસ્ટટ્યૂબ બેબીયુગ કોને માટે?...ગરીબ ગામડાંઓને વળી ટેસ્ટટ્યૂબ બેબીયુગ કેવો ને વાત કેવી?' (પૃ. ૧૬૨); 'જિંદગી નામની જેલમાંથી વેળાસર છૂટકારો તો થાય!' (પૃ. ૧૬૮). રંગુસિંહની 'લખ્યા લેખ હું ભૂંસી શકું છું.' 'હું એ દગલબાજ, પ્રપંચી ઈશ્વરનો બદલો લઈશ' 'ગયો! ગોપીઓનો છેતરનારો ગયો' વગેરે પ્રકારની ઈશ્વર સાથેની લડાઈ (પૃ. ૧૬૯ થી પૃ. ૧૭૧) વસ્તુતઃ લેખકની ઈશ્વર સાથેની લડાઈ છે!

વળી નવલકથામાં યોજાયેલાં ગીતો અદ્યતન પદાવલિ ધરાવે છે અને આગંતુક લાગે છે.

આવા વિસંગત પ્રયોગોના કલાત્મક તળપદા પર્યાયોનો કૃતિમાં વિનિયોગ થયો હોત તો કૃતિ છે તે કરતાં ય વધુ સુંદર બની શકી હોત.

'જોબનવન' કરુણ ગંભીર નવલકથા છે. તેમ છતાં તેમાં નિરૂપાયેલ વ્યંગ–કટાક્ષ–વિનોદનું તત્ત્વ ખાસ નોંધપાત્ર છે. આવો નરવો, નિર્દોષ-નિર્દંશ વિનોદ ગુજરાતી સાહિત્યમાં જવલ્લે જ કોઈ લલિતકૃતિમાં દેખા દે છે. તેમાં ય વળી જે અશ્રુગર્ભ વિનોદ 'જોબનવન'માં જોવા મળે છે, તે તેનું એક મહત્ત્વનું જમા પાસું છે. આસ્વાદ્ય વિનોદનાં અનેક ઉદાહરણ કૃતિમાં ઠેર ઠેર વેરાયેલાં જોઈ શકાય છે. દા. ત.

'એક વિધવાએ...કોઈ સારો શબ્દ સાંભળ્યો છે?' (પૃ. ૬); 'કેટલું સરસ! સોનબાનો વર સોનાનો વેઢ ના માગે તો બીજું માગે ય શું?...મૂરતિયો ખરેખર ડાહ્યો કહેવાય!' (પૃ. ૧૨); 'અહીં સોનબા તો સદાને માટે સૂઈ ગયાં છે...કાગડાઓ ફોલી ખાઈ ગયા હતા.' (પૃ. ૧૮); 'ઠાકોરના કારજપ્રસંગે વહીવંચો આવી પહોંચ્યો હતો...દરબારગઢની મારી બેઠક આગળ પાણી ભરે છે' (પૃ. ૨૩ થી ૨૫); 'મશરૂ ઘૂરકિયાં કરતો આડું જોઈને બોલ્યો...કકળાટમાં ખોવાઈ ગઈ' (પૃ. ૩૪); 'જીવવું હોય તો છોડી દો...પૈસા ઊભા કરીશું!' (પૃ. ૩૭); 'રંગુસિંહની હાજરીને લીધે મશરૂએ હોઠ ઉપર આવેલા શબ્દો પાછા ખેંચી લીધા...એ બીડી સળગાવવા મંડયો' (પૃ. ૪૦–૪૧); 'પા–અડધો કલાક તો કોણે કોણે જોડે બેસવું, એની તકરાર ચાલી... જાત ઉપર જાય છે, સાલો ફેંકો!' (પૃ. ૪૧); 'મશરૂને લાગ્યું કે આજે એ સારા શુકને નીકળ્યો...ઠાકરડાના શુકન ઉત્તમ ગણાય છે' (પૃ. ૪૮); 'મશરૂ ગયા જન્મમાં વિવેચક હશે, એવું લાગે...હિંમત જ ગુમાવી બેસે' (પૃ. ૫૪); 'એણે જે વિસ્તૃત પ્રસ્તાવ રજૂ કર્યો...પટ્ટી

જોઈ લેવી શું ખોટી ?' ( પૃ. ૬૪ ); ટૉકિઝ નજીકનું સ્ટૅન્ડ આવ્યું...એવી નિર્બળ ચાલે ચાલ્યા ' ( પૃ. ૬૯ ); ' મશરૂ સમસમી ગયો...એનું નામ ફૂલજીભાઈ કચરાભાઈ પટેલ ' ( પૃ. ૮૨ ); ' બન્ને જણુ ઉપર વનબાના લાક્ષણિક આક્રોશની ધારી અસર થઈ...પ્રેમની ખેતી તો કોક વિરલો જ કરી જાણે ' ( પૃ. ૮૫–૮૬ ); ' મશરૂએ એને ત્રીજા મજલાની બારીમાંથી ડોકિયું કરતી જોઈ...મારી વહાલુડી વનુ ! ' ( પૃ. ૮૮ ); ' એણે તડૂકીને પૂછ્યું : કઈ નાતનો છે ?...મારા જેવો ખરાબ માણસ આખા અમદાવાદમાં કોઈ નથી, હા ! ' ( પૃ. ૮૯–૯૦ ); ' જો કે ફૂલજીના કટાક્ષથી એ જબરજસ્ત ઘવાયો હતો...એનું સ્મરણ સુદ્ધાં ચાલે ' ( પૃ. ૯૦ ); ' બન્ને જણુ જીવનમાં પહેલી જ વાર એક જ દિશામાં વિચારવા લાગ્યા...ત્રીજે મજલેથી ભૂસકો મારીને આવ્યા કે શું ? ' ( પૃ. ૯૧–૯૨ ); ' ઠંડી મટુકીમાંથી ફૂલડી ભરીને...વનબાવાળી તરસ છીપે ? '...' એક–બે વખત તો...નસ વિંધાઈ ગઈ હતી. ' ( પૃ. ૯૫ ); ' ત્રણ ટુકડાઓમાં વહેંચાઈ ને ફૂલજીને જીવવાનું હતું...મૃત્યુ શાનું ? ચિરનિદ્રા ' ( પૃ. ૧૭૪ ) વગેરે.

આ વ્યંગવિનોદ કયારેક સ્મિત પ્રેરે છે; તો કેટલીક વાર ગંભીર બનાવી દઈ નિઃશ્વાસ પણ મુકાવી દે છે. તેનું સંયમયુક્ત તેમ જ કલાત્મક નિરૂપણ ' જોબનવન 'નું એક આગવું આકર્ષણ છે.

પ્રસંગ–પાત્ર–પરિસ્થિતિ–મનોભાવ–વાતાવરણનાં કેટલાંક સુરેખ, સજીવ, મર્મસ્પર્શી વર્ણનો પણ ધ્યાનપાત્ર છે; જેવાં કે—

' અંધકારના આલિંગનમાં સૂતેલી નદી અમરાવતી...આખા શરીરમાં કંપારી દોડી ગઈ. એને ક્ષોભ થયો. ' ( પૃ. ૨ ); ' એણે ફરી વાર પેલી ભેખડો સામું જોયું...જેથી પેલો ચંદ્ર દેખાય નહિ ' ( પૃ. ૫ ); ' આંખ ઉઘાડી તો એને ફૂલજી જ ફૂલજી દેખાણા...જે નશો છે એ ક્યાંથી આવે ફૂલજીની આંખો નિચોવ્યા વગર ? ' ( પૃ. ૭ ); ' બાપુનાં પગલાં ભીની ભીની રેતમાં બરોબર ઉપસ્યાં હતાં...છતાં ઉઘાડી રહી ગયેલી આંખો... ' ( પૃ. ૧૧ ); ' વનબા જરાક નજીક ગઈ...એવો ભાસ થતો હતો ' ( પૃ. ૧૫ ); ' વનબાની નજર સામે જ એક વમળ હતું...આ અમરાવતી તો હશે ને ? ' ( પૃ. ૧૫–૧૬ ); ' એણે મનભરીને વનબાનું રૂપ માણી લીધું...વરસી ઊઠે છે અનરાધાર ' ( પૃ. ૧૨૨ ); ' મરણ કેવું હોતું હશે, હેં ?...ફરવા જેવું લાગે છે ' ( પૃ. ૧૪૫ ); ' મૂંગી હતી માત્ર વનબા...કયાં નવરાશ હતી એમને ? ' ( પૃ. ૧૪૯ ); ' આ કેવો દંભ !...ચાકરી સારુ ઊપડી ગયાં ' ( પૃ. ૧૫૦ ); ' ઉષાની લાલિમા પેલી ભેખડોને...પારણું બનીને ઝૂલી રહ્યાં હતાં ' ( પૃ. ૧૬૭ ); ' આવું રમ્ય, પ્રકૃતિનું લીલુંછમ મઘમઘતું વાતાવરણ... ઊડાઊડ કરતાં શ્વેત પારેવાં—' ( પૃ. ૧૭૬–૧૭૭ ); ' આ બધું શું કહેવાય !...અને વનબાને લૂંટી ગયો ' ( પૃ. ૧૮૬–૧૮૭ ); ' એની નજર સમક્ષ ચંદેલીનું કોતર સજીવન થયું...એ આનંદ માણી રહી હતી ' ( પૃ. ૧૮૯ ); ' વનબાએ ઊનો લાંબો નિઃસાસો મૂક્યો...એ વખતે ચંદ્રાવતીમાં સૂર્યનું પહેલું કિરણ પ્રવેશી ચૂકયું હતું. ' ( પૃ. ૧૯૨ ).

લેખકની શૈલી કેવી વૈવિધ્યમય, ચિત્રાત્મક, માર્મિક, રસળતી અને વેધક છે, તથા તે પ્રસંગ–પાત્ર–વાતાવરણનું કેવું જીવંત, સાક્ષાત્કારક અને હૃદ્ય નિરૂપણ કરી શકે છે, તે આ ઉદાહરણો જોતાં સમજી શકાશે.

સરસ કથાનક, હૃદયંગમ પાત્ર, ભર્યુંભર્યું વાતાવરણ અને રસળતી, જોમવંતી, ચિત્રાત્મક શૈલી 'જોબનવન'ને સાદ્યંત આસ્વાદ્ય કલાકૃતિ બનાવે છે. કથાવસ્તુ વાચકને પોતામાં–તેની કલાત્મકતાને લઈ–લીન રાખી શકે છે. વનબા, ફૂલજી તેમજ મશરૂનાં પાત્રોનું નિરૂપણ માનસશાસ્ત્રીય હોવાની સાથે કલાત્મક બન્યું છે. કથા–પાત્રની લીલાભૂમિસમું વાતાવરણ તેમને સ્વાભાવિકતા ઉપરાંત સચોટતા અર્પે છે. હા, કોઈને કૃતિમાં થતાં અનેક શીઘ્ર અપમૃત્યુ કદાચ કઠે; પરંતુ મને લાગે છે કે કથામાં જે સંજોગોમાં, જે રીતે, જેનું મૃત્યુ થાય છે, તે સ્વાભાવિક છે. (કથા એક આસ્વાદ્ય સ્મરણકથા સ્વરૂપે આલેખાયેલ હોઈ વનબાના મનોજગતનાં સંચલનોને જ વિશેષ મહત્ત્વ આપી, અન્ય બાબતો એના સ્મરણરૂપે વહી આવતી બતાવી છે: એથી આ શીઘ્ર, લાગતાં અપમૃત્યુ ખરેખર સ્વાભાવિક બની જાય છે.) મૃત્યુ પૂર્વેનાં મનોમંથનોની ભાષા અને વિચારસરણી જે–તે પાત્રના પોતાના સ્વભાવને અનુરૂપ હોત તો વધુ સારું લાગત. અલબત્ત, છે તે રૂપમાં પણ સ–રસ બની છે. • મને પોતાને 'જોબનવન' અત્યંત સંતર્પક અને સાદ્યંત આસ્વાદ્ય નવલકથા લાગી છે.*

**જશવંત શેખડીવાળા**

* * *

## સાભાર સ્વીકાર

૧ **ભારતમાં મૂર્તિપૂજાની વિભાવના અને મૂર્તિવિધાનનાં લક્ષણો:** . લે. જે. પી. અમીન, પ્ર. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાતરાજ્ય, અમદાવાદ–૩૮૦ ૦૦૬, પૃ. ૮૨, કિંમત: રૂા. ૬=૦૦.

૨ **ખલિલ જિબ્રાન:** લે. સુરેશ દલાલ, પ્ર. ચીમનલાલ લિટરરી ટ્રસ્ટ, ૨૭૬ ડૉ. ડી. એન. રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૧, પૃ. ૨૬, કિંમત: રૂા. ૧=૦૦.

૩ **હરમાન હેસ:** લે. અને પ્ર. ઉપર મુજબ, પૃ. ૩૪, કિંમત: રૂા. ૧=૦૦.

૪ **પડઘા અને પડછાયા:** લે. (સ્વ.) પંકજ શ્રોફ, પ્ર. વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, જ્યુપીટર એપાર્ટમેન્ટ–૧, ફ્લેટ નં. ૩, ૧લો માળ, વડોદરા–૩૯૦ ૦૦૫, પૃ. ૧૨ + ૮૦, કિંમત: રૂા. ૧૨=૦૦.

૫ **નિશાંત:** લે. અને પ્ર. ગની દહીંવાલા, ગોપીપુરા, વહોરવાડ, સૂરત–૩૯૫ ૦૦૨, પૃ. ૧૨૮, કિંમત: રૂા ૧૩=૦૦.

---

* નવલકથાકાર ડૉ. કેશુભાઈ દેસાઇ સાથેના પત્રાચારમાં વ્યક્ત થયેલ પ્રતિભાવ–જેને શેખડીવાળા પોતે 'અરઢ વિવેચન' ગણી 'વિવેચન' કરતાં વિશેષ તો સહૃદયની સર્જક સાથેની વાતચીત તરીકે ઓળખાવે છે.

૬ **કલરવનાં પગલાં :** લે. અને પ્ર. જમન કુંડારિયા, ખાઈકાંઠા માર્ગ, ભાયાવદર–૩૬૦ ૪૫૦, પૃ. ૮૦, કિંમત : રૂા. ૨=૪૦ પૈ.

૭ **હવે એવો દિવસ આવે ! :** લે. જયેન્દ્ર દવે, પ્ર. પ્રણવ જયેન્દ્ર દવે, D/58 યુનિવર્સિટી સ્ટાફ કોલોની, વલ્લભવિદ્યાનગર, પૃ. ૫૬, કિંમત : રૂા. ૧=૫૦ પૈ.

૮ **કથામંજૂષા (પુસ્તિકા શ્રેણી) :** સં. કનુભાઈ વ્ર. શેઠ અને ધનવંત તિ. શાહ, પ્ર. સમતા પ્રકાશન, ૭, રાધાકૃષ્ણ સોસાયટી, મીરાંબિકા હાઈસ્કૂલ રોડ, નારણપુરા, અમદાવાદ–૩૮૦ ૦૧૩, પૃ. ૪૦ + ૩૬, કિંમત : રૂા. ૩=૦૦.

૯ **वैष्णवधर्म और महात्मा गांधी :** લે. કે. કા. શાસ્ત્રી, પ્ર. મહામંત્રી, ગાંધીદર્શન સમિતિ, ૨૯૧/૧, અશોકગઢ, (પશ્ચિમ), કલકત્તા–૭૦૦ ૦૩૫, કિંમત : રૂા. ૪=૦૦.

*With Best Compliments*

*from*

# AMBALAL SARABHAI ENTERPRISES LIMITED

**Wadi Wadi,**

**BARODA-390 007.**

# WINNING COMBINATION

**The farmer combines the best of bullocks to win the race. 'Jyoti' makes and combines a perfect motor and a perfect pump to bring you 'UNIBUILT'**

'Jyoti'—pioneers in pumps and motors—have matched the best of both in 'UNIBUILT.' Because of 'Jyoti' expertise, know-how and long-standing research...and because it is a one-unit pump-motor... 'UNIBUILT' works better—provides greater output of water—requires minimum power consumption. You can safely depend on long-lasting, trouble-free 'UNIBUILT' to win the grow-more-food race!

**UNIBUILT®**


**Jyoti Ltd.** BARODA

HYDRAULICS • ELECTRICALS • POWER ELECTRONICS

Marketed by

**JYOTI MARKETING AND PROJECTS LIMITED.**

Bombay Shopping Centre, R.C. Dutt Road
Race Course Circle, Baroda 390 005



everest/790/JY

# શ્રી સયાજી સાહિત્યમાળા

| | | રૂ. પૈ. |
|---|---|---|
| ૩૩૩ | **કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી | ૧૩=૦૦ |
| ૩૩૪ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે | ૫=૫૦ |
| ૩૩૫ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૮=૦૦ |
| ૩૩૬ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૧૧=૦૦ |
| ૩૩૭ | **માનવસર્જિત વસ્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ | ૧૦=૫૦ |
| ૩૩૮ | **ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા | ૩=૦૦ |
| ૩૩૯ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ) ભાગ ૧, સ્કંધ ૧-૩**— સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા | ૮=૦૦ |
| ૩૪૦ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા,** ભાગ ૧ | ૯=૦૦ |
| ૩૪૧ | **આધુનિક ગુજરાતના સંતો, ભાગ ૧**—ડૉ. કેશવલાલ ઠક્કર | ૯=૦૦ |
| ૩૪૨ | **કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત | ૭=૫૦ |
| ૩૪૩ | **ભારત-રત્ન**—શ્રી ઉપેન્દ્રરાય સાંડેસરા | ૧૫=૫૦ |
| ૩૪૪ | **મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—શ્રી કરીમ મહંમદ માસ્તર | ૧૭=૦૦ |
| ૩૪૫ | **ઓખામંડળના વાઘેરો**—શ્રી કલ્યાણરાય ન. જોશી | ૧૩=૦૦ |
| ૩૪૬ | **પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ | ૧૩=૦૦ |
| ૩૪૭ | **પંચદશીતાત્પર્ય**—સ્વામી પ્રણવતીર્થજી | ૬=૦૦ |
| ૩૪૮ | **અખો અને મધ્યકાલીન સન્તપરંપરા**—ડૉ. યો. જ. ત્રિપાઠી | ૧૪=૫૦ |
| ૩૪૯ | **શ્રીમદ્ ભાગવત : ભાગ ૨**—સ્વ. નાગરદાસ અ. પંડ્યા | ૧૧=૫૦ |
| ૩૫૦ | **ચરકનો સ્વાધ્યાય, ભાગ ૧**—શ્રી બાપાલાલ ગ. વૈદ્ય | ૨૬=૦૦ |
| ૩૫૧ | **ગુજરાતનો પૉટરી ઉદ્યોગ**—શ્રી. શાંતિલાલ પુરોહિત (૧૯૭૫) | ૮=૭૫ |
| ૩૫૨ | **ઊંડાણનો તાગ**—શ્રી છોટુભાઈ સુથાર (૧૯૭૫) | ૧૫=૦૦ |
| ૩૫૩ | **ભારતીય વીણા**—શ્રી રસિકલાલ મ. પંડ્યા (૧૯૭૮) | ૩૧=૦૦ |
| ૩૫૪ | **ચરકનો સ્વાધ્યાય, ભાગ ૨**—શ્રી બાપાલાલ ગ. વૈદ્ય (૧૯૭૯) | ૯૬=૦૦ |
| ૩૫૫ | **ચાંપાનેર : એક અધ્યયન**—ડૉ. રમણલાલ ના. મહેતા (૧૯૮૦) | ૩૬=૦૦ |
| ૩૫૬ | **દ્વારકાના પ્રદેશનો સાંસ્કૃતિક ઇતિહાસ**—સ્વ. ક. ન. જોષી (૧૯૮૦) | ૪૪=૦૦ |
| ૩૫૭ | **આધુનિક ગુજરાતના સંતો, ભાગ ૨**—ડૉ. કેશવલાલ ઠક્કર (૧૯૮૦) | ૪૫=૦૦ |
| ૩૫૮ | **સૂર્યશક્તિ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ (૧૯૮૧) | ૫૨=૫૦ |
| ૩૫૯ | **કવિ ગિરધર : જીવન અને કવન**—ડૉ. દેવદત્ત જોશી | ૫૧=૦૦ |
| ૩૬૦ | **વનૌષધિકોશ**—પ્રો. કે. કા. શાસ્ત્રી | ૩૫=૭૫ |

પ્રાપ્તિસ્થાન : **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,**
**રાજમહેલ રોડ, વડોદરા–૩૯૦ ૦૦૧**

# ALEMBIC CHEMICAL WORKS CO., LTD.

BARODA-390 003

MANUFACTURERS OF ANTIBIOTICS,
ETHICAL PHARMACEUTICALS
AND
HOME PRODUCTS

**Statement about the ownership and other particulars about newspapers**

## SVĀDHYĀYA ( स्वाध्याय )

( To be published in the first issue every year after the last day of February )

FORM IV

( See Rule 8 )

| | |
|---|---|
| 1 *Place of the Publication :* | Oriental Institute, M. S. University of Baroda, Baroda |
| 2 *Periodicity of its Publication :* | Three Months—Dīpotsavī, Vasanta-pañcamī, Akṣayatṛtīyā and Janmāṣṭamī. |
| 3 *Printer's Name :* | Dr. S. G. Kantawala |
| *( Whether citizen of India )* | Yes |
| *(If foreigner, state the country of origin)* | |
| *Address :* | "Shri-ram" Kantareshvar, Mahadev's Pole, Bajwada, Baroda-390 001 |
| 4 *Publisher's Name :* | Dr. S. G. Kantawala |
| *( Whether citizen of India ? )* | Yes |
| *( If foreigner, state the country of origin )* | |
| *Address :* | "Shri-ram" Kantareshvar, Mahadev's Pole, Bajwada, Baroda-390 001 |
| 5 *Editor's Name :* | Dr. S. G. Kantawala |
| *( Whether citizen of India ? )* | Yes |
| *(If foreigner, state the country of origin)* | |
| *Address :* | "Shri-ram" Kantareshvar, Mahadev's Pole, Bajwada, Baroda-390 001 |
| 6 *Names & addresses of Individuals who own the newspaper and partners or shareholders holding more than one percent of the total capital* | The M. S. University of Baroda, Baroda |

I, S. G. Kantawala, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

**S. G. Kantawala**
*Signature of Publisher*

# JOURNAL
# OF THE
# ORIENTAL INSTITUTE

## M. S. UNIVERSITY OF BARODA, BARODA

*Editor:* **S. G. Kantawala**

The JOURNAL OF THE ORIENTAL INSTITUTE, BARODA is a Quarterly published in every September, December, March and June.

SPECIAL FEATURES:

Articles on Indology, textual and cultural problems of the Rāmāyaṇa, Epic & Purāṇic studies, Notices of manuscripts, Reviews of books, Survey of contemporary Oriental Journals and the publication of rare works forming the Maharaja Sayajirao University Oriental Series, are some of the features of the Journal.

CONTRIBUTORS TO NOTE:

(1) Only typewritten contributions will be accepted. Copies should be retained by the authors for any future reference, as no manuscripts will be returned.

(2) *To maintain uniformity in transliteration in all the papers published in the Journal of the Oriental Institute, it is essential that all contributions should ellow the standard system of transliteration (c = च्, ch = छ्, ś = श्, ṣ = ष्,* etc.).

(3) All contributions to the Journal should be sent to the *Director, Oriental Institute, Tilak Road, Opp. Sayajigunj Tower, Baroda-390 002.*

SUBSCRIPTION RATES:

| | Annual | |
|---|---|---|
| Inland | Rs. 30/- | (Post-free) |
| Europe | £ 3.00 | ( „ „ ) |
| U.S.A. | $ 10.00. | ( „ „ ) |

Subscription is always payable in advance. The yearly subscription is accepted from September to August every year. No subscription will be accepted for less than a year. Subscriptions to the Journal may be sent to—

**The Director, Oriental Institute, Tilak Road, Opp. Sayajigunj Tower, Baroda-390 002, Gujarat, India.**

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. લવાજમ :

—ભારતમાં....રૂ. ૨૦=૦૦ પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં : યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૬ ડૉલર (ટપાલખર્ચ સાથે)

યુરોપ અને અન્ય દેશો માટે....પૌં. ૨.૫૦ (ટપાલખર્ચ સાથે)

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ 'ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યુટ, વડોદરા–૩૯૦ ૦૦૨' એ નામે મોકલવું.

૪. જાહેરાતો :

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, લોકમાન્ય ટિળક રોડ, વડોદરા–૩૯૦ ૦૦૨


### લેખકોને વિજ્ઞપ્તિ

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે. ગૂજરાત વિદ્યાપીઠના જોડણીકોશ પ્રમાણેની જોડણી રાખવી આવશ્યક છે.

પ્રાચ્યવિદ્યા મન્દિર,
લોકમાન્ય ટિળક રોડ,
વડોદરા–૩૯૦ ૦૦૨

સુરેશચન્દ્ર ગો. કાંટાવાળા
સંપાદક


મુદ્રક : શ્રી બંસીલાલ મો. શાહ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા; પ્રકાશક : ડૉ. સુરેશચન્દ્ર ગો. કાંટાવાળા, અ. નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, જૂન, ૧૯૮૨.



ચિત્ર ૪

વાયવી

[ચિત્રોની સમજૂતી માટે જુઓ આ અંકમાં ડૉ. વસંતકુમાર પારેખનો લેખ]



ચિત્ર ૨

બ્રહ્માણી



ચિત્ર ૫ : વૈષ્ણવી

[ ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં
ડૉ. વસંતકુમાર પારેખનો લેખ ]